ભાગતી ભામિનીને ભૂલી, ડ્રાઈવરની બાજુમાં જ બેઠેલા મને હેડલાઈટના અજવાળામાં દેખાતા તરુવરોએ ઘેરી લીધો. ઘટાટોપ ઝાડી. થડ દેખી આનંદ થાય. સીધા સોટા જેવા, નરવા. પ્રદૂષણનું નામનિશાન નહીં. ખાવાપીવાનું મબલખ. વૃક્ષો શું કામ પાછી પાની કરે? થોડુંક ચડ્યા કે આંખો ફાડી, મોં વકાસી જોતો જ રહ્યો. રસ્તાની કોરે, તરુણ તરુવરો ફૂલોથી લદાયેલાં, પારિજાતના જ હશે. બંધ કાચમાંથી બિચારી ગંધની સુગંધ અમને કેમ અડી શકે? અવારનવાર એવા તરુણો આવતા જ રહ્યા. રસ્તાની સાવ કોરે, સીધા સોટો જેવા નાજુક થડ, ને ઉપર સંપૂર્ણ ખૂલેલી છત્રી જેવી ફૂલોની છાબ. બધું છોડી એમના પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. દરેક વૃક્ષની નીચે ફૂલો. તાજાં ઉપર ને નીચે જૂનાં - વાસી. સ્વભાવગત વૃક્ષો તો ફૂલો હરદિન વહાવે, અહીં કોઈ વાપરનાર ન હોય તો એમાં એમનો શો ગુનો? ફૂલોનો ગંજ ન ખડકાય. વરસાદનું ઝાપટું આવે, વહેતા વારિને સુગંધિત કરવા વહેળા ભેગા વહી નીકળે. કોને ખબર એમને ખબર પડી ગઈ કે શું ક્યારેક પારિજાત બરાબર મુખોન્મુખ થવાની તૈયારીમાં હોય ત્યારે જ બે - ત્રણ ફૂલ ખેરવે. જાણે અભિવાદન કરવું એમનો ધર્મ. (પ્રકૃતિમાં કોઈ પોતાનો ધર્મ ચૂકતું નથી.)

ઉપર પહોંચતાં બહુ વાર ન લાગી. ગાડીમાંથી બહાર નીકળ્યા કે ઠંડાગાર. મલયભાઈએ ગાલે ટપલી મારી દીધી. કહે, તમારી હારોહાર જ ચાલતો હતો, પણ આ કાચનો અદીઠ અંતરપટ અંતરરાયરૂપ હતો. મંદ મંદ મહાલતો મલય, અલક મલક કરતાં ટપકતાં વર્ષાબિંદુ ને યાત્રિકોના કીડિયારા. આટલી વહેલી સવારે કદાચ લાખો ભાવિકો ભેગા થયા હતા. બધાનું લક્ષ્ય એક જ. ભગવાન બાલાજી, વ્યંકટેશ્વરના દર્શન. વર્ષાબહેને ખપપૂરતા છાંટેલ વારિથી, ચકચકતા ચમકતા સુઘડ રસ્તા પર સમ ખાવા ક્યાંય કચરો નહિ. ભગવાને જાણે 'યોગક્ષેમ વહામિ અહમ્'નું અક્ષરસઃ પાલન કરતા હોય તેમ બહાર ખુલ્લામાં ઊભેલાં દર્શનાકાંક્ષી લાખો યાત્રાળુઓની સરભરામાં મરુત અને વર્ષાને ખડેપગે ઊભા રાખી દીધા હતા. વારિને વર્ષાનું મિશ્રણ પ્રમાણસર હોય ત્યારે સપ્રમાણ ઘટકો નાખી બનાવેલી કોઈ વાનગી લિજ્જતદાર બની રહે. જેનો સ્વાદ કાયમનો જીભ પર રહી જાય. તેવું જ વારિ અને વર્ષાની સરભરાનું હતું. બંનેમાં થોડી હરીફાઈ હશે. મલયાનીલ પર્વતે વહેતો કરેલો મલય અંગેઅંગમાં સ્ફુર્તિ અને રોમહર્ષ ઉભરાવે તો વર્ષાબહેન અલકમલકના છાંટણાં, અંગઉપાંગ પર કરી યુવાન હૈયાઓને મસ્તીની ચરમસીમા પર લાવી મૂકતા હતા.

ભગવાનને ઘેર દેર હશે, અંધેર નથી. ભગવાન વહેલા મોડા દર્શન આપે જ. ભગવાનની દર્શન દેવાની ચીવટ પર ઓવારી જવાય. કદાચ ભગવાનને ચિંતા પણ હોય કે દર્શન કર્યા વગર, કંટાળી કોઈ યાત્રિક ભાગી છુટ્યો તો પોતાને માટે કવેણ ઉચ્ચારી નામ બગાડશે. બધાને - ભગવાનને સુધ્ધાં પોતાની છાપ સાફસુથરી રાખવી જ પડે.

દર્શન કરી બહાર નીકળ્યા ને જે આહ્‌લાદક દશ્ય જોયું એણે ઘડીના છઠ્ઠા ભાગમાં જ દર્શનની તપશ્ચર્યાના થાકને ભગાડી દીધો. પૂર્વમાં રક્તવર્ણીય લાલિમા આદિત્યદેવના આગમનની છડી પોકારી રહી હતી. પણ જરા છદ્મ રહીને. વારિસભર બલાહક સાગમટે યાત્રિકોનું સ્વાગત કરવા ઉતરી પડ્યા હોય તેમ અત્ર - તત્ર - સર્વત્ર ધુમ્મસનું સામ્રાજ્ય સ્થાપિત થઈ ચૂક્યું હતું. ફળસ્વરૂપ ઉપસતું હતું એક દેવાંશી દશ્ય. ધુમ્મસને ક્યાંક લાલચટાક કોર, તરુવરો, મકાનો, મંદિરો, માનવો ને વાહનો સર્વ ધુમ્રાચ્છાદિત. બધું અસ્પષ્ટ. સાવ નરમ ફોકસ ને શટરને વધુ સમય આપી પાડેલું ચિત્ર જે સ્વર્ગીય ગરિમા ઉપસાવતું હોય.

ફરી પાછી એ જ રફતાર. ઉતરતાં માનુની મોટરમાં યુવાનીનો થનગનાટ ને સ્ફૂર્તિ હતા. ભગવાનનાં દર્શન પામી અમે હૈયે હોંશમાં હતા. જરાક નીચે સરક્યા કે ધુમ્મસભાઈએ 'આવજો' કહી દીધું. દષ્ટિપથ પર ફેલાઈ ગયો એક અવિસ્મરણીય આહ્‌લાદક અનુભવ. ઢુકળે જોતાં, જતી વેળા અસ્પષ્ટ દેખાતાં તરુવરો અત્યારે ચોખ્ખાં ચણક દેખાતા હતા. માનવ વસતિની ગીચતા માણીએ છીએ. વૃક્ષો પગપેસારો કરવા કદાચ

*ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ હિંમત ન હારવી.*

ટંટો ફિસાદ કરતા હશે. ઉપર પર્ણનો ઘટાદાર ઘેઘૂર વૈભવ. છોગામાં છેવાડે સુમનનું સામ્રાજ્ય. અહીંતહીં નાના મોટા કાચા પાકા ફળો લટકે. નીચે તંદુરસ્ત તરવરાટભર્યા તેજીલા તોખાર જેવા તગડાં થડ. વિસ્ફારિત નયને જોતો જ રહ્યો, જોતો જ રહ્યો. જરાવારમાં તો શૈશવ સવાર થઈ ગયું ને કહી બેઠો 'ગાડી રોકો.' અરમાન કહ્યા. દોડીને વૃક્ષોને ભેટવું, થડ પર ચડવું, ડાળીઓ પર ઝુલવું ને ફળફૂલ આરોગવાના. ગૃહલક્ષ્મીજીએ 'વીટો' વાપર્યો. કહી દીધું, 'હાથ પગ ભાંગ્યા તો હેરાન થશો.' અરમાનોની ચિતા જ સળગી ઊઠી. શૈશવ તો ક્યારનું વિસર્યું હતું ને વાર્ધક્ય સવાર થઈ બેઠું હતું. ચૂપચાપ બેસી રહ્યો. દૃષ્ટિપથમાં આવ્યાં દૂરસુદૂર દેખાતાં છોટામોટાં ડુંગરા ને ટેકરીઓ. ક્યાંક ઊંધા લટકતા સાપની જેમ વહેતાં છોટામોટા જળધોધ. અફસોસ સાથે શબ્દો સરી પડ્યા, 'તે હિ નો દિવસાઃ ગતાઃ'

ડુંગરો સાથેનો નાતો બાળપણથી જ ગામની પાદરે ઊભેલો હજારેક ફૂટ ઊંચો ડુંગર કોરી કુબો ઘર દીવડો. ગિરનારની ગરિમા માણી. કાશ્મીરથી કાલિપોંગ સુધી હિમાલયની તળેટીની ટેકરીઓ પર ભ્રમણ થયું. અરવલ્લી પર્વતમાળા આરપાર પસાર કરી. આબુનો વૈભવ હૃદયમાં ભર્યો. સાતપુડા અને વિંધ્ય પર્વતમાળાની ભયજનક નજાકતતા હૈયે ભરી. ચંબલની કોતરો ને કંદરામાં કોઈ ડાકુનો ભેટો ન થયો. પૂર્વઘાટમાં તિરૂપતિ, કોડાઈકેનાલ, ઉટીમાં રખડ્યો. મલય પર્વતમાં લગ્નાવસ્થામાં અહીંતહીં વેરાયેલા જૈન મંદિરો જોવા માટે ભ્રમણ કર્યું. પશ્ચિમ ઘાટની વાત મૂકો. એના કયા ભાગ પર રખડવાનું નથી થયું? ખંડાલા, લોનાવલાથી શરૂ કરી, તળેગાંવ, વડગાંવ ને દેહૂ રોડની ટેકરીઓ સર કરી, મહાબળેશ્વરનો વનવૈભવ માણ્યો. વહેતી નદીઓનાં ઉગમ સ્થાન જોયાં, ઠેઠ કર્ણાટકના મરકારા ઘાટમાં રખડતા ચંદનના વૃક્ષોની સુવાસ માણી. કેરળની પેરિયાર નદી, કોંકણની લાલમાટી, છોટી મોટી ટેકરીઓ પર આરોહણ કરવું, ખીણો કોતરો અને કંદરામાં ઉમાશંકરને યાદ કરતાં ભમવું, ગેરસપ્પા ધોધની નાજુક ધુમ્રમય ધારને હાથ પર ઝીલવી, નદીઓ ઝરણાં ને જળાશયોમાં મહાલવું. શું નથી થઈ શક્યું? બધા પર્વતોને પોતાની એક તાસીર હોય છે, ઇતિહાસ હોય છે, દંતકથાઓ હોય છે. ભ્રમણ કરતાં બધી સામે આવી ઊભી રહે છે. પહાડ. પર્વત કે ટેકરીની ટોચે ચડ્યા પછી જે નમ્રતાનો ભાવ હૃદયમાં ઉભરાય છે તેને યાદ કરતાં પણ ગદ્ગદ્ થઈ જવાય છે.

પૂર્વઘાટ ને પશ્ચિમઘાટ. 'હું તો કોને ભૂલું ને કોને સંભારું' જેવી મારી સ્થિતિ છે. પશ્ચિમ ઘાટ થોડો બરછટ મર્દ મરાઠો છે તો પૂર્વઘાટ? વાહ, કેવી યાદ આવી પેલી શરમાળ આંખો નચાવતી, ત્રિભંગે નાચતી, ભારત નાટ્યમની સુકોમળ નર્તકી! હા, પૂર્વઘાટને વધુ સંસ્કારી કહું છું, ત્યારે મોં મચકોડતાં પશ્ચિમઘાટને મનાવતાં કહી બેસું છું, તું તો ઘરનો જ છે ને!

*૫૦/૪, રામસદન,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં
ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત
ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

### માનવજાત સામેનો સૌથી મોટો પડકાર

# જીવન અનોખું કેમ બને?

● ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી ●

અમે નાના હતા, ત્યારે ગામમાં ભજવાતી રામલીલા જોવા આખી રાતનો ઉજાગરો વેઠતા. બીજું બધું તો ઠીક, પણ એક વાત અમને નહોતી સમજાતી! હાર્મોનિયમ વગાડનાર ઊભો થઈને રાજા તરીકે લડવા પણ માંડે અને પોતાનું પાત્ર ભજવ્યા બાદ આરતી માટે દિવેટો કરવા પણ બેસી જાય! મહિલાનું પાત્ર ભજવનાર પુરુષ પાત્ર ભજવ્યા બાદ ખૂણામાં ઊભો ઊભો બીડી પીવા માંડે!

પણ આજે એવું દશ્ય જોવા મળે તો આશ્ચર્ય ન જ થાય! પેલો રામલીલાનો નટ-માલિક બિચારો પેટગુજારા માટે એક જ માણસ પાસે અનેક પ્રકારના અભિનય કરાવતો પણ આજનો માણસ આખા દિવસ દરમિયાન જાતજાતના અભિનય કરે છે, જાતજાતની ભૂમિકાઓ ભજવે છે! ઘરમાં પત્ની સમક્ષ ઘાંટાઘાંટ કરતો પુરુષ ઑફિસમાં કડક ઉપરી અધિકારી સમક્ષ મીંદડી જેવો બની જાય છે. પટાવાળાની નાનકડી ભૂલ બદલ ઊધડો લેતો અધિકારી પ્રધાન સમક્ષ પૂંછડી પટપટાવે છે!

કોઈ સંત કથાકાર કરુણ પ્રસંગ વર્ણવે એટલે ગળગળો થઈ જનાર કથા-શ્રોતા ભીખ માગનારને ધક્કે ચઢાવે છે. મંદિરમાં કે ધાર્મિક ઉત્સવની ઉજવણીમાં દાનનો ધોધ વહેવડાવનાર પોતાના ગરીબ કે મધ્યમવર્ગના કર્મચારીને પાંચ-દસ પગાર ઍડવાન્સ કે લૉન સ્વરૂપે આપવાની ચોખ્ખી ના પાડી દે છે. દરરોજ ધર્મ-પુસ્તકનું વાંચન કરનાર પણ કામચોરી, હરામખોરી, બહાનાબાજી કે શોષણવૃત્તિથી મુક્ત થઈ શકતો નથી.

માણસ વૅકેશન ગાળવા કોઈક પ્રાકૃતિક સ્થળે જાય છે પણ રહે છે એવી રીતે કે એને પ્રકૃતિ સાથે સ્નાન-સૂતકનો સંબંધ ન હોય! પ્રાકૃતિક રીતે થોડાક શીત વાતાવરણની મજા લેવાને બદલે એ પસંદ કરશે એ.સી. રૂમ! એ.સી. રૂમની બહાર કોયલ કૂજન કરતી હશે, કબૂતર ભોળેભાવે ઘૂમતાં હશે, નદી મસ્તીપૂર્વક વહેતી હશે, આકાશે સૂરજ ઉષકાળે મબલખ રંગોની રંગોળી સમજાવતો હશે, પણ માણસ નથી રહી શકતો કુદરત સાથે કે નથી રહી શકતો જાત સાથે!

સમાજ સાથેનો તેનો સંબંધ પણ કૃત્રિમ થતો જાય છે! કોઈકની સ્મશાનયાત્રામાં એ એટલા માટે જાય છે કે તેનાં સગાં-સંબંધીઓને ખોટું ન લાગે! કોઈક મોટા માણસના મૃત્યુ પ્રસંગે દુઃખ ખાતર નહીં પણ દેખાડા ખાતર કે હાજરીની નોંધ લેવડાવવા માટે દોડી જનારાઓની સંખ્યા ઘણી મોટી છે! પરંતુ પોતાના ઘરના નોકર કે કામવાળીના પિતાનું મરણ થતાં એને આશ્વાસન આપવા જનાર કોઈ વિરલા જ નીકળે!

મારા એક સ્નેહી ચહેરા પરથી સાવ ભોળા દેખાય! એમની લુચ્ચાઈના એક ગંભીર પ્રસંગે મેં એમને કહ્યું : 'હું તો તમને સાવ ભોળા માનતો હતો. તમે તો ભારે કપટ આચરી બેઠા!' એમણે હસતાં - હસતાં જવાબ આપ્યો : 'અરે, ભલા માણસ, અમે ભોળા દેખાઈએ છીએ ખરા, પણ ભોળા થોડા જ છીએ!'

માણસનું આંતરિક વ્યક્તિત્વ જુદું અને બાહ્ય વ્યક્તિત્વ જુદું. માણસ પોતાની અંદર જાતજાતનાં રૂપોને સંતાડીને જીવે છે. માણસને કાળીચૌદશ પણ ખપની લાગે છે અને નાગપાંચમ પણ! કાળી ચૌદશ ઊજવી-ઊજવીને થાકેલો માણસ દરેક ચૌદશ ધોળી ચૌદશ બને એ માટે કેમ વિચારતો નહીં હોય? મંત્ર-તંત્ર સાથે પણ માણસને કેવળ સ્વાર્થનો સંબંધ છે. કાળીચૌદશ સાધન છે, સાધ્ય છે માત્ર 'લાભ'. એ 'લાંભપાંચમે' મળે કે સાતમે એને તેની સાથે કશી લેવા-દેવા નથી!

પહેલાંના માણસને જીવનને ધન્યતા બક્ષે એવું ધન ખપતું હતું, આજના માણસને વૈભવ-વિલાસ માટે ધન ખપે છે. પહેલાંનો માણસ 'થોડા' માં 'ઘણાપણું' અનુભવતો હતો, આજનો માણસ 'ઘણાપણા' માંય 'થોડાઘણા' ના નિસાસા નાખ્યા કરે છે. માણસ અંદરથી ભર્યો-ભર્યો રહે તો એને ચપટીક પ્રસાદ પણ છપ્પન ભોગનો થાળ લાગે છે.

કૉ-ઓપરેટિવ સોસાયટી, એપાર્ટમેન્ટ્સ, ફ્લેટ્સ વગેરે આખરે તો સહયોગ અને સહજીવનની ઉદાત્ત ભાવનાની નીપજ છે. સૌ સાથે રહે, અગવડ-સગવડ વેઠીને પણ પ્રેમભાવ ટકાવી રાખે, ગરીબને અમીરની હૂંફ મળે અને અમીરને ગરીબોની અમીદૃષ્ટિ મળે, ઈર્ષ્યા-દ્વેષ અને સંકુચિતતાથી મુક્ત લાગણીભર્યું - સહાનુભૂતિભર્યું - સહિષ્ણુતાથી મધમધતું અને સહકારથી છલકાતું જીવન જીવવાની જ્યાં સ્પર્ધા હોય એનું નામ કૉ-ઓપરેટિવ સોસાયટી! પણ કૉ-ઓપરેટિવ અથવા સહકારી સોસાયટીમાં આવું વાતાવરણ સર્જાતું નથી! ત્યાગ અને સહિષ્ણુતાની ધરાર ઉપેક્ષા એ આજના શિક્ષિત માણસના અશિક્ષિત મનની પેદાશ છે. પરિણામે આજના માણસનું જીવન બહારથી અકબંધ પણ અંદરથી ખંડિત વિખંડિત બની ગયું છે! એની પાસે ચેન નથી, શાંતિ નથી, હાશકારો નથી! એવાં ચેન અને શાંતિ માટે 'ધર્મ' પાસે એ દોડી જાય છે, પણ ત્યાંય રૂપિયાનું રાજ જોઈ એનું

*મનની નબળાઈઓ પર કાબુ મેળવો, આત્મબળ વધશે.*

મન નારાજ થઈ જાય છે! ભારતીય સંસ્કૃતિનો આદર્શ 'હું સુખી થાઉં' - એવો સંકુચિત નથી, પણ 'સર્વે જનાઃ સુખીનો ભવન્તુ' નો છે!

સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં અભિમુખતા એ વરદાન છે અને વિમુખતા એ ઘોર અભિશાપ. આજે વૃદ્ધિ છે, રિદ્ધિ છે, સમૃદ્ધિ છે પણ શુદ્ધિ નથી, કારણકે આજનું જીવન કેવળ 'સહવાસ' છે, સહજીવન બની શક્યું નથી! 'સહવાસ' તો કેદીઓનો પણ હોય છે! એક જ જેલમાં રહીને તેઓ નિર્ધારિત સજા કાપે છે. પણ એમનું જીવન 'સહજીવન' બની શકતું નથી! સહજીવન બને તો કેદીઓ દોષો ભૂલી સદ્‌ગુણોના આરાધક બની જાય અને ક્યારેક વી. શાંતારામે કલ્પેલી 'દો આંખેં બારહ હાથ' ની ઘટના જોવા મળે!

વાર-તહેવારે માણસમાં ઊભરાતી કરુણાની ગંગા એ સહજીવનની નીપજ નથી પણ 'પુણ્યપ્રાપ્તિ માટેનો અવસર છે. જ્યાં 'પ્રાપ્તિ' માટે કશું કરવામાં આવે ત્યાં કાર્ય તો થાય છે, પણ કાર્યની પવિત્રતા નથી રહેતી!

'ક્રાંતિ અને સાધના' માં આ સંદર્ભે એક સરસ મજાની વાત કરવામાં આવી છે. તદનુસાર એક ડબ્બીમાં કપૂર અને હિંગ રાખી મૂકવામાં આવ્યાં. એક નહીં પાંચ-પાંચ વર્ષ સુધી. પણ પાંચ વરસ બાદ પણ કપૂરની અસર હિંગને ન થઈ અને હિંગની અસર કપૂરને ન થઈ. કપૂર કપૂર રહ્યું અને હિંગ હિંગ જ રહી. પરસ્પરથી અલિપ્તના એ સહવાસ.

પરંતુ બીજું ઉદાહરણ દૂધ અને સાકરનું છે. કાચના એક પ્યાલામાં દૂધ અને સાકર સાથે રહ્યાં. પરિણામ એ આવ્યું કે દૂધ દૂધ મટી ગયું અને સાકર સાકર મટી ગઈ! દૂધ સાકર સાથે એકાકાર થઈ ગયું અને સાકર પણ દૂધમાં ભળી ગઈ. આનું નામ સહજીવન!


આજે માણસો એકબીજાની સાથે રહે છે, પણ એકબીજાની નિકટ નથી, એક-બીજામાં ભળી શકતાં નથી! હા, ભળવાનો દેખાવ કરે છે, સ્નેહમિલનો યોજાય છે, ઉત્સવો ઉજવાય છે પણ એ પછી નોખાંને નોખાં. આજનું માનવજીવન 'નોખું' છે, એ 'અનોખું' કેમ બને એ માનવજાત સામેનો સૌથી મોટો પડકાર છે. નોખાપણુંય જો ઉદાત્તતાને વરેલું હોય તો એ સિદ્ધિ છે, પણ નોખાપણું સંકુચિતતાને વરેલું હોય તો એ માણસાઈનો ઘોર પરાજય છે. આપણે 'નોખા' રહીએ અને છતાંય આપણાં ઉદાત્ત, શાલીન વર્તન અને વ્યવહાર દ્વારા 'અનોખાપણું' ચરિતાર્થ કરી બનાવીએ. એમ કરવા જતાં કશુંક ખોવું પણ પડશે જ, પણ ક્યારેક 'ખોવા' માં પણ અસાધારણ પ્રાપ્તિની અનુભૂતિ થતી હોય છે! જેમણે મેળવવાનું લક્ષ્ય રાખ્યું તેઓ ભુલાયા છે અને જેમણે 'ખોવા'ને જ લક્ષ્ય બનાવ્યું, તેઓ આજે પણ પૂજાય છે અને ભવિષ્યમાં પણ પૂજાવાના છે. ફેંસલો દરેકે જાતે કરવાનો છે.

*૧૬, હેવન પાર્ક,*
*રામદેવનગર પાસે, સેટેલાઈટ રોડ*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# લોકપાલથી ભ્રષ્ટાચાર તદ્દન દૂર થઈ જશે?

● યાસીન દલાલ ●

આખરે સંસદમાં લોકપાલનો ખરડો પસાર થઈ ગયો છે. હવે રાષ્ટ્રપતિની સહી થશે એટલે આ ખરડો કાયદો બની જશે. બે વરસ પહેલાં પણ સંસદમાં આ ખરડો ગાજેલો. લોકસભામાં પસાર થઈ ગયો પણ રાજ્યસભામાં રાતના ૧૨ વાગ્યા સુધી ચર્ચા ચાલી અને ઉપરાષ્ટ્રપતિએ અચાનક સમય સમાપ્તિની ઘોષણા કરી દીધી. એ પહેલાં ભાજપના સભ્યો છ થી સાત કલાક સુધી બોલતા જ રહ્યા. રાષ્ટ્રીય જનતાદળના શ્રી લાલુપ્રસાદ યાદવે પોતાના એક સભ્યના કાનમાં કંઈક કહ્યું અને એ સભ્યે ઊઠીને એ ખરડો જ ફાડી નાખ્યો. આમ આપણી લોકશાહીનું વસ્ત્રાહરણ થઈ ગયું. બરોબર એ જ સમયે શ્રી અન્ના હઝારે દિલ્હીમાં જંતરમંતર ખાતે ઉપવાસ ઉપર બેઠા હતા. દરરોજ એક પછી એક નાટ્યાત્મક દૃશ્યો ભજવાતા હતા. અંતે ખરડો લટકી ગયો. હઝારેએ ઉપવાસ પણ છોડી દીધા.

આ દરમ્યાન હઝારેના નિકટના સાથી શ્રી અરવિંદ કેજરીવાલે રાજકીય પક્ષ સ્થાપવાની જાહેરાત કરી દીધી. હઝારે આ પહેલા જ ખુલાસો કરી ચૂક્યા હતા કે અમારે કોઈ રાજકીય પક્ષ સ્થાપવો નથી. તેઓ એમ પણ માનતા કે દેશમાં ચૂંટણી પૈસા અને શરાબથી જ જીતી શકાય છે. આમ છતાં કેજરીવાલ આગળ વધ્યા.

આ દરમ્યાન હઝારે દેશભરમાં સભાઓ કરતા રહ્યા અને અંતે પોતાના ગામ રાલેગણ સિદ્ધિમાં એ ફરીવાર ઉપવાસ ઉપર ઊતર્યા અને બરોબર એ જ સમયે સંસદનું સત્ર ચાલુ થયું. સંસદમાં રાજ્યસભાએ આ ખરડો પ્રવર સમિતિને મોકલી આપેલો. આ સમિતિએ મૂળ ખરડામાં કેટલાક સુધારા કર્યા અને સંસદને પાછો મોકલી દીધો. આ સુધારેલો ખરડો પહેલા રાજ્યસભામાં અને બીજે જ દિવસે લોકસભામાં પસાર થઈ ગયો. જોકે આમાં સર્વાનુમતિ ન સાધી શકાઈ. મુલાયમસિંહ યાદવના સમાજવાદી પક્ષે એકવાર તો ઘોંઘાટ કરીને સંસદ જ ખોરવી નાખી. અંતે બીજે દિવસે એમણે સભાત્યાગ કર્યો અને એમ ખરડો પસાર થવાનો માર્ગ મોકળો બની ગયો. રાજ્યસભામાં માર્કસવાદી શ્રી સીતારામ યેચૂરીએ ખરડામાં કેટલાક સુધારા સૂચવ્યા પણ એ ધ્વનિ મતથી ઉડી ગયા. આમ છતાં એમણે ડિવીઝન મતનો આગ્રહ રાખ્યો. અધ્યક્ષે એ સ્વીકાર્યું અને ડિવીઝન મતમાં પણ યેચૂરીના સુધારા ઊડી ગયા. ખરડાની એક પછી એક કલમનો ક્રમ અધ્યક્ષ વાંચતા ગયા અને બધી જ કલમો પસાર થઈ ગઈ.

લોકપાલની વિભાવના સ્કેન્ડિનેવિયન દેશોમાંથી આવી છે. એનો મૂળ શબ્દ ઓમ્બુડ્સમેન છે. નોર્વે, બેલ્જિયમ અને સ્વીડન જેવા દેશોમાં લોકપાલની પ્રથા વરસોથી અમલમાં છે. આ દેશોમાં લોકપાલની કાર્યવાહી ટી.વી. ઉપર પણ દર્શાવાય છે. માત્ર રાજકારણમાં આ પ્રથા છે એટલું જ નહીં પણ અનેક ક્ષેત્રોમાં પણ છે. ખાનગી ક્ષેત્રમાં એને સોશિયલ ઓડિટ કહે છે. આપણે ત્યાં પણ વરસો પહેલા ટાટાએ આ પ્રથા અપનાવેલી. આપણે ત્યાં છેલ્લા ચાર દાયકાથી આ ખરડો લટકતો હતો. ૧૯૭૦માં શ્રીમતી ગાંધીની સરકાર હતી ત્યારથી એના પડઘા સંભળાતા હતા. પણ કોઈ રાજકીય પક્ષ સાચા દિલથી આ ખરડાને ટેકો આપતું નહોતું. બધા ઉપરથી ટેકો આપે અને અંદરથી એના માર્ગમાં અવરોધ ઊભા કરે એમ બનતું. આખરે આ ખરડાને જ ભૂલી જવાયો. છેવટે અન્ના હઝારેએ આ ખરડાને ફરી જીવતદાન આપ્યું અને દિલ્હીમાં ઉપવાસ ઉપર બેઠા. શાસક પક્ષે પહેલાં તો એની ઉપેક્ષા કરી અને અન્નાને જેલમાં પૂરી દીધા. પણ અન્નાએ જેલમાંથી પણ આંદોલન ચાલુ રાખ્યું. જંતરમંતર અને ઇન્ડિયા ગેટ ખાતે પાંચથી દસ લાખની મેદની ઉમટી અને અન્નાની સાથે જ ઉપવાસમાં જોડાઈ. અંતે સ્વામી અગ્નિવેશ જેવાએ એમાં પંચર પાડ્યું. અધૂરામાં પૂરું સ્વામી રામદેવ મેદાનમાં ઊતર્યા પણ હઝારે જેવી ઊંચી પ્રતિભા એમની નહોતી. પોલીસને જોઈને જ એ કૂદકો મારીને મંચ ઉપરથી નીચે ઉતર્યા અને મહિલાનો વેશ પહેરીને ભાગી ગયા.

આ ખરડાના સારા અને ખરાબ પ્રત્યાઘાત પડ્યા છે. ખરાબ પ્રત્યાઘાતની વાત કરીએ તો અરવિંદ કેજરીવાલે જ આ ખરડાનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે આ ખરડો લોકપાલ નહીં પણ જોકપાલ છે. એમનું કહેવું એમ છે કે અન્નાની મૂળ માંગણી મુજબ આ ખરડો બન્યો જ નથી. મૂળ ખરડામાં લોકપાલની સમિતિમાં વડાપ્રધાન ઉપરાંત સ્પીકર, વિપક્ષના નેતા, મુખ્ય ન્યાયાધીશ અથવા સુપ્રીમ કોર્ટના વર્તમાન જજ અને રાષ્ટ્રપતિ દ્વારા પસંદ કરાયેલા અન્ય ન્યાયાધીશનો સમાવેશ હતો. હવેના બીલમાં પહેલા ચાર સભ્યોની પસંદગી સમિતિની ભલામણ ઉપર રાષ્ટ્રપતિ દ્વારા જજની નિમણૂક થશે. સી.બી.આઈ.ની બાબતમાં હઝારેના બીલમાં સી.બી.આઈ.ને લોકપાલ હેઠળ મૂકવાની દરખાસ્ત હતી. સંસદમાં પહેલા બીલમાં આ અંગે મૌન સેવવામાં આવેલું. નવા બીલમાં નિર્દેશાલયની રચના ઉપરાંત સી.વી.સી.ની ભલામણ ઉપર બચાવ પક્ષની નિમણૂક કરવામાં આવે તેવી જોગવાઈ છે. ઉપરાંત લોકપાલ દ્વારા રીફર કરવામાં આવેલ કેસની ચકાસણી કરનાર અધિકારીઓની બદલી

*અવિશ્વાસ શંકાને જન્મ આપે છે.*

લોકપાલની મંજૂરી વિના થઈ શકે નહીં તેવી જોગવાઈ છે. તપાસ ૬૦ દિવસમાં પૂરી કરી લેવાની રહેશે. લોકપાલ સરકારી કર્મચારીને સાંભળ્યા બાદ તપાસનો આદેશ આપશે. વડાપ્રધાન સામેની તપાસ બંધબારણે થશે અને લોકપાલની સંપૂર્ણ બેંચના બે તૃતીયાંશ સભ્યો એને મંજૂરી આપશે. આમ વડાપ્રધાનને લોકપાલની સમીક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મૂળ બીલમાં ચેરીટેબલ સંસ્થાઓ આવતી. આ નવા બીલમાં આવી સંસ્થાઓને લોકપાલની બહાર રાખવામાં આવી છે.

મૂળ બીલમાં રાજ્યોમાં લોકાયુક્ત નિમવાનું ફરજિયાત હતું. આ સુધારાયેલા બીલમાં લોકાયુક્તની નિમણૂક મરજિયાત છે. એક વરસની અંદર રાજ્યોને લોકાયુક્ત નિમવા જણાવાયું હતું. પણ કોઈ રાજ્ય ન નીમે તો શું કરવું એની સ્પષ્ટતા નથી. આ ઉપરાંત લોકસેવકો ઉપર ફરિયાદ દાખલ કરવા માટે એમના મત લેવાનું જરૂરી હતું. કેબિનેટે આ માંગણી ફગાવી દીધી. મૂળ બીલમાં લોકપાલની મંજૂરી વિના ચકાસણી શરૂ કરવાનો અધિકાર હતો. હવે લોકસેવકો સામે કાર્યવાહી માટે મંજૂરી આપવાનો અધિકાર લોકપાલને સોંપાયો છે. નિર્ણય લેતા પહેલા લોકપાલ તથા સમક્ષ સત્તાની મંજૂરી મેળવી શકાશે.

આમ લોકપાલનો ખરડો પસાર થયો એમાં સારા અને નરસા બંને પાસાં છે. કેટલાક પાસાં આવકાર્ય છે તો કેટલાક વિવાદાસ્પદ પણ છે. આમ આદમી પક્ષના પ્રમુખ શ્રી કેજરીવાલે આ નવા ખરડાનો વિરોધ કર્યો છે. આમ અન્ના હઝારે અને કેજરીવાલ વચ્ચેનાં મતભેદો સપાટી ઉપર આવ્યા છે. જોકે કેજરીવાલ કહે છે કે અમારી વચ્ચે ફાટફૂટ પડાવવા કરોડો રૂપિયા ખર્ચાયા છે. અન્ના હઝારેના મંચ ઉપર આમ આદમી પક્ષનાં માણસોને બેસવાની પણ મનાઈ હતી.

કેટલાક લોકોને લાગે છે કે અન્ના હઝારેએ પોતાનું વલણ બદલીને ભૂલ કરી છે. ભૂતકાળમાં એમની જીદ હતી કે જનલોકપાલ બીલ પસાર થશે તો જ અમને સ્વીકાર્ય હશે. કપિલ સિબ્બલે ત્યારે ટકોર કરી હતી કે પ્રજામાંથી કોઈ એક વ્યક્તિ કાયદો કઈ રીતે ઘડી શકે? પણ એ ભૂલી ગયા કે અન્ના હઝારે કોઈ મામૂલી વ્યક્તિ નથી. ચૂંટણી લડ્યા વિના તેઓ લોકનેતા બની ગયા છે. એમનું વ્યક્તિત્વ ગાંધી અને જયપ્રકાશ નારાયણ જેવું છે. હઝારેએ મહારાષ્ટ્રના સોળ પ્રધાનોને ઘરભેગા કરી દીધા હતા. આ પ્રધાનો ઉપર ભ્રષ્ટાચારનો આરોપ હતો. એક રાજકારણીએ તો એમની હત્યા માટે સોપારી પણ આપી હતી. આ કથિત હત્યારાએ પોતાનો ગુનો અદાલતમાં કબૂલી લીધો અને કહ્યું કે અન્ના હઝારે જેવા સંતની હું હત્યા કરી શકું નહીં. ત્યારે એમનું આંદોલન મહારાષ્ટ્ર પૂરતું મર્યાદિત હતું. છેવટે આ મુદ્દા અંગે એમણે રાષ્ટ્રીય સ્તરે ઝૂકાવ્યું. એમને વિચાર આવ્યો કે હવે ભ્રષ્ટાચાર આખા દેશમાં ચાલે છે. પરિણામે દિલ્હીમાં ઉપવાસ કર્યા. એ નિષ્ફળ ગયા પછી બે વરસનો ઈન્ટરવલ પડ્યો. હવે ખરડો પસાર થઈ ગયો પણ એમણે પોતાનું વલણ બદલ્યું. તટસ્થ નિરીક્ષકો કહે છે કે એમણે હવે વ્યવહારુ વલણ લીધું છે. એમના બીલની કેટલીક માંગણીઓ અંતિમ સ્વરૂપની હતી. કેટલાક લોકોને લાગતું હતું કે એનાથી સમાંતર બાબુશાહી ઊભી થશે. કેજરીવાલે એ દરમ્યાન રાજકારણમાં દાખલ થવાનો નિર્ણય લીધો. અન્ના માનતા હતા કે સ્વચ્છ અને ઈમાનદાર લોકો આપણી ચૂંટણીમાં જીતી શકશે નહીં, પણ કેજરીવાલની જીતથી એ માન્યતા પણ ખોટી પડી. કોંગ્રેસ અને ભાજપ બંને હારી ગયા. હદ તો એ થઈ કે દિલ્હીના મુખ્યપ્રધાન શીલા દીક્ષિત પણ પચીસ હજાર મતની જંગી લીડથી હારી ગયા. પરિણામે બંને પક્ષોએ લોકપાલના ખરડાને ટેકો આપ્યો.

હવે નવા ખરડામાં કેટલીક શરતો સાથે વડાપ્રધાનને પણ આવરી લેવાયા છે. કોંગ્રેસ પક્ષને એની સામે વાંધો હતો પણ વડાપ્રધાને પોતે પહેલ કરીને આ વાત સ્વીકારી છે. ધાર્મિક સંસ્થાઓ અને ટ્રસ્ટોને પણ લોકપાલની હદમાં મૂકી દેવાયા છે. સી.બી.આઈ.ની ગૂંચનો પણ ઉકેલ લાવી દેવાયો છે. લોકપાલની નિમણૂકમાં વડાપ્રધાન ઉપરાંત લોકસભાના સ્પીકર તથા વિપક્ષી નેતા અને સુપ્રીમ કોર્ટના વડા ન્યાયાધીશ રહેશે. એના માળખામાં મુખ્ય લોકપાલ ઉપરાંત બીજા આઠ સભ્યો રહેશે. જેમાંથી અડધા દલિત, આદિવાસી, લઘુમતી, મહિલા અને ઓ.બી.સી. હશે.

શું આ ખરડાથી ભ્રષ્ટાચાર નાબૂદ થઈ જશે? અન્નાએ પણ આ સાવધાનીપૂર્વક કહ્યું છે કે આ કાયદાથી ભ્રષ્ટાચાર સાવ નાબૂદ નહીં થઈ જાય પણ એની ઉપર અંકુશ જરૂર આવશે.

અન્નાનો આ સાવચેતીભર્યો આશાવાદ છે એ હકીકત છે કે આપણા રાજકારણીઓ એટલી હદે ભ્રષ્ટ થઈ ચૂક્યા છે કે એમને કોઈ સુધારી શકશે એમ માનવું મૂર્ખામીભર્યું છે. ભૂતકાળમાં પણ આપણી સંસદમાં કરોડોની નોટોનાં બંડલ રજૂ થયા હતા. આપણા સાંસદો પ્રશ્ન પૂછવાના પણ લાખો રૂપિયા લે છે એ હવે જાહેર થઈ ગયેલી વાત છે. આવા પ્રદૂષિત વાતાવરણમાં લોકપાલ આવશે તો થોડીક બ્રેક લાગશે એવો આશાવાદ રાખવામાં ખોટું નથી.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

વિચાર વિમર્શ

# 'ખભે કોથળો ને દેશ મોકળો'

## સંભારણાની સફર : મણકો - ૯

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

અત્યારે તો હું ડ્રાઈવરવાળી ગાડીમાં ફરું છું, પણ થોડાં વર્ષ પહેલાં હું જાતે જ ગાડી ચલાવતી. પેટ્રોલ પણ હંમેશાં એક જ પંપ પર પુરાવી લઉં. પંપની બાજુમાં જ ગાડીનું સર્વિસ સ્ટેશન હતું. હું જાતે જ ગાડી વખતોવખત સર્વિસ કરાવવા લઈ જતી અને કામ પતે ત્યાં સુધી ગાડી પાસેથી ખસું નહીં. ગેરેજમાં ચૌદ-પંદર વર્ષના બે છોકરા નાનું-મોટું કામ કરે. રામ અને ગોપાલ, અદ્દલ એકમેકની છબી જેવા, તપેલીના સેટ જેવા જોડકા ભાઈઓ. ખૂબ જ ગરીબ તથા અંગૂઠાછાપ, પણ જાતજાતની ભાષાઓ બોલવા અને સમજવામાં એક્કા. બેંગ્લોર કર્ણાટકની રાજધાની છે. અહીં અનેક ભાષા, ધર્મ અને જાતિના લોકોનો શંભુમેળો જોવા મળે છે. તેથી જ રામ-ગોપાલ કન્નડ ઉપરાંત હિંદી, તામિલ, તેલુગુ અને ભાંગ્યું-તૂટ્યું અંગ્રેજી પણ બોલી લેતા.

મારી ગાડીની સર્વિસ પતતાં બે કલાક થાય. મને જુએ એટલે બંને ભાઈઓ દોડતા મારે માટે બાજોઠ લઈ આવે. ઝાડ નીચે ગોઠવે અને ગાડીની સર્વિસ થાય ત્યાં સુધી હું બેઠી બેઠી પુસ્તકો વાંચ્યા કરું. બંને છોકરા ભારે કામગરા, મસ્તીખોર અને ટાંપું કરવામાં ઉસ્તાદ, તેથી સહુને વહાલા લાગે. ધીમે ધીમે મારે બંને સાથે દોસ્તી થઈ ગઈ તેથી તેમના જીવનની બંધ કિતાબનાં પાનાં મારી સામે તેઓ ખોલતા થયા. તેમનો બાપ ક્યાં હતો તેની કોઈ માહિતી ન હતી, મા મજૂરીએ જતી, છોકરાઓ તેમના દૂરના કોઈ કાકા સાથે નજીકની ઝૂંપડપટ્ટીમાં રહે. આવા ગરીબોને નિશાળેય કોણ મોકલે? ગેરેજમાં પગાર તો પાતળો જ હશે, પણ બક્ષિસ સારી મળી જતી. ટાયરમાં હવા પૂરી આપવા માટે કોઈ દયાળુ શેઠ-શેઠાણી બે-પાંચ રૂપિયા પરખાવતાં, વળી પંપના માલિક બે ટાઈમની ચા અને નાસ્તો મંગાવતા તેથી પેટ ટાઢું રહેતું. ઘેર તો ખાવાનાય સાંસાં. બંને ભાઈઓ સવારે આઠથી રાત્રે આઠ સુધી ગેરેજમાં કામ કરે, રવિવારે છુટ્ટી.

આટઆટલી મુશ્કેલીઓ અને કારમી ગરીબાઈમાં પણ આ બે છોકરાઓ હંમેશાં હસતા ને હસતા. તેમને કોઈપણ કામ સોંપો તો ફટાફટ દોડે. મેં તો સારા-સારા તવંગર કુટુંબોમાં જોયું છે, કે છોકરાંઓ દોમ-દોમ સાહ્યબી વચ્ચે પણ મોઢાં ચડાવીને જ બેઠા હોય. મહેમાન આવેલાં હોય તોપણ ટી.વી. બંધ ન કરે, ક્યાં તો કાને વોકમેનના હેડફોન્સ ખોસી રાખ્યા હોય. કોઈ કામ સોંપો તો હરામ બરાબર છે કે ઊભા થાય! હજાર બહાનાં બતાવે. ખરેખર, જીવનમાં આનંદ અને સંતોષને જાતિ, ધર્મ કે બેન્ક બેલેન્સ સાથે સ્નાન સૂતકનોય સંબંધ નથી.

કોણ જાણે કેમ, પણ મને તો આ બંને છોકરાઓ ખૂબ જ વહાલા લાગતા. ઘણી વાર તેમના માટે હું જૂનાં શર્ટસ કે વધેલું-ઘટેલું ખાવાનું લઈ જતી. મારા આપેલ જૂનાં શર્ટ જાણે સિલ્કનાં હોય તેમ બંને જણ તેના પર હાથ ફેરવ્યા કરે પણ ભાગ્યે જ પહેરે. એક વાર મેં પૂછ્યું તો કહે, 'બહેન, અહીં ગેરેજ પર એવાં સારાં-સારાં કપડાં થોડાં પહેરાય? ઓઈલ ને ગ્રીસના ડાઘ પડે.'

એક વાર હું તેમના માટે વાર્તાની ચોપડીઓ લઈ ગઈ. બંનેને થોડું થોડું વાંચતા આવડતું હતું. તેથી મને થયું કે રાત્રે-રાત્રે આ ચોપડીઓ વાંચીને થાક ઉતારશે. એમની ઉંમરનાં બીજાં બાળકો તો ટીવી જોતાં, હોકી, ચેસની ટુર્નામેન્ટસ રમતા. જ્યારે આ બે? આખો દિવસ ગેરેજમાં પસીનો પાડતાં. મેં તેમના હાથમાં ચોપડીઓ મૂકી, તો બંનેનાં મોં પડી ગયાં. મને કહે, 'બહેન, અમને વાંચવાની ટેવ સાવ જ છૂટી ગઈ છે, એટલે વાંચતા બહુ વાર થાય છે. તમે અમને વાર્તા કહેશો?'

'તમે આખો દિવસ કામમાં હો છો, હું તમને વાર્તા ક્યારે કરું ?' મેં પૂછ્યું.

'બહેન, ચારેક વાગે અમને થોડો વખત મળે છે. તમારી ગાડી જો એ વખતે સર્વિસ કરાવવા આવો તો અમને ઘડીક બેસવા ને વાર્તા સાંભળવા મળે.' બંનેના અવાજમાં વાર્તા સાંભળવા માટેની યાચનાનો જે ભાવ હતો અને આંખમાં આજીજી હતી તે જોઈને મને મારાં બાળકો યાદ આવી ગયાં. મેં નક્કી કર્યું કે હું આ બંનેને વાર્તાઓ જરૂર કહીશ.

પછી તો શનિવાર એટલે વાર્તાવાર. દર વખતે તો ગાડીની સર્વિસ ન કરાવવાની હોય, પણ મેં એ ક્રમ ઘણા મહિનાઓ સુધી જાળવી રાખ્યો. થોડા વખત પછી અમે ડ્રાઈવર રાખ્યો અને મેં ડ્રાઈવિંગ કરવાનું લગભગ બંધ કરી દીધું. રામ-ગોપાલને મળવાનું પછી તો બન્યું જ નહીં.

વખતને વીતતાં વાર લાગે છે? દસેક વર્ષનાં વહાણાં વાયાં. એક દિવસ ડ્રાઈવરે ગાડીમાં કંઈક મોટો પ્રોબ્લેમ હોવાની ફરિયાદ કરી. ખરેખર તો ગાડી જ જૂની થઈ ગઈ હતી, પણ હું ખેંચે રાખતી હતી. મેં તેને કહ્યું, 'કોઈ મિકેનિકને બતાવીને રિપેરિંગના ખર્ચનો અંદાજ કઢાવી આવ, ભાઈ.'

આવીને ડ્રાઈવર મને કહે, 'બહેન ગાડી જોઈને મિકેનિકે તરત જ તમારા ખબરઅંતર પૂછ્યા. ગુડલક ગેરેજના માલિકને તમે ઓળખો છો?'

'ના રે ભાઈ, નામ તો અજાણ્યું છે.

*ઓછી વાતો કરો અને ખુશ રહો.*

નવું ગેરેજ છે?'

'હા, બહેન, નવું જ કહેવાય. મને તો આજકાલના યુવાન મિકેનિકોનાં ગેરેજ વધારે પસંદ છે. નવી ગાડીઓ અને નવી ટેકનિકોના જાણકાર હોય. એમાંય આ ગેરેજનો માલિક તો ખૂબ જ કામઢો અને હોશિયાર યુવાન છે. બહેન, એ તો ઘણાં વર્ષોથી તમને ઓળખતો હોય તેમ મને પૂછતો હતો, 'બહેન હજુ કોલેજમાં ભણાવવા જાય છે?'

અચ્છા, તો કદાચ મારો કોઈ વિદ્યાર્થી હશે. પણ ડ્રાઈવરને ગુડલક ગેરેજના માલિકનું નામ ખબર ન હતું. આમ તો હું કોમ્પ્યુટર સાયન્સ ભણાવું છું, પણ કોને ખબર! ગ્રેજ્યુએટ થઈને આ છોકરાએ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગનો કોર્સ કર્યો હોય! કંઈ યાદ આવતું ન હતું! પછી તો ડ્રાઈવરે બે-ત્રણ વાર મને કહ્યું કે એ મિકેનિક-માલિક તમને બહુ જ યાદ કરે છે. અંતે મેં નક્કી કર્યું, કે જે માણસ મારા માટે આટલી લાગણી ધરાવે છે તેને મારે એક વાર તો મળવું જ પડશે.

બીજે જ દિવસે હું 'ગુડલક ગેરેજ' ગઈ. ગેરેજ મોર્ડન લાગતું હતું. ખૂણામાં એક કાચની કેબિન હતી, જેમાં માલિક જ બેસતા હશે તેમ માનીને મેં અંદર ડોકિયું કર્યું. મને જોતાં જ એક ફૂટડો જુવાન આદરપૂર્વક ઊભો થઈ ગયો. ગેરેજના મિકેનિક પહેરે છે તેવો ભૂરા રંગનો પગથી ખભા સુધીનો પટ્ટાવાળો ઓવરઓલ તેણે પહેર્યો હતો. એક હાથમાં મોટું સ્ક્રૂ ડ્રાઈવર અને બીજા હાથમાં વાંદરાપાનું હતાં.

'બેસો, બેસો, બહેન. હાથ ધોઈને હમણાં જ આવું.'

કેબિનની એક તરફ સરસ ગાદીવાળો સોફા હતો. હું તેમાં બેઠી. ઓફિસ ખરેખર સારી બનાવી હતી. જાતજાતની મોટરોના મોટામોટા મઢાવેલા પોસ્ટરો, અલગ-અલગ કંપનીઓનાં સર્ટિફિકેટો, લોગો તથા કારમાં જડાવી શકાય તેવી વિવિધ ચીજવસ્તુઓ વ્યવસ્થિત ગોઠવેલી હતી. ભાઈનો ચહેરો પણ મને જોયેલો લાગ્યો. આને ક્યારે ભણાવ્યો હશે?! પ્રિ.યુનિવર્સિટીમાં ભણાવેલા છોકરાઓ બહુ વર્ષે મળે ત્યારે હું મોટેભાગે તેમને ઓળખવામાં થાપ ખાઈ જાઉં છું, કેમ કે કોલેજમાં નવા નવા આવ્યા હોય ત્યારે તે છોકરાઓને મૂછનો દોરોય ન ફૂટ્યો હોય. ઘણાં વર્ષ પછી મળે ત્યારે વાળ આછા થઈ ગયા હોય, ફાંદ વધી ગઈ હોય, આંગળીએ એક - બે છોકરાં હોય. થોડી જ વારમાં તે હાથમાં કોફીના મગ અને પાણીના ગ્લાસ સાથે હાજર થયો.

મારી સામે મર્માળુ હસ્યો ને તેના ગાલમાં ખંજન પડ્યાં. તરત જ મેં તેને ઓળખ્યો. 'અલ્યા, તું રામ કે ગોપાલ?' મેં પૂછ્યું. વર્ષો પહેલાં પણ હું તેમને ઓળખવામાં થાપ ખાઈ જતી.

'હું રામ. બહેન, ઓળખ્યો?'

હવે મને સમજાયું કે રામ મારા ખબરઅંતર કેમ પૂછતો હતો! તેણે મારી ગાડી ઓળખી કાઢી હતી.

'બહેન, તમને તો હું બહુ જ યાદ કરું છું. તમારો આભાર માનું તેટલો ઓછો છે.'

'ના, રે ભાઈ, મેં શું કર્યું? બહુ બહુ તો થોડું ઘણું ખાવાનું ને જૂનાં શર્ટ તને આપતી. થોડી વાર્તાઓ કહેતી.' મેં કહ્યું.

'બહેન, તમારી એ વાર્તાઓએ તો મારા જીવનની દિશા બદલી કાઢી. તમને એમાંની કોઈ વાર્તા યાદ છે?'

'ના ના, કાંઈ યાદ આવતું નથી.'

'પણ મને એક વાર્તા તો કાળજે કોરાઈ ગઈ છે. તે દિવસોમાં અમારું જીવન તો જીવતું દોજખ હતું. બસ, એક જ દિવસની રાહ જોઈએ. શનિવારની. તમારી વાર્તાઓની એવી તો લત લાગી'તી કે ભણવાનુંય મન થતું. પણ આખો દા'ડો વૈતરું કૂટ્યા પછી બધા પૈસા તો મારા કાકા જ લઈ લેતા. રાત્રીશાળા પણ દૂર હતી. એવામાં એક દિવસ તમે એક વાર્તા કહી. મને બરોબર યાદ છે. કહું?'

આજે સમીકરણો બદલાયાં. રામ વાર્તા કહેવાનો હતો અને હું સાંભળવાની હતી.

'રણના સાવ છેવાડે ગરીબ લોકોનું એક ગામ. ગામના બધાં લોકોને રણ વટાવીને સામે છેડે આવેલ મોટા શહેરમાં જવું હતું. ત્યાં નોકરી, ધંધા, પૈસા અને છનાછન સમૃદ્ધિ હતાં. એક દિવસ બે જુવાનિયાએ હિંમત કરી. રણ ઓળંગીને શહેર તરફ પ્રયાણ કર્યું. જોડે ખૂબ ખાવાનું અને પાણી લીધાં. ગામનાં વડીલોએ સોનેરી સલાહ આપેલી, કે 'રણમાં જાતજાતનાં કિંમતી રત્નજડિત પથ્થરો પડેલાં છે તે વીણતા જજો અને શહેરમાં વેચશો તો ન્યાલ થઈ જશો.'

શરૂશરૂમાં રણમાં આરામથી ચલાયું. ઠંડી-ઠંડી રેતી અને કુમળો તડકો. પણ જેમ દિવસ ચડવા લાગ્યો તેમ પાણીનો શોષ પડવા લાગ્યો. દસ ડગલાં ચાલવામાંય થાકી જવાય, નીતરી જવાય. રેતીમાં પગ ઊપડે નહીં, પાછા પડે, ફસાય. જે રત્નજડિત પથ્થરો ગજવામાં ને થેલામાં ભેગાં કરેલાં તેનું પણ વજન લાગતું હતું. ઘણું ચાલ્યા પછી બંનેને લાગ્યું, કે હવે તો રણનો અંત આવ્યો હશે. તો ચાલો, જરા પોરો ખાઈએ, વાળુ કરીએ. બધું ખાવાનું-પાણી ખતમ કર્યા પછી ચાલવા માંડ્યું ત્યારે ખબર પડી કે હજુ તો અડધો રસ્તો જ કપાયો હતો.

શરીર ઉપર કિંમતી પથ્થરોનું વજન અને હદ ઉપરાંતનો થાક. બેમાંથી એક છોકરાનું મનોબળ ડગી ગયું. બધા પથ્થરો ફેંકીને, હળવા થઈને તેણે ગામડે પાછા ફરવાનું નક્કી કર્યું. બીજાએ ઘણુંય વાર્યો, 'અલ્યા, મોટેરાંઓની શિખામણ માન. થોડું ખેંચી કાઢ.' પણ પેલો તો અતિશય નાસીપાસ થઈ ગયો હતો. તે પાછો ફરી ગયો. બીજા યુવાને ચાલવાનું ચાલુ રાખ્યું. રણમાં પાણી કે ખોરાક વગર એકલાઅટૂલા ચાલવાનું અઘરું તો ઘણુંય હતું. મનમાં વિચાર પણ આવતો કે પેલા જોડે પાછો જતો રહ્યો હોત તો સારું થાત. પણ હિંમત અને શ્રદ્ધાના જોરે તેણે ચાલ્યે જ રાખ્યું.

*ધર્મમાં સ્ત્રી - પુરૂષનાં ભેદ હોતા નથી.*

રાત પડી. નજીકમાં વસતિનાં એંધાણ વર્તાયાં. એક ધર્મશાળા દેખાઈ. યુવાન તો લગભગ ઘસડાતો જ ત્યાં પહોંચ્યો ને પડ્યો એવો ઊંઘી ગયો. સવારે ઊઠીને જુએ છે તો તેના ગજવામાં અને થેલામાં મૂકેલાં બધાં જ કિંમતી પથ્થરોનું મોટામોટા હીરાઓમાં રૂપાંતર થઈ ગયું હતું. એક રાતમાં તો તે રોડપતિમાંથી કરોડપતિ બની ગયો હતો.'

'બહેન, તમને યાદ છે, આ વાર્તા કહ્યા પછી તમે તેનો ગુઢાર્થ સમજાવતા કે વિદ્યાર્થીનું જીવન એટલે રણ. પરીક્ષાઓ એટલે રણનો તડકો તથા બીજી મુશ્કેલીઓના સ્વરૂપમાં ગરમ રેતી, ખોરાક-પાણીની અછત સમજવી. પણ આ બધી પ્રતિકૂળતાઓ વચ્ચે વિદ્યાર્થીએ તો વિદ્યારૂપી રત્નો ભેગાં કરતાં કરતાં એકલા જ ચાલી નીકળવાનું છે. જેટલા જ્ઞાન અને હુન્નર વધારે શીખશો તેટલું તમારું જીવન ઊજળું થશે.'

એ વાર્તાએ મારું જીવન જ બદલી નાખ્યું, બહેન. મેં રાત્રિશાળામાં નામ નોંધાવ્યું. મહામુશ્કેલીએ મેટ્રિક પાસ થયો. મારા શેઠે પણ ઘણી મદદ કરી. મને ઓટોમોબાઈલનો ડિપ્લોમા કરવા માટે ફી ભરી. ભણતાં-ભણતાં મેં ગેરેજનું કામ તો ચાલુ જ રાખ્યું હતું. પછી બેન્કમાંથી લોન લઈને આ ગેરેજ કર્યું. શેઠે જ મને ફોર્મ, કાગળિયાં કરવામાં મદદ કરી. હવે તો બેન્કના હપ્તાય પૂરા થઈ ગયા છે. બહેન, તમારા જેવા વડીલોના આશીર્વાદથી ખૂબ સુખી છું.'

રામની પ્રગતિ જોઈને હું ખુશ થઈ ગઈ. મેં પૂછ્યું, 'ભાઈ, તને આટલું જોખમ લેતાં બીક ન લાગી?'

રામ કહે, 'બહેન, આપણે તો ઊંચે આભ ને નીચે ધરતી જેવી હાલતમાં હતા. જેની પાસે બહુ હોય તેને ગુમાવવાનો ભો હોય. આપણે તો ફક્કડરામ હતા. ખભે કોથળો ને દેશ મોકળો. જ્યાં ત્યાં મહેનત જ કરવાની હતી. તમે જ અમને શીખવેલું ને, કે 'ભણેલ કરતાં ગણેલ ડાહ્યો, ગણેલ કરતાં ફરેલ અને ફરેલ કરતાંય કસાયેલ સારો.'

રામની વાત કેટલી સાચી હતી! મને તો આ બાબતનો અંગત અનુભવ છે. અમે 'ઈન્ફોસીસ' કંપની કેવા સંજોગોમાં ચાલુ કરી હતી તે યાદ આવી ગયું.

'રામ, તારો ભાઈ ગોપાલ ક્યાં છે?'

'બહેન, તમારી એક બીજી વાર્તા જેવી તેની વાત છે. તમે એક શિયાળની વાત કહેતા કે એક શિયાળ રણમાં સવારથી શિકારની શોધમાં રખડતું હતું. સવારનો વખત હોવાથી જમીન પર તેનો પડછાયો ખૂબ જ લાંબો-મોટો દેખાતો હતો. તેથી તેણે નક્કી કર્યું, કે મારા જેવા પડછંદને તો ઊંટનો જ શિકાર શોભે. રસ્તામાં ઘણાંય નાનાં પશુઓ મળ્યાં, પણ એ તો મોટા શિકારની શોધમાં હતું. છેવટે સાંજ પડી. પોતાનો પડછાયો પોતાની જાત કરતાંય નાનો થઈ ગયો, તેથી તેણે ઉંદરની શોધ આદરી. છેવટે ઉંદરમાંથીય રહ્યો.'

ગોપાલનુંય એવું જ છે, બહેન. પછેડીથી લાંબી સોડ તાણવા જાય. એક ઑફિસમાં પટાવાળા તરીકે કામ કરે છે, પણ મારી સાથે જાતમહેનતથી રોટલો રળવામાં એને નાનમ લાગે છે. કેટલાય ધંધા કર્યા ને મૂક્યા. મોટી મોટી વાતો ને શેખચલ્લીના વિચારો.

હું વિચારમાં પડી. મેં આ વાર્તાઓ ક્યારે કીધી હતી? ક્યાં વાંચી હશે? કોણે મને કહી હશે? મને કાંઈ યાદ નહોતું આવતું. એક વ્યક્તિના જીવનમાં એ વાર્તા આવડો મોટો ભાગ ભજવશે તેનો મને અછડતોય અંદાજ ન હતો. દાદાએ જ કહી હશે કદાચ. જેણે પણ કહી હોય તેને શત્ શત વંદન કરું છું. ■

**મંદીના સમયમાં જમીન વેચાય નહીં – ખરીદી કરાય**
**તેજીના સમયમાં તેના સારા ભાવ ઉપજાવી શકાય.**

**સમૃધ્ધિ પાર્કના પ્લોટોમાં રોકાણ કરી સમૃધ્ધિ મેળવો**
**ખૂબ જ સરળ હપ્તેથી પ્લોટ ખરીદો**

- **રૂા. ૨૫૦૦/-ના ૬૦ માસિક હપ્તેથી ૧૦૦ ચો.વાર પ્લોટના માલિક બનો.**
- **એક સાથે પેમેન્ટ આપનારને રૂા. ૨૨,૦૦૦/-નું વળતર**
- **રૂા. ૪૬,૦૦૦/-ના ત્રણ હપ્તાથી પણ પેમેન્ટ આપી શકાય.**

**કચ્છના મુંદ્રા તાલુકાના વાંકી ગામે આપશ્રી પણ આપની જમીન વસાવો.**

**સંપર્ક : સંદીપ મહેતા – ૯૮૯૮૯ ૩૩૦૦૦**

**સમૃધ્ધિ ડેવલોપર્સ**
૧૦, જશવંત સોસાયટી, વિશ્વેશ્વર મહાદેવ પાસે,
સત્યમ મોલ પાછળ, જોધપુર ચાર રસ્તા પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**Meera Marketing**
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# પ્રતિષ્ઠા વિનાનો પૈસો સુગંધ વિનાના પુષ્પ જેવો છે

• દિનેશ પાંચાલ •

એક હાસ્યલેખકે કહેલું - 'પગારના દિવસે મારા વાંકાચૂંકા દાંત પત્નીને મોગરાની કળી જેવા લાગે છે. મારી લંગડાતી ચાલ તેને કામદેવ જેવી લાગે છે. પૈસાની આ કેવી બોલબાલા છે? પૈસો હોય તો પતિની ટાલ પર પત્નીને વહાલ ઉપજે છે. પણ ખાલી ખિસ્સાવાળા પતિના ભરાવદાર ઝુલ્ફાં પણ પત્નીને વસુકી ગયેલી ગાયના ભરાવદાર આંચળ જેવા લાગે છે!' મનુષ્યજીવન માટે બે ચીજ અનિવાર્ય છે : પ્રાણવાયુ અને પૈસો. પ્રાણવાયુ વિના મૂલ્યે પ્રાપ્ત થાય છે પણ પૈસા માટે કાળી મજૂરી કરવી પડે છે. છેક બાળપણથી મને આ વાત સમજાઈ ગયેલી. (અમારા જમાનામાં તાંબાના કાણા પૈસાનું ચલણ હતું.) એક પૈસા માટે આખી બપોર રડવું પડતું. કંટાળીને મા બરડે ધબ્બો મારીને એક પૈસો આપતી. એ ધબ્બો ગરીબીપ્રેરિત હતો. મા કાળજી લેતી કે ધબ્બો ટપલી બની રહે... તમાચો નહીં!

એક સાધુ મહારાજે બચુભાઈને ઉપદેશ આપ્યો : 'પૈસૌ તુચ્છ છે... એની માયા છોડશો તો જ પ્રભુની પ્રાપ્તિ થશે!' બચુભાઈએ કહ્યું : 'મહારાજ, તમે પૈસો છોડવાની વાત કરો છો કેમકે તમારી ખીચડી પારકે ચૂલે રંધાય છે. એ ખીચડી મફતમાં નથી બનતી. આ ભગવા વસ્ત્રો તમને કોઈ ભક્તે આપ્યાં હશે, પણ તેનાય પૈસા ચૂકવ્યાં હશે. લોકોની શ્રદ્ધાને કારણે તમને રોજ મફતમાં જમવાનું મળે છે. એથી તમને પૈસાનું મહત્ત્વ સમજાતું નથી. પણ ગરીબોના પેટમાં ભૂખની આગ લાગે છે ત્યારે તેમનું દિલ ચિત્કારીને કહે છે : 'મને રામ કરતાં રોટીની વધુ જરૂર છે!' પૈસાનું મહત્ત્વ કેટલું છે તે ત્યારે સમજાય. ખુદ ઈશ્વર આ વાત સમજતો હશે, પણ તમે સાધુઓ સમજતાં નથી. તેથી આવી જીવન વિરોધી વાતો કરો છો.' કમાલ એ થઈ કે પેલા સાધુએ બચુભાઈ સમક્ષ બે હાથ જોડ્યા અને શિષ્યભાવે કહ્યું - 'તમારી વાત સો ટકા સાચી... પણ અમે સાધુ થઈને પૈસાના ગુણગાન ગાઈએ તો અમને કોઈ સાધુ નહીં ગણે!' (લો, સાધુને પણ આઈડેન્ટીટીની ચિંતા....!)

શેખ સાદીએ રણમાં મૃત્યુ પામેલા મુસાફરના ઉદ્‌ગારો આ રીતે લખ્યા છે. અફાટ રણમાં ભટકીને મૃત્યુ પામેલા મુસાફરના હાડપિંજર પાસે મોતીની એક થેલી પડેલી હતી. મૃત્યુની અંતિમ અવસ્થામાં એને જે અનુભૂતિ થઈ તે એણે કાગળ પર લખી હતી : 'કાશ...! મારી પાસે આ મોતીની થેલીને બદલે ઘઉંની થેલી હોત!' અહીં મોતીની તરફેણમાં જરા જુદી રીતે વાત કરી લઈએ. દરેક વસ્તુનું તેના સ્થાન પર પૂરતું મહત્ત્વ છે. તરસ્યાને પાણીની અને ભૂખ્યાને ભાખરીની જરૂર હોય છે. ભૂખનો ઈલાજ મોતી નથી પણ એનો અર્થ એ નથી કે મોતીની કોઈ ઉપયોગીતા નથી. એક થેલી મોતી હોય તો દસ ટ્રક ઘઉં ખરીદી શકાય.

પૈસો સુખનું રો-મટીરિયલ છે. તે ઉદ્દીપક અને ઉદ્દીપન, બંનેનું કામ કરે છે. પૈસાની ઉર્જાથી પૃથ્વીલોકનું માયાબજાર ધમધમે છે. બેંકમાં કામ કરતા એક માણસે કહ્યું : 'હું બેંકનો ચીફ કેશિયર છું. લક્ષ્મીજી જોડે ત્રીસ વર્ષથી સંબંધ છે. અગિયારથી છની વચ્ચે હું લખપતિ હોઉં છું. છ વાગે તિજોરીનો દરવાજો બંધ થયા પછી મારા ખિસ્સામાં માંડ સોએક રૂપિયા બાકી રહી જાય છે. તેમાંથી મારે ઘર માટે પાઉંભાજીના બ્રેડ, બાથરૂમના નળનું વૉશર, ઈસબગુલ વગેરે લઈ જવાના હોય છે. લિસ્ટ લાંબુ અને પર્સ નાનું હોય છે. તિજોરીનો દરવાજો બંધ કરતી વેળા એવી ઈચ્છા જન્મે છે - આમાંથી થોડા પૈસા ઘરે લઈ જવાની છૂટ હોય તો મારી ઘણી સમસ્યા દૂર થઈ શકે. એક દિવસ એણે તે ઈચ્છાને અંજામ આપવાની કોશિશ કરી અને નોકરી ખોઈ બેઠો. આ વાત જાણી ત્યારે ખલીલ જીબ્રાનની વાત યાદ આવી. તેમણે કહેલું : 'સુખ માટેની લાલસા મહેમાન તરીકે છાનીછપની ઘરમાં પ્રવેશે છે પછી પોતે જ માલિક બની જાય છે!'

મારા દાદીમા કહેતા : 'દીકરા, ભૂખે મરવાનું પસંદ કરજે પણ પારકી લક્ષ્મીને હાથ ના અડાડીશ. કાળી કમાણીમાંથી મહેલ બાંધવા કરતાં ધોળી કમાણીની ઝૂંપડીમાં જીવવું સારું!' દાદીની વાત આજે ઠીક રીતે સમજી શકાય છે. સર્વત્ર સોના-ચાંદી કે પૈસાનું જ ચલણ નથી હોતું. સદ્‌ગુણો, સંસ્કારો અને બુદ્ધિના સિક્કાઓ જીવનમાં શ્રેષ્ઠ ચલણ બની રહે છે. ભગવાનદાસ કાકા એમના દીકરાઓને શિખામણ આપે છે - 'ચોરી થઈ શકે એટલા પૈસા પેદા કરજો પણ પૈસા માટે કદી ચોરી ના કરશો. પૈસાથી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે પણ પ્રતિષ્ઠા વિનાનો પૈસો સુગંધ વિનાના ફૂલ જેવો છે.' એ ભૂલવા જેવું નથી કે પ્રતિષ્ઠાનું મૂલ્ય પૈસા કરતાં હંમેશાં વધારે હોય છે. કથાકાર શ્રી મોરારીબાપુના દીર્ઘાયુષ્યની પ્રાર્થના સાથે એક વિચાર રજૂ કરું. મોરારીબાપુની મૈયતમાં જવું સારું પણ દાઉદ ઈબ્રાહિમની શાદીમાં ન જવું! બચુભાઈ ઉમેરે છે : 'રાક્ષસની રાણી બનવા કરતાં ભિખારીની ભાર્યા બનવું વધુ સારું!'

પ્રત્યેક માનવીના ચારિત્ર્યને પોતીકી ગંધ હોય છે. એમાં પૈસાની ગંધ ભળે છે. પૈસો ક્યારેક પારિજાતકની જેમ મહેકી ઊઠે છે તો ક્યારેક ધતૂરો બની જાય છે. પૈસો સુખડ બની શકે અને હિંગ પણ! પૈસો કોઈ ગરીબ વિધવાની જીવાઈ બની શકે છે તો ક્યારેક તે જ પૈસો તેના મૃત્યુનું કારણ બની જાય છે. પૈસાનું મૂળ સ્વરૂપ એક જ પણ

*જીવનમાં સાંભળવાની પણ ટેવ પાડો.*

સ્થળ અને સંજોગ પ્રમાણે તેના મૂલ્યો અને પરિણામો બદલાતાં રહે છે. પૈસો આરતીની થાળીમાં પડ્યો હોય ત્યારે તે પવિત્ર કહેવાય અને રૂપજીવિનીના પર્સમાં હોય ત્યારે અપવિત્ર. પૈસો કોઈ ધનાઢ્ય શેઠના લોકરમાં પડ્યો હોય ત્યારે કાળું ધન કહેવાય છે. પણ તે જ નાણાં સ્કૂલ કોલેજને દાનમાં મળે ત્યારે ઉજળા બની જાય છે. કોઈ ખિસ્સાકાતરુના પાકિટમાં રહેલી પાંચસોની નોટ કરતાં ભિખારીની હથેળીમાં રહેલી રૂપિયાની નોટ વધુ શુદ્ધ ગણાય. ધૂળ ચાળનારા ગમે ત્યાંથી આંખો મિંચીને ધૂળ ભેગી કરે તેમ માણસ જ્યાંથી જેવો પૈસો મળે તેવો ભેગો કરી લેવાની પેરવીમાં રહે છે. પૈસાની બાબતમાં તે ઉજળા કાળાની માથાકૂટમાં પડતો નથી. દાણચોરો પોતાની તિજોરીમાં પડેલા પૈસાને પણ 'લક્ષ્મી' જ કહે છે. શરીર પર કપડાં હોવાનું જરૂરી છે તેટલું ખિસ્સામાં પૈસા હોવાનું જરૂરી છે. પૈસો સુખશાંતિ અને સમૃદ્ધિનું બિયારણ છે. સુખ-શાંતિ અને આનંદ એ માણસનો સ્થાયી ભાવ છે. આપઘાત કરવા માંગતો માણસ કડવા ઝેર કરતાં મીઠું ઝેર વધુ પસંદ કરે છે. ચંદ્રકાંત બક્ષીએ કહેલું : 'હું ફૂટપાથ પર બેસીને રડવા કરતાં ફિયાટમાં બેસીને રડવાનું વધુ પસંદ કરું છું.' પૈસો વિદ્યુત જેવી ખૂબીઓ ધરાવે છે. ગરમીની જરૂર હોય ત્યારે તે હીટર દ્વારા ગરમી આપે છે અને એરકન્ડિશનર દ્વારા ઠંડી આપે છે. પૈસો પૃથ્વીલોકનો પ્રાણવાયુ છે. કેટલાય ગરીબોને મેં એ પ્રાણવાયુ વિના મરતાં જોયા છે. કેટલાંય તવંગરના છોકરાઓને પૈસાથી દાઝી જતાં જોયા છે. કેટલાંય રાજકારણીઓને કૅરમની કુકીઓની જેમ પૈસાના સ્ટ્રાઈકર વડે પોકેટમાં કૂદી પડતાં જોયા છે. પૈસાનું કેવળ એક સુખ નથી. વિદ્યુતની જેમ પૈસાનું અનેક સુખોમાં રૂપાંતર થઈ શકે છે.

આખા આકાશને તમે કેવળ સો રૂપિયાની છત્રીથી જીતી શકો. ધગધગતા ઉનાળાને એરકન્ડિશનરમાં ટાઢોબોળ કરી શકો. છોકરી કુંવારી કન્યા હોય પણ ખૂબ ગરીબ હોય તો તેના લગ્નમાં અનેક રૂકાવટો આવે. પણ વિધવા પાસે કરોડ રૂપિયા હોય તો આખો સમાજ તેને મંગળસૂત્ર પહેરાવવા લાઈન લગાડે છે. પૈસાથી કોઈ રૂપસુંદરી મોંઘી લીપસ્ટીક ખરીદી શકે અને પ્લાસ્ટિક સર્જરીથી આખે આખા હોઠ પણ બદલાવી શકે! પ્રસિદ્ધ બૉક્સર માઈક ટાયસન કરોડપતિ છે. બળાત્કારના આરોપસર એને જેલ થયેલી. પણ જેલમાંથી બહાર આવ્યો ત્યારે ઘણી સ્ત્રીઓ એને પરણવા તૈયાર થઈ. પૈસાથી પાપ ધોવાતા ભલે ના હોય, પણ પાપ નગણ્ય જરૂર બની શકે છે. સુખી હોવું અને પાસે પૈસો હોવો એ બે બાબત વચ્ચે ફેર છે. પણ એ બંને બાબત અભરાઈ પર અડોઅડ ગોઠવેલા પુસ્તકો જેવું સામિપ્ય ધરાવે છે. લૂખું સૂકું ખાતો ભિખારી, અનિલ અંબાણી કરતાં વધુ સુખી હોય એમ બને. છતાં સૌની દોડ અનિલ અંબાણી બનવા તરફ છે, ભિખારી તરફ નહીં. સુખ અને પૈસાનું સુંદર નિયમન કરી શકતી એક ત્રીજી બાબત છે બુદ્ધિ. જે બુદ્ધિનો અમીર હોય તે આ સંસારમાં સાચો અમીર ગણાય. બુદ્ધિ જીવનરૂપી ગાડીમાં ઍક્સિલેટર અને બ્રેક, બંનેનું કામ આપે છે. પૈસો ગાડીનું પૈડું છે. તે કેવળ દોડવાનું કામ કરે છે. ક્યાં બ્રેક મારવી અને ક્યાં એક્સિલેટર દબાવવું એ કામ પૈસાથી નહીં બુદ્ધિથી નક્કી કરી શકાય છે. પૈસાથી કોર્ટ બાંધી શકાય. કેસ બુદ્ધિથી લડી શકાય. પૈસાથી ઘર બાંધી શકાય. તે ચલાવવા માટે બુદ્ધિની જરૂર પડે. પૈસો કેવળ પેટ્રોલનું કામ કરે છે. જીવનનું ડ્રાઈવિંગ બુદ્ધિના હાથમાં હોય તો સુખની મંઝિલ પ્રાપ્ત થઈ શકે. બુદ્ધિ વગરનો પૈસો બ્રેક વગરની બાઈક જેવો ગણાય. એ ગમે ત્યારે અકસ્માત કરે. બચુભાઈ કહે છે : 'ઈશ્વર પાસે કશું માગો ત્યારે પૈસા નહીં બુદ્ધિ માગજો, કારણકે બુદ્ધિથી માણસ પૈસાદાર થઈ શકે. પૈસા વડે બુદ્ધિશાળી થઈ શકાતું નથી!'

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોજ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## આંતરરાષ્ટ્રીય પુત્રી દિન નિમિત્તે

આ પ્રસંગે પ્રસ્તુત છે એક પુત્રીની કહાણી.

કિસ્સો અમદાવાદના જ એક સમયના સમૃધ્ધ પરિવારનો છે, જેનો ધીકતો કારોબાર હતો. પિતા ઉંમરલાયક થતાં કાર્યભાર પુત્રને સોંપી પોતે પૂર્ણપણે નિવૃત્ત થઈ ગયા. આ એક મોટી ભૂલ પુરવાર થઈ.

શેરસટ્ટાના રવાડે ચડી પુત્રે એટલી મોટી નુકસાની કરી અને દેવું કરી નાખ્યું કે તમામ અસ્ક્યામતો વેચવા છતાં દેવું ભરપાઈ ન થયું. ધંધો પિતાના નામે જ ચાલતો હતો. પુત્રે હાથ ઊંચા કરી દીધા અને આબરૂદાર દંપતીને આપઘાત કરવો પડે એવી પરિસ્થિતિ આવી.

તેમની પુત્રી ઑસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતી હતી. સ્નેહીઓ મારફત પુત્રીને પરિસ્થિતિની જાણ થતાં તરત જ તેણે આવીને માતા-પિતાને સધિયારો આપ્યો અને સંભાળી લીધા. લેણદારોને પણ સમજાવ્યા કે પોતે દેવું ભરપાઈ કરી આપશે, માત્ર થોડો સમય રાહ જુએ. કોર્ટની કાર્યવાહી ન કરે.

દીકરી ઑસ્ટ્રેલિયા પાછી ગઈ. કાયમી વસવાટ (P.R.) મેળવી ત્યાં નોકરી મેળવી માતા-પિતાને સાચવ્યા અને થોડા વર્ષોમાં દેવું પણ ભરપાઈ કરી દીધું.

પુત્ર આજે પણ અલગ રહે છે અને પુત્રી જ માતા-પિતાને સાચવે છે.

મારી પૌત્રીની ખાસ મિત્રના પરિવારમાં બનેલો આ તદ્દન સાચો કિસ્સો છે.

મતલબ એ નથી કે પુત્રો નથી સાચવતા, પણ માત્ર પુત્રો જ માતા-પિતાને વૃધ્ધાવસ્થામાં સાચવે છે એ માનસિકતા છોડવી જોઈએ. આ એક અપવાદરૂપ કિસ્સો પણ નથી. આવા કિસ્સા સમાજમાં ઘણા દેખાઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ વધશે. કારણ પુત્રીઓ પણ કમાતી થઈ છે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

*જૂની પેઢીની સલાહને અવગણવી નહીં.*

પ્રાસંગિક

# હૃદયની મીઠાશ વહેંચવાનું વૈજ્ઞાનિક પર્વ મકરસંક્રાંતિ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આપણા ભારત વર્ષમાં, ભારતની આગવી વૈદિક સંસ્કૃતિ અનુસાર અનેક તહેવારો ઉજવાતા રહે છે. એ તમામ તહેવારોનું આગવું ધાર્મિક તેમજ વૈજ્ઞાનિક મહાત્મ્ય છે. સામાન્ય રીતે સૂર્યનો ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ તથા ઉત્તર તરફની ગતિને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વીલોકવાસીઓના જીવનમાં સૂર્યદેવ સમાઈ ગયા છે. પળે પળની ગતિવિધિ સૂર્ય પર જ આધારિત રહી છે. પરિણામે એમના મહિમાને વ્યક્ત કરતા ઉત્સવો - પર્વો ભારતમાં વિદ્યમાન છે.

પ્રકાશનો અંધકાર પર્વ વિજય એટલે મકર સંક્રાંતિ. ઠંડી પર ઉષ્માનો વિજય છે. મકર સંક્રાંતિના રોજથી દિવસ લંબાય છે. રાત્રિની પળો ઓછી થતી જાય છે. વધતા જતા સૂર્યની જેમજ મનુષ્ય હૃદયમાં પ્રકાશ પથરાતો રહે એ ઉત્તરાયણનો સંદેશ છે. ૧૪મી જાન્યુઆરીએ પ્રગટતું આ પર્વ ભારત ઉપરાંત ચીન, કોરિયા, ઈન્ડોનેશિયા, બેંગકોક, જાપાન, તાઈવાન વગેરે દેશોમાં ઉજવાય છે. ભારતવાસીઓ વિશ્વમાં જ્યાં જ્યાં છે ત્યાં દીપોત્સવીની માફક બ્રિટન અને અમેરિકામાં પણ ઉજવે છે.

વૈજ્ઞાનિકો માટે આ પર્વનું મહાત્મ્ય અનેરું છે. ઈ.સ. ૧૯૪૯માં સ્કોટલેન્ડના વૈજ્ઞાનિક એલેકઝાંડર વિલ્સે પતંગ સાથે થર્મોમીટર બાંધીને વાદળોનું ઉષ્ણતામાન માપેલું. ૧૪મી જાન્યુઆરીએ સૂર્યની દક્ષિણ ગોળાર્ધની ગતિ દૂર થાય છે. તે ઉત્તર ગોળાર્ધ તરફ ખસવા, ગતિ કરવા લાગે છે. તેને ઉત્તરાયણ કહે છે. 'અયન' એટલે જવું, ગતિ કરવી. સૂર્યના મકર રાશિમાં પ્રવેશને મકર સંક્રાંતિ કહે છે. સંક્રાંતિ એટલે સમ્યક્ ક્રાંતિ. આપણા જીવનમાં પણ સૂર્યનો પ્રવેશ વેગ, ઉષ્મા પ્રગતિ લાવે છે. છોડ પણ પ્રકાશમાં સારો ખીલે છે જ્યારે અંધકારમાં મુરઝાઈ જાય છે. આપણા ઋષિમુનિઓએ આ તહેવારે દાન પુણ્ય કરવા આગ્રહ સેવ્યો છે. મંદિરોમાં માટીની હાંડલીઓમાં તલપાપડી કે તલના લાડુ, બોર, જામફળ, શેરડી અને દક્ષિણા મૂકીને ભગવાનની મૂર્તિ પાસે મૂકવામાં આવે છે. ભગવાન પાસે પતંગો પણ મુકાય છે.

ગરીબોને વસ્ત્રો તથા અન્નદાન અપાય છે. બ્રાહ્મણોને બ્રહ્મભોજ કરાવી દક્ષિણા અને વસ્ત્રદાનથી તૃપ્ત કરવાની પ્રણાલી છે. શીત પ્રકોપ સામે તલ, ગોળ આદિ રક્ષણ આપે છે. સાત ધાન્યનો ખીચડો લોકો રાંધે છે. કેટલાક ધર્મપ્રેમી - પશુપ્રેમી ગાયોને લીલો ચારો, ખીચડો આદિ ખવડાવે છે. શેરડીના સાંઠા પણ નીરે છે. મહાભારત તથા ભાગવત પુરાણ અનુસાર મકર સંક્રાંતિના શુભ દિને ભીષ્મ પિતામહે દેહ ત્યાગ કરેલો. વિષ્ણુ ધર્મસૂત અનુસાર પિતૃદેવોની તૃપ્તિ તથા સ્વાસ્થ્ય સંવર્ધન અર્થે દાન-પુણ્યની આવશ્યક્તા દર્શાવાઈ છે. ગંગા, યમુના, નર્મદા જેવી પવિત્ર નદીઓના કાંઠે અસંખ્યાત લોકો સ્નાન કરે છે.

આ પવિત્ર દિવસે ભગવાન ભાસ્કર અર્થાત્ સૂર્ય નારાયણ દેવનું પતંગ દ્વારા સ્વાગત કરવામાં આવે છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ વર્ણવ્યું કે આ પ્રકાશ પર્વના છ માસ દરમ્યાન દેહાવસાન પામનારાની જીવની ઉર્ધ્વગતિ થાય છે. ઈ.પૂર્વે ૬૧૮થી ૯૦૭ દરમ્યાન ચીનમાં તાંગ વંશના રાજાઓના શાસનમાં પતંગ ઉડાડવાની બાબત રાષ્ટ્રીય રમત બની ગયેલી. ચીનમાં મોટો ડ્રેગન કાઈટ (રાક્ષસી પતંગ) જાણીતો છે. ચીની ભાષામાં પતંગને “બરગોન” કહે છે. જાપાન, કોરિયા, બર્મા આદિમાં પણ મહત્ત્વ છે. કાચબા, સૂર્ય, પ્લેન, ગરૂડ, ઘોડાની નાળ આકારના પતંગો પણ બનાવાય છે. મહાકાય પતંગોને જાડી દોરીથી ચગાવાય છે. હવે તો ગુજરાત રાજ્યમાં ખાસ પતંગોત્સવ ખૂબ ધામધૂમથી મનાવાય છે.

કેરળના લોકો આ દિવસે રંગબેરંગી ફૂલોના ઘરઆંગણે સાથિયા પૂરે છે. આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટકમાં મકર સંક્રાંતિના દિને સાંજે લોકો નદી કિનારે જઈ દીપ પ્રગટાવી અસંખ્ય દીવડાઓ નદીમાં તરતા મૂકે છે. તામિલનાડુમાં પોંગલની ઉજવણી થાય છે. હૃદયની મીઠાશ સહુ વચ્ચે વહેંચવાનું આ પર્વ વૈજ્ઞાનિક પર્વ છે. પતંગ એટલે આદર્શ અને દોર એટલે સંયમ. પતંગ એ આશા છે, દોર સાધના છે. પતંગરૂપી પુરુષાર્થને પ્રારંભરૂપી પુરુષાર્થનો સાથ મળવો જોઈએ.

*૬/એ, લીમડા લાઈન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## સેવા રૂરલ ઝઘડિયા

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

અમારામાંથી દરેક, વ્યક્તિગત રીતે ભલે પૂર્ણતા પ્રાપ્ત ન કરી શકે, પરંતુ સમૂહમાં ખભેખભા મિલાવી, એકબીજાને સાનુકૂળ તથા પૂરક બની, જરૂર પડે પ્રતિકાર કરીને પણ પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે. અને આ જ હશે અનેક વ્યક્તિઓએ સામૂહિક રીતે હાંસલ કરેલ એકરાગીતા....” આ કથનને છેલ્લા ત્રીસેક વર્ષથી આત્મસાત્ કરવા પ્રયાસરત અને ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજના જીવન અને કાર્યમાંથી 'ઘસાઈને ઉજળા થઈએ'ની પ્રેરણા મેળવી સૌ કાર્યકરો માનવીય સેવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યાં છે. સેવા રૂરલના વિવિધ કાર્યોના ધાર્યા પરિણામો મેળવવામાં કાર્યકરોની સમર્પિતતા અને પરિવાર ભાવનાને સલામ...!

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*કામ પ્રત્યેની નિષ્ઠા સફળતા અપાવે છે.*

સમાજની ક્ષિતિજો

# નર-નારીના સંબંધો

## (પ્રકરણ-૨)

• સ્વામી સચ્ચિદાનંદ •

સંસારનો મૂલાધાર સંબંધ છે. સંબંધમાંથી સંસાર બને છે અને વિસ્તરે છે. સંબંધોમાંથી જ સુખ અને દુઃખ પ્રાપ્ત થતાં હોય છે. આ સંબંધ ભલે ચેતનની સાથેનો હોય કે જડની સાથેનો હોય, પ્રત્યેક સંબંધ સુખ કે દુઃખ અથવા બન્ને આપતો જ હોય છે. માણસ સંબંધો વિના રહી નથી શકતો. ઈચ્છાપૂર્વક કે અનિચ્છાપૂર્વક પણ તેના સંબંધો બંધાતા જ હોય છે. સંબંધો બાંધવા કદાચ સરળ હોય છે, પણ તેને તોડવા, છોડવા કે સમાપ્ત કરવા સરળ નથી હોતા. સંબંધ તૂટે, છૂટે કે સમાપ્ત થાય તો પણ સુખ-દુઃખનું પ્રકરણ પૂરું થતું નથી. સારા સંબંધો તૂટે કે છૂટે તો દુઃખ થાય છે જ્યારે ખોટા સંબંધો તૂટે કે છૂટે તો સુખ થાય છે, પણ ખોટા સંબંધો છોડવા કે તોડવાની પ્રતિક્રિયાઓ પણ થતી હોય છે, જે દુઃખદાયી બની શકે છે. કદાચ આવાં જ કારણોસર પલાયનવાદી અધ્યાત્મે બધા સંબંધો છોડવા કે તોડવાને વૈરાગ્ય માન્યો છે.

સૌથી છૂટવું અને એકાકી રહેવું એને નિર્લેપતા કહી છે. સ્ત્રી-પુત્ર-પરિવાર-ઘરબાર, નોકરી-ધંધા વગેરે બધું જ છોડીને માત્ર એકાકી રહેનાર વ્યક્તિ આત્મામાં રમણ કરે તો તેમાંથી જીવનમુક્તિનો આનંદ લઈ શકાય છે - આવા ઉપદેશોને કારણે કેટલાક લોકો કપડાં સુધ્ધાંનો ત્યાગ કરીને એકાકી વિચરણ કરતા રહે છે. આવા લોકો સંબંધોનાં દુઃખોથી તો કદાચ બચી જાય છે, પણ સંબંધોનાં સુખોથી પણ વંચિત રહે છે. કદાચ એ જ કારણસર સુખોને પણ બંધનનું કારણ માનીને ત્યાજ્ય ગણાવ્યાં છે. દુઃખોથી છૂટવું હોય તો સુખોથી પણ છૂટવું જરૂરી છે. એવી દઢ માન્યતાને કારણે તેમનો ઉપદેશ અને આચાર બન્ને સુખવિરોધી - સુખદ્રોહી થઈ જતો હોય છે. કદાચ આ જ કારણસર પ્રજા દુઃખપૂજક બની છે. સકારણ કે અલ્પકારણસર જે વ્યક્તિ જાણી કરીને દુઃખો વેઠે છે તે ત્યાગી ગણાય છે, અને લોકોનો અહોભાવ પ્રાપ્ત કરે છે. બીજી તરફ જે લોકો સહજપ્રાપ્ત સુખોને સ્વીકારે છે કે ભોગવે છે, તે સંસારી, મોહમાં કે બંધનમાં પડેલા મનાય છે.

કોઈ પણ પ્રજાને સુખવિરોધી બનાવવામાં આવે ત્યારે આપોઆપ તે વિકાસ-વિરોધી થઈ જાય. કારણ કે સુખો સગવડોને આધીન હોય છે અને સગવડો વિજ્ઞાનને આધીન હોય છે. વિજ્ઞાન, પ્રયોગશાળાને આધીન હોય છે અને પ્રયોગશાળા વૈજ્ઞાનિક અભિગમને આધીન હોય છે. જો તમારે સુખો જ ન જોઈતાં હોય તો સગવડોની જરૂર જ ન રહે. તમે અગવડોનો હોંશેહોંશે સ્વીકાર કરો તો વિજ્ઞાન કે પ્રયોગશાળાની પણ જરૂર ન રહે. આ રીતે પ્રજા આપોઆપ પછાત થઈ જાય. પછાતપણું જ્યાં આદર્શ બની જાય તો તેવી પ્રજા દિન-પ્રતિદિન કમજોર, દરિદ્ર, ગુલામ, લાચાર અને પરાધીન થઈ જાય. ભારતની દરિદ્રતામાં અનેક કારણોમાંનું આ એક મુખ્ય કારણ પલાયનવાદી અધ્યાત્મ પણ છે. આ અધ્યાત્મે પ્રજાને પ્રયોગશાળા તરફ જતાં રોકી અને પરમ સુખના નામે સર્વસ્વત્યાગ તરફ વાળી.

આટલું કર્યા પછી પણ ખરેખર જુઓ તો સંબંધમુક્ત થઈ શકાતું નથી. સર્વસ્વનો ત્યાગ કરનાર પણ ફરી પાછો ગુરૂ-શિષ્ય, ગુરૂ-ભાઈ-બહેન, ગુરૂ-દાદા, ગુરૂ-કાકા, ગુરૂ-આશ્રમ, કુટિયા, સંસ્થા, સંપ્રદાય, વાડો કે પરિવારની સાથે જોડાતો હોય છે. પેલા પૂર્વાશ્રમના કુદરતી સંબંધો કરતાં આ બધા સંબંધો વધુ પ્રબળ અને રાગ-દ્વેષ, મોહ, ઈર્ષા વગેરે દોષોને ઉત્પન્ન કરનારા હોય છે. વસ્ત્ર સુધ્ધાંનો ત્યાગ કરનાર પણ અન્ન, જળ, આવાસની લાચારી તો ભોગવતો જ હોય છે. ગામેગામે, ઘરે-ઘરે ભટકવું અને બીજાની કમાણીનો રોટલો ખાવો એ પરમ સુખ ન કહેવાય, એ પરાવલંબિતા જ કહેવાય. આવો માણસ સુખી હોય તેવી કલ્પના જ ઠગારી છે. ખરી વાત તો એ છે કે માણસ લાખ પ્રયત્નો કરીને પણ સંબંધહીન થઈ શકતો નથી. એક તરફના સંબંધો કાપી નાખો તો બીજી તરફના નવા નવા સંબંધો પાંગરી ઊઠતા હોય છે. એટલે સંબંધહીન થવાની સાધના એક પ્રકારથી નિષ્ફળ બની જતી હોય છે. આટલું જ નહિ, તે ત્યાગમાં રાગ પેદા કરનારી અને પ્રજાને ગુમરાહ કરનારી બની જતી હોય છે.

હવે જરા વિષયની બીજી બાજુ તપાસીએ. સંબંધો અનિવાર્ય જ છે તો પછી તેને તોડવા કે છોડવા નથી, પણ તેને સુધારવા છે. સુધારેલા સંબંધો સુખ આપે છે. બગાડેલા સંબંધો દુઃખ આપે છે. તો પછી સંબંધોને સુધારવાની સાધના જ કેમ ન કરવી? સંબંધો સુધારવા એટલે શું? માનો કે નર-નારીના સંબંધો છે, જેમાંથી સુખ-દુઃખ બન્ને પ્રાપ્ત થતાં હોય છે. તેમાં સુખો વધે અને દુઃખો ઘટે તેવી સાધના કરી શકાય છે. પ્રથમ તો જો આ સંબંધ વાસનાના કારણે થયો હોય અને વાસનામાં બેવફાઈ થતી હોય, બળિયાના બે ભાગ થતા હોય તો ધર્મવ્યવસ્થા કહે, 'લગ્નજીવન' જીવો. નર-નારીને લગ્નના પવિત્ર બંધનથી બાંધો અને તેમની મર્યાદા દઢ કરાવો. મર્યાદા બહારનું જીવન પાપ છે તેમ દઢપણે ઠસાવો.

બાલ્યકાળથી જ આવા દઢ સંસ્કારો ધર્મ દ્વારા દઢ કરાયા હોય તો બેવફાઈ કે

*પુસ્તક કરતાં વધુ સારો મિત્ર કોઈ નથી.*

બળિયાના બે ભાગ જેવા અનર્થોથી મોટા ભાગે બચી શકાય છે. પણ જો તમારા ઘરમાં ધાર્મિકતા જ ન હોય અને આવા સંસ્કાર જ ન હોય તો અનર્થોથી બચી શકાય નહિ. ધર્મ નર-નારીને પતિ-પત્ની બનાવીને એક પવિત્રતાની ભાવનાથી ભરી દે છે જેથી બન્ને એકબીજામાં સંતોષ કરી વિષયસુખોને ભોગવતાં છતાં સુખ અને તૃપ્તિનો અનુભવ કરી શકે છે. આ સુરક્ષિત માર્ગ છે. શારીરિક રોગોથી બચવા માટે તથા માનસિક અશાંતિથી બચવા માટે પણ હિતકારી માર્ગ છે. એટલું જ નહિ, એકબીજાને વિશ્વાસપાત્ર સ્થાયી હૂંફ અને સહાયક થવા માટે પણ કલ્યાણકારી માર્ગ છે.

સ્ત્રીના સામૂહિક દોષો કે વિષયવાસનાના દોષોને સતત ગા-ગા કરવાથી નથી તો સ્ત્રી છૂટતી કે નથી વિષય-વાસના છૂટતી, કારણ કે આ બન્ને કુદરતી વ્યવસ્થા છે અને તે જીવન માટે જરૂરી પણ છે. એટલે તેને છોડવા ઉપર ભાર ન મૂકતાં તેને સુધારવા ઉપર ભાર મૂકવો જોઈએ. ધર્મે સ્ત્રી-પુરુષને, પતિ-પત્ની બનાવ્યાં, મર્યાદામાં બાંધ્યાં અને કહ્યું કે હવે જીવનની અંતિમ ક્ષણ સુધી બન્ને એકબીજાને સાથ અને હૂંફ આપો. આ પલાયનવાદ નથી, વાસ્તવવાદ છે. આ નકારાત્મક ચિંતન નથી પણ કુદરતસહજ સકારાત્મક ચિંતન છે.

નર-નારીના સંબંધોની માફક બીજા બધા સંબંધોમાં પણ સકારાત્મક ભાવ રાખવાનો. ત્યાગ કોઈનો નહિ, સુધાર બધાનો. બધા સંબંધોને સુધારી શકાય છે. આ મુખ્ય સૂત્ર હોવું જોઈએ. "સંબંધમાત્ર દુ:ખદાયી છે માટે સંબંધમાત્રનો ત્યાગ કરો" એ પલાયનવાદ છે. એટલું જ નહિ તે નિષ્ફળ પણ છે. કારણ કે બધા સંબંધો તોડનારા અંતે તો બીજા નવા નવા સંબંધો બાંધતા જ હોય છે. કારણ કે માણસ સંબંધ વિના રહી શકતો નથી. જો કુદરતી જ વ્યવસ્થા આવી હોય તો પછી સંબંધોને સુધારવા અને દૃઢ કરવા જોઈએ. માનવીય વ્યવસ્થાને તેની સાથે જોડવી જોઈએ. ધર્મ, સમાજ, રાજ્ય વગેરેના દ્વારા થનારી વ્યવસ્થા એ માનવીય વ્યવસ્થા છે. એ કુદરતી વ્યવસ્થાની પોષક બનીને સંબંધોને પારદર્શી બનાવે છે. જો ધર્મ, સમભાવ કે રાજવ્યવસ્થા હોય જ નહિ તો ભયંકર અરાજકતા થઈ જાય. કારણ કે જેમ ધન માટે લોકો લૂંટાલૂંટ કરે છે તેમ વિષયો માટે પણ લૂંટાલૂંટ થવા માંડે. એટલે કુદરતી વ્યવસ્થાની સાથે માનવીય વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે.

*ભક્તિ નિકેતન આશ્રમ*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી), જિ. આણંદ-૩૮૮ ૪૫૦.*

## માલિકમાંથી આશ્રયદાતા

**અંગ્રેજી : કપીલ દવે, અનુવાદ : પુષ્પા પરીખ**

**(નિરંજન ભગતે પોતાની સઘળી મિલકત તેમના વસિયતનામાની રૂએ તેમના વિશ્વાસુ મદદગાર (Man Friday) ને સુપરત કરી.)**

મોટા ભાગે માલિકો તેમના ઘરનોકરને અનાજપાણી પૂરતી સગવડ આપતા હોય છે. અનાજપાણી ઉપરાંત જૂનાં કપડાંલત્તાની જગ્યાએ જ્યારે એક વિશાળ ઘર આપવાની વાત સાંભળીએ ત્યારે નવાઈ લાગ્યા વગર રહે નહીં. પરંતુ આ એક સત્ય હકીકત છે. આપનાર અને સેવા કરનાર ઘરનોકરના સંસ્કાર કેટલા ઉચ્ચ હશે?

આજથી લગભગ ત્રીસેક વર્ષે પહેલાંની વાત છે. ફક્ત આઠ વર્ષનો નાનો બાળક નામે જગતસિંહ રાજસ્થાનના ડુંગરપુર ગામથી આવી કવિ નિરંજન ભગતના જીવન સાથે સંકળાયો. પોતાના ગામમાં વ્યાપેલ ભૂખમરાથી બચવા માટે આવેલ તેની મા સાથે તે આવ્યો હતો.

આજે ૮૮ વર્ષની જૈફ વયે વિદ્વાન નિરંજનભાઈએ પોતાની તમામ મિલકત આશરે એક કરોડની કિંમતની જગતના નામે પોતાના વસિયતનામામાં લખી આપી છે. તેમાં અમદાવાદના રીવર ફ્રન્ટ પર આવેલો ફ્લેટ, બેંકમાં મૂકેલી લગભગ નવ લાખની રકમ તથા વિમાની રકમ પણ આવી જાય છે. જગતના ડુંગરપુરના ઘરનું સમારકામ વગેરે પણ તેઓએ કરાવી આપ્યું છે. તેના દીકરાઓ અમર ઉ.વ. ૧૫ અને જયદીપ ઉ.વ. ૧૧ ના ભણતરનો ખર્ચો પણ પોતે ભોગવ્યો છે.

આજીવન કુંવારા હોવાથી કવિશ્રી નિરંજનભાઈને બે ભત્રીજા સિવાય કોઈ સીધા વારસદાર નથી. તેઓનું વિશાળ મિત્રવર્તુળ શહેરની ભલભલી યથાર્થ વ્યક્તિઓનું બનેલું છે. તેઓનું કહેવું છે કે 'જગતના જેવી વિશ્વાસુ વ્યક્તિ જવલ્લે જ મળે, તેથી જ મેં મારી સમસ્ત મિલકત તેને લખી આપી છે.' તેઓ વચ્ચે સ્નેહની એવી તીવ્ર લાગણી છે કે તેના કુટુંબીજનો વર્ષમાં એકવાર જ્યારે થોડો સમય પિતા સાથે ગાળવા અમદાવાદ આવે ત્યારે તેઓને માટે પોતાનો એરકંડિશન્ડ શયનખંડ પણ પોતે ખાલી કરી આપે છે. સન ૨૦૦૦ની સાલથી તેઓનો નાતો ગાઢ થતો ચાલ્યો. ભગતના શબ્દોમાં, 'મારા માતુશ્રીની માંદગીમાં પાછલા સમયમાં જગત જેટલું ધ્યાન કોઈ પણ ન રાખી શક્યું હોત. માતુશ્રીના મૃત્યુ બાદ તેની સાથેનો મારો નાતો વધુ ગાઢ બન્યો.' જગત પણ કહે છે, 'મેં સાહેબને છોડવાનો કદી પણ વિચાર કર્યો નથી. તેઓ તો મારા પિતા સમાન છે. મારી સાથે કદી પણ નોકર ગણીને વહેવાર કર્યો નથી. હું તો તેમના પુત્ર સમાન છું. મને બધી જ છૂટ છે.'

કવિનું માનવું છે કે આજ સુધી જગતને લીધે જ પોતે પ્રવૃત્તિમય રહી શક્યા છે. તેઓ કહે છે, "મને કોઈ ચિંતા નથી. જગત મારું બધું જ ધ્યાન રાખે છે. મારે મારી શતાબ્દી જોવી છે અને આશા છે કે જોઈશ પણ તે ફક્ત જગતને લીધે જ.'

આજે તો જગત ઘરનોકરમાંથી ધંધાદારી વ્યક્તિ બની ગયો છે. તેનો ભાઈ અને તે બન્ને મળીને Cateringનો ધંધો કરે છે. 'National Institute of Design' તથા CEPT યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ટિફિનો પહોંચાડે છે. જગત તેના પાલક પિતાનું ધ્યાન રાખવા ઉપરાંત સ્વતંત્ર છે.

*"પ્રબુદ્ધ જીવન", ડિસેમ્બર-૨૦૧૩*

# ઓલ ઈઝ વેલ

• ભોલાભાઈ ગોલીબાર •
તંત્રી : 'ચકમ-ચંદન' સાપ્તાહિક, અમદાવાદ

## (૧)

વેલકમ ૨૦૧૪. ૨૦૧૩ને આપણે બધાએ બાય બાય કરી દીધી. નવા વરસમાં કંઈક નવું કરવાનું હર કોઈ નક્કી કરતું હોય છે. કોઈ કશુંક ન કરવાના કે કશુંક કરી બતાવવાના સંકલ્પ કરે છે. કેટલાક તો સોગંદ ખાઈ લે છે કે આજ પછી ગુટખાને હાથ નહિ અડાડું, ફાસ્ટ બાઈક નહિ દોડાવું, સમયસર ઑફિસે પહોંચી જઈશ વગેરે વગેરે...

આપણે એવો સંકલ્પ કદી નથી કરતા કે આ વરસે હું કોઈના પર ગુસ્સો નહિ કરું, આ વરસે હું ગરીબોના બાળકોને પુસ્તકો અને કપડાં આપીશ, સીડી પર પાનની પિચકારીઓ નહિ મારું વગેરે વગેરે... હા આપણે એવી પંચાત જરૂર કરીએ છીએ કે ફલાણાએ સિગરેટ પીવાનું છોડી દેવું જોઈએ, પેલાએ આમ ન કરવું જોઈએ વગેરે વગેરે...

જો કે, તમારા સોગંદ ખાવાથી કે કશુંક કરવા ન કરવાથી દુનિયાને કશો ફેર નહિ પડે. ફેર તમને પડશે. ફાયદો તમને થશે. **નવા વરસે સહુથી પહેલા તો એ નક્કી કરો કે કંઈ જ નેગેટિવ નહિ વિચારું. બધું સકારાત્મક વિચારીશ.** કશુંક કરવા કે ન કરવા માટે સંકલ્પ કે સોગંદ-કસમ ખાવાની જરૂર નથી. મનથી નક્કી કરો. મન મક્કમ કરો. સમ ખાવા કે સંકલ્પ લેવા કરતા કંઈક નવું કરવાની ટેવ પાડો.

**નવા વરસે કંઈક નવું શીખવાનું નક્કી કરો.** આપણે કરીએ એ બધું સાચું નથી હોતું અને જે કરી રહ્યા છીએ એ ખોટું નથી હોતું. બધા પાસેથી કશુંક ને કશુંક તો શીખવા જેવું હોય છે. આપણામાં જે વાતે-વાતે 'જજ' બની જવાની કુટેવ છે એને દૂર કરી દેવી જોઈએ. ફલાણાએ કર્યું એ ખોટું કર્યું અને ફલાણાએ કર્યું એ સાચું કર્યું, એનો ફેંસલો આપણે તુરંત સંભળાવી દઈએ છીએ. એટલે પ્લીઝ જજ બનવાનું છોડી દો.

દુનિયા બદલાતી રહેશે, લોકો બદલાતા રહેશે. પણ એના માટે તમારે તમારી જાતને બદલવાની જરૂર નથી. એટલે નવા વરસે તમારે બદલાવવાની જરૂર નથી. **જરૂર છે તમારા વિચાર અને વાણીને બદલવાની.**

આ નવા વરસે તમે 'હા' નો સાથ આપો, 'ના' નો નહિ. 'હા' થી નો પ્રોબ્લેમ પણ 'ના' થી પ્રોબ્લેમ જ પ્રોબ્લેમ. 'ના' એ નકારાત્મક ટીમનો કેપ્ટન છે અને 'હા' હકારાત્મક ટીમનો કેપ્ટન છે. તમે કઈ ટીમમાં રહેશો એ તમારે નક્કી કરવાનું છે. ખેર નવા વરસે તમને શુભેચ્છા.

### ઓલ ધ બેસ્ટ

***જો તમે આરામદાયક જિંદગી જીવવા ચાહો છો તો થોડી મુશ્કેલી તો વેઠવી જ પડશે.***

## (૨)

બે ભાઈ એક સાથે રહેતા હતા. બન્નેના મકાન આમને-સામને અને એકબીજા જેવા જ હતા. બન્નેના મેઈન દરવાજા પર તાળા લટકતા હતા. એક દિવસ બન્ને ભાઈઓના તાળાની ચાવી ખોવાઈ ગઈ. એક ભાઈએ વિચાર્યું અને કહ્યું, 'મારે ચાવી શોધવી જોઈએ. જ્યારે મને ચાવી મળશે ત્યારે હું મકાન ખોલીને મકાનમાં જઈશ.' પણ બીજો ભાઈ ચાવી શોધવામાં સમય બગડતો જોઈ ગુસ્સે થઈ ગયો. એ ક્યાંકથી એક મોટો ભારે હથોડો લઈને આવ્યો. આ દરમ્યાન પહેલા ભાઈએ ચાવી શોધવામાં ઝડપ કરી. પણ બીજા ભાઈએ ગુસ્સામાં હથોડાથી તાળું પણ તોડી નાખ્યું અને દરવાજો પણ. આ દરમ્યાન પહેલા ભાઈને ચાવી મળી ગઈ. એણે ફટાફટ ચાવીથી તાળું ખોલ્યું. આખરે બન્ને ભાઈ મકાનમાં ગયા. રાત વિતાવી. બીજા દિવસે સવારે તાળું તોડનાર ભાઈના ઘરનો બધો સામાન ચોરાઈ ગયો હતો.

**જોયુંને તાળું તોડવાનું કેટલું નુકસાનકારક સાબિત થયું? ગુસ્સામાં કરેલું કામ કેટલું નુકસાનકારક હતું? ધીરજથી કરેલું કામ કેટલું ફળદાયી હોય છે.** કોઈપણ ચાવી દ્વારા તાળું ખોલવાની શું શું પદ્ધતિ છે?

પ્રેમ અને વિવેક દ્વારા સમસ્યાની જડમાં પહોંચીને સમાધાન કરવું જરૂરી છે. સત્ય તો એ છે કે જીવનમાં ઝડપી અને ગુસ્સાના આવેશમાં કરેલું કામ કોઈને પણ નુકસાન પહોંચાડે છે. કોઈના પર પણ વાર કરતા પહેલા વિચારો. સમાધાનનો કોઈ ને કોઈ રસ્તો મળી જશે. **સમસ્યા એટલે કે તાળું ગમે એટલું મોટું હોય કે નાનું, દરેકનું સમાધાન એટલે કે ચાવીની મદદથી ખોલવું ફાયદાકારક રહે છે.** જ્યારે કોઈ દરવાજા પર સમસ્યા નામનું તાળું લટકતું હોય ત્યારે એની સમાધાન નામની ચાવી તો હોય છે જ. બસ, એ શોધતા આવડવી જોઈએ અને એ ચાવીથી તાળું ખૂલી જવું જોઈએ. એ જ રીતે આપણે સમાધાનરૂપી ચાવીથી સમસ્યાના તાળાને ધીરજ અને વિવેકથી ખોલવું જોઈએ. નહિતર તૂટેલું તાળું અનેક નવા ભય અને પ્રોબ્લેમ્સ ઊભા કરે છે.

### ઓલ ધ બેસ્ટ

***જિંદગી એક મેમરી કાર્ડ જેવી છે. જેમાં નવું કંઈક ઍડ કરવું હશે તો જૂના ડેટાને 'ડિલીટ' કરવું પડશે.***

*આંગળીઓનાં જાદુ દ્વારા જીવન ઉજાળો.*

જીવન ચરિત્ર

# કારાણી – એક લોકઇતિહાસકાર

● હરેશ ધોળકિયા ●

માનવ ઈતિહાસમાં થોડાં થોડાં વર્ષો પછી એક એવો સમયનો પટ્ટો આવતો હોય છે જ્યારે અચાનક સમગ્ર વિશ્વમાં એક સર્જનાત્મકતાનો જુવાળ આવતો હોય છે. દરેક ક્ષેત્રમાં એક પછી એક એમ અનેક પ્રતિભાશાળી વ્યક્તિઓ આવે છે અને તે ક્ષેત્રમાં નવું નવું સર્જનાત્મક કાર્ય કરે છે અને ક્ષેત્રનો તો વિકાસ કરે જ છે, સાથે તેની પ્રતિભાનું દર્શન પણ કરાવે છે. આ કોઈ એક દેશ કે વિસ્તારમાં જ નથી બનતું, સમયાંતરે સમગ્ર વિશ્વમાં આવી ઘટનાઓ બને છે. અને પાછી તે એકાદ સદી સુધી ચાલ્યા કરે છે. પછી ફરી ધીમે ધીમે તે ઘટતી જાય છે અને ફરી વિશ્વ સરાસરી બની જાય છે.

ઈતિહાસનો અભ્યાસ કહે છે કે સરાસરી દર ત્રણસો વર્ષે આવી ઘટના બનતી દેખાય છે. છેલ્લી આવી ઘટના ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ થઈ વીસમી સદીની અડધી સદી સુધી દેખાઈ છે (૧૮૫૦ - ૧૯૫૦). સમગ્ર વિશ્વમાં આ સમય દરમ્યાન અનેક પ્રતિભાશાળી લોકો આવ્યા દેખાય છે અને ઉત્તમ કાર્યો કરતા દેખાયા છે. વિશ્વમાં જોઈએ તો બર્નાર્ડ શૉ, આઈન્સ્ટાઈન, લિંકન, ચાઉ એન લાઈ, માઓત્સે તુંગ, લેનીન, સ્ટેલીન, હિટલર, મુસોલીની, યહુદી મેન્યુઈન વગેરે દેખાય છે. તો ભારતમાં રાજા રામમોહનરાય, દયાનંદ, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, ટિળક, જગદીશચંદ્ર બોઝ, ગાંધી, સુભાષ, નેહરુ, આંબેડકર વગેરે સેંકડો લોકો આવતા રહ્યા અને પોતપોતાના ક્ષેત્રમાં નેત્રદીપક કામ કરતા રહ્યા. સમાજનાં દરેક ક્ષેત્ર તેમનાં કાર્યોથી ઝળહળી ઉઠ્યાં.

આ સમય દરમ્યાન કચ્છમાં પણ આવાં પ્રતિભાશાળી વ્યક્તિત્વો આવ્યાં અને વિવિધ ક્ષેત્રોમાં કામ કર્યું. તેમાં કે.ટી.શાહ, શ્યામજી કૃષ્ણવર્મા, કાંતિપ્રસાદ અંતાણી, જયકૃષ્ણ ઈન્દ્રજી, ગુલાબશંકર ધોળકિયા, જે.જે. અંજારિયા, ભીમાણી, ડો. જયંત ખત્રી, સુકાની, રામસિંહ રાઠોડ જેવા અનેક લોકો આવતા રહ્યા અને કામ કરી પોતાની પ્રતિભા પ્રગટ કરતા રહ્યા.

આવા પ્રતિભાવાન લોકોમાં એક હતા દુલેરાય કારાણી. કચ્છના સાહિત્ય જગતમાં જે પ્રતિભાઓ થઈ, તેમાં એક આ કારાણી પણ સૂર્ય સમાન હતા. ખાસ કરીને કચ્છી સાહિત્યના ક્ષેત્રમાં તેમણે જે કાર્ય કરેલ છે તેને કારણે કચ્છી ભાષા મૃત બનતી જતી હતી તેને જીવતદાન મળી ગયું. એટલું જ નહીં, તે પ્રાણવાન પણ બની ગઈ. કારાણીનું આ જે મૂલ્યવાન કાર્ય છે તેનો હજી પૂરો અભ્યાસ નથી થયો, પણ જ્યારે પણ તે થશે ત્યારે ખ્યાલ આવશે કે તેમણે શું અનન્ય કાર્ય કર્યું હતું!

## ★ વ્યક્તિત્વ :

**૧૮૯૬ની ૨૬ ફેબ્રુઆરીના મુન્દ્રામાં જન્મેલ કારાણીએ તારુણ્ય સુધીનો સમય ત્યાં જ પસાર કર્યો.** પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ તેમણે મુન્દ્રાની જ દરબારી શાળાઓમાં લીધું. તે કદાચ આગળ ભણ્યા હોત, પણ ત્યારે મુન્દ્રામાં મેટ્રિક પરીક્ષા આપવાની સુવિધા ન હોવાથી દસમામાં તેમનું ભણતર અટકી ગયું. મેટ્રિક પણ ન થયા.

પણ અહીં જ કારાણીની પ્રતિભાનું દર્શન થાય છે. શાળામાં જ ભણાય, ત્યાં જ શીખાય કે આગળ વધાય એ ખ્યાલે કારાણીને બાંધી ન રાખ્યા. અભ્યાસ કરવો એ એક અંગત શોખ છે અને તે ગમે ત્યારે, ગમે ત્યાં અને કોઈ પણ સ્થિતિમાં કરી શકાય છે તે કારાણીએ સાબિત કર્યું. તેમણે શાળાકીય અભ્યાસ છોડ્યા પછી પણ અધ્યયન તો ચાલુ જ રાખ્યું અને સ્વમહેનતથી અંગ્રેજી, હિન્દી, ઉર્દુ અને સિંધી શીખ્યા. આ બધી જ ભાષાઓનું સાહિત્યનું અધ્યયન જાતે જ કર્યું અને થોડાં વર્ષો પછી, તેમાં સર્જન કર્યું અથવા તો તે સાહિત્યમાંથી ઉત્તમને ગુજરાતી અને કચ્છીમાં રજૂ કર્યું.

કારકિર્દીની દૃષ્ટિએ જોઈએ તો કારકિર્દીની શરૂઆત મુન્દ્રાની દરબારી શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે થઈ. થોડો વખત તે ત્યાં રહ્યા. પછી તેના ભાઈ તેને વેપારમાં મદદ કરવા નાગપુર લઈ ગયા. પણ ત્યાં વેપાર પણ ન ચાલ્યો અને કારાણીને પણ તે કામ ન ફાવ્યું. તેથી થોડા સમય પછી ફરી કચ્છ આવી ગયા અને ગુંદિયાળી ગામની પ્રાથમિક શાળામાં જોડાઈ ગયા.

પણ અહીં તેમની અધ્યયન વૃત્તિનાં પરિણામ જોવા મળ્યાં. તેમની પ્રતિભાનો ખ્યાલ તત્કાલીન કચ્છના દિવાન આશરને આવી ગયો. તેણે મહારાવને વાત કરી. પરિણામે યુવરાજ મદનસિંહજીએ તેમને ત્યાંથી ઉપાડી સીધા કચ્છના કેળવણી ખાતાના "ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર" બનાવ્યા. છેક નિવૃત્ત થયા ત્યાં સુધી તે આ હોદ્દા પર રહ્યા.

આ હોદ્દાએ જ તેમની સંશોધનવૃત્તિને ઉત્તેજન આપ્યું. નિરીક્ષણ અર્થે તે સમગ્ર કચ્છમાં ફરતા અને શાળાઓનું નિરીક્ષણ કરતા. આ દરમ્યાન તે દરેક ગામમાં જતા અને લોકોને મળતા. તેમના પાસેથી મૌખિક ઈતિહાસની વાતો, લોકકથાઓ, કહેવતો, પીરોલીઓ વગેરે સાંભળતા અને નોંધી લેતા. દાખલા તરીકે રાપર તાલુકાના ગેડી ગામમાં ગયા ત્યાં પાળીયાઓની હારમાળા જોઈ. તેનું સંશોધન કરી 'વ્રજવાણીનો ઢોલ' સુપ્રસિદ્ધ લોકકથા આપી. પછી ધીમે ધીમે તેમણે એક પછી એક પુસ્તકો પ્રગટ કરવા માંડ્યાં. નવલકથા, નાટક, કવિતા, લેખો, ઈતિહાસ, લોક સાહિત્ય-એમ સાહિત્યના

*ગમે તેવા સંજોગોમાં સત્યને વળગી રહો.*

લગભગ બધા જ પ્રકારોને તેમણે અજમાવ્યા હતા. સાથે કચ્છી, ગુજરાતી અને હિન્દી ત્રણેમાં તે લખતા રહ્યા. સાથે સંપાદનો પણ કર્યા. મહારાવ મદનસિંહજીની આત્મકથા પણ સંપાદિત કરી આપી. રસબ્રુક વિલિયમ્સનું 'બ્લેક હિલ્સ' નું ગુજરાતીમાં સંપાદન પણ કરી આપ્યું. આમ, જીવનની છેલ્લી ક્ષણ સુધી તેમણે પોતાની કલમ ચલાવ્યે જ રાખી અને લગભગ સિત્તેર જેટલાં પુસ્તકો સમાજને અર્પણ કર્યા.

૧૯૫૦માં તે નિવૃત થયા. આમ તો તે 'સસ્તું સાહિત્ય કાર્યાલય' માં કામ કરવા ઈચ્છતા હતા, પણ તેમના એક મિત્ર અને માર્ગદર્શક એવા જૈન મુનિ કલ્યાણચન્દ્રજીની સૂચનાથી તેમણે જ શરૂ કરેલ "શ્રી મહાવીર જૈન ચરિત્ર રત્નાશ્રમ" માં વ્યવસ્થાપક અને ગૃહપતિની જગ્યા સ્વીકારી અને ત્યાં લગભગ ૨૫ વર્ષ રહ્યા. જીવનના અંતિમ તબક્કે તે ત્યાંથી છૂટા થઈ અને સંતાનો સાથે અમદાવાદ રહેવા ગયા. ત્યાં જ ૧૯૮૯ની ૨૬મી ફેબ્રુઆરીના જન્મ દિવસે જ સજાગ રીતે છેલ્લો શ્વાસ લીધો.

● **ઐતિહાસિક સાહિત્ય :**

દુલેરાય કારાણીનાં અનેકવિધ સાહિત્યમાંથી સૌથી ધ્યાન ખેંચતું હોય તો તે છે તેમનું સંશોધનાત્મક ઐતિહાસિક સાહિત્ય. તે તેમણે વિપુલ માત્રામાં સર્જ્યું છે. આ સાહિત્યમાં આ ગ્રંથોનો સમાવેશ કરી શકાય :

★ કચ્છના કલાધરો : ૧ - ૨.
★ કચ્છના સંતો અને કવિઓ : ૧-૨.
★ કચ્છની રસધાર : ૧ થી ૪
★ જામ ચનેસર
★ જામ રાવળ.
★ જામ લક્ષરાજ
★ જાડેજાવીર ખેંગાર
★ જગડુ દાતાર.
★ જામ અબડો અડબંગ
★ ઝારે જો યુદ્ધ
★ કચ્છના સંત કવિ મેકણદાદા.
★ કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ
★ ગાંધીબાવની
★ દયાનંદબાવની
★ કારા ડુંગર કચ્છજા
★ વતનનો વાર્તાલાપ

આ પુસ્તકોમાંથી પ્રથમ બે પુસ્તકો કચ્છ અને કચ્છના સંતો કવિઓના ઈતિહાસ વિશેનાં છે. કચ્છની રસધાર મેઘાણી સ્ટાઈલથી લખેલ છે. ઈતિહાસ વાર્તા સ્વરૂપે. 'જામ ચનેસર', 'જામ રાવળ' અને 'જામ લક્ષરાજ' એ ઐતિહાસિક નવલકથાઓ છે. 'જાડેજાવીર ખેંગાર', 'જગડુ દાતાર,' 'ઝારે જો યુદ્ધ' અને 'જામ અબડો અડભંગ' એ ઐતિહાસિક નાટકો છે. 'કચ્છના સંત કવિ મેકણદાદા' અને 'કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ' એ જીવન ચરિત્રો છે. 'કારા ડુંગર કચ્છજા' એ રશબ્રૂક વિલિયમ્સનાં પુસ્તકનો વસંતરાય પટણીએ કરેલ અનુવાદનું સંપાદન છે તો 'વતનનો વાર્તાલાપ' એ મહારાવ મદનસિંહજીની આત્મકથાનું સંપાદન છે. પણ આ બધાં પુસ્તકો કચ્છના ઈતિહાસ સાથે સંકળાયેલાં છે.

આ પુસ્તકોનો વિસ્તૃત પરિચય મેળવીએ અને કારાણીની લેખન શૈલીની ચર્ચા કરીએ તે પહેલાં એક મુદ્દો સમજી લેવાની જરૂર છે. તે એ કે કારાણીનાં આ પુસ્તકો ઈતિહાસનું શુદ્ધ સંશોધન છે? કારાણી ઈતિહાસજ્ઞ છે?

તેનો જવાબ આવો હોઈ શકે કે કારાણીને મૂળે રસ કચ્છનાં લોક સાહિત્યમાં છે. તે મૂળે લોક સાહિત્યકાર છે. તેમણે કચ્છનો જે ઈતિહાસ રજૂ કર્યો છે તે લોક સાહિત્યકાર તરીકે રજૂ કર્યો છે. લોક સાહિત્ય એ ઈતિહાસ અને પુરાણનું મિશ્રણ કહી શકાય. તેમાં ઈતિહાસનાં બીજ હોઈ શકે, પણ શુદ્ધ ઈતિહાસ ન પણ હોય.

સંશોધકો ઈતિહાસને બે - ત્રણ રીતે રજૂ કરતા હોય છે. કેટલાક સંશોધન કરી ઈતિહાસને પણ શુદ્ધ રીતે જ રજૂ કરે છે. તેમાં કેવળ ઐથિહાસિક તથ્યો હોય છે. તો કેટલાક તેને રોચક રીતે રજૂ કરે છે. તેમાં લોક સાહિત્ય અને નવલકથા, નાટક, કવિતા કે વાર્તા સ્વરૂપ આવે છે. કારાણી બીજા પ્રકારના સંશોધક છે. તે ઈતિહાસને તથ્યાત્મક રીતે રજૂ કરવા કરતાં ભવ્ય રીતે રજૂ કરે છે. આમાં સાહિત્યકારનો મુખ્ય હેતુ પ્રાદેશિક "અસ્મિતા" રજૂ કરવાનો હોય છે. તેમાં, સંભવ છે, ક્યારે અસ્મિતાને નબળી બનાવતાં તથ્યો હોય તેને તે અવગણે છે અને બાકીની બાબતોને ભવ્ય રીતે રજૂ કરી વાચકના મનમાં તેની મહત્તા સમજાવવા પ્રયાસ કરે છે. એટલે, આવી ઐતિહાસિક રચનાઓ વાંચતાં ખૂબ ખ્યાલ રાખવાનો હોય છે કે તેમાં ઈતિહાસ સાથે મનોરંજક તત્ત્વ પણ ભળી જાય છે. સંશોધન વખતે તેને બાજુમાં રાખવાનું હોય છે.

કારાણી આવા ઈતિહાસકાર છે જેમણે ઈતિહાસ અને પુરાણનું મિશ્રણ કરી લખેલ છે. એટલે તેમાં રોચક તત્ત્વ આવે છે. એટલે તેમનાં પુસ્તકોનો અભ્યાસ કરતી વેળા આ બાબતને ધ્યાનમાં રાખી તેને જોવાનાં છે. પણ આ તેમની મર્યાદા તરીકે નથી જોવાની, પણ વિશિષ્ટતા તરીકે લેવાની છે. તે તેમની "સ્ટાઈલ" છે. ઈતિહાસ પ્રેમને તેમણે સાહિત્યિક રીતે રજૂ કર્યો છે, એટલું જ!

આ મુદ્દો ખ્યાલમાં રાખીને કારાણીનાં પુસ્તકોને તપાસીએ.

● **કચ્છનો કલાધર : ૧ - ૨.**

કારાણીના જે અનન્ય ગ્રંથ લેખાય છે તેમાં આ બે ગ્રંથોનો સમાવેશ થાય છે. ૧૯૩૪માં તેનું પ્રથમ પ્રકાશન થયું. આજ સુધી તેની પાંચ આવૃત્તિઓ થઈ ગઈ છે એમ મનાય છે. તે તેની લોકપ્રિયતા દર્શાવે છે.

આ ગ્રંથ રચવા પાછળનો હેતુ, કારાણી જણાવે છે તેમ, "કચ્છના રાજવંશને પ્રગટ કરવાનો" હતો. યદુવંશથી શરૂઆત કરી ૧૯૪૮ સુધીના અંતિમ રાજા મદનસિંહજી સુધીના શાસકોની કથાઓને તેમાં મૂકી છે. પણ રાવ ખેંગારજી પહેલા પહેલાના પૂર્વજોની વિગતો શુદ્ધ ઈતિહાસ નથી. તે તો

*શાંત રહેવાનો ઉપાય : હંમેશાં હસતા રહો.*

લોકકથાઓ, દંતકથાઓ, જૂનાં વખાણો વગેરે પર આધારિત છે. તે પોતે જ લખે છે કે, "કચ્છના રાજવંશનો તેમ જ પુરાતન કથાઓનો આ સંગ્રહ છે." પણ એ પોતે જ કહે છે કે "કચ્છભૂમિનો ખોળો ખૂંદીને ઉછેરનાર કચ્છના રાજવીઓ અને કચ્છની પ્રજાનાં ખમીરનો આ ઈતિહાસ છે...કચ્છીઓની અસ્મિતા અને ખુમારીનો આ ઈતિહાસ છે." એટલે, સાબિત થાય છે કે આ પુસ્તક એ ઈતિહાસ અને લોક સાહિત્યનું મિશ્રણ છે. અસ્મિતા પ્રગટ કરવા માટે જ રચાયેલ છે. કનૈયાલાલ મુનશીના પગલે તે ચાલ્યા છે. માત્ર નવલકથાને બદલે ઈતિહાસનું સ્વરૂપ જ રાખ્યું છે.

આ પુસ્તકમાં આપેલ ઈતિહાસમાં, વિવેચક ડો. ગોવર્ધન શર્મા કહે છે તેમ, "કચ્છના ભવ્ય ભૂતકાળનું ચિત્રણ છે. તેમાં દંતકથાઓ, અનુશ્રુતિઓ અને લોકવાયકાઓ જોડાયેલી છે, જે ભાટ-ચારણોની કથા-વાર્તાઓ, યતિઓની સંગ્રહિત માહિતીઓ અને કચ્છી પ્રજાને કંઠે રહેલ કંઠસ્થ સાહિત્યનો સમન્વય થયો છે." એટલે તેમાં કેટલો ઈતિહાસ છે અને કેટલી અન્ય સામગ્રી છે તે તપાસનો મુદ્દો બને છે. તેમાંથી પ્રામાણિક ઈતિહાસ શોધવાની મથામણ કરવી રહે છે.

પુસ્તકમાં પ્રાચીન કચ્છનો પરિચય આપેલ છે. તેમાં અનેક પૌરાણિક સંદર્ભો લેખકે આપ્યા છે. પછી યદુવંશના શાસકોનું ક્રમાનુસાર વર્ણન કરેલ છે. તેમાં લાખો ફુલાણી, અબડો અડભંગ, મહારાવ દેશળજી, લખપતજી વગેરેનાં ચરિત્રો રજૂ કર્યા છે. સમાંતરે તે સમયની ભીંયા કક્કલ વગેરેની ગૌરવપૂર્ણ કથાઓ પણ આપેલ છે. આ દ્વારા લોકોનાં ખમીર અને આત્મ સમર્પણને રજૂ કરી આદર્શ જીવનની કલ્પના વ્યક્ત કરી છે. સાથે કેટલીક પ્રણય કથાઓ પણ રજૂ કરી છે. તેમાં આપણને ઈતિહાસ અને રોમાન્સનો સમન્વય દેખાય છે. તેમાં કારાણી ખીલતા દેખાય છે. તો સાથે વીજળીની કથા, ભયંકર દુકાળોની ઘટનાઓ, ઝારાનું ભીષણ યુદ્ધ જેવી કરુણ બાબતોનું પણ ચિત્રણ કરેલ છે. તે સાથે સમાજના કેટલાક પ્રભાવશાળી લોકોને પણ તેમણે યાદ કર્યા છે જેમાં જગડુશા, મેકણ, જયકૃષ્ણ ઈન્દ્રજી, હાજી મહમ્મદ રખિયા વગેરેનો સમાવેશ કરેલ છે.

આ સમગ્ર રજૂઆત એવી તો આકર્ષક છે કે વાચક તેમાં ખેંચાઈ જાય છે. તેમની શૈલી વિશે જાણીતા લેખક મૂળરાજ રૂપારેલ લખે છે, "કચ્છી ભાષાની અસલિયત જાળવી તેમણે ઈતિહાસના અવશેષોને ઢંઢોળ્યા, પાળિયાઓને જગાડી તેમનાં શૌર્ય અને સ્વાર્પણની અનેક કથાઓ સાંભળી, લોકોમાં ભળી જઈ વેરવિખેર પડેલ લોક સાહિત્ય એકઠું કર્યું. અને આ રીતે આ ધૂળધોયા ભેખધારીએ કચ્છી ભાષાને રૂપરંગે મઢી છે." કારાણીએ દોહા વગેરે ભેળવી દરેક પ્રસંગને વધારે પ્રભાવશાળી બનાવવાનો ઉમદા પ્રયાસ કર્યો છે.

### ★ કચ્છના સંતો અને કવિઓ : ૧ - ૨.

કચ્છની ભૂમિ સંતો, પીરો, ભક્તોની ભૂમિ છે. તેમનું પ્રદાન અનન્ય છે. આ બધા લોકો કાળના પ્રવાહમાં અદશ્ય થઈ જાય તે પહેલાં તેને સંગ્રહિત કરી કારાણીએ "કચ્છના સંતો અને કવિઓ" પુસ્તકરૂપે સાચવી લીધા છે.

આ પુસ્તકમાં કારાણીએ જ્ઞાત અને અજ્ઞાત એવા અનેક સંતો અને કવિઓનાં જીવન મૂક્યાં છે. અનેક કવિઓનાં વેરવિખેર પડેલ કાવ્યોને શોધી, સંપાદિત કરી મૂક્યાં છે. આ માટે તે ગામેગામમાં ફર્યા છે. સામગ્રી એકઠી કરી છે. તેમનાં અંગત જીવનની ઘટનાઓ સાથે તેમના જીવનમાં બનેલ અસાધારણ ઘટનાઓનું પણ આલેખન કરેલ છે. તેમના વિશેની લોકવાયકાઓને પણ સ્થાન આપેલ છે. તેમણે કરેલ ચમત્કારોને પણ સ્થાન આપેલ છે અને તે બાબત તેમની મહત્તા વધારે છે એમ ભારપૂર્વક કહેલ છે.

આ પુસ્તકના પહેલા ભાગમાં ૩૮ સંતો અને ૬૮ કવિઓનો પરિચય આપેલ છે. બીજા ભાગમાં ૨૪ સંતો અને ૪૦ કવિઓનો પરિચય આપેલ છે. આ પુસ્તક કારાણીને એક સંશોધક અને સંગ્રાહક તરીકેનું સન્માન આપે છે. સંભવ છે, તેમની પદ્ધતિ વૈજ્ઞાનિક ન લાગે, પણ તેમની અથાગ મહેનત અને શ્રમ તો પ્રશંસનીય જ છે. આ પુસ્તક સંતો અને કવિઓને જાણવાનો એક અમૂલ્ય ખજાનો છે એમ તો ચોક્કસ કહી શકાય. તેનું મૂલ્યાંકન કરતાં ડો. ગોવર્ધન શર્મા કહે છે, "સંપાદકે આ ગ્રંથો દ્વારા કચ્છની અસ્મિતાને ઉજાગર કરી છે. આ ગ્રંથો અમૂલ્ય કાવ્ય-મોતીઓના હાર છે."

### • કચ્છની રસધાર : ૧ - ૪.

કારાણીએ પણ લેખક મેઘાણીની જેમ એક પ્રયોગ કર્યો. મેઘાણીએ સૌરાષ્ટ્રની અસ્મિતાને પ્રગટ કરવા ઈતિહાસને વાર્તા સ્વરૂપે "સૌરાષ્ટ્રની રસધાર" નામે ભાગો લખ્યા. તેમાં તેમણે સૌરાષ્ટ્રના લોકોની શૂરવીરતા, ત્યાગ, કુટુંબ વત્સલતા વગેરે જેવા અનેક ગુણોને ભવ્ય રીતે બતાવ્યા.

કારાણીએ આ જ શૈલીનો ઉપયોગ કરી "કચ્છની રસધાર" નામે ચાર ભાગ પ્રગટ કર્યા. તેમાં તેમણે પણ કચ્છના આવા પ્રસંગોને લીધા અને વ્યક્તિઓના અને સમાજના ઉમદા ગુણોને રજૂ કર્યા. ખૂબ જ રસપ્રદ રીતે અને નાટકીય શૈલીથી તેમણે આ પુસ્તકો લખ્યાં છે. તે પણ ખૂબ જ લોકપ્રિય થયા છે અને તેની પણ આવૃત્તિઓ થઈ છે.

### • ઐતિહાસિક નવલકથાઓ :

શ્રી કારાણીએ કચ્છના કેટલાક ઐતિહાસિક પ્રસંગોને પસંદ કરી ત્રણ નવલકથાઓ લખી છે. તે છે "જામ ચનેસર" (૧૯૬૬), "જામ રાવળ" (૧૯૭૯) અને "જામ લક્ષરાજ" (૧૯૭૯).

ગુજરાતીમાં પ્રગટ થયેલ પ્રથમ નવલકથા "કરણ ઘેલો" (૧૮૬૬) પછી બરાબર સો વર્ષે કારાણીની 'જામ ચનેસર' પ્રકાશિત થઈ છે. આ નવલકથા વાંચતી વખતે ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પણ કારાણીનો હેતુ ઉત્તમ સાહિત્યિક રચના

*વ્યક્તિની કિંમત તેના કામથી અંકાય છે.*

આપવાનો નથી, પણ ઈતિહાસ કથા કહેવાનો અને તે દ્વારા કચ્છની અસ્મિતા પ્રગટ કરવાનો છે. આ નવલકથા દ્વારા તેમણે ઈતિહાસ, દંતકથા, લોકવાયકાઓ વગેરેને મિશ્રિત કરી કચ્છનો ભવ્ય ભૂતકાળ જીવંત કરવા અને તે દ્વારા વાચકને મનોરંજન આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ નવલ 'સમયધર્મ' માસિકમાં ક્રમશઃ રજૂ કરાઈ હતી. તેમાં જામ ચનેસર અને થર પ્રદેશની રાજકુમારી લીલાદેવીના પ્રણય પ્રસંગો અને દામ્પત્ય જીવન તથા તેમાં ઊભા થતા પ્રશ્નો રજૂ કર્યા છે. આ કથાની ગુંથણી આકર્ષક છે. અંત પણ સુખદ છે.

૧૯૭૯માં પ્રકાશિત થયેલ બીજી નવલકથા 'જામ રાવળ' પણ એવી જ કથા છે. તેમાં જામ રાવળ અને તેના બે પુત્રો ખેંગારજી અને સાહેબજીના સંઘર્ષોની કથા છે. અનેક પ્રપંચો, વીરતા, સાહસ, છછર બુટ્ટાની રાજભક્તિ, ભીંયા કકલની કુરબાની વગેરે પ્રસંગોને ચિત્રાત્મક રીતે રજૂ કર્યા છે. આ પણ, આગળ કહ્યું તેમ, ઈતિહાસ કથા છે.

૧૯૭૯માં જ પ્રકાશિત થયેલ 'જામ લક્ષરાજ' નવલકથા પણ દંતકથા આધારિત છે. અલબત્ત, તેમાં ઈતિહાસનાં બીજ દેખાય છે. તેની કથા લાખા ફુલાણી અને જસમાના પ્રણય પ્રસંગો પર આધારિત છે. તેમાં લાખાનાં ભવ્ય વ્યક્તિત્વને સુરેખ રીતે રજૂ કર્યું છે. તેમાં રોમાંચક વળાંકો છે. જસમાનું મૃત્યુ લાવી અંતને કરુણ બનાવ્યો છે.

આ ત્રણે નવલકથાને તપાસ્યા પછી કહી શકાય કે આ ભલે કહેવાય ઐતિહાસિક નવલકથાઓ, પણ હકીકતે તેમાં ઈતિહાસ સાથે અનુશ્રુતિઓ, લોકવાયકાઓ અને દંતકથાઓનો સમન્વય કર્યો છે. ત્રણે કૃતિઓ એક જ ઢાંચામાં ઢાળી છે એમ એક વિવેચક કહે છે.

## • ઐતિહાસિક નાટકો :

કારાણીએ કુલ ચાર નાટકો લખ્યાં છે. 'જાડેજાવીર ખેંગાર' (૧૯૬૯), 'જગડુ દાતાર' (૧૯૭૧), 'જામ અબડો' (૧૯૭૨) અને 'ઝારે જો યુધ્ધ' (૧૯૭૨).

ફરીથી કહેવામાં વાંધો નથી કે આ નાટકો પણ શુદ્ધ ઈતિહાસનું કોઈ નિરૂપણ નથી. તેમાં પણ ઈતિહાસ, દંતકથાઓ અને લોકવાયકાઓનું જ મિશ્રણ છે. આમાં પણ મુખ્યત્વે તો કચ્છની અસ્મિતાને જ પ્રગટ કરવાનો હેતુ છે. એટલે જ કચ્છના ગૌરવપૂર્ણ પ્રસંગોને તથા જાણીતાં પાત્રોને જ પસંદ કર્યા છે.

'જાડેજાવીર ખેંગાર' દ્વિઅંકી નાટક છે. તે કચ્છીમાં છે. તેમાં પહેલા અંકમાં સાત અને બીજા અંકમાં બાર પ્રવેશ છે. આ નાટકમાં પણ ખેંગારના જાણીતા પ્રસંગો લીધા છે. તે જાન બચાવવા ભાગે છે ત્યાંથી કરી રાજ્ય પાછું મેળવે છે ત્યાં સુધીના પ્રસંગોને વણી લીધા છે. પાને પાને રાજભક્તિ, વીરતા, સાહસ બતાવી નાટકીય રીતે ઘટનાઓ વર્ણવી છે.

નાટકમાં જૂની રંગભૂમિની સ્ટાઈલ સ્વીકારી છે. એટલે કાવ્યમય સંવાદો, ગીતો અને દોહાઓથી તે ભરપૂર છે. અંકની શરૂઆતમાં વિવિધ દેવીઓની સ્તુતિઓ છે. અલબત્ત, કચ્છી ભાષામાં આપેલ સંવાદો ચોટદાર છે. અંતે તેમણે સ્વરચિત કાવ્ય "સાવજ જો શિકાર" આપ્યું છે. એક અભિપ્રાય એવો છે કે તેમાં આપેલ અનેક દૃશ્યો રંગભૂમિ પર ભજવવાં અશક્ય છે!

'જગડુ દાતાર' પણ દ્વિઅંકી છે. કચ્છમાં પડેલ ભયંકર દુકાળ દરમ્યાન સેવા કરનાર જગડુશાની કથા છે. તેમાં પણ તેર અને બાર પ્રવેશ છે. નાટકમાં કુલ ૧૫ પાત્રો છે. આ નાટક દ્વારા લેખકનો હેતુ જગડુશાની દાનશીલતા અને પરદુઃખભંજકતાને જ બતાવવાનો છે. જયાં સુધી કચ્છની અસ્મિતાને બતાવવાનો હેતુ છે, તે બરાબર પૂરો થાય છે, પણ નાટક રંગભૂમિ પર ભજવવા બાબતે તે કેટલું યોગ્ય છે તે ચર્ચાને પાત્ર છે.

'ઝારે જો યુદ્ધ' પણ કચ્છીમાં લખાયેલ એક અંકી નાટક છે. તેમાં સોળ પ્રવેશ છે. અંતે એક સમૂહગાન છે. કચ્છમાં ખેલાયેલ યુધ્ધને નાટ્ય સ્વરૂપ આપી રજૂ કરેલ છે. તેમાં કચ્છીઓની શૂરવીરતાને અંજલિ આપી છે. રાવ ગોડજી અને પૂંજા શેઠ વચ્ચેના ઝગડાની વાત છે. વિવેચકો કહે છે કે આ નાટકની રચના ખૂબ જ શિથિલ છે. ગીતો અને નૃત્યોની ભરમાર છે. (ગોવર્ધન શર્મા).

'જામ અબડો' પણ ઈતિહાસમિશ્રિત છે. તેમાં શૌર્ય, મર્દાનગી, શરણાર્થી ખાતર ફના થઈ જવાની ભાવના વગેરેને પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. તેમાં ત્રીસથી વધારે પાત્રો છે. કેટલાંક ઐતિહાસિક, તો કેટલાંક કાલ્પનિક છે. નાટકમાં હિન્દી, ઉર્દુ ભાષાનું મિશ્રણ છે. કેટલાંક પાત્રો દ્વારા હાસ્યરસ ઉત્પન્ન કરવાનો પ્રયાસ પણ કર્યો છે. આ નાટકમાં પણ ગીતો વગેરેને વણી લેવાયાં છે. એકાદ જગ્યાએ ચમત્કાર બતાવવાનો પ્રયાસ પણ કર્યો છે.

આ ચારે રચનાઓ પર નજર કરાય તો કહી શકાય કે તે સંવાદાત્મક કથાઓ છે. કારાણીએ 'દેશી નાટક સમાજ' ની રીતથી તે લખેલ છે. પણ તેમનો હેતુ સ્પષ્ટ હતો કે નાટકો દ્વારા કચ્છી અસ્મિતાનું સંવર્ધન કરવું. અને તેમાં તે સફળ રહ્યાં છે.

## • જીવનચરિત્રો :

કારાણીએ બે જીવન ચરિત્ર પણ લખ્યાં છે.

એક છે "કચ્છના સંત મેકરણ દાદા". તે "સસ્તા સાહિત્ય કાર્યાલય" દ્વારા ૧૯૬૦માં નાની પુસ્તિકારૂપે પ્રકાશિત થયેલ. આમ તો તે 'કચ્છના સંતો અને કવિઓ' માંથી જ લગભગ લીધેલ છે. તેમાં તેમણે સંત મેકણના જીવનની બધી જ વિગતો આપેલ છે. તેમાં તેમણે તેમની સમાજ સેવાનો ખાસ ઉલ્લેખ કરેલ છે. તેમનાં બે પ્રાણીઓ - કૂતરો અને ગધેડો - વિશે પણ વિસ્તૃત લખેલ છે. તેમના એક પદમાં જ તેમનો પ્રેમ વ્યક્ત થાય છે :

*"લાલિયો મુંજો લખણવંતો, ને મોતિયો મું જો ભા!*
*ઘણા મુછારા ગોરે ફગાઈયાં, મેકણ ચેં લાલિયે જે પુચ્છ મથા!"*

*માણસ કર્મો વડે જ પોતાનું નસીબ ઘડે છે.*

આ પુસ્તિકામાં લેખકે મેકણની ધાર્મિક માન્યતાઓ અને તત્ત્વજ્ઞાનનો પણ આછેરો ખ્યાલ આપ્યો છે. તેમનાં કેટલાંક પદો પણ આપ્યાં છે. તેમની જીવંત સમાધિનો પ્રસંગ તો ભવ્ય રીતે રજૂ કર્યો છે.

આ ચારિત્ર ખૂબ જ લોકપ્રિય થયું હતું. તેની અનેક આવૃત્તિઓ થઈ છે.

બીજું ચરિત્ર લખ્યું છે "કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ." જે ૧૯૭૮ માં પ્રકાશિત થયું. રતિયા જેવા નાના ગામમાં જન્મેલ એક ભરવાડનો છોકરો સ્વપરાક્રમે કેમ જમાદાર બને છે તેનું તેમણે પ્રભાવશાળી ચિત્રણ કર્યું છે. રાવ રાયધણજીના સમયમાં જે અરાજકતા વ્યાપી ગઈ, ત્યારે જ ફતેહમામદ આવ્યો અને તેના પ્રયાસોથી રાજ્યમાં ફરી શાંતિ અને વ્યવસ્થા સ્થપાઈ ગઈ. તેની રાજકીય સૂઝ, ન્યાય માટેનો આગ્રહ, કડકાઈ, વિવિધ નીતિઓ વગેરેનું આ ચરિત્રમાં સુરેખ રીતે આલેખન કર્યું છે.

આ બન્ને ચરિત્રો દ્વારા પણ, આખરે તો, કારાણીએ કચ્છનું ગૌરવ પ્રદર્શિત કરવા જ પ્રયત્ન કર્યો છે.

આ સિવાય બે ગૌણ ચરિત્રો પણ કારાણીએ લખેલ છે : 'ગાંધી બાવની' અને 'દયાનંદ બાવની.' કાવ્યના માધ્યમથી તેમણે આ બે મહાન લોકોનાં જીવન ચરિત્રને વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે.

'ગાંધી બાવની'માં ગાંધીજીના ગુણો અને ઉદાત્ત જીવનની ઝાંખી જોવા મળે છે. પદે પદે કવિની ગાંધીજી પ્રત્યેની આદરભાવના વ્યક્ત થતી જોવા મળે છે. આ બાવનીમાં કુલ ૮૦ પદો છે. સાથે અન્ય કાવ્યો પણ સમાવાયાં છે.

'દયાનંદ બાવની' માં પણ સ્વામી દયાનંદ સરસ્વતીના જીવન તથા કર્મોની ઝાંખી આપી છે. તે સમયે ભારતમાં પ્રસરેલ પાખંડ, અજ્ઞાન વગેરે સામે દયાનંદે શું કામ કર્યા તેની વાત કરી છે.

આ બન્ને દ્વારા કારાણીએ બે મહામાનવની યશગાથા ગાઈ છે.

- **સંપાદનો :**

આ સાથે કારાણીએ બે સંપાદનો પણ કરેલ છે.

મહારાવ પાસે રહેલ રશબ્રૂક વિલિયમ્સ દ્વારા લિખિત અંગ્રેજી પુસ્તક "Black Hills of Kutch" નું ગુજરાતી શ્રી વસંતરાય પટણીએ કર્યું. તેને સંપાદિત કરવાનું કામ કારાણીએ સંભાળ્યું. પણ ગુજરાતીમાં જે પુસ્તક પ્રકાશિત થયું છે, તે વાંચીએ તો અંગ્રેજી વાંચવા જેવો જ રસ અને આનંદ મળે છે. કારાણીએ આ કામ ઉત્તમ રીતે કરેલ છે.

મહારાવ મદનસિંહજીએ પોતાનાં સંસ્મરણો "વતનના વાર્તાલાપ" નામે લખ્યાં. આ કાર્યનું સંપાદન પણ તેમણે મિત્ર કારાણીને જ સોંપ્યું. મહારાવ જે બોલતા ગયા, તેને કારાણીના પુત્ર મોહનભાઈ શોર્ટ હેન્ડમાં નોંધતા ગયા. પછી તેનું સંપાદન કાર્ય કારાણીએ કર્યું. કારાણીની મહત્તા એ છે કે આ સંસ્મરણોને તેણે આત્મકથાનક શૈલીમાં રજૂ કરેલ છે અને સજીવ બનાવવાનો ઉમદા પ્રયાસ કરેલ છે. ફોટોગ્રાફ આપી તેને કલાત્મક રૂપ પણ આપેલ છે. આ દ્વારા કચ્છનો કેટલોક વર્તમાન ઈતિહાસ પણ સચવાયો છે. પણ આ બધાનું શ્રેય તો કારાણીને જ જાય છે.

- **અન્ય રચનાઓ :**

કારાણીની કેટલીક રચનાઓ એવી છે જેને ઈતિહાસ ન કહી શકાય, છતાં તે દ્વારા કચ્છનાં લોકજીવનની ઝાંખી થાય છે. આવાં પુસ્તકોમાં

★ કચ્છીકહેવતો
★ કચ્છી પીરોલી
★ કચ્છ કથામૃત
★ કચ્છી કિસ્સા બાવની...

વગેરે આવે છે. આ પુસ્તકો દ્વારા કચ્છનાં લોક સાહિત્યનાં વિવિધ રૂપો જોવા મળે છે.

- **સમાપન :**

આ રીતે કારાણીનાં સમગ્ર ઈતિહાસ સંબંધી સાહિત્ય પર નજર કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે કારાણી પોતાના હેતુમાં ખૂબ જ સ્પષ્ટ છે કે તેમને કચ્છનું ગૌરવ પ્રદર્શિત કરવું છે. તેની અસ્મિતા ઉજાગર કરવી છે. તેનું ખમીર બતાવવું છે. તે માટે તેમણે ઈતિહાસને માધ્યમ તરીકે સ્વીકાર્યો છે. પણ ઈતિહાસને રોચક રીતે રજૂ કરવા તેમણે લોક સાહિત્ય, દંતકથાઓ વગેરેનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે. તેમને શુદ્ધ ઈતિહાસજ્ઞ થવામાં રસ નથી. તેમને તો પ્રજાનું ગૌરવ બતાવવું છે. એક જાતની રાષ્ટ્રભાવના પ્રગટાવવી છે. એટલે તે ઈતિહાસકાર કરતાં લોક ઈતિહાસકાર તરીકે વધારે દેખાય છે.

જે હોય તે, પણ કારાણીએ એક એવા સમયે આ કાર્ય કર્યું છે જ્યારે કચ્છની સંસ્કૃતિ મૃતપ્રાયઃ થવાની તૈયારીમાં હતી. નામશેષ થવાની તૈયારીમાં હતી. તે પળે જ દુલેરાય કારાણી આવ્યા અને તેમણે તેને ઉગારી લીધી. નામશેષ થતી કચ્છી ભાષાને પણ નવું જોમ આપ્યું.

કારાણીએ જે શ્રમ કર્યો છે, જે ધૂળધોયાનું અકલ્પ્ય કામ કર્યું છે, તેને પ્રગટ કરવા પોતાની જે પ્રતિભાનો અદ્‌ભુત ઉપયોગ કર્યો છે, તે જોતાં પ્રો. રશબ્રૂકે તેમને જે અંજલિ આપી છે તે યોગ્ય છે. રશબ્રુકે કહ્યું છે,

"મેં કારાણીને હંમેશાં કચ્છના 'જેમ્સ ટોડ' ગણ્યા છે, કારણ કે જે રીતે આ મહાન સ્કોટિશ વિદ્વાને રાજસ્થાનના ઈતિહાસ અને પુરાણોનો અંગ્રેજીભાષી જગતને પરિચય કરાવવા પાછળ પોતાનું સમગ્ર જીવન વીતાવ્યું હતું, તે જ રીતે કારાણીએ કચ્છી સંસ્કૃતિ તથા પ્રણાલિકાની વિશિષ્ટતાને ભારતના વિશાળ સમુદાય સમક્ષ રજૂ કરવા પાછળ અને એ સંસ્કૃતિ તથા પ્રણાલિકાને ભારતીય જીવનરીતિ અને વારસા સાથે સંબંધ સ્થાપિત કરી આપવા પાછળ પોતાની વિદ્વતા અને કાવ્યશક્તિનો વિનિયોગ કર્યો છે. કારાણીએ આ કાર્ય બજાવ્યું તે અગાઉ બાકીનું ભારત કચ્છને એક અલગ દુનિયા માનતું હતું."

આવા સાંસ્કૃતિક અને ખુદ ઈતિહાસ પુરુષ એવા કારાણી વંદનને પાત્ર છે. ■

*મહાન કાર્યો નિર્ભયતાથી જ પૂરા થાય છે.*

સંસ્થા/વ્યક્તિ વિશેષ

## ગ્રામીણ આદિવાસી વિસ્તારમાં માનવીય સેવાનું તીર્થધામ

# સેવા રૂરલ ઝઘડિયા

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

ગુજરાતની સૌથી મોટી લોકમાતા નર્મદા નદી. ભરૂચ અને નર્મદા જિલ્લામાં વહેતી નર્મદા મૈયાનો દક્ષિણ કિનારો એટલે ઝઘડિયા તાલુકાનો આદિવાસી વિસ્તાર. આ આદિવાસી ગ્રામ્ય પ્રદેશનાં ગામડાંઓમાં આજે પણ કોઈ ડૉક્ટર જવા કે રહીને પ્રેક્ટીસ કરવા તૈયાર નથી. તેવા પ્રદેશમાં ૧૯૮૦માં થોડાક ડોક્ટર મિત્રોએ સ્થાનિક પ્રજા સાથે વસીને માનવ આરોગ્યની યોજના કરવાનો પ્રારંભ કરેલો. એ ડોક્ટર મિત્રોના સમર્પિત નિષ્ઠાભર્યા સેવાકીય પ્રયાસોના ફળરૂપે આજે એક વિશાળ સંસ્થા - સેવા રૂરલ ઝઘડિયા આકાર પામી છે!

અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસ દરમ્યાન એટલે કે ૧૯૬૦માં કેટલાક ભાવિ તબીબોએ સેવાકીય પ્રવૃત્તિ કરવાનાં સ્વપ્ન સેવેલાં. એ સ્વપ્નને મૂર્તિમંત કરવા વીસેક વર્ષ સુધી વિચાર - મંથન - ચિંતન ચાલતું રહ્યું. આખરે ૧૯૮૦માં એ સ્વપ્ન સાકાર થયું. ડૉ. અનિલભાઈ દેસાઈ, ડૉ. લતાબેન દેસાઈ અને ડૉ. હરેશભાઈ શાહે ઝઘડિયામાં આરોગ્ય સેવાની કામગીરી શરૂ કરી. પછી તો આ વિચારધારાવાળી વ્યક્તિઓ અને અન્ય મિત્રો સેવાયજ્ઞમાં જોડાતા ગયા. જેમાં બંકીમભાઈ શેઠ, ચૌલાબહેન, પ્રતિમાબહેન દેસાઈ, કાંતિભાઈ પટેલ, પંકજભાઈ શાહ... પછી તો ધીમે ધીમે સેવા રૂરલની પ્રવૃત્તિ વિકસતી અને વિસ્તરતી ગઈ. તેમ કાર્યકરોની સંખ્યા વધતી ગઈ. જે આજે ૧૭૦થી વધુ પહોંચી છે. સેવા રૂરલ ઝઘડિયાનાં વિવિધ કાર્યોનાં ધાર્યા પરિણામો મેળવવામાં આ કાર્યકરોનો અમૂલ્ય ફાળો છે. સ્વવિકાસ એ સંસ્થાનું પ્રેરક ધ્યેય છે! પોતાની કામગીરીના સ્વમૂલ્યાંકન અને નિરીક્ષણ માટે સર્વધર્મ મંદિરમાં દરરોજ સમૂહ પ્રાર્થના કરવામાં આવે છે.

તબીબી અભ્યાસ વખતે જ અનિલભાઈ, લતાબહેન, હરેશભાઈ અને અન્ય મિત્રોને ગાંધીજીના વિચારો સ્પર્શી ગયેલા. એમાં વાંચનની અભિરૂચિએ 'ધસ સ્પેક વિવેકાનંદ' પુસ્તિકાનો પરિચય થયો. સ્વામી વિવેકાનંદના - 'ગરીબને, અભણને, અજ્ઞાનીને, દુઃખીને ઈશ્વર માનો. આવા લોકોની સેવા એ જ પરમ ધર્મ છે.' આ વિચારને પોતાના જીવન વ્યવહારમાં મૂકવાની વિચારણા ચર્ચાઓ ચાલતી રહી... અને મિત્રોએ નિર્ધાર કર્યો કે ડૉક્ટર થઈને માત્ર પૈસા કમાવાના ચીલાચાલુ જીવનમાં પડવું નથી! પણ કંઈક સેવાકીય કાર્યમાં જીવનને સમર્પિત કરવું!

એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કરી અમેરિકા જવાનું થયું. ત્યાં આરોગ્યવિષયક વધુ જાણકારી મેળવી. પણ સ્વદેશની યાદ અને દરિદ્ર નારાયણની સેવાનો નાદ સતત મનમાં ગૂંજતો રહેતો. તેથી ૧૯૭૮-૭૯માં આ મિત્રો સ્વદેશ આવ્યા. આ દરમ્યાન ૧૯૭૦માં ભવિષ્યની કામગીરી માટે સ્થળ પસંદગી કરવા ગુજરાતનાં વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ, આદિવાસી ગ્રામ્ય વિસ્તાર ઝઘડિયાની પસંદગી કરી. ૧૯૮૦માં સેવા રૂરલ (સોસાયટી ફોર એજ્યુકેશન, વેલફેર એન્ડ એક્શન રૂરલ) નામના ટ્રસ્ટની નોંધણી કરાવી ઝઘડિયામાં આરોગ્ય - સેવાકીય પ્રવૃત્તિના શ્રીગણેશ કર્યા.

સર્વે મિત્રોનો અભ્યાસ તબીબનો અને વ્યવસાય - અનુભવ પણ આરોગ્યક્ષેત્રનો. એટલે માનવ આરોગ્યની કામગીરીથી પ્રારંભ કર્યો. ૨૬મી ઓક્ટોબર, ૧૯૮૦માં રાજકોટના રામકૃષ્ણ આશ્રમના સ્વામી વ્યોમાનંદજીના આશીર્વચનથી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે સ્વામીજીએ - 'એક પાગલોંકા ઝુંડ ઝઘડિયા મેં સેવા કરને કે લિયે આયા હૈ...' કહીને તેમની શરૂઆતને બિરદાવી હતી. કાર્યક્ષેત્રમાં ઝુકાવ્યા બાદ આ વિચારધારાવાળી વ્યક્તિઓ સેવાયજ્ઞમાં જોડાતી ગઈ. સાથોસાથ જમીન અને આર્થિક સહયોગ પણ સાંપડતા ગયા. આજે ભરૂચ - નર્મદા જિલ્લામાં જ નહીં, દેશ પરદેશમાં 'સેવા રૂરલ'ની કામગીરીની સુવાસ ફેલાઈ અને પાંચેક વર્ષની કામગીરીમાં જ ૧૯૮૫માં WHOનો આંતરરાષ્ટ્રીય સાસાકાવા ઍવોર્ડ આ સંસ્થાને મળ્યો! યુનિસેફ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થામાં સેવા રૂરલના અનુભવો અને આંકડાઓની નોંધ લેવાતી થઈ!

રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના વિચારો અને આદર્શોને ચરિતાર્થ કરવાના ધ્યેય સાથે 'સેવા રૂરલ'નો પાયો નંખાયેલો. સંસ્થાનો પ્રયાસ ગરીબ અને વંચિતોને આરોગ્ય અને વિકાસના કાર્યો દ્વારા, જે તે સમાજની જરૂરિયાત અને પ્રાપ્ય માનવબળને ધ્યાનમાં રાખીને મદદરૂપ થવાનો છે. સાથોસાથ કાર્યમાં મૂલ્યોની જાળવણી અને કાર્યરત વ્યક્તિઓનો વ્યાપક અર્થમાં વિકાસ થાય તેવા પ્રયાસ રહ્યા છે. સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દષ્ટિકોણ — આ ત્રણ બાબતોને પાયામાં રાખી તેનો સમુચિત સમન્વય કરવાનો સેવા રૂરલ પ્રયાસ કરે છે. સંસ્થાના બધા જ કાર્યક્રમોના કેન્દ્રમાં કુટુંબના વંચિત સભ્યો જેવા કે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો તેમજ સમાજનો વંચિત વર્ગ એટલે કે ગરીબો રહ્યા છે.

સેવા રૂરલની કામગીરીનો પ્રારંભ થયો

*સત્ય કહેવાનું અને સહેવાનું જીગર રાખો.*

આરોગ્યની સેવાકીય કામગીરીથી. જોકે, પ્રારંભે પોતાનું દવાખાનું કે તેવું મકાન નહોતા. એટલે ૧૯૫૩માં શરૂ થયેલ કસ્તૂરબા મેડિકલ એઈડ સોસાયટીના પ્રસૂતિગૃહમાં મેડિકલની કામગીરીનો પ્રારંભ કરેલો. "કાર્યક્ષેત્રમાં ઝુકાવીશું એટલે સહાય અવશ્ય પ્રાપ્ત થશે જ. એવી જેમને શ્રધ્ધા હોય તેઓ જ કાર્ય કરે છે." સ્વામી વિવેકાનંદના આ વિચાર અને શ્રધ્ધાબળે ડૉક્ટર મિત્રોએ આરોગ્યની કામગીરી શરૂ કરેલી. આજે તો ૧૦૦ પથારીની કસ્તૂરબા હોસ્પિટલનો લાભ આજુબાજુનાં ૧૫૦૦થી પણ વધુ ગામના લોકો લઈ રહ્યા છે. પંદર પૂર્ણ સમયનાં ડૉક્ટર્સ અને લેબોરેટરી, અદ્યતન ઑપરેશન થિયેટર્સ, એક્સ-રે અને સોનોગ્રાફી, બ્લડ બેંક વગેરે વિભાગોથી સજ્જ હોસ્પિટલમાં ૩૫ ટકા ઓ.પી.ડી. અને ૭૫ ટકા ઈન્ડોર દર્દીઓની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે.

'ગામડાંઓમાં જાઓ, ગરીબોની પાસે જાઓ...' વિવેકાનંદના આ વિચારને સાકાર કરવા ગાંધીજીની જન્મજયંતી બીજી ઓક્ટોબર, ૧૯૮૨ના રોજ ગ્રામ આરોગ્યનું બીજું ડગલું માંડ્યું તે કોમ્યુનિટી હેલ્થ પ્રોજેક્ટનો પ્રારંભ કરીને. આ પ્રોજેક્ટ હેઠળ ૧,૭૧,૦૦૦ની વસતિવાળા ઝઘડિયા તાલુકાની અંદર માતા અને નવજાત શિશુના મૃત્યુદરને ઓછો કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સુરક્ષિત માતૃત્વ માટે ગુજરાત સરકાર અને યુનિસેફની યોજના હેઠળ આખા ઝઘડિયા તાલુકાના ૧૬૮ જેટલા ગામોને આવરી લેતાં ઘનિષ્ટ માતૃ અને બાળસંભાળના કાર્યક્રમથી છેલ્લાં દસેક વર્ષમાં તાલુકાના માતા મરણમાં ૭૫ ટકા અને નવજાત શિશુ મરણમાં ૪૦ ટકા જેટલો ઘટાડો થયો છે. 'સેવા રૂરલ'ની આ સિધ્ધિઓને ધ્યાને લઈ વર્ષ ૨૦૦૭માં વિશ્વ પ્રતિષ્ઠિત મેકાર્થર ઍવોર્ડ એનાયત થયેલ છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના ઝઘડિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંપૂર્ણ જવાબદારી સેવા રૂરલને સોંપી જે દેશમાં પ્રથમવાર બન્યું! અને સફળતાપૂર્વક સંચાલન થઈ રહ્યું છે.

ઝઘડિયામાં હોસ્પિટલ અને ગ્રામ આરોગ્ય પછી ત્રીજું કાર્ય ઉમેરાયું તે નેત્રરક્ષા કાર્યક્રમનું. ૧૯૮૮માં આંખના આરોગ્યની કામગીરીને વેગ મળ્યો. ઝઘડિયા અને વાલિયા તાલુકાઓની ૨.૬ લાખ વસતિના વિસ્તારને WHOની વ્યાખ્યા પ્રમાણે ૧૯૯૮માં મોતિયામુક્ત કરવામાં આવ્યો. નેત્રરક્ષા કાર્યક્રમ હેઠળ ૨૦ લાખની વસતિને આંખની વિવિધ સારવાર અદ્યતન સાધનોથી પૂરી પાડવામાં આવે છે. ડેડિયાપાડા, સાગબારા, રાજપીપળાના ગામડાંઓમાં જઈ નેત્ર કેમ્પો યોજી, દર્દીઓને તપાસવામાં આવે છે. મોતિયો ઉતારવાની કે અન્ય આંખની સારવારની જરૂર જણાય તેવા દર્દીઓને ઝઘડિયા લાવવામાં આવે છે. મોતિયો ઉતારી, સારવાર આપી, દર્દીને પોતાના ગામ - ઘરે મૂકી આવે છે. અંધજન પુનઃવસન કાર્યક્રમ હેઠળ ૬ તાલુકાના ૮૦૦થી વધુ અંધજનોને વિવિધ રીતે સ્વાવલંબી બનાવાયા છે.

આરોગ્ય બાદ શિક્ષણ અને ટેકનિકલ તાલીમ શાળાની કામગીરીનો પ્રારંભ કર્યો. આદિવાસી વિસ્તારના યુવાનોને ટેકનિકલ તાલીમ આપી પગભર કરવા ૧૯૮૬માં ભાડાના મકાનમાં તાલીમ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવેલ. જેનો વિકાસ થતાં આજે તો ઉરોડિયા ગામે ગુમાનદેવમાં વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્ર આકાર પામ્યું છે. જ્યાં તાલીમાર્થીઓને રહેવા જમવાની સુવિધા સાથે તાલીમ અપાય છે. આ કેન્દ્રમાં દર વર્ષે ૧૦૦ જેટલા અર્ધશિક્ષિત આદિવાસી અને ગ્રામીણ યુવાનોને વ્યવસાયિક તાલીમ બાદ અંકલેશ્વર અને ઝઘડિયા જી.આઈ.ડી.સી.માં - ઉદ્યોગોમાં નોકરી અને સ્વરોજગાર દ્વારા પગભર બનાવવામાં આવે છે.

મહિલાઓને સ્વરોજગારી મળી રહે તે માટે વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડના માર્ગદર્શન હેઠળ પાપડ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સીવણ કેન્દ્ર પણ ચલાવાય છે. છેલ્લાં વીસેક વર્ષથી હાથ ધરાયેલ મહિલા વિકાસને લગતા વિવિધ જાગૃતિ, સશક્તિકરણ અને આર્થિક રોજગારીના કાર્યક્રમોનું જુલાઈ-૨૦૦૨થી સેવા રૂરલ પ્રેરિત શારદા મહિલા વિકાસ સોસાયટી અંતર્ગત સ્વતંત્ર રીતે બહેનો જ સંચાલન કરે છે.

આરોગ્ય તાલીમ કેન્દ્ર કે જેમાં ગુજરાત અને અન્ય રાજ્યોની ૫૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી માળખાના કાર્યકરો અને દેશ વિદેશની કોલેજના વિદ્યાર્થીઓ મળી દર વર્ષે ૧૦૦૦ જેટલા તાલીમાર્થીઓ આરોગ્ય સંદર્ભમાં તાલીમ લઈ રહ્યા છે. સેવા રૂરલ ઝઘડિયાની હોસ્પિટલ માત્ર માનવ આરોગ્યની પ્રવૃત્તિ જ નથી કરતું, અહીંના ગ્રામીણ આદિવાસી લોકોમાં સામાજિક જાગૃતિ દ્વારા નારી સન્માન અને ગૌરવ અંગેનું કાર્ય, સમાજમાં ઘર કરી ગયેલા વહેમ, અંધશ્રધ્ધા, કુરિવાજો, દૂષણો પ્રત્યે લોકજાગૃતિ કેળવવા અને સ્ત્રી-પુરુષ સમાનતા અંગે સભાનતા પ્રસરાવવાનું કાર્ય પણ થઈ રહ્યું છે.

સેવા રૂરલ વ્યાપક સમાજના બધા જ અંગો જેવા કે સ્થાનિક લોકો, અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર, ખાનગી ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેને સાંકળી, સાથે રાખીને કાર્ય કરે છે. જેના પરિણામે વિકાસના લાભો અને તેની દૂરગામી હકારાત્મક અસરો સમાજનાં વંચિત વર્ગો, મહિલાઓ, આદિવાસીઓ અને ગરીબો સુધી પહોંચે છે. સંસ્થાની આ સઘળી પ્રવૃત્તિ માટે ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ - મુંબઈ, લીલાવતી આર. શાહ મેડિકલ રીલીફ ટ્રસ્ટ - મુંબઈ, સાઈટસેવર્સ (યુ.કે.) રાજ્ય અને ભારત સરકાર તથા સમાજના શ્રેષ્ઠીઓ અને ટ્રસ્ટો તરફથી નાણાંકીય સહાય મળતી રહે છે.

સેવા રૂરલનું મુખ્ય કામ માનવીય આરોગ્યનું... એટલે ઘણાં કડવા-માઠાં અનુભવો થતા રહે અને ૧૭૦ જેટલાં કાર્યકરોના સહયોગથી કાર્ય કરવાનું. તેમ છતાં વિવેકાનંદના - "....અને કદાચ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

*ક્યારેક ધીરજની પણ પરીક્ષા લેવી જોઈએ.*

લોક સાહિત્ય / કલા

# લોકસાહિત્યમાં દરિયો

• હસમુખ અબોટી •

ગદ્ય સાહિત્યમાં દરિયાઈ કથાઓ આપણને નવલકથા અને ટૂંકી વાર્તા સ્વરૂપે મળે છે. તેમ પદ્ય સાહિત્યમાં દરિયો, ખારવો અને ખારવણની સંવેદનાઓ કવિતાક્ષેત્રે અને લોકસાહિત્ય ક્ષેત્રે ઝીલાઈ છે. લોકસાહિત્ય એ આધુનિક યુગને મળેલો અમૂલ્ય વારસો છે. તેમાંય દરિયાઈ લોકસાહિત્યમાં દુહા, કવિતા અને ગીતોમાં વીર તેમજ કરુણરસ પ્રમુખ રહ્યાં છે. સરવાળે એટલું કબૂલવું રહ્યું કે સમગ્ર ગુજરાતી સાહિત્યમાં દરિયાઈ કૃતિઓ આપણને જરૂર કરતાં ઓછી મળે છે. પણ જે અને જેટલી માત્રામાં મળી છે તે ભાવકના હૃદય પર રાજ કરનારી અવશ્ય બની રહી છે.

અહીં લોકસાહિત્ય અને અર્વાચીન કવિતાઓમાંથી કેટલીક ચૂંટાયેલી કવિતાઓ જોવાનો આપણો ઉપક્રમ રહેશે. આ બંને પદ્ય સ્વરૂપોમાં દરિયો અભિદ્યા સ્થાને છે.

દરિયાને જોયા પછી સળવળતી ઊર્મિઓ જોનારની વ્યક્તિગત અને વિશિષ્ટ પ્રકારની રહેવાની તથાપિ કવિએ - કવિએ અનોખું ચિત્રાત્મક આલેખન થવાનું. સંવેદનાઓની ગતિ, લય અને કલ્પના સાવ નિરાળું રહેવાનું. પહેલા જોઈએ બકુલ બક્ષીની અર્વાચીન કવિતામાં કવિની આંખમાં દરિયો કેવો ઘૂઘવે છે? વરસાદ, ધુમ્મસ, તડકો અને આંસુઓમાં તેમને દરિયો કેવો પરિણામગામી બને છે.

*'ભરતીનો દરિયો*
*ઓટનો દરિયો*
*ખોવાયો વરસાદમાં*
*ભીનો ભીનો દરિયો.*
*ધુમ્મસ ભરી સવારની*
*ધોળી પાંખ ફેલાવે દરિયો...'*

સાગરખેડુ યૌવને પગ મૂકે કે તેના કોડ દરિયાની છાતી પર રમવાના જાગે છે. ડરે તે ખારવો નહીં. ચૌદ વર્ષનો ખારવો દુનિયા સાથે બાથ ભીડે. જાણે દરિયાને આશ્લેષમાં લઈ હંફાવવાનો ના હોય? કિરીટ ગોસ્વામી કહે છે તેમ, ખારવાની જુબાન પર એક જ વાત રમતી હોય 'આખ્ખોયે દરિયો છે તરવો આજ મારે! આખ્ખોએ દરિયો છે તરવો' તે સુપેરે જાણે છે કે તેનો જન્મ જેમ દરિયામાં થયો છે તેમ મૃત્યુ પણ દરિયામાં લખાઈને આવ્યો છે. છતાં લોકસાહિત્યમાં કહેવાયું છે તેમ 'વા ફરે, વાદળ ફરે, ફરે દરિયાના મોજા ક્રૂર, પણ ખારવો તોફાનથી ન ડરે, ભલે સાગરમાં ડૂબે દૂર.' સાગરછોરૂ ઘરેથી નીકળ્યા પછી તેની દુનિયા અફાટ સાગર છે. અહીં તેના શ્વાસોચ્છ્વાસ છે. તેના કૌતુકરસિક અંશો અહીંથી શરૂ થઈ જાય છે. ક્યારેક વિજોગણ પ્રિયતમા સાંભરી આવે છે ત્યારે તેને સંબોધી આંતરચેતના જગાડતો કહે છે :

*'અમે દરિયાનો ખોળો ખૂંદનારા રે... ખારવા...*
*ખારવા રામાબેલી...*
*હૈયા હો હૈયા રે, હૈયા હૈયા હો,*
*ઊંચે આકાશને નીચે છે પાણી*
*એ વચ્ચે વહાણ હાલક ડોલક થાય રે... ખારવા...*
*ખારવા રામાબેલી.'*

આફતના ટાણે પોતાનું સઘળું જોમ લગાડી જિજીવિષાને કાયમ રાખવા તે પ્રયત્નો કરે છે. તેના સંસારનું વાસ્તવાલેખન આવું કંઈ છે—

*'સાગરના નીર છલકાય રે! છોડો સહુ નાવ ભાઈ ખારવા,*
*વાયુના સાંસ છૂટે, લંગરના બંધ તૂટે,*
*જોજો ના જોમ ખૂટે, સૂતા સાહસને જગાડો.'*

અંત સમય સુધી ખારવો સાહસને છોડતો નથી તેમ હિંમત પણ હારતો નથી. દરિયાઈ સફરમાં ગયેલા માલમને પોતાનું ઘર સાંભરે છે. તે હવે પ્રિયતમાને મળવા અધીરો બન્યો છે ત્યારે પાછો ફરતી વખતે સાથી માલમને ઉદ્દેશીને કહે છે - હે માલમ! મારી નાવને જલ્દી પાર કરી દે. તારા સિવાય મારો કોઈ સાથી - સંગાથી નથી. માર્ગ ભૂલેલાને, ધ્રુવતારક બની દિશાના દ્વાર ખોલવા વિનંતી કરતાં કહે છે -

*'ઘૂઘવતા આ મધ દરિયેથી માલમ! મારી નાવ કરી દે પાર.*
*ના કોઈ સાથી, ના સંગાથી, દૂર હજી છે આરો,*
*સાગરમાં છે જોરની આંધી, એક ભરોસો તારો,*
*અટવાયેલી તરણી પર તું, વરસાવી દે આંખની અમીધાર.'*

ખેપમાં ઝાઝો સમય લગાડ્યા પછી પાછા ફરેલા વાલમને તેની પ્રિયતમા ઠપકો આપતા કહે છે... 'એય... આટલો વખત કેમ લગારિયો? જા... હવે તારે હાથ હું નથી આવવાની. બાહ્ય દિલથી પિયુની અવગણના કરતા આંતર અભિવ્યક્તિથી ગીત લલકારે છે. અહીં લોકસાહિત્યકારો ખારવણની ઈચ્છાને માછલીનું પ્રતીક આપી મનમાંછા સાભાર ઝીલે છે. જેટલી માછલી ચંચળ છે તેટલી જ ખારવણની મંછા ચંચળ છે. થોડીવારમાં રિસાઈ જાય તેમ થોડીવારમાં માની પણ જાય છે.

*'ઊંડા પાતાળની માછલી રે લોલ,*
*આવી ચડી કોક દિ' કિનારા, રંગ માલમજી લોલ...*
*હવે નંઈ આવું તારા હાથમાં રે લોલ...*
*નફા-ખોટનો તું તો નાખુદા રે લોલ.*
*ભારે હિસાબી હુંશિયાર, રંગ માલમજી લોલ...*
*હવે નંઈ આવું તારા હાથમાં રે લોલ...'*

*પોષાક નહી, જ્ઞાન જ ખરો પ્રભાવ પાડે છે.*

તે આગળ બોલતા કહે છે કે મને પકડવા ભલે તું સોનાની જાળ પાથરે પણ તે ફોગટ જશે. હું તો મુક્તિને ઝંખું છું. હવે પછી મારો અને તારો મેળાપ નથી થવાનો. માટે છેલ્લેરા તુંને મારા જુહાર છે.

રિસાઈ ગયેલી પ્રિયતમાને મનાવવા વાલમ ઘણાં પ્રયત્નો કરે છે. તેને આખી દરિયાઈ સફરના રુંવાડા ખડા થઈ જાય તેવા સ્વાનુભવો સંભળાવે છે. તેમ છતાંય તે માનતી નથી. તે કહે છે — 'તું મને બનાવેસ? હું પણ પાક્કી ખારવણ છું. મને બધી ખબર હોય હં... આવ્યોસ મને મનાવવા!' ફરી પિયુ સમજાવતાં કહે છે — 'ખારવણ! પાછલા દિવસોના કેવા ભરોસા? તને ખબર નહિ હોય કે હું કેવા કેવા તોફાનો પાર પાડીને અહીં આવ્યો છું!' તોય તેણી માનતી નથી. ત્યારે સંવેદનાઓ ઝણઝણી ઊઠે છે અને આંતરવ્યથા ઠાલવતા ગાય છે :

*'તારે કાપડે જો ઊડું - ઊડું ઓઢણ,*
*એ દરિયાની મેર ઊડું ઊડું મોરી ખારવણ,*
*આખરના વાયરાના નોંય ભરુંસા...*
*આ ખાડી ભરી નાગરી હાલક-ડોલક નૌકા*
*આ કાંઠા બજાર ફાટ્યા ફાટ્યા કરે બાંકા*
*તારે રુદિયા સાગરના મોજા જેટલી શંકા,*
*આખરના વાયરામાં નોંય ભરુંસા...'*

પ્રત્યેક ખારવાને તોફાન વખતે દૂરથી આવતા મોજા તરફ શંકા જતી હોય છે તેમ ખારવણના હૃદયે પણ શંકાના ઉભરા આવે છે. ખારવાબોલીનું આ ગીત છે. જેમાં માત્ર ઊર્મિઓને પકડવાની રહે છે. કબૂલ, વિચારોનું અહીં સાતત્ય નથી જળવાતું, પણ છે મજેદાર ગીત. આગળની પંક્તિઓ પણ જોઈ લઈએ :

*'દરિયે ગીયાના ઝાઝા હોય નહિ ઓરતા*
*વૈશાખી ખાવા ખાઈ મોંઘ-મોંઘ ચોરતા*
*તારે રુદિયે સાગરિયા લોઢ કેવા શોરતા...*
*ભરેલા ભંડાર બાઈ કામના ના છલકાયા,*
*ઘટ ઘેલા ઘુમટાઓ લેરે-લેરે ઉમટ્યા.*
*તારે બેઉં હૈયે રણુ રણુ મોરી ખારવણ,*
*આખરના વાયરાના નોંય ભરુંસા...'*

પ્રેમ સંબંધોમાં રાચેલો ખારવો હવે પોતાની ઉત્તરાવસ્થામાં પ્રભુ પ્રત્યેની આસ્થા તરફ વધુ ને વધુ ઢળતો જણાય છે, જે સ્વાભાવિક પણ છે અને પછી રંગાઈ જાય છે ભક્તિના રંગમાં. તેની દૃષ્ટિ બદલાઈ જાય છે. તોફાનમાં અટવાઈ પડેલા વહાણને જોઈને શ્યામને યાદ કરતાં પોકારી પોકારી કહી રહ્યો છે :

*'શામળા લેજો સંભાળ હોડી મારી દરિયે જુલે છે. ટેક.*
*મોહમાયાના લોઢ ઊઠે છે, દરિયામાં તોફાન અપાર-હોડી.*
*કામ ને ક્રોધના વાદળ ચડ્યા ઝેરના વરસા વરસાદ-હોડી.*
*ઝેરના ને વેરના વાવટા ચડ્યા છે, અંતરમાં તોફાન અપાર-હોડી.*
*એક જ ખારવો તુજને ધર્યો છે, એક મારે તારો આધાર - હોડી.*
*ભક્તિ સ્વરૂપી માલ ભર્યો છે, લઈ જાઓ સામે કિનાર-હોડી.'*

તેને પડેલા ભીડા વખતે શક્તિ સ્વરૂપા અંબા સ્મરણે ચડે છે. અભયપદ આપનારીનું ધ્યાન ધરી વહાણને કેમેય કરી ઉગારી લેવાનું આર્દ્રસ્વરે વિનંતી કરે છે. વહાણવટી ગરબામાં કહે છે — હે, માડી! મારું વહાણ ડૂબે છે. મારા પ્રાણ સંકટમાં છે. વરસાદ અને પવન વેરી બન્યા છે. હે મા... દરિયો દાટ વાળવા બેઠો છે ત્યારે મારું હૈયું મારા હાથમાં નથી. માટે ઉગાર માડી...! અને હાલક ડોલક વહાણમાં કૂવાસ્થંભને પકડી ભીના કંઠે ગાય છે — 'અંબા અભયપદ દાયિની રે. શ્યામા સાંભળજો સાદ ભીડ ભંજની...!' વણિકના સ્વપ્ને આવેલી વહાણવટી માતાના માત્ર સ્મરણ થકી આખેઆખું વહાણ તોફાનમાંથી હેમખેમ ઉગરી જાય છે. એ વહાણ હતું જગડુશા દાતારનું. કોયલા ડુંગર ઉપર બિરાજમાન હર્ષિદામાતાજી જેને સિખોતરમાતાજી પણ કહે છે એ માતાજીને પોરબંદર તરફ જતા વહાણો દરિયામાંથી ચોખા - ચુંદડી ચડાવી ભક્તિભાવના સુમનો અર્પણ કરે છે. તેવી જ રીતે પશ્ચિમ બાજુ ભારતીય વહાણવટીઓ જ્યારે જ્યારે આફ્રિકા તરફ ગયા છે અથવા જાય છે ત્યારે ઍડન બંદર પાસે આવેલા સોકોત્રા (SOCOTRA) દ્વીપ પાસે વહાણને થોભાવે છે અથવા દૂરથી દર્શન કરી લે છે કારણકે સૈકાઓ પૂર્વેના આપણા ખલાસીઓએ આ દ્વીપ ઉપર 'સિખોતર' માતાજીની સ્થાપના કરેલી. આ વિસ્તારમાં જ્યારે જ્યારે તોફાનો આવે છે ત્યારે ત્યારે અનુભવી એવા આધેડવયના ખલાસીઓ આ માતાજીનું સ્મરણ કરે છે. શાયદ તોફાન વેળાએ આપણા કચ્છી વહાણવટુઓને મઢવાળી આશાપુરા યાદ આવતી હશે અને ગાતાં હશે :

*'તોફાની દરિયામાં નાવ મઝધાર છે*
*આશાપુરા તારો રે આધાર છે*
*મઢવાળી માત હવે આવજો.*
*ફાંસીના દોરડા ફૂંકે રે ઉડાડતી*
*આજીવન કેદ કેરો બંધન છોડાવતી*
*સાખતી નૈયાની આર રે... આશાપુરા...'*

લોકસાહિત્ય એ લોકબોલીનો દરિયો છે. તેમાંય દરિયાઈ ગીતો હૃદયને ભીંજવી દે છે. એમાં પ્રેમ, ભક્તિ, શૌર્ય, કરુણા જેવા ભાવો મનને બહેલાવે છે. અને અંતે :

*'દરિયામાં લુંજબ-ઝુંજબ છે શેલમ હેઈસો!*
*છેદાઈ ક્યાં છે મારી જનમ નાવ હેઈસો!*
*છીપલાઓ, શંખ, માછલી, ડૂબેલ જહાજલાશ,*
*દરિયોય કેટલો છે બચરવાળ હેઈસો...!'*

*'ચંદન' હરિનગર-૧,*
*ફોરેસ્ટ ઓફિસની સામે, લિયા રોડ,*
*માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫. મો. ૯૪૨૮૫ ૬૭૯૦૦*

*હાર કે જીત છેવટે તો મન થકી જ હોય છે.*

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૫

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

- **વર્ષ ૨૦૦૬માં સુરત શહેરમાં આવેલ પાણીના પૂરને સમયે સમાજ દ્વારા આર્થિક મદદ કરવામાં આવેલ.**
- **તા. ૨૩-૧૦-૨૦૦૬ના નૂતન વર્ષાભિનંદન પ્રસંગના કાર્યક્રમના એક ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું વિશેષ આયોજન થયેલ.**
- **તા. ૧૮-૧૨-૨૦૦૬ના રોજ ભારત સરકારના વહીવટી સુધારણા પંચ સમક્ષ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા જરૂરી રજૂઆત કરવામાં આવેલ.**
- **મેડિકલ સેન્ટરમાં કેન્સર નિદાન તેમજ આંખની તકલીફ સંબંધી કેમ્પોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.**
- **વર્ષ ૨૦૦૭માં યુવક - યુવતિઓનાં સગપણ અંગે પરિચય મિલન સમારંભનું આયોજન થયું.**

માસ સપ્ટેમ્બર-૨૦૦૬માં સુરત શહેરમાં ઐતિહાસિક પૂર આવ્યું. તાપી નદીના પાણી સુરત શહેરની અંદર ફરી વળ્યા. સતત ૩ દિવસો સુધી સુરતવાસીઓ નદીના ૧૫થી ૪૦ ફૂટ પાણીનાં સ્તરમાં ફસાયેલા રહ્યા. સુરતમાં તે સમયે કચ્છી જૈનોનાં લગભગ ૫૦૦ પરિવારો રહેતા હતા. પૂરના સમાચાર મળતા જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક તાકિદની બેઠક બોલાવવામાં આવી. ચાલુ મીટિંગમાંથી સુરતનાં કચ્છી જૈન સમાજોના આગેવાનોનો સંપર્ક કરવામાં આવ્યો. તેઓના જણાવ્યા પ્રમાણે માલ મિલકતની ભયંકર તારાજી થઈ છે પણ આપણા સમાજોમાં કોઈ જાનહાનિ થઈ નથી. અમદાવાદ સમાજનાં દાતાઓએ સુરતમાં આર્થિક મદદ કરવાની સારી તૈયારી બતાવી.

તા. ૪-૧૦-૦૬નાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું એક પ્રતિનિધિ મંડળ શ્રી હીરજી પાસુભાઈ શાહની આગેવાની હેઠળ સુરત ગયું. સુરતમાં હોટેલ યુવરાજમાં કચ્છી જૈન આગેવાનો સાથે બેઠક કરી. ત્યાંના આગેવાનોએ પરિસ્થિતિથી આપણા પ્રતિનિધિ મંડળને વાકેફ કર્યા તથા કચ્છ અને મુંબઈથી આવેલ સહાયતા અંગે માહિતી આપી.

સુરતથી પાછા ફર્યા બાદ આ પ્રતિનિધિ મંડળે, ટ્રસ્ટ મંડળને પોતાનો અહેવાલ સુપરત કર્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટ મંડળે સુરત માટે સમાજનાં ફંડમાંથી રૂા. ૫.૦૦ લાખ ફાળવી આપ્યા. આ રકમ જરૂરિયાતવાળા ૩૮ જેટલા પરિવારોને વ્યક્તિગત રૂપે ચેકો દ્વારા મોકલી આપવામાં આવી. સુરતમાં કચ્છી જૈન સમાજનાં વિવિધ ઘટકોનાં તે સમયનાં આગેવાનોએ તથા હોટલ યુવરાજનાં મેનેજમેન્ટે સારો સહકાર આપેલ હતો.

સંવત ૨૦૬૩નાં નવા વર્ષના પ્રથમ દિવસે એટલે કે તા. ૨૩-૧૦-૨૦૦૬નાં રોજ સાંજે ૪ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સામૂહિક નૂતન વર્ષાભિનંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થાનાં પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ હાજર રહેલા સભ્યોને આવકાર્યા હતા અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નવતર પ્રયોગ રૂપે, રેડક્રોસ સોસાયટીનાં સહકારથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નૂતન વર્ષનાં અભિવાદન કાર્યક્રમ માટે આવેલા કચ્છી જૈન ભાઈ-બહેનોએ રક્તદાન માટે ઘણો ઉત્સાહ દાખવેલ હતો. લગભગ ૩૦/૩૫ ભાઈ-બહેનોએ રક્તદાન કરેલ હતું. નૂતન વર્ષનાં મિલન કાર્યક્રમમાં સમાજનાં ઘણા આગેવાનો સહિત લગભગ ૨૨૫/૨૫૦ સભ્યોએ હાજરી આપેલ હતી. આ સંસ્થાના કાયમી ટ્રસ્ટી શ્રી જગશી જેઠાભાઈ છેડા પોતાના અંગત કારણસર અમદાવાદ પધારેલ હતા, તેઓએ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમ માણેલ હતો તથા આ મિલન સમારંભમાં સૌ સભ્યોને નૂતન વર્ષાભિનંદન પાઠવેલ હતા. કાર્યક્રમના અંતે અલ્પાહાર લઈને સૌ છૂટા પડ્યા હતા.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનું ઉદ્‌ઘાટન તા. ૨૬-૧-૧૯૯૭નાં રોજ કરવામાં આવ્યું હતું. તેથી ૨૬-૧-૨૦૦૭ના રોજ પાલડી ભવનના ઉપયોગને ૧૦ વર્ષ પૂરા થયા હતા તથા શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન તા. ૬-૧-૨૦૦૨નાં રોજ કરવામાં આવ્યું હતું. તેથી તા. ૬-૧-૨૦૦૭નાં રોજ ૫ વર્ષની

*પાયાની હકીકત ઓળખીને જ આગળ વધો.*

સેવાઓ પૂરી કરી છઠ્ઠા વર્ષમાં પ્રવેશે છે. સંસ્થાનાં પ્રથમ સોપાન શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિરનું ઉદ્‌ઘાટન તા. ૧-૯-૮૯ના રોજ કરવામાં આવ્યું હતું. એટલે તેની સેવાઓને પણ ૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨મા વર્ષમાં પ્રવેશે છે તેની નોંધ 'મંગલ મંદિર'ના માસ જાન્યુઆરી-૨૦૦૭ના અંકમાં લેવામાં આવી હતી. રાષ્ટ્ર, રાજ્ય અને સ્થાનિક સ્તરનાં વહીવટનાં તમામ ક્ષેત્રોનાં વહીવટનાં સુધારણા માટે ભારત સરકાર દ્વારા એક કમિશનની નિમણૂક કરવામાં આવી હતી. જેના અધ્યક્ષ તરીકે કર્ણાટકનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી વીરપ્પા મોઈલીને નિયુક્ત કરવામાં આવેલ હતા. આ વહીવટી સુધારણા પંચ તરફથી તા. ૧૮-૧૨-૨૦૦૬ના રોજ સરકીટ હાઉસ, એનેક્સી, શાહીબાગ, અમદાવાદ ખાતે સુનાવણી રાખવામાં આવેલ હતી. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ વતી ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને શ્રી પ્રતાપ નારાણજી દંડે આ પંચ સમક્ષ ઉપસ્થિત રહી રજૂઆત કરી હતી. દૂરદર્શન અમદાવાદ તરફથી રજૂ થતા સાંજના સ્થાનિક સમાચારમાં તે દિવસે આ રજૂઆતનાં પ્રસંગને આવરી લેવામાં આવ્યો હતો.

પંચ સમક્ષની આ રજૂઆત પહેલા ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને શ્રી પ્રતાપ નારાણજી દંડ, ગાંધીનગર ખાતે રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ સાથે ચર્ચા કરી હતી. આ ચર્ચા વખતે રાજ્યના મંત્રીશ્રી અશોક જાડેજા અને શ્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત હતા. તા. ૨૬-૧-૨૦૦૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ૫૮મો પ્રજાસત્તાક દિવસ ઉજવ્યો. આ પ્રસંગે સમાજના સભ્યો તથા અતિથિઓ સ્થળ પર સમયસર ઉપસ્થિત થઈ ગયા હતા. પાલડી વિભાગના મ્યુનિ. કાઉન્સિલર શ્રી રાકેશ જશવંતલાલ શાહનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. આ પ્રસંગે વાસણા વિભાગના મ્યુનિ. કાઉન્સિલર શ્રીમતી કલ્પનાબેન રાવલ, કચ્છી સમાજ - અમદાવાદનાં પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

ધ્વજવંદન બાદ વાસણા વિસ્તારનાં મ્યુનિ. કાઉન્સિલર શ્રીમતી કલ્પનાબેન રાવલનાં હસ્તે મેડિકલ ચેક-અપ સેન્ટરમાં કેન્સર નિદાન કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કચ્છી સમાજના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલનાં હસ્તે આઈ ચેક-અપ કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજની કુ. સંગીતા ગાલાના આકર્ષક ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

ઉપરોક્ત ઉદ્‌ઘાટનો બાદ સમાજનાં સાંસ્કૃતિક હોલ ખાતે એક સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ "સંકલ્પ" તરફથી વિવિધ હરીફાઈઓ યોજવામાં આવેલ હતી. જેમાં મહેંદી, બાળ ચિત્ર તથા રંગોળી હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરીફાઈઓમાં અનેક બાળ કલાકારો તથા યુવતીઓએ ભાગ લીધેલ હતો. ઉપરોક્ત દરેક હરીફાઈઓનાં વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિનાં સભ્યો વચ્ચે સમાજનાં યુવક-યુવતીઓનાં સગપણ સંબંધી સમસ્યાની ચર્ચા અવારનવાર થતી રહે છે. અગાઉ પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજે બે સગપણ સંમેલનો યોજેલ હતા પણ જોઈએ તેવી ફળશ્રુતિ મળેલ ન હતી. સમાજની પરિચય મિલન સમિતિએ ફરીથી એક સગપણ સંમેલન યોજવાનું નક્કી કરેલ હતું અને આ વખતના સંમેલનમાં ફળશ્રુતિ મળે તેથી શ્રી કચ્છી જૈન સિવાયની યુવતીઓને પણ આમંત્રવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે બાબતે સંપૂર્ણ તૈયારીઓ આદરી દેવામાં આવી. કચ્છી જૈન સમાજના ભારતભરના મેગેઝીનોમાં સગપણ સંમેલન અંગેની જાહેરાતો મોકલાવી દેવામાં આવી. તા. ૧૦-૨-૨૦૦૭ તથા તા. ૧૧-૨-૨૦૦૭ એમ બે દિવસનું સંમેલન યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ભારતના જુદા જુદા વિસ્તારોમાંથી અતિથિ વિશેષો નક્કી કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત જે સમાજો કે ટ્રસ્ટો આવી પ્રવૃત્તિઓ કરતા હોય છે તેમના હોદ્દેદારોને પણ આમંત્રણ આપવામાં આવ્યા હતા. અમદાવાદના નવરંગપુરા સ્થિત દાદા સાહેબનાં પગલા તરીકે ઓળખાતી ખરતરગચ્છની દાદાવાડીના કમ્પાઉન્ડમાં આ સંમેલન યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

તા. ૧૦-૨-૨૦૦૭નાં દિવસે સવારનાં ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મે. ટ્રસ્ટી ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાના પ્રમુખપદે પરિચય મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમારંભના ઉદ્‌ઘાટક તરીકે નવનીત પરિવારના શ્રી શાંતિલાલ રામજી ગાલા હતા જ્યારે મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રી કચ્છી જૈન ઓસવાલ એકમ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રી રામજી રવજી મોતા હતા. અન્ય અતિથિ વિશેષશ્રીઓ તરીકે જૈન વિકાસ ફેડરેશનનાં સેક્રેટરી શ્રી વિક્રમભાઈ સી. બ્રોકર, શ્રી કચ્છી જૈન ઓસવાલ એકમ - મહારાષ્ટ્રના ઉપપ્રમુખ શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના તથા માનદ્ મંત્રી શ્રી દામજી કાનજી છેડા, શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન વડોદરાનાં પ્રમુખ શ્રી ઠાકરશી પદમશી પનપારિયા, શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - માટુંગા (પાખાડી)ના ઉપપ્રમુખ પ્રો. નવીનચંદ્ર હરખચંદ કુબડિયા, લાયન્સ ક્લબ - ભુજના ભૂતપૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી ભરત અમૃતલાલ મહેતા, ગાંધીધામના સામાજિક કાર્યકર શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટી શ્રી હરખચંદ કુંવરજી સાવલા હતા. કાર્યક્રમની શરૂઆત કુ. કાજલ ગાલાનાં મધુર કંઠે ગવાયેલ નવકાર મંત્રના મંગલાચરણથી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાએ પધારેલા સૌ મહેમાનોને તથા લગ્નોત્સુક યુવક - યુવતીઓ તથા તેમના

*સદ્‌ગુણોનો પ્રચાર કરો, સારાને મદદ કરો.*

પરિવારજનોને આવકાર્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં વિવિધ હોદ્દેદારોનાં વરદ્ હસ્તે અતિથિશ્રીઓનું શાલ ઓઢાડી તથા મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવનીત પરિવારનાં શ્રી શાંતિલાલ રામજી ગાલા તથા અન્ય અતિથિ વિશેષશ્રીઓનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી.

પધારેલા મહેમાનોએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા આ પ્રસંગે ત્વરિતપણે કુંડળીઓ મેળવવા રખાયેલ સગવડની તથા યુવક યુવતીઓનાં બ્લડ મેચિંગ માટે રખાયેલ પેથોલોજીકલ બ્લડ ટેસ્ટ, થેલેસેમિયા ટેસ્ટ વ્યવસ્થાની સરાહના કરવામાં આવી હતી. આ પ્રસંગે લગભગ ૬૦૦ વ્યક્તિઓની ઉપસ્થતિથી હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. આ પરિચય મિલન સંમેલનમાં ૧૦૫ યુવકો તથા ૭૮ યુવતીઓએ ભાગ લીધેલ હતો.

ઉદ્‌ઘાટન સમારંભ બાદ પરિચય મિલન સંમેલનની શરૂઆત કરવામાં આવી હતી. યુવક - યુવતીઓએ વારાફરતી પોતાના વડીલો સહિત સ્ટેજ ઉપર આવીને સ્વમુખે પોતાનો પરિચય આપેલ હતો. આ પ્રસંગે દરેક યુવક-યુવતી ઉમેદવારોને યાદગીરી રૂપે સંસ્થાનાં કાયમી ટ્રસ્ટી શ્રી કાંતિલાલ વેલજી સાવલાનાં સૌજન્યથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી એક મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ બાદ ૧.૩૦થી ૨.૩૦ વાગ્યા સુધી સમૂહ ભોજન માટે વિરામ આપવામાં આવેલ હતો.

ભોજન બાદ ફરીથી કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત રહેલ યુવક - યુવતીઓને રમત રમાડવામાં આવી હતી જેથી તેઓ વચ્ચે નિકટતા વધે અને એકબીજાને સમજી શકે. રમતગમત દરમ્યાન ઈચ્છિત યુવક યુવતીઓની તેમના વડીલો સાથે મીટિંગો યોજવામાં આવી હતી. જે કાર્યક્રમ લગભગ રાત્રે ૮.૦૦ કલાક સુધી ચાલુ રહ્યો હતો. રાત્રે ભોજન બાદ કુ. કવિતા દંડ તથા કુ. શિવાની ઝવેરી દ્વારા ઉપસ્થિત યુવક - યુવતીઓના વિવિધ ગ્રુપ પાડી અંતાક્ષરી રમાડવામાં આવી હતી. જે કાર્યક્રમ રાત્રે ૧૦ વાગે પૂર્ણ થયો હતો. કાર્યક્રમનાં બીજા દિવસે ઉપસ્થિત યુવક - યુવતીઓની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી તથા વડીલોનાં પ્રવચનો તથા તેમના પ્રતિભાવોનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આગલા દિવસે બાકી રહેલી યુવક - યુવતીઓની મીટિંગોનો દોર ફરીથી શરૂ કરવામાં આવ્યો હતો. સમૂહ ભોજન બાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.

***(ક્રમશઃ)***

## ઉમદા પરાજય!

એક શહેરની જાણીતી શાળામાં વાર્ષિક રમતોત્સવ ઊજવાયો.

વિવિધ રમતોની સ્પર્ધામાં શાળાનાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ બધી રમતોમાં ૧૦૦ મીટરની દોડમાં પ્રથમ આવનારને પરદેશમાં રહેતા એક એન.આર.આઈ. તરફથી ૫૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત થઈ હતી.

શાળામાં સાતમાં ધોરણમાં બે છોકરા ભણતા હતા. એ બંને એકબીજાના પાકા દોસ્તો હતા.

એક છોકરાનું નામ વિજય અને બીજાનું નામ અજય હતું. વિજય ધનવાનનો પુત્ર હતો જ્યારે અજય સાવ ગરીબ ઘરનો પુત્ર હતો.

વિજય દોડમાં આખીયે શાળામાં જાણીતો હતો. દર વર્ષે તે ૧૦૦ મીટરની દોડમાં પ્રથમ આવતો હતો. જ્યારે અજય દોડમાં તેનાથી પાછળ રહેતો. ૧૦૦ મીટરની દોડ શરૂ થઈ. વિજય આગળ જ હતો... તેની પાછળ પાછળ અજય દોડતો હતો.

...પરંતુ એટલામાં શું થયું કે અટક સ્થાનના એકાદ મીટર પાછળ વિજય પડી ગયો!

- અને અજય આગળ નીકળી ગયો ...

અજય સ્પર્ધા જીતી ગયો.

પી.ટી. શિક્ષકે જ્યારે વિજયને પડી જવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું : 'સાહેબ, કોઈને કહેશો નહિ! હું જાણી જોઈને પડી ગયો હતો. ઈનામની અજયને જરૂર છે.'

**બોધ વાક્યો :**

★ સાચી મિત્રતા બલિદાન માગે છે.

★ મિત્ર માટે ઉદાર રહો.

★ બીજાની જીતમાં આપણી જીત માનો.

★ ત્યાગની ભાવના સાચી માનવતા છે.

★ પરોપકાર શ્રેષ્ઠ ધર્મ છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

## ગાડી - લાડી

***સ :*** ગાડી અને લાડીમાં શું ફર્ક?

***જ :*** અટકે ત્યારે ધક્કો મારવો પડે તે ગાડી અને વટકે ત્યારે આપણને ધક્કો મારે એ લાડી. ■

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

તંદુરસ્તી

# "મને સવારના સ્ફૂર્તિ રહેતી નથી, ઊંઘ વધારે આવે છે."

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

- **કેસ સ્ટડી :**

૩૯ વર્ષની સ્નેહલનું (નામ બદલ્યું છે) છેલ્લા બારેક મહિનાથી વારંવાર માથું દુઃખતું હતું. ભૂખ લાગતી ન હતી. નબળાઈ રહેતી હતી. થોડુંક જ કામ કરતાં થાકી જતી હતી. ત્રણેક કિલો વજન ઘટી ગયું હતું. ચક્કર આવતા હતા. કબજિયાત રહેતી હતી.

રાત્રે ઊંઘ મોડેથી આવતી હતી. ઊંઘમાં ખૂબ સપનાઓ આવતા હતા. સવારમાં સ્ફૂર્તિ રહેતી ન હતી. પથારીમાંથી ઉઠીને કામ કરવાનું મન થતું ન હતું. સવારના પરાણે ઊઠીને પરાણે કામ કરતી હતી. કામ કરવાની ગતિ ધીમી થઈ ગઈ હતી (Slow in speed) કામ મોડું થતું હતું.

મનમાં વિચારો વધારે આવતા હતા. નકારાત્મક વિચારો આવતા હતા. ખોટી ચિંતા રહ્યા કરતી હતી. ૧૦ વર્ષના દીકરાની સતત ચિંતા રહ્યા કરતી હતી. દીકરો સ્કૂલેથી પાછો ઘરે ન આવે ત્યાં સુધી ચિંતા કર્યા કરતી હતી. દસથી પંદર મિનિટ પણ સ્કૂલેથી આવવાનું મોડું થાય તો બારીમાં ઊભી ઊભી દીકરાની રાહ જોતી.

દોઢેક મહિનાથી સ્નેહલ સવારના ખૂબ મોડી ઉઠતી હતી. અગિયારેક વાગે ઉઠતી હતી. ગુંજન (સ્નેહલનો પતિ) સ્નેહલને ઉઠાડવા પ્રયત્ન કરે તો કહે કે હું હમણાં જ ઊઠું છું પરંતુ અથાગ પ્રયત્નો છતાં દસ વાગ્યાની પહેલાં તો સ્નેહલ ઊઠી શકતી ન હતી. મોટાભાગે સવારના અગિયાર તો વાગી જ જતા. દીકરાની સવારની સ્કૂલ હતી. એટલે ગુંજન દીકરાને તૈયાર કરી સ્કૂલે મૂકી આવતો. ગુંજન સવારમાં ઘરમાં થોડુંક કામ કરીને પછી પોતાના કામે જતો. બપોરનું જમવાનું મોડું થતું. એકાદ મહિનાથી બાજુમાં રહેતી સ્નેહલની મોટી બહેન સવારના સ્નેહલના ઘરે આવીને રસોઈ કરી જતી હતી તથા નાનું મોટું બીજું કામ કરી જતી હતી.

પંદરેક દિવસથી તો સ્નેહલ બપોરના જમવાના સમયે ઊઠતી હતી. જમીને પાછી સૂઈ જતી હતી. સાંજના ચાર-પાંચ વાગ્યા પછી ઊઠતી. ત્યારબાદ બાકી રહેલું ઘરનું કામ કરતી તથા સાંજની રસોઈ કરતી. આ વર્તણૂકથી સ્નેહલને મનમાં ખૂબ લાગી આવતું હતું. ઘણી વખત રડતી હતી તથા ગુંજનને રાતના કહેતી કે હું સવારના વહેલી ઊઠીને મારું કામ પૂર્વવત પ્રમાણે કરીશ. પરંતુ જેવી સવાર પડે કે ફરીથી એ જ રૂટીન. સ્નેહલ કહેતી કે સવારના શું થાય છે, મને ખબર પડતી નથી. સવારના મારું મન તથા તન મારા કાબૂમાં રહેતા નથી.

નજીકના કુટુંબીજનો સ્નેહલને સલાહ આપતાં કે મન મજબૂત કર તથા સવારના વહેલી ઊઠવાનો પ્રયત્ન કર તો ચોક્કસ ઊઠી શકીશ. અમે રાતના મોડા પણ સૂઈએ છીએ પરંતુ સવારના સમયસર ઊઠીને કામ કરીએ છીએ. તું પણ સવારના ઊઠી શકીશ. એલાર્મ રાખ, મોઢા પર પાણી છાંટ વગેરે. પણ પરિણામ શૂન્ય આવ્યું.

કુટુંબીજનોને લાગ્યું કે સ્નેહલને કામ કરવું નથી, આળસ આવી ગઈ છે. સવારના કામકાજ વધારે હોય ત્યારે જ સૂઈ જવું છે. મોટી બહેન કામ કરી જાય છે એટલે હવે જવાબદારી લેવી નથી.

એક હિતેચ્છુએ મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી. ગુંજન તથા કુટુંબીજનોને થયું કે સ્નેહલને શું મનની બીમારી હોઈ શકે? સાંજ પછી તો નોર્મલ હોય છે. કામકાજ કરે છે, સવારના આળસ છે, બીમારી નથી.

આ જ રીતે બીજા ત્રણ મહિના નીકળી ગયા.

એક દિવસ ઓચિંતી સાંજના સ્નેહલને ગભરામણ થવા લાગી, છાતીમાં જોરદાર દુઃખાવો ઉપડ્યો, પરસેવે રેબઝેબ થઈ ગઈ. મુંઝારો થવા લાગ્યો. શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. હમણાં જ કાંઈ થઈ જશે એવું લાગવા માંડ્યું. તાત્કાલિક ઇમરજન્સીમાં હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં દાખલ કર્યા. સદ્ભાગ્યે વૈદ્યકીય તપાસ નોરમલ હતી. કાર્ડિયોગ્રામ પણ નોર્મલ આવ્યો. નિરીક્ષણ માટે ત્રણ દિવસ હોસ્પિટલમાં રાખ્યા. સ્ટ્રેસ ટેસ્ટ તથા એન્જિયોગ્રાફી પણ નોર્મલ આવ્યા. કાર્ડિયોલોજિસ્ટે અભિપ્રાય આપ્યો કે હાર્ટ નોર્મલ છે. હાર્ટ ઍટેક નથી. પરંતુ આ હતાશીની બીમારીનો કેસ છે. માટે મનોચિકિત્સકની સારવારની જરૂરત છે.

ગુંજનના એક મિત્રે ઈન્ટરનેટ પર હતાશાની બીમારીની માહિતી મેળવી અને ગુંજનને લેખકનો અભિપ્રાય લેવા સમજાવ્યા.

- **નિદાન :**

શારીરિક બીમારીનું નિદાન : (૧) રોગીના લક્ષણો, (૨) વૈદ્યકીય તપાસ તથા જરૂરત પ્રમાણે, (૩) લેબોરેટરી તથા અન્ય સ્પેશિયલ તપાસ દ્વારા કરાય છે.

તેવી જ રીતે મનની (માનસિક) બીમારીનું નિદાન (૧) રોગીના લક્ષણો (શારીરિક તથા મનના), (૨) શારીરિક વૈદ્યકીય તપાસ, (૩) મનની વૈદ્યકીય તપાસ

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

(Mental Status Examination - M.S.E.) જેમાં વિચાર, વાણી, વર્તણૂક, લાગણી, મિજાજ (મુડ), સ્મરણ શક્તિ, એકાગ્રતા વગેરેની વૈજ્ઞાનિક રીતે તપાસ કરાય છે. (૪) લેબોરેટરી તથા જરૂરત પ્રમાણે સ્પેશિયલ તપાસ (સી.ટી. સ્કેન, એમ.આર.આઈ.), (૫) સાયકોલોજીકલ તપાસ દ્વારા કરાય છે.

***સ્નેહલના કિસ્સામાં –***

(૧) લક્ષણો : હતાશાની બીમારીના હતા. (આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ મુજબના લક્ષણો. ઊંડાણમાં નીચે આપ્યા છે.)

(૨) શારીરિક વૈદ્યકીય તપાસ : નોર્મલ હતી (શારીરિક બીમારી નથી.)

(૩) મનની વૈદ્યકીય તપાસ : હતાશાની બીમારીના ચિહ્નો હતા.

(૪) લેબોરેટરી તપાસ : નોર્મલ હતી. (શારીરિક બીમારી ન હતી.)

(૫) સાયકોલોજીકલ તપાસની જરૂર ન હતી.

***આમ, સ્નેહલનો કિસ્સો હતાશાની બીમારીનો છે.***

● **સારવાર :**

હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. સારવારથી સુધારો થયો તથા લક્ષણો કાબૂમાં આવ્યા. ઊંઘ નોર્મલ થઈ. ધીમે ધીમે જેમ સુધારો થતો ગયો તેમ સવારની ઊંઘ ઓછી થતી ગઈ. સ્નેહલ સવારના વહેલી ઊઠતી થઈ. સ્નેહલ પૂર્વવત સવારના પોતાના સમયે ઊઠી જતી. એલાર્મની પણ જરૂરત ન હતી. દીકરાને તૈયાર કરી સ્કૂલે મૂકી આવતી હતી. સવારના ઘરના અન્ય કાર્યો પણ કરવા લાગી તથા રસોઈ બનાવવા લાગી. મોટી બહેન હવે કામ માટે સ્નેહલના ઘરે આવતી ન હતી.

● **મનોવિશ્લેષણ :**

૧. સવારના ભાગમાં સ્ફૂર્તિ ન રહેવી : રાત્રે વ્યવસ્થિત ઊંઘ આવી હોય તો પણ સવારના સ્ફૂર્તિ ન રહે. મન પ્રફુલ્લિત ન રહે. ઊંઘમાંથી ઊઠીને કામ કરવાની ઈચ્છા ન થાય. કાંઈપણ કર્યા વગર પથારીમાં પડ્યા રહેવાનું મન થાય વગેરે હતાશાની બીમારીના લક્ષણો છે.

મગજમાં આવેલા મનના અવયવોમાં થતાં રાસાયણિક ન્યુરોટ્રાન્સમિટર્સના (સીરોટોનીન, નોરએપીનેફ્રીન વગેરે) ફેરફારોને લીધે આ લક્ષણો ઉત્પન્ન થાય છે. આ આળસ નથી. આ લક્ષણો પર દર્દીનો કાબૂ નથી. ન્યુરોટ્રાન્સમિટર્સની વધઘટને લીધે લક્ષણોમાં વધઘટ થાય છે તથા દિવસના સમયમાં વધઘટ થાય છે (mood variation). સવારમાં લક્ષણો વધારે હોય છે, બપોરના થોડા ઓછા હોય છે. સાંજે એનાથી પણ ઓછા હોય છે. (સ્નેહલનો કેસ).

૨. ૧૫% દર્દીઓને ઊંઘ વધારે આવે : હતાશાની બીમારીમાં ૮૦%થી ૮૫% દર્દીઓને ઊંઘ ઓછી આવે છે પરંતુ ૧૫% દર્દીઓને ઊંઘ વધારે આવે છે. રાત્રે પૂર્ણ ઊંઘ થઈ હોય પછી પણ સવારે નિત્યક્રમ પતાવી ફરી સૂઈ જાય છે. ૧૬થી ૧૮ કલાક ઊંઘ આવે છે.

● **હતાશાની બીમારીના લક્ષણો :**

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ પુસ્તક (International Classification of Diseases – I.C.D.) હાલમાં ૧૦મી આવૃત્તિ ઉપયોગમાં છે. (ICD-10) તે મુજબ હતાશાની બીમારીના લક્ષણો નીચે મુજબ છે :

૧. હતાશા, નિરાશા, મનમાં આનંદ / ઉત્સાહ ન રહેવો, રડવું આવવું (Depressed mood)

૨. રસ ઊડી જવો, રૂચિ ઓછી થવી (કામમાં, મનોરંજનમાં) (diminished interest or pleasure)

૩. વજન ઘટી જવું / વજન વધી જવું.

૪. અનિદ્રા / વધારે ઊંઘ આવવી.

૫. અશક્તિ, નબળાઈ, કોઈ પણ શ્રમ વગર અશક્તિ લાગે, ટોનિક કે ઈન્જેક્શનો લીધા બાદ પણ અશક્તિ લાગે.

૬. નકારાત્મક વિચારો આવે, આત્મવિશ્વાસ ઓછો થઈ જાય, અપરાધભાવ.

૭. નિર્ણય શક્તિ ઓછી થાય, એકાગ્રતા ન રહે, ભૂલકણાપણું.

૮. મરવાના વિચારો, આત્મહત્યાના વિચારો આવે.

૯. શારીરિક લક્ષણો : માથાનો દુઃખાવો, છાતીમાં દુઃખાવો, ચક્કર આવે, શરીરમાં કળતર, ગભરામણ થાય - શારીરિક તપાસ નોર્મલ આવે.

***ઉપરોક્ત લક્ષણોમાંથી***

(અ) પાંચ કે તેનાથી વધારે લક્ષણો હોય.

(બ) એકી સાથે એકી સમયે હોય,

(ક) બે અઠવાડિયાથી વધારે સમય માટે હોય તો હતાશાની બીમારીનું નિદાન કરાય છે અને યોગ્ય સારવાર કરવી જરૂરી છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ.માગ,'*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

વાર્તા

# પ્રેમ – જીવનનો પ્રાણવાયુ

● ડૉ. ઊર્મિલા શાહ ●

અભિજિત અમેરિકા ગયો ત્યારે આશાબહેન અને અજિતભાઈના મનમાં આનંદનો પાર ન હતો. દીકરાને સરસ ભણાવ્યા ગણાવ્યાનો સંતોષ હતો. અભિજિત નાનો હતો ત્યારથી અજિતભાઈએ તો મનમાં નક્કી કર્યું જ હતું કે 'અભિજિતને મારે એન્જિનિયર બનાવવો છે ને પરદેશ મોકલવો છે. એક વખત ત્યાં ભણી ગણીને અમેરિકા સેટલ થઈ જાય એટલે આપણે તો જગ જીત્યાં.' આશાબહેનને ઊંડે ઊંડે જરા એમ ખરું કે 'ના, ના, એટલે દૂર સુધી દીકરાને કાંઈ મોકલવો નથી. દીકરા તો આપણી નજર આગળ સારા. કાલે ઊઠીને માંદાસાજા થઈએ તો આપણું કોણ? આપણે કાંઈ ઓછાં બે-ચાર દીકરા છે! અભિજિત અને અલ્પના. અલ્પના તો કાલ મોટી થઈને સાસરે જાય. પછી આપણું કોણ! ઘર તો પછી ખાવા ધાય. એકલા એકલા તે જિંદગી શે જિવાય!" પણ અજિતભાઈ ઘણા મક્કમ હતા અને એટલે આશાબહેને આખરે અભિજિતને અમેરિકા મોકલવો જ પડ્યો. અભિજિત અમેરિકા જતો હતો ત્યારે આશાબેને તેને છાતીસરસો ચાંપી વહાલથી માથે હાથ ફેરવતાં એટલું જ કહ્યું, 'બેટા! એ પારકા પરદેશમાં સાચવીને રહેજે. આપણા અહીં કરતાં એ દેશ ખૂબ જુદો છે. આપણા કુળની ખાનદાનીને છાજે તેવી રીતે જીવજે દીકરા! બાકી તો તું હવે સમજુ છે, મોટો છે. તને વધુ તે શું કહું! તને મારા હૃદયનાં ખૂબ ખૂબ આશીર્વાદ છે બેટા!' ને એમણે અભિજિતને વહાલથી કપાળે ચૂમી લીધો. ને ભારે હૃદયે કપાળમાં કુમકુમ તિલક કરી અક્ષત ચોડી વહાલથી વિદાય કર્યો.

અભિજિત નાનો હતો ત્યારથી જ આશાબહેને તેને ખૂબ જતનથી ઉછેર્યો હતો. મા હોય એટલે તેનો ઉછેર તો તે કરે જ પણ સાથે સાથે એમણે એને ખૂબ પ્રેમથી ઉછેર્યો હતો. અભિજિતનો જન્મ થયો એ પહેલાં આશાબહેન સ્કૂલમાં નોકરી કરતાં હતાં. શિક્ષણનો વ્યવસાય એ તો તેમનો ખાસ શોખ હતો. પણ અભિજિતના જન્મ પછી આશાબહેનને એમ લાગ્યું કે 'હવે અભિજિતને તેમની વધુ જરૂર છે.' માની ગેરહાજરી બાળકના ઉછેરને કથળી નાખે છે. બાળકને માટે તો માનો પ્રેમ, માની હૂંફ, માનો સમય બહુ જ મહત્ત્વનાં છે, બાળકને હૃદયમાં એવી ખાતરી હોય કે 'તેને માટે તેની મા ગમે ત્યારે, ગમે તે પળે, ગમે તે કરવા તૈયાર જ હોય છે.' તો તે ખૂબ નિશ્ચિતતાથી જીવી શકે છે, 'હાશ' અનુભવી શકે છે ને તેને પરિણામે તેની પ્રગતિ ખૂબ સારી રીતે પાંગરી શકે છે. શિક્ષણ ક્ષેત્રમાં રસ હોવાને કારણે આશાબહેનને માની ભૂમિકાની મહત્તાનો સારો એવો ખ્યાલ હતો અને એટલે એમણે નોકરી છોડવાનો તેમનો વિચાર અજિતભાઈને જણાવ્યો ત્યારે અજિતભાઈએ સલાહ પણ આપી કે, "બાઈ રાખી લે ને! આટલી સારી નોકરી શું કામ છોડે છે?"

"અરે! ભાડૂતી માણસ એટલે ભાડૂતી માણસ. એને આપણા છોકરા માટે એટલી મમતા ક્યાંથી હોય! મારે કાંઈ મારા દીકરાની જિંદગી નથી બગાડવી. મારે તો અભિજિત પહેલો ને બીજું બધું પછી. એ મોટો થાય પછી ક્યાં કામ નથી થતું! દસ બાર વર્ષનો જ પ્રશ્ન છે ને! કેરી ખાવી હોય તો આંબો વાવવોય પડે ને, એને ઉછેરવોય પડે જ ને! નહીં તો ફળ ક્યાંથી ખાવા મળે! કાંઈ તપ વિના સિદ્ધિ ઓછી જ મળે છે! ને આખાય ગામનાં છોકરાંને ભણાવીને હોશિયાર કરું ને મારા હૃદયના ટુકડા એવા અભિજિતને જ અળગો કરું! ના ના અજિત તમે એવું ન કહેશો. મારાથી અભિજિતને અળગો કરી નોકરી નહીં થાય." ને આશાબહેને શિક્ષણક્ષેત્રના વ્યવસાયને તિલાંજલિ આપી, પોતે પોતાનાં સંતાનના શિક્ષણમાં, જતનમાં, ભણતર ને ઘડતરમાં સંપૂર્ણપણે લાગી ગયાં. તેમના જીવનમાં માની ભૂમિકાનો અગ્રતાક્રમ સૌ પ્રથમ હતો, અભિજિતના ઉછેર પાછળ તેમણે તેમનાં ગૃહિણી અને પત્નીની ભૂમિકાનું ય મહત્ત્વ ઓછું કરી દીધું હતું. એમના મનમાં તો એક જ રઢ હતી. "મારે તો અભિજિત પહેલો. મારા જીવનમાં હવે અભિજિત સિવાય બીજું કંઈ જ નહીં." ને આજે એમની એ સાધના ફળી હતી. તપ વિના ક્યારેય સિદ્ધિ મળે છે ખરી! અભિજિત અમેરિકા જતો હતો ત્યારે તેમના હૃદયમાં વિરહની વેદના તો હતી જ પણ સાથે સાથે એમણે નિષ્ઠાપૂર્વક કરેલી સાધનાની સિદ્ધિનો સંતોષ પણ હતો. એમની છાતી જાણે ગજગજ ફૂલી રહી હતી. એક મા તરીકે તેમનું માથું જાણે ગૌરવથી ઊંચું હતું. અભિજિતને એની મા માટે ખૂબ માન હતું. અભિજિત ક્યારેક કાગળમાં લખતો 'મા તેં મારે માટે શું શું નથી કર્યું! હું તો સદાય તારો ઋણી છું. હું આજે જે છું તેનો યશ તને ને પપ્પાને જાય છે. તમે લોકોએ રાતદિવસ એક કરી મારી જિંદગી બનાવી છે. મારા હૃદયની આ લાગણી હું કેવી રીતે વ્યક્ત કરી શકું! મા...મા...! મારી પાસે એ વ્યક્ત કરવા શબ્દો પણ ઓછા પડે છે." ને એ કાગળ વાંચી અજિતભાઈ ને આશાબહેનની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. બેઉના જીવનમાં જાણે એક સંતોષની લાગણી પ્રસરી ગઈ. અભિજિત આટલે દૂર હોવા છતાં જે કોઈને તેઓ મળે તેમને તેમનાં અભિજિતની વાતો કરતાં તે થાકતાં જ નહીં.

અભિજિત તો કામમાં રોકાયેલો હોય એટલે કાગળ લખતાં ય મોડું વહેલું થાય. શરૂ શરૂમાં ગયો ત્યારે તો દસ પંદર દિવસે અભિજિતનો કાગળ અચૂક આવે જ. પણ

*અરસ પરસ વિશ્વાસથી વધુ ઉન્નતિ થાય છે.*

ધીરે ધીરે કરતાં એ ગાળો મોટો થતો ગયો. ક્યારેક મહિનો પણ થઈ જવા લાગ્યો. એથી વધુ પણ સમય જવા લાગ્યો. આશાબહેન છતાંય વિચારતાં જ રહેતાં. 'છોકરાં બિચારાં કામ કરી કરીને થાકી જાય, સમય પણ ક્યાંથી કાઢે!" નાનપણથી જ એને જીવની જેમ જતન કરીને ઉછેર્યો હતો એટલે એમના હૃદયથી એને થોડુંય છેટું પડે તે કેમ સહી શકે! ને એટલે ભલે અભિજિતનો કાગળ આવે કે ન આવે પણ એ તો દર અઠવાડિયે અભિજિતને અચૂક કાગળ લખે જ. "મારો અભિજિત ભલે અમેરિકા રહે. પણ અમારાથી એ દૂર ન પડી જવો જોઈએ." ને એટલે એ અવારનવાર અજિતભાઈને પણ દીકરાને કાગળ લખવા કહેતાં. અરે! ક્યારેક તો ખાસ ટોકીને બેસાડતાં. "દીકરાને કાગળ ન લખો તો લાગણીનાં બંધન કેમ ટકી શકે! આપણે તો તેને મમતાને તાંતણે બાંધી રાખવાનો છે. ભણાવી ગણાવીને ભલે આપણે તેને તૈયાર કર્યો પણ હવે આપણી સાથે તેને લાગણીથી જોડી રાખવાની જવાબદારી આપણી છે."

અજિતભાઈ ક્યારેક દલીલ કરતા કે "હવે આપણી ફરજ પૂરી થઈ ગઈ. છોકરાને તૈયાર કરી દીધો. હવે એ એના પગ પર ઊભો રહી ગયો છે. હવે ક્યાં સુધી એની ફિકર કરવાની હોય!" પણ આશાબહેન તો કહેતાં "તમને પુરુષોને એ ક્યાંથી સમજાય! આ તો કરોળિયાનું જાળું છે. એક વાર એમાં પડ્યાં એટલે એમાં ગૂંથાયા જ કરવાનાં. મમતાનો ક્યારેય અંત આવે ખરો!" ને આખરે અજિતભાઈ પણ કાગળ લખવા બેસી જતા.

અને આમ આશાબહેન અને અજિતભાઈનું દાંપત્ય, સહજીવન અભિજિતની આસપાસ ગૂંથાઈને ચાલતું હતું. અભિજિત પણ એક પછી એક સિદ્ધિનાં શિખરો સર કરતો જતો હતો. નાનપણથી જ તેનામાં મહત્ત્વાકાંક્ષા ને પ્રેરણાનાં સિંચન ભરપૂર થયાં હતાં. એટલે એક સિદ્ધિ સર કરે ને તેનું અંતર સિદ્ધિનાં બીજાં શિખરને સર કરવા સળવળી ઊઠતું. ક્યારેક એવું લાગે કે 'સંતોષ એ જીવનનું મોટું સુખ છે.' પણ તો પછી માણસ જીવનમાં પ્રગતિ કેવી રીતે સાધી શકે! સંતોષ જીવનમાં સુખ માટે જરૂરી છે એ હકીકત સાચી લાગે છે એ જરૂર પણ સંતોષનો અનુભવ થાય તો માણસને આગળ વધવાની પ્રેરણાય ક્યાંથી થાય! મહત્ત્વાકાંક્ષા વિના માણસ પ્રગતિ કેવી રીતે સાધી શકે! અભિજિત આ જ રાહ પર આગળ વધી રહ્યો હતો. પણ તેના હૃદયમાં સતત એક રટણ ચાલતું હતું, "મમ્મી-પપ્પાનું જીવન સુખી થવું જોઈએ. એમને દુઃખ ન પડવું જોઈએ." ને એટલે તે સતત કહ્યા કરતો. "પપ્પા, તમે અગવડ ન ભોગવશો, પૈસાની ચિંતા ન કરશો. તબિયત સાચવજો. માણસ રાખી લેજો." જાણે એક બાજુ અભિજિત તો બીજી બાજુ આશાબહેન અને અજિતભાઈ બંને સામસામા પક્ષે સતત ચિંતા કરતાં રહેતાં. ત્રણેયનાં હૃદયમાં સામાના સુખ માટે ઝંખના હતી. અને સાચો પ્રેમ પણ એમાં જ છે ને! પ્રેમમાં પામવા કરતાં આપવાની જ વધુ ઝંખના હોય છે. બીજાને સુખી કરવામાં, સુખી જોવામાં જે પ્રેમની અનુભૂતિ થાય છે તેનાથી જીવન ધન્ય બની જાય છે અને દૂર રહેવા છતાંય જો સંતાન અને માબાપ વચ્ચે આવો પ્રેમ હોય તો એનાથી અધિક બીજું શું? પ્રત્યક્ષ સાંનિધ્યથી જ માત્ર સુખની અનુભૂતિ થાય છે, એવું નથી, પ્રેમ તો દૈવી છે, તેની દિવ્યતાની અનુભૂતિ તો હૃદયમાં થાય છે, પછી એ સાંનિધ્ય પ્રત્યક્ષ હોય કે પરોક્ષ. હૃદયનું આ ટ્રાન્સમીટર! એની શક્તિ અગાધ છે!!!

*૨૫, પાર્શ્વ બંગલોઝ, એસ.જી. હાઈવે*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## ઈશુનું સ્થાન

ઈશુ ખ્રિસ્ત કેપર નામના નગરમાં ગયા.

ત્યાં તેઓ દુષ્ટ તથા દુરાચારી લોકોના મહોલ્લામાં રોકાયા. ત્યાં જ તેઓ થોડા દિવસો રહ્યા.

નગરના ધનિકો અને કહેવાતા પ્રતિષ્ઠિત લોકો એ મહોલ્લામાં તેમનાં દર્શનાર્થે જવા લાગ્યા.

આવા ગંદા વિસ્તારના સ્થળે ઈશુ રોકાયા તેથી એક પ્રતિષ્ઠિત માણસે પૂછ્યું : 'આટલા મોટા નગરમાં આપને કોઈ પ્રતિષ્ઠિત - સજ્જનને ઘેર રહેવાની જગ્યા ન મળી કે આવા ગંદા - દુરાચારી માણસોના મહોલ્લામાં રોકાયા?'

ઈશુએ મંદ મંદ હાસ્ય કરી કહ્યું : 'વૈદ્ય દર્દીને જોવા જાય છે કે પછી સાજાસમા - તંદુરસ્તને જોવા જાય છે? હું ઈશ્વરનો પુત્ર છું - પતિતો ને પીડિતોની સેવા કરવા આવ્યો છું. એથી મારું સ્થાન એમના મહોલ્લામાં જ હોય ને!'

ઈશુના ઉદ્‌ગાર સાંભળી એ માણસ મૌન બની ગયો.

**બોધ વાક્યો :**

★ દુષ્ટ અને દુરાચારી માણસોને સુધારાય તો સૃષ્ટિ સ્વર્ગ બની જાય.

★ સજ્જનોને બોધ ન અપાય તો ચાલે, પરંતુ દુર્જનોને તો બોધ આપવો અત્યંત જરૂરી છે.

★ વૈદ્ય દર્દીની પાસે જઈ તેની સેવા કરે એ પરમ કલ્યાણકારી કર્મ છે.

★ પરમપિતા પરમાત્માના આપણે સૌ પુત્રો છીએ.

★ પીડિતોની સેવા જ પ્રભુસેવા છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

હળવાશની ક્ષણોમાં

# રણોત્સવ માણવાની સાથે માંડવીનું 'ક્રાંતિ તીર્થ' જોવા યોગ્ય

• ચિત્રસેન શાહ •

'પોલીસ' અને 'પીધેલા' એ એક જ સિક્કાની બે બાજુઓ છે એમ કેટલાકનું માનવું છે! 'પીધેલાઓ'ને આમાં તેમનું બહુમાન થયા જેવું પણ લાગશે! વળી બંનેની રાશિ પણ એક જ છે!

આ બંને ઉપર જેટલું લખીએ તેટલું ઓછું પડે! અમારા એક પરિચિત તો આ વિષય ઉપર મહાનિબંધ લખીને Ph.D. (ડૉક્ટર!) પણ થઈ ગયા છે! અમે તેમને મજાકમાં 'પીધેલા ડૉક્ટર' તરીકે ઓળખીએ છીએ!

પરંતુ એ ડોક્ટર રમુજ કરતાં કહે છે કે 'મેં તો ફક્ત ૫૦૦ પાનાનો જ થીસીસ લખેલો પરંતુ ધારીએ તો એક 'ક્વાડ્રિલિયન' પાનાં પણ લખી શકાય! (૧ ક્વાડ્રિલિયન એટલે ૧ ની પાછળ ૧૫ શૂન્ય!)

૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦!

ક્વાડ્રિલિયનની ગણતરી કરવી હોય અને પ્રતિ સેકન્ડ એક સંખ્યા ગણીએ તો પણ ૩ કરોડ દસ લાખ વર્ષ લાગે અને તે પણ સૂતા વગર! ખાતરી કરવી હોય તો માંડો ગણવા! અનિંદ્રાની બીમારી હોય તેમણે આ કામ કરવા જેવું છે!

૩૧મી ડિસેમ્બરે (On the eve of new year day!) 'પીનારાઓ'ની સંખ્યા અનેકગણી વધી જાય છે! વળી તેમાંના કેટલાક તો એવા હોય છે કે જેઓ નવા વર્ષની પહેલી જાન્યુઆરીથી જ ૩૧મી ડિસેમ્બરની રાહ જોતા બેઠા હોય છે! એટલે એમને તો ૩૧મી ડિસેમ્બરની રાત ફક્ત રંગીન જ નહિ પરંતુ સ્વર્ણિમ પણ લાગે છે!

તેઓ એમ માનતા હોય છે કે જેમ ઉત્તરાયણ પર ઉંધિયું - જલેબી, દશેરા પર ફાફડા-જલેબી, મહાશિવરાત્રી પર ભાંગ ખાવા-પીવાનો રિવાજ છે તેવી જ રીતે ૩૧મી ડિસેમ્બરની રાત્રે 'પીવું' જ પડે! તે સમયે ઘણા લોકો 'રાજાપાઠ'માં હોય છે! પ્રેસમાં અને લોકોમાં આ અંગે જ્યારે ઘણો ઉહાપોહ થયો ત્યારે પોલીસ ડિપાર્ટમેન્ટ સફાળું જાગી ઊઠ્યું! પોલીસ ડિપાર્ટમેન્ટ દરેક પોલીસ સ્ટેશને ૩૧મી ડિસેમ્બરની રાતે ૫૦૦ પીધેલાઓને ઝડપવાનો 'ટાર્ગેટ' આપ્યો! જેમ બીજા બધા સરકારી કે બિનસરકારી ડિપાર્ટમેન્ટ કે વ્યક્તિઓ વર્ષના અંત સુધીમાં અમુક કામ કરવાના 'ટાર્ગેટ' આપે છે કે નક્કી કરે છે તેવી જ રીતે!

***આ રહ્યા એ 'ટાર્ગેટ'ના કેટલાક નમૂનાઃ***

★ આઈ.ટી. ડિપાર્ટમેન્ટ તેના સર્કલોને ૩૧મી માર્ચ સુધીમાં અમુક રકમ ઈન્કમટેક્ષ પેટે ઉઘરાવવા(!)નો 'ટાર્ગેટ' આપે છે!

★ એક 'ચેઈન સ્નેચર'ની પત્નીએ તો તેના પતિને 'ટાર્ગેટ' આપતા કહેલું કે - 'જુઓ, આ લગ્નતિથિએ મને ૧૦૧ સોનાની ચેઈન જોઈશે જ! જે થવાનું હોય તે થાય! Come What may!'

(ચેઈન સ્નેચરની પત્ની MBA થયેલી હતી. તેથી તેણીએ આટલો ઊંચો ટાર્ગેટ આપ્યો હતો!) વધુમાં તેણીએ કહ્યું કે - કિટ્ટી પાર્ટીમાં કોઈ મને પૂછે તો મારે જવાબ તો આપવો પડે ને! વળી આમાં તો તમારી આબરૂનો સવાલ પણ છે જ ને!

★ ૨૦૧૪માં લગ્નના ફક્ત ૯૦ દિવસના જ મુહૂર્ત નીકળ્યા છે. ત્યારે ગોર મહારાજોને પણ એ ચિંતા સતાવે છે કે આટલા ઓછા દિવસોમાં ટાર્ગેટ કેમ પૂરા કરવા?! આટલા દિવસોમાં તો કેટલાને 'ટોપી' (એટલે કે સાફા!) પહેરાવી શકાય?!

પૂછો 'આપ'ને!

હવે પોલીસ ડિપાર્ટમેન્ટની વાત આગળ વધારીએ તો –

એક પોલીસ સ્ટેશનવાળા તો 'સ્માર્ટ' હતા! તેમણે તો તેમને મળેલો ૫૦૦ પીધેલાઓને પકડવાનો 'ટાર્ગેટ' એક બુટલેગરને ટ્રાન્સફર કરી નાખ્યો! આમ તો જો કે બુટલેગરને પોલીસનું કામ પડતું હોય છે પરંતુ અહીં ઊલટી ગંગા જેવું થયું! પોલીસને બુટલેગરનું કામ પડ્યું! આ બુટલેગર માટે તો એ 'બાંયે હાથ કા ખેલ' જેવું હતું!

વળી આ બુટલેગરનો આઈ.ક્યુ. ઊંચો હતો! તેણે 'ટપોરી'ની એક ગેંગને પોતાના હરીફ બુટલેગરના ગ્રાહકોને 'પીવડાવવા' મોકલી અને બીજી ગેંગને 'પીધેલાઓ'ને 'ઝડપાવવા' મોકલી દીધા! એક કાંકરે બે પક્ષી! આ રીતે 'સ્માર્ટ' પોલીસ સ્ટેશનવાળાઓએ તો પોતાનો 'ટાર્ગેટ' પૂરો કર્યો, પરંતુ બીજા એક પોલીસ સ્ટેશનવાળા ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવાવાળા હતા!

વળી તેમના કમનસીબે તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારના લોકોને પણ 'સોમરસ' કરતાં 'શેરડીના રસ'માં વધારે રૂચિ રહેતી હતી! તેથી ૩૧મી ડિસેમ્બરની રાત પૂરી થવામાં હતી ત્યાં સુધીમાં ૫૦૦ને બદલે ફક્ત પાંચ જ પીધેલા ઝડપાયા હતા! ઉપરી અધિકારી તો ગુસ્સે થઈ ગયા!

તેમણે ગોડસે છાપ(!) સવાલ તેમના સ્ટાફને પૂછ્યો, 'તમારા વિસ્તારના લોકો કરે છે શું?' પરંતુ ત્યાં જ પોલીસ સ્ટેશનના સ્ટાફનો એક કર્મચારી આવીને બોલ્યો, 'આનંદો, આપણે ઘણા પીધેલાઓને ઝડપી પાડ્યા છે!'

પરંતુ પાછળથી જાણવા મળ્યું કે એ ઝડપાયેલા બધા દેશી-વિદેશી ટુરિસ્ટો હતા કે જેમની પાસે દારૂની પરમિટ હતી! એ લોકો કચ્છના રણોત્સવમાં જઈ રહ્યા હતા!

*અંધારામાં તીર ચલાવવાથી નુકસાન થાય છે.*

તો ચાલો, હવે આપણે પણ તેમની સાથે જઈએ રણોત્સવ માણવા!

ટેન્ટ સિટીમાં રહીને રણોત્સવ માણવા જેવો ઉત્સવ છે!

ચાંદની રાતે 'ટાટા સોલ્ટ' જેવા સફેદ મીઠાની ચાદર પથરાયેલા રણને જોવો એ પણ એક લહાવો છે! 'સફેદ રણ' રણની ખારાશને 'મીઠાશ'માં પલટાવી નાખે છે!

રણોત્સવ માણવા કચ્છ ગયા હોઈએ ત્યારે માંડવીનું અદ્યતન અને અદ્વિતીય 'ક્રાંતિતીર્થ' જોવાનું કેમ ચૂકાય? માંડવીના - ગુજરાતના અને ભારતના દેશભક્ત વીર ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક એટલે 'ક્રાંતિતીર્થ!'

ઈન્ડિયાની બહાર - લંડનમાં 'ઈન્ડિયા હાઉસ'માં પ્રવૃત્તિ કરતા રહીને તેમણે ભારતની આઝાદી માટેનો જંગ છેડ્યો. તેમનાં જન્મ અને સ્વર્ગવાસના વર્ષો પણ યાદગાર છે! જન્મ ૧૮૫૭માં (ભારતની આઝાદીના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે) અને સ્વર્ગવાસ ૩૦મી માર્ચ, ૧૯૩૦માં (દાંડી માર્ચ - ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અંતિમ ચરણ સમયે! - કેવો યોગાનુયોગ!) રાજકીય પ્રવૃત્તિઓને કારણે તેમને લંડન છોડવું પડ્યું. લંડન છોડીને પેરીસ અને ત્યારબાદ સ્વિટ્ઝરલેન્ડથી તેમણે તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. જીનિવામાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમની અંતિમ ઈચ્છા હતી કે - 'ભારત આઝાદ થાય ત્યારે મારા અસ્થિ માતૃભૂમિમાં હોય!'

તેમના તેમજ તેમની પત્ની ભાનુમતીના અસ્થિ ૧૦૦ વર્ષ સુધી જીનિવામાં સચવાઈ રહે તેવી વ્યવસ્થા તેમણે કરી હતી.

તેમના મૃત્યુના ૭૩ વર્ષ પછી તેમના અસ્થિ માનનીય મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા જીનિવાથી માંડવી ખાતે લાવવામાં આવ્યા. આ સ્મારક કોમ્પ્લેક્ષમાં લંડનના 'ઇન્ડિયા હાઉસ'ની આબેહૂબ પ્રતિકૃતિ પણ તૈયાર કરવામાં આવી છે. જેમાં ઓડિયો - વિઝ્યુઅલ શો ઉપરાંત આઝાદીની લડતના શહીદોના પેઈન્ટિંગ તેમજ ફોટોગ્રાફની અલગ અલગ ચાર ભવ્ય ગેલેરીઓ પણ ખૂબ જ દર્શનીય છે. આ સ્મારકનું મેઈન્ટેનન્સ પણ અદ્ભુત કાળજીથી તેના મેનેજર મહેશભાઈ ગોસ્વામી તેમજ તેમની ટીમ દ્વારા કરાઈ રહ્યું છે! (મહેશભાઈ, ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી આદરણીય સુરેશ મહેતાના P.A. રહી ચૂક્યા છે)

આ સ્મારક જોઈને ચોક્કસપણે બોલી ઉઠાય - 'ક્રાંતિતીર્થ નહીં દેખા તો કુછ નહીં દેખા! અરે કુછ સમય તો બિતાઈએ 'ક્રાંતિ તીર્થ'મેં!'

'ક્રાંતિતીર્થ' જોઈને અમે માંડવી બીચ પર ગયા. માંડવીનો બીચ, ગોવા અને કોલાવલ બીચની બરોબરી કરી શકે તેવો છે. પરંતુ 'ઘરકી મુરઘી દાલ બરાબર'ની જેમ ઘણા વર્ષો સુધી લોકોને તેની જાણ કરાઈ શકી નો'તી!

માંડવીના બીચ ઉપર અમે પહોંચ્યા ત્યારે ત્યાં ધમાલ ચાલી રહી હતી કારણકે ત્યાં પોલીસ દ્વારા પાંચ 'પીધેલા' ઝડપાયા હતા! પરંતુ પાછળથી જાણવા મળ્યું કે એ પાંચે પાંચ 'સ્ટાફ'ના માણસો જ હતા! આ જાણી કેટલાક લોકો બોલી ઊઠ્યા - 'અમે તો પહેલેથી જ કહેતા હતા કે પોલીસ અને પીધેલા - એ એક જ સિક્કાની બે બાજુઓ છે!'

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦, રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## બાલુડેં જ્યું ગાલિયું

### THE FOX AND THE CROW

One day a crow found a lump of cheese. She took the cheese up in her beak, and flew away to a tree to eat it.

The crow was just going to eat the cheese when a fox came along.

"I would like that cheese," said the fox to himself.

"Good-day, crow," said the fox to the crow.

The crow said nothing. She had the cheese in her beak, and she did not want to drop the cheese.

"How fine you look!" said the fox. "I have never seen a bird look so fine."

The crow was pleased, but still she said nothing. She did not want to drop the cheese.

"I hear that you can sing well," said the fox. "I hear that you can sing better than any of the birds. I should like to hear you sing."

The crow was so pleased at this, that she opened her mouth to sing.

Down fell the cheese! The fox had got what he wanted. He picked up the cheese and ran off. He did not even wait to hear the poor crow croaking. ■

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : મગનબાપા વારો છોરો છગન કડુંણો જુંઢો થ્યો આય ને બાપા કે ચે તો, બાપા મુંકે BMW ખપે ને ખપે... ને સે પણ હેવરંઈ ખપે... તડેં મગનબાપા ચ્યાં ભલે વેને ને ગેને અચ... સાચવે ને ગેને અચીજ... સે જરા તપાસ ત કર ક મગનબાપા છોરેજી જીદ પૂરી કરેલા તૈયાર થે વ્યા સે અતરા ત કતરા પૈસા કમાય વધા આંઈ સે BMW ગેને જો ચેંતા. અનીંજો મગજ તા ઠેકાણે આય ન....

બચુડો : (તપાસ કે નેં ચે) અધા છગન કે BMW ખપઈ તે સે બ્યો કીં ન વો પણ 'બાલાજી મસાલા વેફર'જો ટૂંકો નાં વો. અતરે મગનબાપા થોડીવાર ટટરાય ટટરાય ને પોય અનકે BMW ગેને જી હા ચ્યાંવા....

## ખિલજા મ ભલા

મફતલાલ : (રીક્ષાવાળાને) ઓ ભાઈ, તું સોમનાથ મહાદેવ જઈશ?

રીક્ષાવાળો : હા, જરૂર.... બેસી જાઓ...

મફતલાલ : 'હા' બદલ આભાર. મારે તો જવું નથી પણ તું જાય છે તો વળતા મારા માટે પ્રસાદ લેતો આવજે.

☺ ☺ ☺ ☺ ☺

ઔરંગઝેબ: (એના સેનાપતિને) આટલા બધા પ્રયત્નો કરવા છતાં આપણે શિવાજીને કેમ શોધી શકતા નથી?

સેનાપતિ : બાદશાહ હજુર.... આપણે 'મુગલ' છીએ. 'ગુગલ' હોત તો જરૂર મળી જાત.

☺ ☺ ☺ ☺ ☺

ગણિત શિક્ષક : બોલ આદિત્ય, બેમાંથી બે જાય તો?

આદિત્ય : સાહેબ, ખબર ના પડી.

ગણિત શિક્ષક : જો તારી પાસે બે રોટલી હોય અને બંને તું ખાઈ જાય તો શું વધે?

આદિત્ય : સાહેબ, સેવ ટામેટાનું શાક.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : જો શ્રેય, પેટ્રોલના ભાવ ૭૫ રૂપિયા થઈ ગયા, ડીઝલના ભાવ ૪૫ રૂપિયા થઈ ગયા, સોનાનો ભાવ ૩૦,૦૦૦ રૂપિયા થઈ ગયા પણ એવું શું છે જે વર્ષો થઈ ગયા છતાં એમાં ફેરફાર થયો નથી?

શ્રેય : (ખૂબ વિચારીને) સાહેબ, પાસ થવા માટેના માર્ક હજુ પણ ૩૫ જ છે.

☺ ☺ ☺ ☺ ☺

જનક : કેમ તું ઉદાસ છે? નાપાસ થયો કે શું?

મનક : ના.. ના... પાસ તો થઈ ગયો માર્ક પણ સિત્તેર ટકા છે.

જનક : તો પછી રાજી થા, રાજી. એટલા ટકામાં તો બે છોકરાઓ પાસ થઈ શકે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : વિદ્યાર્થી મિત્રો, તમને ખબર હશે કે પાસ થનાર દરેક વિદ્યાર્થી પાછળ એની પોતાની મહેનત હોય છે. પણ નાપાસ થનારની પાછળ કોણ હોય છે?

આદિત્ય : નાપાસ થનાર વિદ્યાર્થી પાછળ એક સુપરવાઈઝર હોય છે કે જે એને ચોરી કરવા નથી દેતો.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : (પત્નીને મોબાઈલમાં) ડાર્લિંગ, તું શું કરે છે? (વોટ આર યુ ડુઇંગ?)

પત્ની : આઈ એમ ડાઇંગ.

પતિ : (આનંદના અત્યંત આવેગમાં આવીને) ઓ ડાર્લિંગ, આ તો અત્યંત મીઠા ખબર કહેવાય... તારા વગર હું કઈ રીતે રહી શકીશ?

પત્ની : ડોબા... હું તો મારા વાળ ડાઈંગ કરું છું. બહુ રાજી થવાની જરૂર નથી, સમજ્યો?

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : અલ્યા અંશુ, મોટો થઈને તું શું બનવા માગે છે?

અંશુ : જવા દો ને સાહેબ, જવાબ આપવાનો કોઈ અર્થ નથી.

શિક્ષક : કેમ એમ બોલે છે?

અંશુ : મારા પિતાજી કહે છે કે તું જે બનવા માગે છે એ તો આખી જિંદગીમાં ક્યારેય નહીં બની શકે.

શિક્ષક : માણસ મહેનત કરે, કોશિશ કરે તો એ ધારે તે બની શકે... બોલ, તારી મહેચ્છા શું છે? તારે શું બનવું છે?

અંશુ : સાહેબ, મારે લેડી ડૉક્ટર બનવું છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*મુશ્કેલ પરિસ્થિતિ માણસને મહાન બનાવે છે.*

# ફ્લેશ ચેનલ

*સંકલન : દિનેશ આર. મહેતા*

## ઈન્ડિયા પોસ્ટ દ્વારા શરૂ કરાયેલ લોજિસ્ટિક્સ પોસ્ટ એર સર્વિસ

મોબાઈલ ફોન, ઈ-મેઈલ જેવા ઝડપી સંદેશા વ્યવહારના સાધનો અને ખાનગી કુરિયર કંપનીઓ સામેની સ્પર્ધામાં ટકી રહેવા છેલ્લા કેટલાય સમયથી ભારતીય પોસ્ટ ખાતા દ્વારા વિવિધ પ્રકારની નવી સેવાઓ શરૂ કરવામાં આવી છે. પોસ્ટ ખાતા દ્વારા શરૂ કરવામાં આવેલી વિવિધ સેવામાં લોજિસ્ટિક્સ પોસ્ટ ઍર સર્વિસનો પણ સમાવેશ થાય છે. ઈન્ડિયા પોસ્ટ દ્વારા એર ઈન્ડિયા સાથે મળી વધુ વજનના પાર્સલ અને કન્સાઈનમેન્ટ એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાના ભાગરૂપે આ સેવા શરૂ કરવામાં આવી છે. હાલે આ સેવા અમદાવાદ, અગરતલા, દિલ્હી, મુંબઈ, કોલકાતા, નાગપુર, બેંગાલુર, હૈદ્રાબાદ, ચેન્નાઈ, પૂણે, ઈમ્ફાલ, ગૌહત્તી, લખનૌ, પટણા, તિરૂવનંતપુરમ્ જેવા ૧૫ શહેરના એરપોર્ટ સાથે જ જોડાણ ધરાવે છે.

★

## રાષ્ટ્રીયતાની વિગતો આપી શકાય નહીં

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગવર્નર રઘુરામ રાજનની રાષ્ટ્રીયતા અંગે આર.ટી.આઈ. હેઠળ પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ આપવાનો સરકારે ઈન્કાર કરી દીધો છે. આ માહિતી આપવાનો ઈન્કાર કરતા સરકારે જણાવ્યું હતું કે આર.ટી.આઈ. કાયદાની જોગવાઈ હેઠળ કેબિનેટ દસ્તાવેજોને જાહેર કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. કેબિનેટ સચિવાલયના સેન્ટ્રલ પબ્લિક ઈન્ફોર્મેશન અધિકારીએ જણાવ્યું હતું કે કેબિનેટ દસ્તાવેજોને માહિતી અધિકાર કાયદા, ૨૦૦૫ની કલમ-૮(૧)(આઈ) હેઠળ જાહેર કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આર.ટી.આઈ. કાર્યકર સુભાષ અગ્રવાલે અરજી કરી રાજન પાસે હાલમાં અમેરિકાનું નાગરિક્ત્વ છે કે નહીં અને આ અગાઉ તેઓ અમેરિકાના નાગરિક રહી ચૂક્યા છે કે નહીં તે જાણકારી માગી હતી.

★

## નોકરીમાં અન્યાય થાય તો લેટર્સ પેટન્ટ અપીલ કરી શકાશે

સરકારી કર્મચારી ઉપરાંત ખાનગી કંપનીઓમાં નોકરી કરતા કોઈપણ કર્મચારીને અન્યાય થાય અને તેનું પ્રમોશન અટકાવી દેવામાં આવે તો તેવા સંજોગોમાં લેટર્સ પેટન્ટ અપીલ કરવાની છૂટ આપતો ચુકાદો તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે આપ્યો હતો. આ પ્રકારના કેસમાં લેબર કોર્ટ, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ કે ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલનો ચુકાદો આવ્યો હોય તેવા સંજોગોમાં બંને કોર્ટને પક્ષકાર બનાવ્યા પછી હાઈકોર્ટમાં લેટર્સ ઓફ પેટન્ટ અપીલ કરી શકાય છે. અગાઉ આ પ્રકારની છૂટ આપવામાં આવતી નહોતી. ન્યાયમૂર્તિઓ આર.આર. ત્રિપાઠી, જયંત પટેલ, એમ.આર. શાહ, જે.બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ એ.જી. ઉરેઝીની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. તેથી સુપ્રીમ કોર્ટમાં કેસ લઈ જઈને મોટા ખર્ચના ભારણથી બચી શકાશે. અગાઉ આ વિકલ્પ મર્યાદિત હતો.

★

## ઇસરો દ્વારા ચાલતા પ્લેનેટરી એક્સ્પ્લોરેશન પ્રોગ્રામમાં સ્ટુડન્ટ્સને અનેક તક

વિશ્વમાં હવે સ્પેસ વોરની ફરીથી શરૂઆત થઈ ગઈ છે. ૧૯૬૦ના દાયકામાં જ્યારે અમેરિકા અને રશિયા વચ્ચે સ્પેસમાં સૌથી અગ્રસ્થાને કોણ રહે તેના પર સ્પેસ વોર જોવા મળ્યું હતું. આજે ૨૧મી સદીમાં જાપાન, રશિયા, યુરોપ, અમેરિકા, ભારત, ચીન જેવા દેશો વચ્ચે સ્પેસ વોરની શરૂઆત થઈ ગઈ છે. ભારતીય સ્પેસ સંસ્થાન (ઇસરો) દ્વારા યંગ ભારતીય ટેલેન્ટ બહાર આવે તેને ધ્યાનમાં રાખીને પ્લેનેટરી એક્સ્પ્લોરેશન પ્રોગ્રામ અંતર્ગત મહત્ત્વનો વર્કશોપ નડિયાદની ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં યોજાઈ રહ્યો છે. આ વર્કશોપમાં અવકાશ ક્ષેત્રે અગર તેમના રિસર્ચ પેપર ઈસરોને પસંદ પડશે તો તેવા સ્ટુડન્ટ્સને ચંદ્રયાન-૨ મિશનમાં કામ કરવાની તક મળશે.

**વર્કશોપમાં મુખ્ય આકર્ષણ :** (૧) અવકાશી ક્ષેત્રે કામ કરતા વૈજ્ઞાનિકો દ્વારા વ્યાખ્યાન અપાશે. (૨) વર્કશોપમાં સારા સંશોધન પેપર રજૂ કરનાર સ્ટુડન્ટ્સને ઈસરો પોતાના વિવિધ પ્રોજેક્ટમાં કામ કરવાની તક આપશે. (૩) સ્પેસ સાયન્સ ક્ષેત્રે આવતા વિવિધ ચેલેન્જિસ પર રિસર્ચ પેપર રજૂ કરવામાં આવશે.

★

## ડાયાબિટીસને દૂર રાખો

ડાયાબિટીસ એટલે બિનતંદુરસ્ત અને અનિયમિતપણે આહાર લેવાની આદતોનું પરિણામ. ભારતમાં પ્રવર્તમાન ટાઈપ-ટુ ડાયાબિટીસ માટે આ બાબત ઘણી સાચી હોવાનું એન્ડોક્રોમોનોલોજિસ્ટો કહે છે. ડાયાબિટીસ એન્ડોફાઈન ન્યુટ્રિશન

*જેટલું જ્યારે મળે તેમાં સંતોષ મેળવતા શીખો.*

મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ સ્ટડીઝના નિયામક પ્રોફેસર એચ.બી. ચાંદાલીઆએ પ્રસાર માધ્યમો સમક્ષ તાજેતરમાં જણાવ્યું હતું કે, વર્તમાન જીવનશૈલી, તણાવનું વધેલું સ્તર અને તીવ્ર સ્પર્ધાના કારણે આહારની આદતો પર ધ્યાન આપવું મુશ્કેલ બની જાય છે પરંતુ તંદુરસ્ત જીવન જીવવા માટે બીજા બધા કરતાં શરીરની ચયાપચય પ્રક્રિયાની જાળવણી સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. સફેદ બ્રેડ, સફેદ પોલિશ્ડ ચોખા અને ડ્રિન્ક્સ પીણાઓમાંથી મળતા રીફાઈન્ડ કાર્બોદિત પદાર્થો સંપૂર્ણપણે ટાળવા જોઈએ. આહારમાં નિયમિતતા અને દરરોજ થોડી મિનિટોની ફરજિયાત કસરતથી આ રોગની કહેવાતી જટિલતાઓમાંથી બચી શકાય છે. સામાન્ય લોકો અને ડાયાબિટીસના દર્દીઓને વિવિધ કારણોસર વિટામિન-ડી અને વિટામિન-બી૧૨ ની ઉણપ વર્તાતી હોય છે.

★

## SMSને સત્તાવાર દસ્તાવેજ ગણવામાં આવશે

પૈસાની ચૂકવણી કરવા, નોંધણી કરાવવા કે અન્ય યોજનાઓ માટે નાગરિકો જે એસ.એમ.એસ. કરશે, તેને સરકારી વિભાગ સાથેનો દસ્તાવેજ ગણવામાં આવશે. કેન્દ્ર સરકારે તાજેતરમાં કહ્યું હતું કે આશરે એકસો વિભાગો સાથે ચકાસણી કર્યા પછી ૨૪૧ અરજીઓને આ પ્રમાણે ગણી હતી. માહિતી અધિકાર, આરોગ્ય આધાર, શિક્ષણ અને અન્ય સેવાઓને આવરી લેતી સેવાઓ માટેની અરજીઓને દસ્તાવેજ ગણવામાં આવશે. મોબાઈલ સેવાને શરૂ કરતાં ટેલિકોમ પ્રધાન સત્યનારાયણે કહ્યું હતું કે, "રેલવેની જેમ અમે પણ અમારી સીસ્ટમમાં સુધારા કર્યા છે. હવે મોબાઈલનો પુરાવો માન્ય દસ્તાવેજ ગણાશે." ભારતમાં ૯૦ કરોડ મોબાઈલ ધારકો છે.

★

## વિદેશ મંત્રાલયનો મહત્ત્વનો નિર્ણય
### પાસપોર્ટ માટે સરનામાના પુરાવા તરીકે બેંક પાસબુક માન્ય

પાસપોર્ટ મેળવવા માટે અરજદાર દ્વારા સરનામાના પુરાવા તરીકે જરૂરી દસ્તાવેજો પૈકીનો એક તરીકે કેટલીક ચોક્કસ બેંકોની પાસબુક અથવા સ્ટેટમેન્ટ આપ્યા હોય તો એને માન્ય ગણવાની વિદેશ મંત્રાલયે શરૂઆત કરી છે. અગાઉ વિદેશ મંત્રાલયના નિયમ મુજબ, સરનામાના પુરાવા તરીકે અરજદારને પાણી, ટેલીફોન અથવા વીજળી બીલની નકલ બીડવી પડતી હતી અથવા ક્ષેત્રિય ગ્રામીણ બેંક સિવાયની બેંક ખાતાના સ્ટેટમેન્ટ કે પાસબુક રજૂ કરવી પડતી હતી. આ પ્રકારની બેંકોની નામાવલિ મર્યાદિત હતી. હવે તે યાદીમાં વધારો કરીને અન્ય કેટલીક બેંકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## કાયદા વિરુદ્ધ માલ અટકાવનાર અધિકારીને ખર્ચ ચૂકવવાનો હુકમ

ચેકપોસ્ટ ઉપર અધિકારીઓને કાયદાના અમલીકરણ માટે અને કરચોરીના નિયંત્રણ માટે ફરજ સોંપવામાં આવતી હોય છે, પણ સામાન્ય વેપારી આલમનો એવો અનુભવ છે કે વાણિજ્ય વેરા ખાતાના અધિકારીઓ મનઘડંત અને કાયદાની જોગવાઈથી વિરુદ્ધના કારણો દર્શાવીને વહન થતો માલ અને વાહનની અટકાયત કરે છે. આ રીતે કાયદા વિરુદ્ધની થયેલી કાર્યવાહી બદલ તાજેતરમાં પંજાબ હરિયાણા હાઈકોર્ટ દ્વારા ખાતાના જવાબદાર અધિકારીને વેપારી સામે ખોટી રીતે વાહનની અટકાયત બદલ દાખલ રિટ અરજીમાં મે. રાયન્સ ઈન્ડિયા લિ. પંજાબ રાજ્યના કેસમાં રૂા. ૫૦,૦૦૦/-ની રકમ ખર્ચ તરીકે વેપારીને ચૂકવવા અને આ અધિકારીને હવે પછી રોડ ઉપર વાહન ચેકિંગ માટેની કોઈ જ કામગીરી સુપરત ન કરવાનું ઠરાવતો નિર્ણય આપેલો છે.

★

## બેન્કિંગ ક્ષેત્રે મહિલાઓનો દબદબો

ભારત જે વર્ષોથી સમજ્યું છે તે અમેરિકા બહુ મોડે મોડે સમજ્યું છે. ભારતની ટોચની બેંકોમાં મહિલાઓનું નેતૃત્વ છે. ભારતમાં રિઝર્વ બેંકનું જેટલું મહત્ત્વ છે, એટલું અમેરિકામાં ફેડરલ રિઝર્વ બેંકનું છે. અમેરિકા પણ ફેડરલ રિઝર્વ બેંકના સુકાની તરીકે જેનેટ એલિનને નીમવા તરફ આગળ વધી રહ્યું છે.

ભારતીય સ્ટેટ બેંકના વડા તરીકે અરુંધતી ભટ્ટાચાર્યે હવાલો સંભાળ્યો ત્યારે દરેકે ગૌરવની લાગણી અનુભવી હતી. તેવી રીતે અલ્હાબાદની બેંકમાં શુભલક્ષ્મી પાનસે, આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ચંદા છાજેડ, બેંક ઓફ ઈન્ડિયામાં વિજયાલક્ષ્મી ઐયર, એક્સીસ બેંકમાં શિખા શર્મા, યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયામાં અર્ચના ભાર્ગવ સુકાન સંભાળે છે.

વિદેશી બેંકોની ભારતીય શાખાઓમાં મહિલાઓનું વડપણ છે. એચ.એસ.બી.સી.માં નૈના કીડવાઈ, બેંક ઓફ અમેરિકામાં મેરિલ નાબટે પણ મહત્ત્વના હોદ્દા પર છે.

★

## જાહેર હિતનો મુદ્દો ન હોતાં રિટ ફગાવી દીધી

પ્રસિધ્ધ તીર્થધામ અંબાજી મંદિર ખાતે શ્રદ્ધાળુઓના પગરખા સાચવવા લેવાતી એક રૂપિયાની ફી હાઈકોર્ટે વાજબી ઠરાવી, તે ફીને રદબાતલ કરવાની દાદ માંગતી જાહેર હિતની રિટ ફગાવી હતી. એક જાહેર હિતની રિટમાં રજૂઆત કરાઈ હતી કે અંબાજી

*કોઈપણ સ્થિતિમાં શાંત પ્રેમાળ વ્યવહાર રાખો.*

મંદિર ટ્રસ્ટ એક બિનધંધાકીય હેતુથી ચાલનારી સંસ્થા છે. જ્યાં ભક્તોના પગરખા સાચવવા માટે એક રૂપિયો પણ ન લેવો જોઈએ. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે ઉપરોક્ત રિટમાં જાહેર હિતનો મુદ્દો ન હોતાં ફગાવી દીધી હતી અને અરજીનો નિકાલ કર્યો હતો.

★

## દેશની ૧૩ જેટલી આઈ.આઈ.એમ. અને ટોપ બિઝનેસ કોલેજમાં પ્રવેશ માટે 'કેટ' (CAT)

કટ ઓફ માર્કસની યાદીમાં IIM-A, ટોપ પર.

| *કેટ સ્કોર (પર્સેન્ટાઈલ)* | *ઈન્સ્ટિટ્યૂટ* |
|---|---|
| ૯૯ પર્સેન્ટાઈલથી વધુ | IIM-A |
| ૯૫ પર્સેન્ટાઈલથી વધુ | IIM-C |
| ૯૦થી ૯૫ પર્સેન્ટાઈલ વચ્ચે | IIM-B, IIM-Indore |
| ૮૫થી ૯૦ પર્સેન્ટાઈલ વચ્ચે | IIM- Lucknow<br>IIM - Kozhikoda<br>IIM - Shilong<br>IIM - Rohtak<br>IIM - Raipur |
| ૮૦થી ૮૫ પર્સેન્ટાઈલ વચ્ચે | IIM - Kashipur |

**નીચે મુજબની ટોપ બિઝનેસ કોલેજમાં 'કેટ' આધારે પ્રવેશ :** ★ આઈઆઈએમ - અમદાવાદ, ★ અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ - અમદાવાદ, ★ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા - ગાંધીનગર, ★ નિરમા યુનિવર્સિટી - અમદાવાદ, ★ માઈકા - અમદાવાદ, ★ પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી - અમદાવાદ, ★ શાંતિ બિઝનેસ સ્કૂલ - અમદાવાદ.

**ચાર અન્ય કોલેજોએ પણ 'કેટ' સ્વીકારી :**

ઈન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ - આણંદ

એસ.આઈ.ઈ.એસ. કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ - મુંબઈ

ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ બિઝનેસ એન્ડ મીડિયા

ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ (આઈ.એમ.એસ.) - ગાઝિયાબાદ

***(વર્તમાન પત્રો પર આધારિત)***


## જૈન ધર્મ પર જાપાની યુવકનું રીસર્ચ

જાપાનના મસાહીરો ઉએદાએ શિક્ષણકાળમાં ક્યારેય પોતે વિદેશ જઈને ભણશે એવી કલ્પના પણ કરી નહોતી, પરંતુ હાયર સેકન્ડરીમાં આવ્યા પછી તેને ધર્મ વિશે ભણવામાં રસ પડવા લાગ્યો અને કોલેજમાં આવ્યો ત્યારે તેનો આ રસ ભારતીય તત્ત્વજ્ઞાન તરફ વધવા લાગ્યો. પોતાના ભારત પ્રત્યેના લગાવ વિશે તે કહે છે કે, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મમાં ઘણી સામ્યતા હોવાથી જ મને પણ જૈન ધર્મમાં રસ પડવા લાગ્યો. કોલેજમાં આવ્યો ત્યારે મેં નક્કી કરી લીધું કે હું બુદ્ધિઝમનો અભ્યાસ કરીશ. અમારા અભ્યાસક્રમમાં જાપાનના બુદ્ધિઝમ અને ઇન્ડિયન બુદ્ધિઝમ એમ બે ભાગ હતા. જાપાનમાં રહેતો હોવાથી ત્યાંના ધર્મ વિશે તો હું જાણતો હતો, તેથી કંઈક નવું જાણવાના હેતુથી મેં ઇન્ડિયન બુદ્ધિઝમ વિશે ભણવાનું નક્કી કર્યું. વળી બીજું એક કારણ એ પણ હતું કે, બૌદ્ધ ધર્મનો ઉદ્ભવ ભારતમાં થયો હોવાથી બૌદ્ધ ધર્મના મૂળ વિશે જાણવા માટે મેં ઇન્ડિયન બુદ્ધિઝમ વિશે ભણવાનું નક્કી કર્યું.

હાલ યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજીમાં 'નિક્ષેપા મેથડોલોજી ઇન જૈન થૉટ' વિષય પર પી.એચ.ડી. કરી રહેલા મસાહીરો ઉએદા ભારતમાં અભ્યાસની તકને જીવનનો એક ટર્નિંગ પોઈન્ટ ગણાવે છે. તે કહે છે કે, મેં પી.એચ.ડી. શરૂ કર્યું તે પહેલાં બે વાર હું ભારત આવી ચૂક્યો છું. પહેલાં તો ફરવા જ આવ્યો હતો, પણ બીજી વાર વર્ષ ૨૦૦૨ માં હું મારા એક સિનિયર સાથે, તેમના રિસર્ચમાં મદદનીશ તરીકે આવ્યો હતો. એ વખતે રાજસ્થાનના જેસલમેરમાં જંબુવિજયજી મહારાજ સાહેબના શિષ્ય પુંડરિક રત્નવિજયજી મહારાજ સાહેબને મળવાનું થયું. એમના જ્ઞાનથી પ્રભાવિત થઈને મેં નક્કી કરી લીધું કે હું મારું પી.એચ.ડી. ભારતમાં જ કરીશ.

એ વખતે તો એવું લાગતું હતું કે આટલા વખતમાં રિસર્ચ પૂર્ણ થઈ જશે પણ હવે આગળ વધારે રોકાવા માટેનું પ્લાનિંગ કરી રહ્યો છું. 'નિક્ષેપા-મેથડોલોજી ઇન જૈન થૉટ' વિષય પર રિસર્ચ વિશે તે કહે છે કે, હું મારા રિસર્ચમાં જૈન ધર્મના સિદ્ધાંતોની કાર્યપ્રણાલી અને તેની જાળવણી માટે હાલ શું ચાલી રહ્યું છે તે વિષય પર ફોક્સ કરી રહ્યો છું. મારું રિસર્ચ જૈન ધર્મ પર હોવાથી મને પ્રાકૃત અને ગુજરાતી આવડે તે જરૂરી હતું. સાથે પરદેશમાં કોમ્યુનિકેશન માટે અંગ્રેજી જરૂરી હોવાથી હું હાલ રિસર્ચની સાથે આ ત્રણેય ભાષા શીખી રહ્યો છું. ■

**Inter PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com



## શ્રધ્ધા અને સાબિતી

'મંગલ મંદિર'માં બુધ્ધ અને મહાવીરના ધર્મોની વાતો અવારનવાર લખાય છે. વાંચકો પોતપોતાના વિવિધ મંતવ્યો પણ આપે છે. પરંતુ એક બાબત તો નિશ્ચિત છે કે ધર્મ, શ્રધ્ધા પર ટકેલો રહે છે અને સાયન્સ સાબિતી પર. એટલે જ્યાં શ્રધ્ધા છે ત્યાં સાબિતીની કોઈ આવશ્યક્તા રહેતી નથી. આપણે ક્યારે પણ ડોક્ટરે આપેલ દવામાં શંકા કરતા નથી. નથી પૂછતા કે આ દવામાં શું છે, શેની બનેલી છે. માત્ર શ્રધ્ધાથી જ તે દવા લઈએ છીએ. જ્યારે ડૉક્ટર હાથ ધોઈ નાખે છે ત્યારે ડોક્ટર પરથી શ્રધ્ધાને આપણે ભગવાન તરફ લઈ જઈએ છીએ.

ડોક્ટરો સલાહ આપશે કે આ ખાવું, આ નહીં ખાવું, આટલી માત્રામાં જ ખાવું. ત્યારે આપણે 'તથાસ્તુ' કહી સ્વીકારીએ છીએ. જ્યારે ધર્મમાં જણાવ્યું હોય કે આ ન ખાવું, આ સમયે જ ખાવું વગેરે. પણ તેમાં આપણને વિશ્વાસ બેસતો જ નથી. ત્યાં આપણે રૂઢિચુસ્ત બની જઈએ છીએ.

શાસ્ત્રો, આગમો, સૂત્રો, આપણે કોઈએ બનાવ્યા નથી. તેમ છતાં આટલા વર્ષો બાદ આગમો, શાસ્ત્રોની વાતોને કોઈએ અયોગ્ય, ગેરવાજબી અથવા જુઠી સાબિત કરી નથી. ભલે થોડી ઘણી છુટછાટો મૂકી હશે. જ્યારે સાયન્સમાં આજે એક સર્વે મુજબ એ વાત સાચી હશે જ્યારે બીજો સાયન્ટિસ્ટ આ વાતને ખોટી ઠેરવે છે. આવી તો ઘણી બાબતો રોજેરોજ અખબારોમાં નવા નવા સ્વરૂપે જોવા મળે છે. એનો મતલબ સ્પષ્ટ છે, કોઈ સાયન્ટિસ્ટ પૂર્ણ નથી. તેની પાસે પૂરેપૂરું જ્ઞાન નથી. અરે દર્દીના રોગમાં પણ ડૉક્ટરોના અલગ અલગ મતો જોવા મળે છે. માટે વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. જ્યારે કેવળજ્ઞાન એટલે સંપૂર્ણજ્ઞાન. જે ચક્ષુ વડે જોઈ શકાતું નથી.

હવે સવાલ એવો ઉદ્ભવે કે આ બંને જ્ઞાનમાંથી કયું જ્ઞાન ચઢિયાતું ગણાય? જગતમાં એવી ઘણી બધી વસ્તુઓ છે, જે દેખાતી નથી છતાં તેનું અસ્તિત્વ તો રહેલું જ છે. દા.ત. હવા. જેની માત્ર અનુભૂતિ થાય છે. તેમ ટેલીપથીથી થતાં વિચારોની સમાનતા.

ધર્મ કે આચાર માટે મહાવીરે બતાવેલ નિયમો કડક અને અઘરા જરૂર છે પરંતુ એનાથી નિયમો તો નિયમો જ રહેવાના. તેમાં છુટછાટ મૂકવી એ ભિન્ન બાબત ગણાય. આજે અમદાવાદમાં ટ્રાફિકના નિયમો કડક છે એનું પાલન આપણે કેટલું કરીએ છીએ? તેમાં છુટછાટ માટે કોઈ લખતું નથી. કારણ નિયમો હંમેશાં નિયંત્રણ માટેના જ હોય છે. વધારે વિચારો તો તમામ નિયમો વિશેનો અંદાજ આવી શકશે.

અને આના કારણે જ બૌધ્ધ ધર્મ જૈન ધર્મમાંથી અલગ સ્થાપિત થયો. મૂળ બુધ્ધ તો જૈન ધર્મી જ હતા. પરંતુ કડક અને અઘરા નિયમોના કારણે એમણે રાહ બદલી અલગ સંપ્રદાય બનાવ્યો. જૈન દર્શને જગતને ઘણી ભેટ આપી છે જેમકે સ્યાંદ્વાદ, અનેકાંતવાદ. હા, તેનો પ્રચાર અને પ્રસાર અલ્પ છે પરંતુ તેને સમજનારા આજે પણ આપણા જ સાધુ ભગવંતો છે, જેઓ જ્ઞાની અને ઊંડા અભ્યાસી છે. તત્ત્વજ્ઞાન પીરસે છે. પરંતુ તેને પીરસનારા કેટલા? તેને માનનારા કેટલા? સહુને ક્રિયાકાંડમાં અને ઉત્સવમાં જ રસ પડે છે અને એવા જ સાધુ ભગવંતોને આપણે લાવીએ છીએ.

'મંગલ મંદિર'ના ઓક્ટોબર માસના અંકમાં લખ્યું છે કે બુધ્ધનું જોઈને જૈનોએ મૂર્તિ બનાવી. અરે! મૂર્તિઓ તો ઋષભદેવ ભગવાનના કાળથી જ બનતી આવી છે. અષ્ટાપદનું નિર્માણ અને ૨૪ તીર્થંકરોની સુવર્ણ પ્રતિમા તો ઋષભદેવ ભગવાનના સમયગાળાની છે અને બુધ્ધ ભગવાન તો મહાવીર સ્વામીના સમયગાળામાં થયા તેવું મારું માનવું છે. બૌધ્ધ ધર્મનો વિકાસ થયો અને જૈનનો અલ્પ થયો એ બાબત ગૌણ છે.

આજે પણ જો સાધુઓની દિનચર્યામાંથી પગપાળા વિહાર અને લૉચ બંને કાઢી નાખવામાં આવે તો શું થાય? કેટલાયે ગરીબો, અનાથો જેમને ખાવા નથી મળતું, તેઓ આવા બાવા બની જાય છે. જો હીર સૂરિશ્વરજી મ.સા. પગપાળા ચાલતા આવવાને બદલે અકબરે મોકલેલ સાધનમાં આવ્યા હોત તો શું અકબર પ્રતિબોધ પામત? અને તેના દ્વારા થતી હિંસા રોકી શકાત? ના. ધર્મમાં આચરણનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. તેનું મૂલ્ય ઓછું ન માંડવું જોઈએ. આજે પણ જૈન સાધુ - સાધ્વીજી પસાર થાય તો પોલીસવાળા પણ એને પહેલા જવા દે છે! છે ને આચરણનો મહિમા! આજે પણ સારું ચારિત્ર પાળવાવાળા અને નિયમોને વળગી રહેનારા પરિવારો અને સંતો છે. તપોવન જેવી જૈનોની સંસ્થા આજે પણ મોજૂદ છે પરંતુ એ આપણને કડક, અઘરા અને રૂઢિચુસ્ત નિયમો લાગશે.

સંપ્રદાયો તો દરેક ધર્મમાં છે, માત્ર જૈનોમાં છે એવું નથી. એ તો મહાવીર સ્વામી વખતે તેના સાળા જમાલીએ અલગ પંથ સ્થાપ્યો હતો ને!

પુરુષની કક્ષા ભલે ઊંચી છે પરંતુ સ્ત્રીઓ પણ મોક્ષે જઈ શકે છે. આ બાબત જૈન દર્શનમાં છે જ. જેમકે સીતાજી મોક્ષમાં ગયા છે. મલ્લીનાથ ભગવાન એક સ્ત્રી હતા અને તીર્થંકર બન્યા. સમયના કારણે ઘણું બધું બદલાતું રહે છે. બસ, આપણે ક્યાં છીએ અને આપણી જાત અને અન્ય માટે આપણે શું કરી શકીએ એટલું જ અંતરથી વિચારીએ તો બહુ છે. બાકી આજે કોઈ સંઘમાં એકમત છે જ નહીં. ત્યાં પણ વિરોધપક્ષો તો છે જ.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. અહીં માત્ર વિચારો રજૂ કરેલા છે.

***નીતિન સંઘવી - ગાંધીનગર***

★

*સાચા કે ખોટા કૃત્યનું પરિણામ અચૂક મળે જ છે.*

## 'એક પૂછવા જેવા સવાલ'નો પ્રતિભાવ

શ્રી મયૂર દેઢિયાના લેખ (મંગલ મંદિર, ડિસેમ્બર-૨૦૧૩)માં એમણે વ્યક્ત કરેલ માન્યતાઓ ધરાવવાનો એમને હક્ક છે જ એ આપણે સ્વીકારીએ છીએ. પરંતુ એમનાં વિધાનો, તારણો કે અર્થઘટનો જ્યાં જ્યાં આઘાતજનક રીતે તથ્યથી વેગળા કે અર્ધદગ્ધ હોય ત્યાં ત્યાં તેની ચર્ચા પણ થવી જરૂરી છે.

આ લખનારને કોઈ પૂર્વગ્રહ ન હોય, નથી જ, એ સહૃદયતાપૂર્વક જણાવી, નિઃસંકોચપણે લખું કે શ્રી દેઢિયાના લેખમાં લઘુત્તમ અભ્યાસ અને ચકાસણી (CRITICAL EVALUATION) બંનેની ઉણપ જણાય છે. એમનાં સૂચનો પાછળ કોઈ વિચારમંથન નથી જણાતું. જૈન ધર્મની - સામાજિક પ્રથા, વ્યવહારોની વાત નથી - પાયાની અને સર્વવિદિત વાતોથી પણ અનાવગત રહી, જાણે જેમ વિચાર ઊઠ્યા તેમ વ્યક્ત કરી દીધા હોય એવું લાગે છે. હા, ખોટા રિવાજો કે આંધળી પરંપરા સામે એમનો આક્રોશ હોય તો જરૂર વધાવીએ. પરંતુ આવા પ્રવાહમાં ઘસડાઈ જઈ એમણે જ્યારે સુજ્ઞ વાંચકોની લાગણીને આઘાત પહોંચાડ્યો હોય ત્યારે અમુક આલોચના અનિવાર્ય બને છે.

આપણે એમને પૂછીએ : જૈન સંદર્ભમાં તપસ્યા, જ્ઞાન, મોક્ષમાર્ગ, મોક્ષ... એ અંગે તમારી કલમ ભલે ઉઠાવી, પણ પ્રશ્ન એ છે કે એમણે, શરૂમાં કહ્યું એમ, પાયાની વાતો જાણી વિચારી, આંતરભેદની દૃષ્ટિએ ચકાસી, પછી જ મંતવ્યો રજૂ કર્યા છે? ચાલો આપણે એ જોઈએ :

**૧.** તપશ્ચર્યા દરમ્યાન થયેલ મૃત્યુ અંગે કોઈ પત્રિકા લખે છે : "મીડિયાએ વખાણ્યું કે આત્મા સિધ્ધગિરિ પામ્યો." ટિપ્પણી આગળ વધે છે : "જૈન ધર્મને નામે એક કાલ્પનિક દુનિયાના ભ્રમમાં આપણે જીવીએ છીએ, જેમાં મોક્ષને નામે દિવસોના દિવસો ઉપવાસ કરવામાં કે કરાવવામાં આવે છે..." પત્રિકાની ટિપ્પણી છીછરા પ્રકારની છે એ કોઈ આળપંપાળ વગર કહેવું જ જોઈએ. (ટિપ્પણીકારે પાયાની વસ્તુ સમજવી જોઈતી હતી કે સિધ્ધગિરી, મોક્ષ એ ધાર્મિક CONCEPTS છે. તમે સહમત જરૂર ન થાઓ, પરંતુ એ 'દુનિયા નથી.' મોક્ષ એ સ્થિતિ છે, સ્થળ નથી. એને 'કાલ્પનિક દુનિયા' (સ્થળ) તરીકે ખપાવવું એ કંગાળ સમજણનું પ્રદર્શન છે. અને પછી ઉપર ભ્રમનો કૂચડો ફેરવવો એ છીછરાપણું દાખવે છે. શ્રી દેઢિયાએ યુજ્ઞ વાચકોની લાગણીનો ખ્યાલ રાખી આવી ટિપ્પણી ખેંચી લાવવાની જરૂર નહોતી.)

**૨.** શ્રી દેઢિયા આગળ લખે છે : 'જો કોઈ એમ કહે કે આવી તપસ્યાઓ મોક્ષમાર્ગ માટે છે તો મારું માનવું છે કે મોક્ષ માટે આવા કોઈ શોર્ટકટ હોઈ ન શકે... એનો ફક્ત એટલો ને એટલો અર્થ નીકળે કે મોક્ષ માટે ફક્ત અને ફક્ત જ્ઞાન જરૂરી છે...' શ્રી દેઢિયાએ મોક્ષ માટે ફક્ત અને ફક્ત જ્ઞાન જરૂરી છે... એવું બ્રહ્મવાક્ય ભલે ઓચરી નાખ્યું પણ એમણે એ સ્વીકારવું જોઈતું હતું કે તપસ્યા / તપ (નોંધ : શ્રી દેઢિયાની તરફેણમાં એટલું કહું કે તપસ્યા / તપ પાછળ અંદરના ભાવ હોવા જરૂરી છે - સામાજિક દબાણ કે આંધળુકિયા નહિ.) એ જ્ઞાન માટેનું SPADE WORK છે. જ્ઞાન માટે કર્મની નિર્જરા જરૂરી છે અને તપસ્યા / તપ કર્મની નિર્જરામાં સહાયક છે. આમ તપની પ્રાથમિકતા છે જ, અલબત્ત તપની ગુણવત્તા તમે કેટલી ઊંચાઈએ પહોંચ્યા છો, એ પર અવલંબે છે!

**૩.** શ્રી દેઢિયા આગળ લખે છે : "આપણા શાસ્ત્રોમાં ક્યાંય ઉલ્લેખ નથી કે ફક્ત ભગવાન કે તીર્થંકરની કૃપાથી કોઈને મોક્ષ પ્રાપ્ત થયો હોય..." આપણે એમને જણાવીએ કે આવો ઉલ્લેખ ક્યાંથી હોય? ન જ હોય! જૈન ધર્મમાં "ભગવાન"ને સ્થાન નથી! (એમને 'ભગવાન'નો ગમે તે અર્થ કરવાની છૂટ છે!) મોક્ષ આત્મ સાધનાથી પ્રાપ્ત થાય, નહિ કે કોઈની કૃપાથી! (તીર્થંકરની પણ નહિ, કોઈ પર 'કૃપા' કરવી GRANTING FAVOUR / BOON એ તીર્થંકરનો ગુણ નથી!) આ પાયાની વાતની સ્વીકૃતિ બાદ, બાકીનાં વાક્યો બિનજરૂરી બની જાય છે.

**૪.** શ્રી દેઢિયા પૂછે છે : "સૌપ્રથમ તો મારો સવાલ છે કે ફક્ત અન્ન ત્યાગવાની પ્રક્રિયાને આપણે તપસ્યા કહી શકીએ કે નહિ?" પછી એમણે તપસ્યા કોને કહેવાય એની વાચકવર્ગને સમજ (!) આપી છે. જેમાં એમણે ત્રણ દૃષ્ટાંતો આપ્યા છે : સંશોધનમાં અન્નજળ લેવાનું ભૂલી જતો વૈજ્ઞાનિક, ચિત્ર દોરવામાં લીન થઈ જતાં અન્નજળ ત્યાગી દેતો ચિત્રકાર, સમાજસેવામાં રચ્યોપચ્યો રહેતો હોવાથી અન્નજળ લેવાનું વીસરી જતો સમાજસેવક. આની સામે એમણે 'ફક્ત અન્નત્યાગની પ્રક્રિયાને' તપસ્યા ગણવામાં આવે છે એવી ખોટી ભુતાવળ ઊભી કરીને પછી તેને જેર કરવા મેદાને પડે છે!

**૫.** શ્રી દેઢિયાને હું જણાવું કે તમે સાંજી વગેરે રિવાજોથી - જો કે તમે પણ એમાં સહભાગી થયા છો! - અકળાતા હો તો આ લખનાર પણ અમુક અંશે તમારી જોડે છે! બાકી તમારા આત્યંતિક કે મનઘડંત અને અસંતુલિત સિધ્ધાંતો કોણ સ્વીકારશે?

**૬.** એઓ લખે છે : "....તમે કોઈ પણ ડૉક્ટર કે ડાયેટીશિયનને પૂછો તો (તેઓ) તમને ઉપવાસની સલાહ નહીં આપે, ઉલટાનું ઉપવાસ હાનિકારક છે તેમ કહેશે..." એમની કોઈ પણ ડોક્ટર કે ડાયેટીશિયન પરની આવી ઊંડી શ્રધ્ધા આશ્ચર્યજનક ગણાય! અહીં એક સત્ય કિસ્સો રજૂ કરું છું : મુંબઈ (મલાડ-ઈસ્ટ)માં રહેતા શ્રી વેલજીભાઈ ગાલા (ચાવાલા) ૭૨ વર્ષની વયે, ૬૬ દિવસના અનશન બાદ, સંથારામાં દેવગત થયા (તા. ૪-૫-૧૯૮૯). તે પહેલાં કિડની વગેરેની લાંબી બીમારી હતી. વારંવાર ડાયાલિસીસ કરાવવું પડતું. છેલ્લે તબિયત વધુ બગડતાં એમને બોમ્બે હોસ્પિટલમાં દાખલ કર્યા. કિડની સદંતર ફેઈલ થયા પછી એક સ્ટેજે ડોક્ટરોએ હાથ ઊંચા કરી

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

લીધા અને કહ્યું કે હવે આમને ઘેર લઈ જાઓ, કોઈ આશા નથી. વેલજીભાઈ પોતે (તેમજ કુટુંબ) ઊંડી શ્રધ્ધાવાળા હોવાથી એમણે સંથારો કરવાનો નિર્ણય કર્યો, જે અનશનના ૬૬ દિવસે સીઝ્યો. પણ તેના થોડાક વખત પહેલાં, જે ડોક્ટર ઘેર તપાસ માટે આવતા એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે વેલજીભાઈની બંને કિડની ફરી ચાલુ થઈ ગઈ છે! (મારી ફઈના દીકરાઓ શ્રી કીર્તિ શાહ, જે પડોશી થાય અને શ્રી લક્ષ્મીકાંત શાહ,જે વેલજીભાઈને અવારનવાર ધર્મનું સંભળાવવા જતા, તેમની અંગત જાણકારીનો કિસ્સો હોવાથી બિલકુલ વિશ્વાસપાત્ર વાત છે.) લાંબા અનશનથી શારીરિક ચમત્કારોના કિસ્સાઓ બને જ છે. એટલે શ્રી દેઢિયાએ ડોક્ટર કે એથીય ઓછી પાયરીના ડાયેટીશિયનના અભિપ્રાયને વેદવાક્ય સમજી લેવાની 'મોડર્ન અંધશ્રધ્ધા' નહોતી દાખવવી જોઈતી!

**૭.** આગળ શ્રી દેઢિયાનું કથન છે : "...અને જો કોઈ એમ કહે કે અઠ્ઠાઈ કે માસખમણ વૈજ્ઞાનિક છે અને તેની આડ અસર નથી... એવું લાગતું હોય કે તે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે, અને..... પુરાવા રજૂ કરે." અહીં શ્રી દેઢિયાને પૂછવું જોઈએ કે "વૈજ્ઞાનિક", "સંપૂર્ણ વૈજ્ઞાનિક"નો તમે શું અર્થ કરો છો? તમે વૈજ્ઞાનિકપણાનો નારો તો લગાવ્યો પણ જરા અર્થવિસ્તાર કરીને 'મંગલ મંદિર'ના વાચક વર્ગને સમજાવો કે 'સંપૂર્ણ વૈજ્ઞાનિક' એટલે શું? એમાં કયાં મૂલ્યો અભિપ્રેત છે? કે પછી આવું લખવું ફેશનેબલ ગણાય એટલા માટે?

"સંપૂર્ણપણે વૈજ્ઞાનિક"થી તમને જે કંઈ અભિપ્રેત હોય તે... પરંતુ તે જોડે ધાર્મિક અભિગમને શા માટે સુસંગત CONSIST રહેવું જોઈએ, કહેશો?

આ ઉપરાંતનાં અન્ય વિધાનો, અભિપ્રાયો, સલાહો પણ છે. પરંતુ સુજ્ઞ વાચક એની યથાર્થતા અંગે નીરક્ષીર દૃષ્ટિ પોતે જરૂર અપનાવશે એટલે અહીં જ વીરમીએ! શ્રી દેઢિયા જો જૈન દૃષ્ટિએ તપસ્યાનો સર્વોપરી ઉદ્દેશ કર્મની નિર્જરા છે, એટલું આત્મસાત્ કરી લે તો એમના મહત્તમ પ્રશ્નોનું સમાધાન થઈ જશે!

***સત્યપાલ સંઘવી - કાંદિવલી (વેસ્ટ), મુંબઈ***
***ફોન : (૦૨૨) ૨૮૬૮ ૭૯૫૮***
***ઈ-મેઈલ : satyapal_sanghvi@yahoo.com***

★

## ભ્રષ્ટાચારની દેવીને ભગાડીએ

દેશની બે મોટી રાજકીય પાર્ટીઓ, તેમની સામે આવી પડેલા પડકારથી અવાક્ થઈ ગઈ છે. પ્રજાની જાગૃતિથી તેઓ ડઘાઈ ગયા છે. બંનેને સરખો આંચકો લાગ્યો છે. તેથી બંનેએ એકબીજાની પોલ ખોલવા માંડી છે. નાના પક્ષો પણ આવું જ કરે છે, કારણ સૌ કોઈ ભ્રષ્ટ છે.

તમે લખ્યું છે (મંગલ મંદિર, સપ્ટેમ્બર-૨૦૧૩) તેમ બંધારણ દ્વારા ભ્રષ્ટાચારની મહાદેવીને ખાળી શકાઈ નથી. તેવી આશા પણ આકાશ કુસુમવત્ છે. તમારી વાત સાચી છે.

આવા માહોલમાં મને નક્સલવાદીઓ અને માઓવાદીઓ થોડાં સાચાં લાગતા હતા, થોડી આશા હતી. પણ માતેલા સાંઢો સામે જીત અશક્ય છે. ફ્રાંસ અને રશિયામાં સશસ્ત્ર ક્રાંતિઓ સફળ રહી પણ ત્યાં પ્રજાનો દુશ્મન, એક જ રાજા હતો. એક બાજુ ત્રાહિત અને લાચાર પ્રજા અને બીજી બાજું ભ્રષ્ટ રાજા. બંને ક્રાંતિઓમાં આમ આદમી જીત્યો. પણ આપણે ત્યાં રાજા એક નથી, અસંખ્ય છે. ચાર હજાર તો ધારાસભાઓમાં છે અને લોકસભામાં ૫૦૦થી વધુ. વત્તા એમના ખાંધીયા રાજાઓ અને નિવૃત્ત થયેલા હજારો બીજાં! ગમે તેવાં શસ્ત્રો આ ભ્રષ્ટ ફોજને હરાવી ના શકે.

પણ હા, બીજો આવકારદાયી રસ્તો દિલ્હીવાસીઓએ આપણને બતાડ્યો છે! તમારો વોટ તે તમારું અમોઘ શસ્ત્ર છે. તેમણે બતાવેલા ચીલાનું આપણે અનુકરણ કરવાનું છે. પ્રામાણિક અને નિષ્ઠાવાન લોકોને આપણા પ્રતિનિધિ તરીકે ચૂંટવાના છે. જય હો, દિલ્હીવાસીઓની. મતની શક્તિથી આપણે પરિચિત થયા.

હવે પ્રજાએ જાગૃત થવાનું છે. દિલ્હીવાળી આમ પાર્ટી જીતે કે હારે, એ મંત્રીઓ રહે કે ન રહે, પણ આમ આદમીની તાકાતનું બળ કેવું જબરું છે તે તેમણે બતાડી દીધું છે.

આશા રાખીએ, મોડે મોડે પણ પ્રજા આ રસ્તે ચાલીને નિષ્ઠાવાન પ્રતિનિધિઓને જ ચૂંટશે. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે એવા સજ્જનો અને સન્નારીઓ આપણને મળે, જે જીતે અને વિશ્વમાં ન થયો તેવો ઈતિહાસ રચાય. આપણા નસીબ કેવા છે તે ભવિષ્ય જ કહી શકશે. ગાંધીજીએ શસ્ત્ર વગરની ક્રાંતિથી બ્રિટીશ સલ્તનતને હરાવી એવી બીજી ક્રાંતિ કરવાનો મોકો મળ્યો છે. વાત હવે આપણા હાથની છે.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

***નોંધ : ઉપરોક્ત પત્રના છેલ્લા ફકરાની શરૂઆત નીચે મુજબ કરવામાં આવેલ છે : "આશા રાખીએ, મોડે મોડે પણ પ્રજા આ રસ્તે ચાલીને નિષ્ઠાવાન પ્રતિનિધિઓને જ ચૂંટશે."***

***આ બાબતે જણાવવાનું કે પ્રજા તો પહેલેથી જ નિષ્ઠાવાન પ્રતિનિધિઓને શોધતી હતી પરંતુ ચૂંટણીમાં જે ઉમેદવારો ઊભા રહેતા હતા તે બધા જ પ્રતિનિધિઓ એક અથવા બીજા ખરડાયેલા ગ્રુપના પ્રતિનિધિઓ હતા. દિલ્હીના મતદારોને ખરડાયેલા ન હોય તેવા ગ્રુપના પ્રતિનિધિઓ સાંપડ્યા અને એ મતદારાઓએ આ તકનો લાભ મળી શક્યો.***

***શક્ય છે કે આવું જ રીપીટેશન જો ભારતભરની પ્રજાને સાંપડે તો ભારતભરની પ્રજા એ જ રાહે ચાલવા પોતાની ખુશનસીબી સમજે.***

***– તંત્રી મંડળ***

★

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

**E-mail : kaykay_industries@yahoo.com**

## 'મંગલ મંદિર'ના વિવિધ લેખો અંગે પ્રતિભાવ

સુશ્રી નીતા ઠાકરે જૈન મહાજનોનો સમગ્ર ઇતિહાસ તેમની લેખમાળામાં ઉજાગર કરી દીધો. તેમની મહેનતનો અંદાજ કલ્પી શકાય છે. ધન્યવાદ.

ડિસેમ્બર અંકમાં ભાઈશ્રી મયૂરે પૂછવા જેવો સવાલ આખરે પૂછી જ લીધો!

ઉપવાસની યાદશક્તિ ઉપર થતી અસર બાબત મારા પોતાના અભ્યાસકાળનો દાખલો આજ ૭૦ વર્ષ બાદ પણ ભૂલ્યો નથી.

સમય ૧૯૪૪. પર્યુષણ બાદ ક્ષમાપનાનો દિવસ. ધોરણ-૯નો સંસ્કૃતનો પીરિયડ. મને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે 'મારવું અથવા હણવું' માટે સંસ્કૃતમાં મૂળ ક્રિયાપદ કયો? સંસ્કૃત મારો પ્રિય વિષય હોઈ સામાન્ય રીતે મારા માટે આ અતિ સરળ પ્રશ્ન હતો (મૂળ ક્રિયાપદ હન્) પણ આનો જવાબ હું ન આપી શક્યો અને શિક્ષકને ખ્યાલ આવી ગયો કે આગલા દિવસે મેં ઉપવાસ કર્યો હતો! ત્યારબાદ મેં ક્યારેય જૈન ઉપવાસ નથી કર્યો, માત્ર આરોગ્ય માટે જરૂરી હોય ત્યારે એ રીતના ઉપવાસ કર્યા હશે. મારા સંતાનો અને તેમના સંતાનોને પણ આવા ઉપવાસ કરતાં શક્ય ત્યાં સુધી રોક્યા છે. આમ છતાં કિશોરો કે યુવાનો ક્યારેક દેખાદેખી કરી બેસે છે. મારો પૌત્ર આદિત્ય, જેણે ઉપાશ્રય કે દેરાસરનો દરવાજો પણ ભાગ્યે જ જોયો હશે તેણે દસેક વર્ષ પહેલાં કેટલા દિવસ ભૂખ્યા રહી શકાય છે એ જોવા માટે જ એક એક કરીને વધારતાં અઠ્ઠાઈ કરી નાખી હતી!

કુમળા બાળકોને અઠ્ઠાઈઓ અને સિધ્ધિતપ કરાવવા, ઉપવાસ કે છઠ્ઠ કરાવીને શત્રુંજયની યાત્રાઓ કરાવવી — આ પ્રકારની જાહેરાતો કરાવીને માતા-પિતા ગૌરવ સાથે પોતાના અહમ્ સંતોષે છે, પણ ત્યારબાદ શું થયું તેની જાહેરાતો નથી થતી. આના પરિણામે અભ્યાસ કરતા બાળકો - કિશોરોની યાદશક્તિને જ નહિ પરંતુ પાચન અવયવોને પણ સારું નુકસાન થાય છે. બાળકોના વાલીઓ ઉપરાંત મહારાજ સાહેબો પોતાની નિશ્રામાં કેટલી મોટી તપશ્ચર્યાઓ થઈ એ જાહેર કરી પોતાનો અહમ્ સંતોષે છે.

જૈન સિધ્ધાંત મુજબ તપ બે જાતના છે : બાહ્ય તપ અને અભ્યંતર તપ. મૂળ અભ્યંતર તપ, જેમાં કષાયોનો ક્ષય કરી જીવનમાં સુધાર લાવવાનો હોય છે. એ ન બનતું હોય તો બાહ્ય તપનો કોઈ પ્રભાવ નથી રહેતો, એ સ્પષ્ટ કહેલ છે. આ દૃષ્ટિએ જોઈશું તો આજકાલ જે થઈ રહ્યું છે એ કેવળ ભૂખ્યા રહેવાની હરીફાઈઓ છે. ખરેખરી તપશ્ચર્યા કરનારાઓ ક્યારેય તેની જાહેરાતો કરતા નથી. સાંજીઓ, જમણવારો અને નાણાંની લેતીદેતી થતી હોય એ ધર્મ કેમ કહેવાય? એ નર્યો વહેવાર છે, જે ધર્મને નામે થાય છે. જ્યારે વ્યવહારમાં ધર્મ ભાગ્યે જ દેખાય છે.

બીજું એક વિધાન પણ વિચારવા યોગ્ય છે કે તપસ્યા કોને કહેવાય? માત્ર ભૂખ્યા રહેવાને?

આ જગતમાં અત્યાર સુધી અનેક સંશોધકોએ, વૈજ્ઞાનિકોએ, કલાકારોએ, સમાજ સેવકોએ પોતાના અંગત સુખ સગવડોના ભોગ આપી મોટા પ્રમાણમાં યોગદાન આપ્યું છે એ તપસ્યા નહિ?

રહી વાત વૈજ્ઞાનિક સંશોધનની. તો ઘણી બાબતોમાં વૈજ્ઞાનિક સંશોધન દ્વારા સત્ય જાણી શકાય છે. પરંતુ સાધુ ભગવંતો એ માટે તૈયાર થતા નથી. એક જ દાખલો કંદમૂળનો લઈએ તો તેમાં અસંખ્યાતા સૂક્ષ્મ જીવો હોવાનું કહેવામાં આવે છે. હાલમાં જ્યારે સૂક્ષ્માતિસૂક્ષ્મ વાઈરસને પણ ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપમાં જોઈ શકાય છે, પણ એ માટે તૈયારી નથી. કોઈ દલીલ ન સૂઝતાં એમ કહેવામાં આવે છે કે 'એ તો કેવળી ભગવંત જ જોઈ શકે!' જ્યારે કોઈ કેવળી ભગવંતે કોઈ આગમ કે સૂત્રમાં એવી વાત કહી જ નથી. હકીકતમાં કંદમૂળનો નિષેધ પણ કોઈ આગમ કે સૂત્રમાં નથી. આવું તો ઘણું ચાલે છે!

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

★

## સમાજના કાર્યકર્તાઓ અને સ્ટાફ સભ્યોની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઋણ સ્વીકાર

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે તા. ૩૦-૧૨-૨૦૧૩ના રોજ મારા મોટાભાઈ મહેશ હંસરાજ ગોસર, જે સમાજ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રૂમ નં.-૨૦૧માં રોકાયેલ હતા. જેઓને તા. ૩૧-૧૨-૨૦૧૩ના રોજ હાર્ટ ઍટેક આવતા અવસાન પામેલ હતા. તે દરમ્યાન શાહીબાગ ભવનના સ્ટાફ વતી શ્રી દીપભાઈ, શ્રી કૃષ્ણકાંતભાઈ મોદીએ મારા બહેનની સાથે રહી સિવિલ હોસ્પિટલની તમામ કાર્યવાહી પૂરી કરાવેલ હતી. અમો બીજા દિવસે અમદાવાદ પહોંચેલ ત્યારે શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી સમીરભાઈ, શ્રી વિજયભાઈ દેઢિયા, શ્રી શશીકાંતભાઈ તથા શ્રી મનીષભાઈ વીરાએ સદ્‌ગતશ્રીની અંતિમવિધિ સુધી સાથે રહી અમારી મદદ કરેલ હતી. જે માટે આ તમામ ભાઈઓ તથા સ્ટાફ મેમ્બર્સ તેમજ આપની સંસ્થાના અમે ખૂબ જ ઋણી છીએ.

આપની સંસ્થાના કાર્યકરો તથા સ્ટાફ મેમ્બર્સ આવા દુઃખના કપરા સમયે અમારી સાથે રહ્યા તે બદલ ખૂબ ખૂબ આભાર.

*હિતેન હંસરાજ ગોસર*
*મો. ૯૮૬૯૩ ૧૫૪૨૨*

★

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

## 'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૪ના અંકનો પ્રતિભાવ

'મંગલ મંદિર'નો જાન્યુઆરી-૨૦૧૪નો અંક લગભગ સર્વાંગ સુંદર બન્યો છે. સૌપ્રથમ તો તંત્રીશ્રીએ જ એક અગત્યનો પ્રશ્ન છેડ્યો છે. તેમણે તો માત્ર માનવો પૂરતો વિષયને મર્યાદિત રાખ્યો છે. પરંતુ 'કામ'ના પ્રભાવથી ખુદ ભગવાનો, દેવો અને ઋષિમુનિઓ પણ મુક્ત રહી શક્યા નથી. પ્રાચીન ગ્રંથોમાં આવી અગણિત કથાઓ મળે છે. ટૂંકમાં જોઈએ :

ભગવાન વિષ્ણુએ વૃંદાના કરેલા શીલભંગની કથા જાણીતી છે. ભગવાન શિવ ભીલડીની પાછળ દોડેલા એની કથા પણ જાણીતી છે. અને બ્રહ્માજી તો સરસ્વતીથી મોહિત થયેલા એની કથા પણ જાણીતી છે. આમ સૌથી મોટા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ 'કામ'ને પૂરા જીતી શક્યા નથી.

રામાયણમાં વાલી, એ સૂર્યદેવનો પુત્ર છે અને સુગ્રીવ ઈન્દ્રદેવનો પુત્ર છે અને હનુમાનજી વાયુદેવના પુત્ર છે. ત્રણે અવૈધ છે અને એમના જન્મની કથા અશ્લીલ છે. અત્રે લખી શકાય એવી નથી. ઈન્દ્રે કરેલા અહલ્યાના શીલભંગની કથા પણ જાણીતી છે. લગભગ બધા જ દેવો 'કામ'ની બાબતમાં શિથિલ ચારિત્ર્યના છે.

પરાશર બહુ જ મોટા ઋષિ હતા. પણ ગંગા નદી પાર કરાવનાર માછીકન્યા પર ચાલતી હોડીએ મોહિત થયા, સંયમ ગુમાવી બેઠા અને વ્યાસજીનો જન્મ થયો.

ખુદ વ્યાસજી પોતે પણ ધૃતાચી નામની અપ્સરાના મોહમાં ફસાયા અને શુકદેવજીનો જન્મ થયો. ઋષિઓની કથાઓ ઘણી જ લાંબી છે. વિશ્વામિત્ર અને મેનકાની કથા જાણીતી છે. વર્ષો પહેલા 'ચંદ્રકાંત' નામે એક ધાર્મિક ગ્રંથ પ્રકાશિત થયેલો. એમાં એક ઉત્તમ કથા છે. એક ઋષિ પોતાના શિષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા કે સ્ત્રી — પછી તે કોઈપણ હોય — તેની સાથે એકાંત સેવન કરવું નહીં. આ સાંભળીને એક શિષ્યના મુખે સહેજ સ્મિત ફરકી ગયું. ગુરુ સમજી ગયા કે શિષ્યના મનમાં છે કે મારા જેવા જ્ઞાની અને તપસ્વીને વળી આવો ઉપદેશ કેવો? ઠીક. સમય વીતતો ગયો. ચોમાસું આવ્યું. પેલો શિષ્ય પોતાની ઝૂંપડીમાં રાતના સમયે ધ્યાનમાં બેઠેલ છે. બહાર ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આવી અંધારી રાત્રે ઋષિની ઝૂંપડીના દ્વારે ટકોરા પડ્યા. ઋષિ ઉઠ્યા, દ્વાર ખોલ્યું. તો સામે એક અસાધારણ રૂપવતી યુવાન સ્ત્રી ભીના વસ્ત્રો સાથે ઊભી હતી. સ્ત્રીએ વિનંતી કરી કે આવા વરસાદમાં અને અંધકારમાં પોતે રસ્તો ભૂલી ગઈ છે. જો આજની રાત ઋષિ કૃપા કરીને એને આશ્રય આપે તો સવારે તે પોતાના સ્થાને ચાલી જશે. ઋષિને દયા આવી. તેણે તે સ્ત્રીને અંદર લીધી. તે સ્ત્રી ઝૂંપડીના એક ખૂણે ઠંડીમાં થથરતી ભીના એક વસ્ત્રે બેસી રહી.

સમય વીતતો ગયો. ઋષિનું ધ્યાન ધીરે ધીરે ભગવાન પરથી ખસીને સ્ત્રી તરફ ખેંચાતું રહ્યું. આખરે ઋષિથી રહેવાયું નહીં. ઊઠ્યા, પેલી સ્ત્રીને આલિંગનમાં લીધી અને ત્યાં જ પોતાના ગુરુની દાઢી શિષ્યના હાથમાં આવી! ગુરુએ જે પાઠ ભણાવવાનો હતો તે ભણાવી દીધો. શિષ્ય શરમાયો, સમજી ગયો.

માટે સાવધાન! કોઈ કહેતાં કોઈએ (અપવાદ વગર) 'કામ'ની બાબતમાં અભિમાન કરવા જેવું નથી.

**શ્રી મુરજીભાઈ ગડા, સુબોધ શાહના** પુસ્તકનો અનુવાદ ક્રમશઃ આપે છે. મૂળ વાત એ છે કે **આપણા દેશના ૯૮-૯૯% લોકો Fact અને Fiction વચ્ચેનો ભેદ સમજી શકતા નથી.** Fact સત્યની અને ઇતિહાસની આંગળી ઝાલીને ચાલે છે જ્યારે Fiction કલ્પનાની આંગળી પકડીને ચાલે છે. Fact માં તો હોય ઇતિહાસ, આંકડાઓ અને શુષ્ક વિગતો — એમાં કોને મજા આવે? જ્યારે Fiction માં માણસ ધારે એટલા ચમત્કારો ઉમેરી શકે. ઉપરાંત તેમાં વીર, કરુણ, શૃંગાર, રૌદ્ર, બીભત્સ વગેરે રસો ઇચ્છે તેટલા ઉમેરી શકે. એથી લોકોને એમાં જ રસ પડે. પણ મુશ્કેલી એ છે કે રસ તો ભલે પડે, એમાંથી જે બોધ લેવાનો હોય તે પણ જરૂર લેવાય. પરંતુ એ હંમેશાં યાદ રાખવું જોઈએ કે આ બધી જ માત્ર કથાઓ છે, સત્ય ઘટના નથી.

**શ્રી ગિરીશ વીંછીવોરાનો લેખ પણ સમજવા જેવો છે.** મને પણ તિરૂપતિ અને અન્ય કરોડપતિ - અબજોપતિ ભગવાનોના દર્શને જવાની તક મળેલી છે પણ એકવાર ગયા પછી નિર્ણય કર્યો છે કે હવે કોઈ મફતમાં લઈ જાય અને ઉપરથી લાખ રૂપિયા આપે તો પણ આવા તીર્થ સ્થળે બીજીવાર ન જ જવું.

**શ્રી વત્સલ વસાણીના લેખના અંતે પાના નં.-૩૪ નીચે તંત્રીમંડળની નોંધ બદલ તંત્રી મંડળને ભરપૂર ધન્યવાદ.**

ગાંધીજી વિશેના **શ્રી દામજી માણેક ગડા**નો લેખ ખૂબ સરસ છે. પરંતુ તેમાં ક્યાંક નાની નાની વિગતદોષ પણ છે. ગાંધીના સાથી પ્રવીણ મહેતા નહીં પણ ડૉ. પ્રાણજીવન મહેતા. પોલોકથી પહેલાં જ ગાંધીના પ્રથમ સાથી તે શ્રી કેલનબેક. આ કેલનબેકની આર્થિક સહાયતા થકી જ ગાંધીએ ફિનીક્ષ આશ્રમની જમીન ખરીદેલી. પછીના સાથી તે એન્ડ્રુઝ અને ત્યારબાદ પોલોક. ગાંધીના જીવન પરિવર્તન કરનાર પુસ્તક 'કિંગ્ડમ ઑફ ગોડ' એ વાત સાચી પણ એક જ રાતમાં સમગ્ર જીવનશૈલી બદલી નાખનાર પુસ્તક તે શ્રી રસ્કિનનું 'Unto the Last' અને ગાંધીને મદદ કરનાર રતન ટાટા નહીં પણ જમશેદજી કે દોરાબજી કે અન્ય ટાટા હોવા જોઈએ. વારંવાર વચનભંગ કરીને તથા ગાંધીને જેલમાં પણ વધારેમાં વધારે કષ્ટ આપનાર જનરલ સ્ટમ્સ. અને ગાંધી અબ્દુલ્લા દાદાના વકીલ તરીકે નહીં પણ દ. આફ્રિકાના કેસ લડનારા ગોરા વકીલને ગુજરાતીમાં લખેલા હિસાબો અને કાગળો

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

અનુવાદ કરી અંગ્રેજીમાં સમજાવવામાં મદદ કરનારા સહાયક તરીકે એક વર્ષની બોલી કરીને પગાર - નોકરીએ લઈ ગયા હતા. પછીથી તે સ્વતંત્ર વકીલાત કરતા થયા. 'હિંદ સ્વરાજ' લખાયું ત્યારે પણ અનેક લોકોએ મશ્કરી કરેલી. ઘણાએ ગાંધીને પાગલ ગણી લીધેલા. પણ પછી જેમ સમય વીતતો ગયો તેમ તેની કિંમત - મૂલ્ય - લોકોને સમજાવા લાગ્યું. 'હિંદ સ્વરાજ' પર સ્વ. શ્રી કાંતિ શાહે ખૂબ વિસ્તારથી લખેલ છે. શ્રી નારાયણ દેસાઈએ પણ વિસ્તારથી લખેલ છે. એમાંની બધી જ વિગત સાથે સંમત થવાનું જરૂરી પણ નથી. હાલમાં 'દિવ્ય ભાસ્કર' અખબારમાં બુધવારની પૂર્તિ 'કળશ'માં છેલ્લા પાને શ્રી દીપક સોલિયાની લેખમાળા ગાંધી વિશે ચાલે છે તે ચૂકવા જેવી નથી. દીપક સોલિયાના લખાણો હંમેશાં વાંચવા જેવા હોય છે.

એક જાણવા જેવી રમૂજી વાત : ગાંધીજીએ પોતે ૧૮ વર્ષના થયા ત્યાં સુધી કદી છાપાં - અખબાર વાંચ્યા ન હતા. ૧૯મા વર્ષે લંડન ગયા ત્યાં પ્રથમવાર છાપાં જોયાં અને વાંચ્યા!

*છેલ્લે ઋગ્વેદનો એક મંત્ર :*

*"કામ તદ્ અગ્રે સમવર્તતાધિ ॥"*

અર્થાત્ **સૃષ્ટિના આરંભમાં સહુ પ્રથમ 'કામ' ઉત્પન્ન થયો, પછી જડચેતન સૃષ્ટિ બની.**

અને વેદમાં, ઉપનિષદમાં, રામાયણમાં, મહાભારતમાં તથા ભાગવતમાં કોઈ ગ્રંથમાં 'કામ'ને માટે 'કામદેવ' શબ્દ નથી. વાલ્મીકિ રામાયણમાં (અયોધ્યા કાંડ સર્ગ ૯૧-૭૦) ભરત જ્યારે લશ્કર લઈને રામને વનવાસથી પાછા લાવવા નીકળે છે ત્યારે રસ્તામાં ભારદ્વાજ ઋષિના આશ્રમે રોકાય છે. ત્યારે રાજ્ય પરિવાર માટે ઋષિ ઉત્તમ પ્રકારની મદિરા અને શ્રેષ્ઠ માંસાહારી વાનગીનાં ભોજન ઉપરાંત દરેકને સ્નાન કરાવવા માટે વ્યક્તિ દીઠ ૭-૮ યુવાન સ્ત્રીઓની વ્યવસ્થા કરે છે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૬૩૦૧૭૨૯***

★

## Excellent Working of Medical Centre

On 2nd January, 2014 I had visited Medical Centre at Paldi run by Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad and met Dr. Himanshu Shah for Urology - for Prostate problem.

It is very heartening to note that a Super Specialist Doctor visiting a Medical Centre run by a Trust is giving such excellent service.

There are many super specialists in various branches. I have come across as care taker (I/c) Engineer of Gujarat Electricity Board. Very few super specialists I have been to keep healthy doctor - patient relationship, give sufficient guidance, create awareness & spare their valuable time for the good cause, Dr. Himanshu Shah in all regards is one of them.

I feel gratified and express my gratitude towards Shri Kutcchi Jain Medical Centre and its associates as well as Dr. Himanshu Shah for serving the patients totally on humanitarian grounds, with total satisfaction to the patients and serving the community at large without any pride.

***Shah Jagdish Shantilal***
***Deputy Engineer, GEB Ahmedabad***
***M. 98253 37912***

★

## કોના બાપની દિવાળી?

દરરોજ સવારે વર્તમાન પત્રોના પાના ઉથલાવતી વખતે દિવંગત નેતાઓના જન્મ દિવસોએ તથા પુણ્યતિથિઓએ આવતી આખા કે અડધા પાનાઓની જાહેરાતો, શ્રધ્ધાંજલિઓ ઉપર નજર પડતી જ હશે અને જોઈ - ન જોઈ કરી પાના ફેરવી નાખતાં હોઈશું.

ક્યારેય વિચાર્યું કે આ જાહેરાતો પાછળ કેટલો ખર્ચ થતો હશે અને ખર્ચ કરનાર કોણ હશે? તો સાંભળો....

આ જાહેરાતો સરકારી (એટલે આપણા) ખર્ચે જ અપાય છે. રહી ખર્ચની વાત, તો યુ.પી.એ. સરકારની બીજી ટર્મ ચાર વર્ષમાં માત્ર વર્તમાનપત્રોમાં જ રૂા. ૧૪૨ કરોડની આવી જાહેરાતો આપવામાં આવી હતી. (ટી.વી. વિ.ની જાહેરાતો અલગ)

આમાં ૩૮ કરોડ તો એકલા ગાંધી બાપુની જાહેરાતો ઉપર ખર્ચવામાં આવ્યા હતા. જેઓએ જિંદગીભર આવા કામ માટે પૈસો પણ ખરચ્યો નહિં હોય!

આ ઉપરાંત લગભગ ૨૫ કરોડ રાજીવ ગાંધીના, રૂા. ૧૮ કરોડ ડૉ. આંબેડકરના, રૂા. ૧૭ કરોડ ઇન્દિરા ગાંધીના અને રૂા. ૧૧ કરોડ જવાહરલાલ નહેરુના જન્મ અને પુણ્યતિથિઓના પ્રસંગોએ ખર્ચાયા છે.

આટલી રકમમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૨૮૦ નાની હોસ્પિટલો અને ૧૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ ઊભી કરી શકાય.

કોંગ્રેસ સિવાય, વિભિન્ન રાજ્યોમાં અન્ય સત્તાધારી પાર્ટીઓ પણ આવો ખર્ચ કરે જ છે.

મીડિયાનું આમાં સ્થાપિત હિત હોતાં તેઓ શા માટે વિરોધ કરે?

જનતા ખુદ જાગે તો જરૂર ફરક પડે, બાકી તો આમ જ ચાલતું રહેશે.

*(રીડર્સ ડાઈજેસ્ટ આધારિત)*

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

★

*સાચા દિલના પ્રાયશ્ચિતથી મનની શાંતિ મળે છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત બાવીસમો જૈન સાહિત્ય સમારોહ

રૂપ માણેક ભણશાલી ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈના સૌજન્યથી ૨૨મો જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૪ માર્ચ ૭, ૮, ૯ મી તારીખે મોહનખેડા (મધ્યપ્રદેશ) શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન શ્વેતાંબર પેઢીમાં યોજાશે. જેમાં જૈન ધર્મના ચારે ફિરકાના જૈન વિદ્વાનો એક છત્ર નીચે એકત્રિત થઈ વિવિધ જૈન સાહિત્ય' ઉપર પોતાના શોધ નિબંધ પ્રસ્તુત કરશે.

આ સમારોહનું સંયોજન અને સંચાલન જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંતભાઈ શાહ કરશે.

નિબંધ માટેના ગ્રંથોની યાદી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મુખ્ય કાર્યાલયમાંથી પ્રાપ્ત થશે. (ફોન નં. : (૦૨૨) ૨૩૭૫૯૧૭૯, ૨૩૭૫૯૩૯૯, ૬૫૦૪૯૩૯૭, ૬૫૨૨૮૩૮૬, ફેક્સ : (૦૨૨) ૨૩૭૨૯૨૪૨, ઈ-મેઈલ : hosmjv@rediffmail.com

નિબંધ પ્રસ્તુત કરનાર મહાનુભાવ વિદ્વાનોને પોતાના સ્થાનથી આવવા-જવાનો ખર્ચ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી આપવામાં આવશે, તેમ જ રહેવા વગેરેની વ્યવસ્થા ઉપર જણાવેલ નિમંત્રક ટ્રસ્ટ કરશે અને નિબંધ લેખકનું માનદ પુરસ્કારથી સન્માન કરાશે. નિબંધ પ્રસ્તુત કરતા મહાનુભાવોની સમારોહના ત્રણે દિવસની ઉપસ્થિતિ અનિવાર્ય છે.

પ્રાપ્ત નિબંધો ભવિષ્યમાં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થશે.

વિદ્વાન નિબંધ લેખકો ઉપરાંત જૈન ધર્મના અન્ય અભ્યાસુ અને જિજ્ઞાસુઓને પણ આ સમારોહમાં પધારવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલય તથા રૂપ માણેક ભંશાલી ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. એ સર્વેની સર્વ વ્યવસ્થા પણ આ નિમંત્રક ટ્રસ્ટ કરશે.

જે વિદ્વાનો અને જિજ્ઞાસુ અભ્યાસીઓ આ સમારોહમાં પધારવા ઈચ્છતા હોય એઓશ્રીએ પત્ર દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, C/o. શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન વાડી, બીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯ એ સરનામે જાણ કરી રજિસ્ટ્રેશન ફોર્મ મેળવવાનું રહેશે તેમજ ઉપરના ફોન નંબર ઉપર વિદ્યાલયના શ્રી શાંતિભાઈ ખોનાનો તા. ૩૧-૧૨-૨૦૧૩ પહેલાં સંપર્ક કરવા વિનંતી છે.

*"પ્રબુધ્ધ જીવન", ડિસેમ્બર-૨૦૧૩*

★

## જૈન તીર્થો કે ધર્મશાલાઓ કે કમરોં કી ઓનલાઈન રીઝર્વેશન – મહત્ત્વાકાંક્ષી યોજના

તીર્થયાત્રા પર આનેવાલા યાત્રી પૂર્ણ સુવિધાઓ સે યુક્ત તીર્થ પર એવં નિશ્ચિત, પૂર્ણ નિયોજિત યાત્રા કરના ચાહતા હૈ. ઈસ આવશ્યકતા કો ધ્યાન મેં રખતે હુએ હમ તીર્થ ક્ષેત્રોં પર આનેવાલે યાત્રી કી યાત્રા યોજના એવં નિર્ધારિત સ્થાન પર ઠહરને ભોજન આદિ કી અગ્રીમ વ્યવસ્થા કો ધ્યાનમેં રખકર, ધર્મશાલાઓં કે કમરોં, ભોજન આદિ કી ઓનલાઈન રીઝર્વેશન કી એક મહાત્ત્વાકાંક્ષી યોજના પર કાર્ય કર રહે હૈં. જો ઈંટરનેટ કા ઉપયોગ કરતે હુએ જૈન તીર્થ કલા વ સ્થાપત્ય કો વિશ્વસ્તર પર પ્રચારિત પ્રસારિત કરને મેં અપના મહત્ત્વપૂર્ણ યોગદાન દેગી.

ઈસકે માધ્યમ સે કેવલ વિભિન્ન દેશોં એવં પ્રદેશોં મેં ફૈલે હુએ જૈન બંધુ અપને ધર્મ-કલા એવં સંસ્કૃતિ સે પરિચિત હોંગે એવં વેબસાઈટ www.jaintirthyatra.com કે માધ્યમ સે કમરોં કા ઓનલાઈન આરક્ષણ ભી કર સકેંગે. ઈસકે પ્રતિફલ મેં જૈન તીર્થ ક્ષેત્રોં પર આંતરરાષ્ટ્રીય પર્યટન વિસ્તાર હોને કા હમેં પૂર્ણ વિશ્વાસ હૈ, જો ન કેવલ હમારે ક્ષેત્રોં કે વિકાસ એવં વિસ્તાર મેં સહાયક હોગા એવં વહ હમારે દેશ એવં તીર્થો કી અર્થવ્યવસ્થા કો સુદૃઢ બનાને મેં બહુમૂલ્ય યોગદાન દે સકેગા.

દિગંબર, શ્વેતામ્બર એવં સભી જૈન પંથ અપની ધર્મશાલાઓં કે કમરોં કે લીયે ઓનલાઈન આરક્ષણ સુવિધા કા લાભ લેને કે લિએ www.jaintirthyatra.com પર ઉપલબ્ધ ફાર્મ ભરકર ભેજેં.

### તીર્થ ધર્મશાલાએં વેબસાઈટ સે કૈસે જુડેં?

www.jaintirthyatra.com સે તીર્થ ધર્મશાલાઓં કો જુડને કે લીયે રજિસ્ટ્રશન અનિવાર્ય હૈ. તીર્થ ક્ષેત્ર પ્રબંધન સમિતિ અપને તીર્થ ધર્મશાલા કે રજિસ્ટ્રેશન કે લીયે વેબસાઈટ www.jaintirthyatra.com મેં ઉપલબ્ધ ફાર્મ ડાઉનલોડ કરેં ઔર ઉસકી પ્રિન્ટ નિકાલકર ઉસે ભરકર હમેં ભેજેં. તીર્થ ક્ષેત્ર પ્રબંધન સમિતિ હમેં ૦૮૮૧૫૨૩૯૪૪૨ પર ભી સંપર્ક કર સકતે હૈં.

★

*જીવનની ખરી મજા તો બાળક જેવા થઈને રહેવામાં જ છે. વૃક્ષ ભલે ગમે તેટલું મોટું થાય પણ એનાં પાંદડાંનો રંગ તો લીલો જ રહે છે. પીળાં પડી ગયેલાં પાન તો એની મેળે જ ખરી જાય છે. માણસ જો પોતાનું મન લીલુંછમ રાખે તો ઉંમરની અસર કદી થતી નથી. એ સદા ટટ્ટાર ઊભો રહી શકે છે.*

*મોતનો ભય છોડો અને ઉલ્લાસથી જીવન જીવો.*

## શ્રી પ્રેમચંદ મોતાનું જીવદયા ક્ષેત્રે અજોડ પ્રદાન

'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા', તા. ૨૩-૧૦-૨૦૧૩ના અંકમાં એક આકર્ષક સમાચાર પ્રસિધ્ધ થયા હતા. જેનો સારાંશ એવો હતો કે ભારતના ઉદ્યોગપતિઓના લિસ્ટમાં સૌથી અગ્ર સ્થાને રહેલા શ્રી મૂકેશ અંબાણી કે જેઓ ખુદ શાકાહારી હોવા છતાં સમગ્ર ભારતમાં ચિકન સર્વ થાય તેવા રેસ્ટોરન્ટ્સ શરૂ કરવા માટે આયોજન કરી રહ્યા છે.

ઉપરોક્ત સમાચાર જાણીને કલકત્તા સ્થિત સામાજિક કાર્યકર શ્રી પ્રેમચંદ મોતાનો અંતરાત્મા દ્રવી ઊઠ્યો. તરત જ કલમ હાથમાં લઈને શ્રી મૂકેશભાઈને વિગતવાર પત્ર લખ્યો અને તેમાં તેમનું ઉપરોક્ત આયોજન પડતો મૂકવા ભારપૂર્વક વિનંતી કરી હતી. એટલું જ નહીં, પરંતુ તે પત્રની ૭૦૦ જેટલી નકલો દેશના વિવિધ સાધુ-સાધ્વીજીઓ, સંતો, સંસ્થાઓ તેમજ અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓને શ્રી પ્રેમચંદભાઈ દ્વારા મોકલાવવામાં આવી. તેના પ્રત્યાઘાતરૂપે રિલાયન્સના વિવિધ યુનિટોમાં મોટી રકમનું રોકાણ કરનારાઓ કે જેમાં મોટાભાગના શાકાહારીઓ છે, તેમના તરફથી પણ જબરજસ્ત વિરોધ થયો. આ બધા કારણે શ્રી મૂકેશભાઈને નમતું જોખવું પડ્યું.

તા. ૧૫-૧૨-૨૦૧૪ના રોજ એક પત્રકાર પરિષદમાં તેમના તરફથી એવી જાહેરાત થઈ કે, તેઓ ઉપર મુજબના નોન-વેજ અંગેના કોઈ કારોબારમાં ઝંપલાવશે નહીં. એટલું જ નહિ પરંતુ તેમની હસ્તકના તમામ રિલાયન્સ ફ્રેશ સ્ટોર્સમાં ઉપલબ્ધ બિન શાકાહારી વસ્તુઓનું વેચાણ પણ બંધ કરવામાં આવશે. શ્રી પ્રેમચંદભાઈના જીવદયા ક્ષેત્રના અભિયાનની એક મોટી જીત થઈ તેમ કહી શકાય.

*(ઉપરોક્ત રેફરન્સવાળા પત્ર પર આધારિત)*

★

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંચાલિત અમરસન્સ મહાજનનું મામેરું યોજના અંતર્ગત વધુ બે લગ્નો યોજાયા

"અમરસન્સ મહાજનનું મામેરું યોજના" અંતર્ગત સંસ્થા દ્વારા તાજેતરમાં મધ્યમવર્ગીય પરિવારની ૨ કન્યાઓના મહાજન તથા દાતા પરિવારની વિશાળ ઉપસ્થિતિમાં લગ્નોત્સવ યોજાયો હતો.

સંસ્થાના પ્રમુખ અને માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાના જણાવ્યા અનુસાર આ યોજના અંતર્ગત ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની ૧૦૧ કન્યાઓના લગ્ન ખૂબ જ સફળતાપૂર્વક આનંદસભર વાતાવરણ અને પદાધિકારીઓ, ટ્રસ્ટીગણ તથા સંસ્થાના કર્મચારીગણના સહકારથી છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ છે. જીવદયા અને માનવસેવાને વરેલી અમારી સંસ્થા દ્વારા શિક્ષણ, મેડિકલ સહાય, મેડિકલ કેમ્પો, નબળા વર્ગના લોકોને સ્વરોજગાર યોજના, માવિત્ર આશીર્વાદ યોજના તથા 'મહાજનનું મામેરું' યોજના અંતર્ગત ગરીબ તથા મધ્યમવર્ગીય પરિવારોની કન્યાઓના ધામધૂમથી લગ્નોત્સવ જેવા સેવાકાર્યોમાં કાર્યરત છે. લગ્નોત્સવની આ સપ્તપદી અને એકસોએકમાં લગ્ન પ્રસંગે શ્રી છેડાએ હાર્દિક લાગણી સાથે શુભાશિષ પાઠવ્યા હતા.

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ દ્વારા બંને કન્યાઓને રૂા. ૧૧-૧૧ હજારના બોન્ડ, શુભકામના અને આશીર્વાદ સાથે અર્પણ કરવામાં આવ્યા હતા. સૌના સાથ સહકાર અને દાતા પરિવારના સહયોગ બદલ સંસ્થા દ્વારા આભાર માનવામાં આવ્યો હતો. આથી અગાઉ યોજાયેલ લગ્નોત્સવ પ્રસંગે પણ ૯૯ દીકરીઓને સંસ્થાએ દરેકને રૂા. ૧૧ હજારના બોન્ડ તથા ભેટો આપેલ છે તેમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું હતું.

★

## કચ્છ જિલ્લાના લાભાર્થે ભુજ ખાતે કેન્સર હોસ્પિટલ સ્થાપવા અંગે

કચ્છ જિલ્લામાં હાલે કેન્સરની સારવાર માટે કોઈ હોસ્પિટલ નથી. આ કારણે જિલ્લાના લગભગ પાંચ હજાર કેન્સરના દર્દીઓને સારવાર અર્થે વારંવાર અમદાવાદ જવું પડે છે. જેના કારણે દર્દીઓના નાણાં અને સમયનો મોટા પાયે વ્યય થાય છે. આ રીતે કચ્છથી અમદાવાદ જતા દર્દીઓ પૈકી કેટલાક દર્દીઓ કે જેઓ બી.પી.એલ. કાર્ડ હોલ્ડર નથી તેમને તો અમદાવાદ રોકાઈને સારવાર લેવાનો ખર્ચ બિલકુલ પરવડે તેવું હોતું નથી. આ કારણે કેન્સરની સારવાર લેવાનું તેઓ છોડી દેતા હોય છે અને તેમાંના કેટલાક તો મોતને ભેટે છે.

ઉપરોક્ત સ્થિતિમાં રાજ્ય સરકારે આ પ્રકારના દર્દીઓની કિંમતી જિંદગીને બચાવવા તાત્કાલિક ધોરણે કચ્છ જિલ્લામાં ભુજ ખાતે કેન્સર સારવાર અર્થે એક હોસ્પિટલ સ્થાપવાની કાર્યવાહી કરવી જોઈએ. આ મતલબની એક અત્યંત જરૂરી ઝુંબેશ કચ્છ - ભુજના શ્રી હરીદાન પથુજી ગઢવીએ ઉપાડેલ છે અને તે સંબંધી એક પત્ર રાજ્યના મુખ્યમંત્રીશ્રી, આરોગ્ય મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, કલેક્ટરશ્રી - કચ્છ, સાંસદશ્રી, જિલ્લાના તમામ ધારાસભ્યોશ્રી વગેરેને મોકલાવેલ છે. શ્રી ગઢવીએ ઉપરોક્ત વિષયે અગાઉ પણ અનેક રજૂઆતો રાજ્ય સરકાર સમક્ષ કરી છે.

કચ્છ જિલ્લો એટલે અંતરિયાળ વિસ્તાર. છેલ્લા એકાદ દાયકાથી કચ્છ જિલ્લો વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. જિલ્લાને

*સફળ થવું હોય તો તમારા મન પર કાબૂ મેળવો.*

# કચ્છમાં બિદડા સ્થિત 'માવતરનો માળો'

કચ્છમાં બિદડા ગામ ઘણી લોકોપયોગી પ્રવૃત્તિઓનું સાતત્ય ધરાવે છે. તેમાં વધુ એક સોપાન માતૃવંદના - 'માવતરનો માળો'નો ઉમેરો થયો છે. વયોવૃધ્ધ માવતર અને અસહાય બાળકો માટે મૂળ બિદડાના હાલે મુંબઈ નિવાસી શ્રી કોમલભાઈ સાવલાના આર્થિક સહયોગથી આ સંકુલ નિર્માણ પામ્યું છે.

અત્રે યાદ રહે કે આ 'માવતરનો માળો' એ કાંઈ માત્ર વૃધ્ધાશ્રમ કે ઘરડાઘરની ચાલુ વ્યાખ્યામાં નથી. નિવૃત્તિમાં પ્રવૃત્ત રહી આધ્યાત્મિક અને સાત્ત્વિક જીવન વડીલો જીવી શકે તેવો તેનો ઉમદા હેતુ છે. આ સંકુલમાં સર્વ સુવિધાયુક્ત ૩૬ રૂમ, ભોજનશાળા, લિફ્ટ, ધ્યાન કક્ષ, બગીચા સહિત અનેક સુવિધાઓ કુદરતી રમણીય વાતાવરણ વચ્ચે ઊભી કરવામાં આવી છે.

પરિવારના વડીલ, સંસાર - ચક્રવ્યૂહમાંથી બહાર આવી, પરિગ્રહથી મુક્ત થઈ સ્વતંત્ર રીતે પોતાનું જીવન મુક્ત મને માણી શકે તેમજ પોતાના અનુભવો દ્વારા નિવૃત્તિના સમયમાં પણ વિવિધ ક્ષેત્રે પ્રવૃત્ત રહી શકે તેવો ઉમદા હેતુ આ સંકુલને વિકસાવવામાં રહેલો છે. આ સંકુલ એટલે વિભિન્ન રૂપે 'માવતરનો માળો.' બિદડા સ્થિત આ સંકુલમાં નૈસર્ગિક વાતાવરણ વચ્ચે વાંચન, ચિંતન, મનન અને ખાસ કરીને સત્સંગ જેવી અનેક પ્રવૃત્તિઓમાં દિવસભર પ્રવૃત્ત રહી શકાય છે.

નિવૃત્તિના સમયમાં પણ ખુદ કાંઈક શીખતા રહો તેમજ પોતાની આવડતથી બીજાને શીખવાડતા રહો તેવી ઉચ્ચ ભાવના 'માતૃવંદના' સેવી રહ્યું છે. આ 'માવતરના માળા'માં રહેવાનો ચાર્જ પ્રતિમાસ રૂા. ૫,૦૦૦/- અને ૧૫ દિવસનો ચાર્જ રૂા. ૩,૫૦૦/- હાલે રાખવામાં આવેલ છે. જેમાં તમામ પ્રકારની સુવિધાઓ સામેલ છે. ત્યાંના પ્રવેશપત્ર અંગે માહિતી તેમજ વધુ વિગત ત્યાંના ફોન નંબર : (૦૨૮૩૪) ૨૯૪૩૯૯ તેમજ મોબાઈલ નંબર ૦૯૪૨૮૮ ૫૦૨૪૨ પર પ્રાપ્ત કરી શકાશે, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

તમામ પ્રકારની સવલતો આપવાના વાયદાઓ વચ્ચે કચ્છના સ્થાનિક ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિશ્રીઓ આરોગ્ય ક્ષેત્રની પાયાની સગવડને ઊભી કરાવી શક્યા નથી, જેની નોંધ લેવી ઘટે છે.

ઉપરોક્ત પ્રકારે કચ્છના હિતની રજૂઆતો કચ્છ સ્થિત તેમજ બહારગામની દરેક પ્રકારની સામાજિક સંસ્થાઓએ તેમજ અગ્રણીઓએ તાત્કાલિક ધોરણે શ્રી ગઢવીની ઝુંબેશને વેગ આપવાનું જરૂરી બને છે.

★

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા યોજવામાં આવેલ કચ્છી કલા પ્રદર્શનને મળેલ અભૂતપૂર્વ સફળતા

ભાવનગર કચ્છ સમાજ દ્વારા ભાવનગરના આંગણે કચ્છના ભાવે કચ્છી હસ્તકલા બનાવટની વસ્તુઓ ભાવનગર ખાતે મળી રહે તેમજ કચ્છના કારીગરોને સૌરાષ્ટ્રનું મોટામાં મોટું બજાર મળે તેવા હેતુ સાથે કચ્છી કલા પ્રદર્શન ઘણા વર્ષોથી યોજવામાં આવે છે. તે મુજબ સંસ્થાનું ૨૦મું કચ્છી કલા પ્રદર્શન, સમાજ દ્વારા ભાવનગર ખાતે તાજેતરમાં યોજવામાં આવેલ હતું.

આ પ્રદર્શનનું ભાવનગર જિલ્લા સમાહર્તા શ્રી પી.કે. સોલંકી સાહેબના શુભ હસ્તે દીપ પ્રાગટ્યથી ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. આ શુભ અવસરે મુંબઈની જાણીતી સામાજિક સંસ્થા 'પરબ શક્તિ સંજીવની સોસાયટી'ના ટ્રસ્ટી તેમજ સામાજિક કાર્યકર બહેનશ્રી કાશ્મીરાબેન વી. લુઢિયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોને અંતઃકરણપૂર્વક બિરદાવીને જણાવેલ કે કદાચ સમસ્ત વિશ્વમાં આ એક જ કચ્છી સમાજ આવી પ્રવૃત્તિ કરતો જણાય છે.

અઢી દિવસ ચાલેલા આ પ્રદર્શને વેચાણના તમામ જૂના આંકડાઓ પાછળ રાખી દીધા હતા અને માત્ર અઢી દિવસમાં ૩૨,૬૦,૦૦૦/-ની તોતીંગ રકમનું આ પ્રદર્શનમાં વેચાણ થયું હતું જે ભાવનગર કચ્છ સમાજ માટે એક અદ્‌ભુત સફળતા બની ગયેલ છે. આ પ્રદર્શનમાં ખાવડાથી આવેલા કારીગરો દ્વારા દાબેલીના લાઈવ સ્ટોલમાં અઢી દિવસમાં ૧૧,૦૦૦ દાબેલીનું રેકોર્ડ બ્રેક વેચાણ થયેલ હતું.

આ પ્રદર્શન દરમ્યાન સમાજના આમંત્રણને માન આપી શહેરના નામાંકિત ડોક્ટરો, ઍડવોકેટશ્રીઓ તેમજ સમાજના અગ્રણીઓ તથા અનેક મહાનુભાવોએ કચ્છ સમાજને અભિનંદન પાઠવતાં પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને પ્રોત્સાહન પૂરું પાડેલ હતું, તેમ ઉપરોક્ત સમાજની એક યાદીમાં જણાવાયું હતું.

★

*ખુદનાં અસ્તિત્વનો અર્થ જાણો, પરમ સુખ મળશે.*

## સંકલ્પ, શ્રમ અને સંકલનના કારણે પર્યટન સ્થળ ઉદ્‌ભવ્યું

માનવી ધારે તો ખરેખર સંકલ્પ, શ્રમ અને સંકલન શક્તિ વડે ચમત્કાર સર્જી શકે છે. એનો તાજેતરનો દાખલો માંડવી તાલુકાના ડોણ ગામની બાજુમાં આવેલ જ્યોતેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાંગણમાં જોવા મળ્યો.

કોટીવૃક્ષ અભિયાનનાં શ્રી ડી.કે. પટેલ અને શ્રી પી.ટી. કનેરિયા પોતાનાં સ્ટાફનાં ગ્રામસેવક મિત્રોનાં સહકારથી ડોણ ગામ પાસે ડોણ ડેમની બાજુમાં આવેલ પ્રાચીન અને સ્વયંભુ જ્યોતેશ્વર મહાદેવનાં મંદિરને પર્યટન સ્થળમાં પરિવર્તન કરવા સંકલ્પ કર્યો. અને તેને સફળ બનાવવાના પોતાનાં પ્રયત્નો આદર્યા.

જ્યોતેશ્વર મહાદેવની આસપાસનો મોટો ભાગ ખાડા ટેકરાવાળો ગાંડા બાવળથી ઘેરાયેલો હતો. આને પર્યટન સ્થળમાં બદલવાનો પ્રયાસ ખરેખર એક પડકાર સમાન હતો.

મન હોય તો માળવે જવાય... એમ આ મિત્રોએ મંદિરનાં સંચાલકોની મંજૂરી મેળવીને વન વિભાગ, બિદડા સર્વોદય ટ્રસ્ટ, દાતા મિત્રો, કોટીવૃક્ષ અભિયાન, આ વિસ્તારના ખેડૂત મિત્રો અને સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંતશ્રીઓ વગેરેનું સંકલન સાધી આ વિભાગની કાયાપલટ કરવાનો નિર્ણય કરી એક નકશો બનાવ્યો. જેમાં ત્રણ નાની તલાવડીઓ તથા નક્ષત્ર વન, રાશિવન તથા નવગ્રહ વન, સેંકડો ફળાઉં, આયુર્વેદિક તેમજ શોભાના વૃક્ષોને પાણીનો ટાંકો બનાવી ટપક પધ્ધતિથી પાણી આપવા સાથેની યોજના બનાવી.

આ કાર્ય માટે બાવળ કાઢી જમીન લેવલીંગ, રસ્તા, નાની તલાવડી તથા વૃક્ષો વાવવા માટે મોટા ખાડા બનાવી તેમાં નવી સારી માટી નાખવા માટેના કાર્યમાં સેવાભાવી ખેડૂત શ્રી દિનેશ પટેલે પોતાના હિટાચી મશીનથી કાર્ય પૂરું થયું ત્યાં સુધી તથા અન્ય સેવાભાવી ખેડૂતોએ જે.સી.બી. મશીનો તથા ટ્રેક્ટરોએ ભાડું ન લેતાં સાધનમાં ફક્ત ડીઝલ ભરી આપવામાં આવ્યું. જેનો ખર્ચ રતનવીર નેચર ક્યોર સેન્ટર (બિદડા સર્વોદય ટ્રસ્ટ) તરફથી આપવામાં આવ્યો.

વન વિભાગ તરફથી ફેન્સિંગ માટે થાંભલા બનાવવા માટેનું મટીરિયલ તથા કાંટાળી તાર આપવામાં આવી.

લાખોનાં ખર્ચે પણ ન થઈ શકે એવું કાર્ય શ્રી ડી.કે. પટેલ અને શ્રી પી.ટી. પટેલ (કનેરિયા) સાહેબે સતત ત્રણ મહિનાની મહેનતથી તૈયાર કરાવ્યું. જે ખરેખર દાદ માંગી લે તેવું કાર્ય કહેવાય.

આ કાર્યમાં સતત હાજર રહીને બધાને માર્ગદર્શન આપનાર જ્યોતેશ્વર મહાદેવનાં મહંત શ્રી રવિગિરીજીનો સહયોગ સતત મળતો રહ્યો, જેનાં વગર આ કાર્ય પૂરું કરવું અશક્ય હતું.

આનું ઉદ્‌ઘાટન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં સંતશ્રીઓનાં તેમજ અન્ય સેવાભાવી સંસ્થાઓનાં મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. આજે આ બધા પ્રાથમિક તબક્કામાં વૃક્ષો લહેરાતા જોઈ શકાય છે.

આ સ્થળ પર્યટન સ્થળ બની શકે એ માટે વિવિધ સગવડો ઊભી કરવા દાતા મિત્રો આગળ આવી રહ્યાં છે.

આશા છે કે આ સ્થળ એક પર્યટન સ્થળ પુરવાર થશે. જ્યાં શાળાના બાળકો પિકનિક માટે તેમજ પર્યટકો ફરવા આવી શકશે.

કચ્છ જિલ્લામાં આવા સેંકડો મંદિરો છે, જેઓને આવા પર્યટન સ્થળમાં પલટાવી શકાય.

વર્ષો પહેલા નાના કરોડિયા પાસે આવેલ ભીમનાથ મહાદેવ મંદિરનો પરિસર પણ પર્યટન સ્થળ બની ગયેલ છે. જેનો લેખ કચ્છનાં કાશ્મીર તરીકે ‘કચ્છમિત્ર’માં પ્રગટ થયો હતો.

*એલ. ડી. શાહ - બિદડા*

★

## ભુજોડી - વર્ધમાનનગર પાસે બસ સ્ટોપનું લોકાર્પણ થયું

શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા - બસ સ્ટોપનું વર્ધમાનનગર ખાતે તાજેતરમાં લોકાર્પણ થયું હતું. આ અવસરે માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, આચાર્ય ભગવંત મહારાજ તેમજ સમાજ અગ્રણીઓ અને મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

***તે ઉપરાંત શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં નીચે પ્રમાણે જીવદયાની કામગીરી કરવામાં આવી હતી.***

- ઉત્તરાયણ પર્વ નિમિત્તે કુલ ૨૨૮ પક્ષીઓને સારવાર આપેલ હતી.
- છેલ્લા ત્રણ માસ દરમ્યાન કુલ ૫૨ અબોલ જીવોને કતલખાને જતા બચાવેલ હતા.
- છેલ્લા બે માસ દરમ્યાન કુલ ૭૦ દર્દીઓને તેમની સારવારમાં સહયોગ આપેલ.

તેમ તેમના ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

**શ્રધ્ધા સાથે કરેલી પ્રાર્થના જ ઈશ્વર સમીપ લઈ જાય છે.**

*શુદ્ધ આચરણથી કરેલું કાર્ય અંતે શાંતિ આપે છે.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) સાઉદી અરેબિયા જેવા ચુસ્ત ઈસ્લામી દેશમાં વિકાસના માર્ગમાં આડે આવતી જગપ્રસિધ્ધ મસ્જિદો અને મજારોને તોડી પાડવામાં આવે છે. નીચે જણાવેલ : (૧) મસ્જિદ મનારનીન, (૨) મસ્જિદ ફાતિમા, (૩) મસ્જિદ સનાયા, (૪) મસ્જિદ માયદાહ, (૫) મસ્જિદ અજાબા, (૬) મસ્જિદ મુબાહિલા, (૭) મસ્જિદ અલીસ, (૮) મસ્જિદ બિલાલ. ઉપરાંત ખુદ પયગંબર સાહેબના પિતાશ્રીની કબર પણ ખોદી નાખવામાં આવી છે. તે ઉપરાંત પયગંબર સાહેબના પુત્રી ફાતિમાબીબીની તથા તેમના પરિવારજનોની મજારોને પણ ખોદી નાખીને રસ્તા વચ્ચેથી દૂર કરવામાં આવેલ છે. *(સાધના, તા. ૭-૧૨-૧૩)*

(૨) સરકારી રેકર્ડ મુજબ શહીદ ભગતસિંહ કુલ્લે ૭૧૫ દિવસ જેલવાસમાં રહ્યા હતા. આ સમય દરમ્યાન તેમણે અંગ્રેજી, હિંદી, ઉર્દુ, પંજાબી અને બંગાળી ભાષાના કુલ્લે ૩૦૨ પુસ્તકો વાંચ્યા હતા. *(દલિત અધિકાર, તા. ૧-૧૨-૧૩)*

(૩) આજકાલ ગુજરાતમાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સિંધી, ઉર્દુ અને અન્ય મળીને લગભગ ૪૦૦૦ જેટલા સામયિકો પ્રગટ થાય છે અને લગભગ દોઢસો જેટલા દૈનિક અખબારો પ્રગટ થાય છે. *(નયા માર્ગ, તા. ૧-૧૨-૧૩)*

(૪) મહારાષ્ટ્રના પ્રતાપગઢમાં છત્રપતિ શિવાજી મહારાજે જ્યાં અફઝલ ખાનનો વાઘ નખ વડે વધ કર્યો હતો ત્યાં શિવાજી મહારાજને બદલે અફઝલખાનની દરગાહ - સરકારી ખર્ચે બનાવવામાં આવી છે. *(સાધના, તા. ૧૪-૧૨-૧૩)*

(૫) ગુજરાતી ભાષાની સર્વશ્રેષ્ઠ મહાનવલના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીને ગણિતની પરીક્ષામાં ૨૦૦ માર્કના પેપર માંથી માત્ર ૮ માર્ક મળેલા! અને એલ.એલ.બી.ની પરીક્ષામાં તેઓ ત્રણવાર નાપાસ થયા હતા. *(શબ્દ સૃષ્ટિ, જુલાઈ-૨૦૧૨)*

(૬) સાઉથ આફ્રિકાના શ્રી નેલ્સન મંડેલાની અંતિમવિધિમાં શ્રી અશ્વિન ત્રિકમજીએ ગીતાના શ્લોકોનું પઠન કર્યું હતું. *(સાધના, તા. ૨૧-૧૨-૧૩)*

(૭) કેન્દ્ર અને રાજય સરકારોએ જાહેર કરેલા લિસ્ટ અનુસાર વર્ષ ૨૦૧૪માં સરકારી કર્મચારીઓને કુલ્લે ૧૦૧ રજાઓ મળશે. *(સાધના, તા. ૨૧-૧૨-૧૩)*

(૮) આંધ્ર પ્રદેશના સુવિખ્યાત તિરૂપતિ દેવસ્થાનમ્ ની બાજુમાં જ ભવ્ય ઈસ્લામિક યુનિ. બની રહી છે. આ યુનિ. મંદિરની માલિકીની જમીન પર મંજૂરી વગર બની રહી છે. *(સાધના, તા. ૨૧-૧૨-૧૩)*

(૯) દક્ષિણ આફ્રિકાના તે સમયના પ્રમુખ નેલ્સન મંડેલા રોજ રાત્રે પોતાની પથારી જાતે જ કરતા અને પોતાના રૂમનું કચરા પોતું પણ જાતે જ કરતા. *(નિરીક્ષક, તા. ૧૬-૧૨-૧૩)*

(૧૦) (સી.એ.જી.) 'કેગ'ના રિપોર્ટમાં જણાવેલ છે કે ગુજરાતમાં ટ્રોમા સેન્ટર્સ ડૉક્ટરો વગર જ ચાલે છે. ગુજરાત સરકારે ખુલાસામાં જણાવેલ છે કે 'લાયક ડૉક્ટરો નથી મળતા! *(નયા માર્ગ, તા. ૧૬-૧૨-૧૩)*

(૧૧) નિઝરકુકરમુંડા પાસેથી સરકારી અનાજ લઈ જતી ટ્રક પકડાઈ. બારડોલી મામલતદારે કરેલી તપાસમાં જણાયું કે ડ્રાઈવરે બતાવેલા તમામ બીલો બોગસ નીકળ્યા! બીલ બનાવનારી પેઢીઓ જ બોગસ હતી! *(ગુજરાત મિત્ર, તા. ૯-૧૦-૨૦૧૩)*

(૧૨) જમ્મુ ક્ષેત્રની ૯૦ કોલેજોમાંથી માત્ર બે જ કોલેજમાં વિદ્યાર્થીઓ ભણવા આવે છે. બાકીની કોલેજોમાં માત્ર પ્રવેશ લઈ પરીક્ષા આપી ડિગ્રી લઈ જતા રહે છે. *(સંદેશ, તા. ૨૮-૧૨-૧૩)*

(૧૩) આખરે રિલાયન્સે માંસાહારનો વ્યવસાય બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે. આગામી થોડાક સમયમાં જ ૧૦૦ જેટલા ડિલાઈટ સ્ટોર્સ બંધ કરી દેવામાં આવશે. *(સાધના, તા. ૪-૧-૧૪)*

(૧૪) જમિયતે ઉલ્માએ હિંદના મૌલવીઓ દ્વારા એક ફોરમ બનાવીને દિલ્હીના રામલીલા મેદાનમાં તાજેતરમાં એક લાખથી વધારે મુસ્લિમોએ આતંકવાદને કોઈપણ સંજોગોમાં સમર્થન નહિ આપવાના સોગંદ લીધા છે. *(સાધના, તા. ૪-૧-૧૪)*

(૧૫) રશિયાના 'માયના' નામના એક ગામમાં ખોદકામ દરમ્યાન વિષ્ણુની એક પ્રાચીન મૂર્તિ મળી આવેલ છે. આ મૂર્તિ ઈ.સ.ની સાતમીથી દસમી સદીની હોવાનું જણાયું છે. *(સાધના, તા. ૪-૧-૧૪)*

(૧૬) જાપાનની એક 'અવંત' નામની કંપનીએ માણસના નહાવા માટેનું વોશિંગ મશીન બનાવેલ છે. આ મશીન પણ માણસને જરા પણ ઈજા ન થાય તેમ સાબુથી નવડાવી બરાબર સૂકવી આપે છે. આ મશીનમાં નહાવાની ઈચ્છા કરનાર વ્યક્તિનો ચાર્જ લગભગ રૂા. ૬૦૦/- જેટલો છે અને મશીનની કિંમત રૂા. એક કરોડ છે! *(સાધના, તા. ૪-૧-૧૪)*

(૧૭) ફ્રાંસની એક કેફેએ પોતાના ગ્રાહકો માટે એક સ્કીમ મૂકી છે. આ સ્કીમ મુજબ જો ગ્રાહક સ્ટાફ કે વેઈટર પાસે સીધી કોફી માંગે તો તેનો ચાર્જ રૂા. ૪૫૦/- છે. પરંતુ જો ગ્રાહક સ્ટાફને નમ્રતાથી વિનંતી કરીને કોફી મંગાવે તો કોફીનો ચાર્જ રૂા. ૧૫૦/- છે અને જો કોઈ ગ્રાહક ગેરવર્તન કરે તો તેણે અલગ ચાર્જ ચૂકવવો પડે છે. *(સાધના, તા. ૪-૧-૧૪)*

(૧૮) તા. ૨૫-૯-૧૩ના મધ્ય પ્રદેશમાં ભાજપના કાર્યકર્તાઓના મહાસંમેલનમાં કાર્યકર્તાઓની જમવાની જોગવાઈ હતી. બીજે દિવસે જે ખાવાનું બચ્યું હતું તેને ફેંકવા માટે ભોપાલ નગર નિગમની ૧૨ ટ્રકો બોલાવવી પડી અને તેમાંથી સાત ટ્રક તો માત્ર પૂરી, શાક વિ. કચરામાં ફેંકવામાં કામ આવી. ***(લોક સ્વરાજ, જાન્યુઆરી-૨૦૧૪)***

(૧૯) ગુજરાત સરકારે અદાણીને ૨૦૦૫થી ૨૦૦૭ સુધીમાં 'સેઝ' માટે ૫૪૬૫૪૮૧૯ ચોરસ મીટર જમીન વેચી. (શું ભાવે જાણો છો?) ૧ ચોરસ મીટરના રૂા. ૨.૨૫ (બે રૂપિયા પચ્ચીસ પૈસા) ***(લોક સ્વરાજ, જાન્યુઆરી-૨૦૧૪)***

## વિશેષ જાણવા જેવું

★ અપસલા યુનિ.ના સંશોધનકારોની ટીમના જણાવ્યા મુજબ નોનસ્ટીક કૂકવેરમાં વપરાતા પરફ્લુરોનેટેડ તત્ત્વ પર્યાવરણ માટે બહુ હાનિકારક છે. ઉપરાંત તેનાથી ડાયાબિટીસ થવાની શક્યતા પણ વધી જાય છે.

★ દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ સાયન્સ એન્ડ રિસર્ચે પોતાની તપાસ પછી જણાવ્યું છે કે લોકો જે સુપ્રસિધ્ધ ટુથપેસ્ટ વાપરે છે તેનાથી દાંત વધારે ખરાબ થાય છે કારણકે તેમાં નિકોટીનનું પ્રમાણ ઘણું વધારે હોય છે. તે ઉપરાંત ફ્લોરાઈડનું પ્રમાણ પણ ઘણું વધારે હોય છે. એક ટુથપેસ્ટના પેકમાં નવ સીગારેટ જેટલું નિકોટીનનું પ્રમાણ હોઈ શકે છે.

***"સાધના",તા. ૨૧-૧૨-૧૩ માંથી***

## માતાનું હાલરડું

માતાનું હાલરડું સાંભળતાં જ બાળકો ઊંઘી કેમ જતાં હશે? એ અંગે કદી વિચાર્યું છે ખરું?

એક સંશોધન મુજબ ગર્ભાવસ્થા દરમ્યાન જ્યારે મહિલા ગીત ગાતી કે ગણગણતી હોય છે ત્યારથી જ ગર્ભમાં રહેલું બાળક તે અવાજથી ટેવાઈ જાય છે. અને જન્મ બાદ એ જ અવાજ તેને માતાના અવાજ સાથે બાંધે છે. વિશ્વના અનેક દેશોમાં મહિલાઓ ગર્ભાવસ્થા દરમ્યાન મન મૂકીને ગીતો ગાય છે, જેથી કરીને તેનો અને તેના આવનાર બાળક વચ્ચેનો સંબંધ વધુને વધુ ગાઢ બને છે. વધુમાં આ સમયગાળા દરમ્યાન ગીતો ગાવાથી મહિલાઓના શરીરમાંથી 'હેપ્પી હોર્મોન' સ્રાવ પણ થાય છે, જે મહિલાને તણાવ રહિત રાખવામાં મદદરૂપ થાય છે. જેની સીધી અસર ગર્ભના બાળક પર પડે છે.

***"સાધના", તા. ૧૪-૧૨-૧૩માંથી***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકશ્રી/સંપાદકનું નામ | ભેટ આપનારનું નામ |
|---|---|---|---|
| ૧. | આંજી કિડની ભચાયો | ડૉ. સંજય એન. પંડ્યા, ડૉ. જીતેન્દ્ર ભાનુશાળી, ડૉ. જયંતી પિંડોરિયા | શ્રી કે. આર. શાહ |
| ૨. | કૃષ્ણભક્ત કવિ જયદેવ | ડૉ. ધનવંત શાહ | શ્રી કે. આર. શાહ |
| ૩. | જંગલ પ્રજાસત્તાક (વર્તમાન પ્રાણીકથા) | મૂકેશ મોદી, વિક્રમ નરેન્દ્ર | શ્રી કે. આર. શાહ |
| ૪. | અજાતશત્રુ લિંકન | મણિભાઈ ભ. દેસાઈ | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૫. | મોરેશિયસ અને દુબઈનો પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૬. | ઉમાશંકરની વાર્તાઓ | યશવંત શુક્લ | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૭. | સફળતાપૂર્વક અભ્યાસ કેમ થાય? | પ્રા. રજનીકાંત પટેલ | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૮. | ઘરશાળા | પંન્યાસ ઉદયવલ્લભવિજય | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૯. | The Moons Tone | Wilkle Colline | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૧૦. | A Book of Modern Short Stories | G. Kumara Pillai | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૧૧. | Akbar Birbal Stories | A. A. Chakrabortty | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૧૨. | જેલર | આચાર્ય વિજય અભયશેખરસૂરિ | શ્રી આશિષ નરેન્દ્રભાઈ મોતા |
| ૧૩. | વાવલ | 'તેજ' | કવિ શ્રી 'તેજ' |
| ૧૪. | Get Well Soon | કાજલ ઓઝા વૈદ્ય | શ્રી તલકશી ઉમરશી ગોગરી |
| ૧૫. | કોઈ પ્રેમ કરે કોઈ પૂજા | ડૉ. શરદ ઠાકર | શ્રી તલકશી ઉમરશી ગોગરી |
| ૧૬. | મનનો માળો (મોતીચારો ભાગ-૨) | ડૉ. આઈ.કે. વીજળીવાલા | શ્રી તલકશી ઉમરશી ગોગરી |
| ૧૭. | ઉછાળી દે આભને | નારાયણ શનિશ્ચરા | નારાયણ શનિશ્ચરા |
| ૧૮. | માંડવી (મડઈ) ૪૩૦ વર્ષ ઇતિહાસ ગાથા | નારાયણ શનિશ્ચરા | નારાયણ શનિશ્ચરા |
| ૧૯. | માંડવી - ૧૩૫ વર્ષના પાલિકા કાળના જીવંત વાયરા | નારાયણ શનિશ્ચરા | નારાયણ શનિશ્ચરા |

## શબ્દ રમત-૯૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | |
| | | ૮ | ૯ | | | | ૧૦ | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ૧૪ | | ૧૫ | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | |
| | ૧૯ | | | | ૨૦ | | | | ૨૧ | | |
| ૨૨ | | | ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | |
| | | ૨૬ | | ૨૭ | | | ૨૮ | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | | ૩૩ | | | ૩૪ | | | | | |
| | ૩૫ | ૩૬ | | | ૩૭ | | | | | ૩૮ | |
| ૩૯ | | | | ૪૦ | | ૪૧ | ૪૨ | | ૪૩ | | |
| ૪૪ | ૪૫ | | ૪૬ | | ૪૭ | | | ૪૮ | | ૪૯ | ૫૦ |
| ૫૧ | | ૫૨ | | ૫૩ | | | | ૫૪ | ૫૫ | | |
| | ૫૬ | | | ૫૭ | | | | | ૫૮ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૨-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. આકાશમાં ઉડે તે વાહન (૩)
૩. સાથે વસવું તે, સંબંધ (૪)
૬. ન દેખાય એવી બારીક ફાંટ (૨)
૮. ગરીબ, રંક (૨)
૧૦. રૂવાબદાર, દેદીપ્યમાન (૫)
૧૩. મોટું, મહાન (૨)
૧૫. મહેમાન (૪)
૧૮. પરૂ (૨)
૧૯. લાખ (૨)
૨૦. નમણું, સુંદર નાકવાળું (૩)
૨૨. અંધારું (૨)
૨૪. વગર પૈસે (૩)
૨૬. મત આપવો તે (૪)
૨૮. ગમ, દુઃખ (૨)
૨૯. કવિતા રચનાર (૨)
૩૧. તપસ્યા (૨)
૩૩. હોઠ, લપ, જલ્દી (૨)
૩૪. નવરાશ (૪)
૩૫. દેજ, પરણતી વેળા કન્યાને અપાતો દાયજો (૩)
૩૮. શોક, દુઃખ, સમજ (૨)
૪૦. હેતુ, આશય (૪)
૪૩. પશુ, ચોપગું પ્રાણી (૨)
૪૪. લજ્જા, શરમ (૨)
૪૭. સાથે મળી થતી વિચારણા (૪)
૪૯. ક્યારેક (૨)
૫૧. મોટો સમુદ્ર (૫)
૫૪. કીર્તિ (૨)
૫૬. પત્રની શરૂઆતમાં લખાતો શબ્દ (૨)
૫૭. વરસાદ પડવો તે (૪)
૫૮. મશ્કરી (૩)

### ઊભી ચાવીઓ

૧. વિરામવું તે, અંત (૩)
૨. સરિતા (૨)
૪. હવાના દબાણ વગેરે અંગે સ્થિતિનું માપ (૪)
૫. શિક્ષા, દંડ (૨)
૬. દૂધની મલાઈ (૨)
૭. સમારવું તે (૩)
૯. રાજનીતિ, દાર્શનિક મત (૨)
૧૧. દુનિયા, જહાન (૨)
૧૨. ભાગ્ય (૩)
૧૪. પચવું તે (૩)
૧૭. મીઠું, લવણ (૩)
૨૧. ડર, ગુસ્સો (૨)
૨૨. એકદમ, ઝટ (૩)
૨૩. પંજાબની એક નદી (૪)
૨૪. મુરાદ, ધારણા (૪)
૨૫. અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૨૭. દાબવું તે, દબાણ (૨)
૨૮. અવાજ (૨)
૩૦. થાક ખાવો તે, વિશ્રાંતિ (૩)
૩૨. પગ, દરજ્જો (૨)
૩૬. વહાલ, પ્રેમ (૨)
૩૭. રડાકૂટ, શોક (૩)
૩૮. ડૂબેલું, મગ્ન, લીન (૩)
૩૯. નમસ્કારનો એક પ્રકાર (૩)
૪૧. રસમાં તરબોળ હોય તેમ (૪)
૪૨. બળ, જોર (૨)
૪૫. મોટું વહાણ (૩)
૪૬. વ્યાધિ (૨)
૪૮. એક તેજાનો (૨)
૫૦. દીપ, દીવો (૩)
૫૨. મેઘધનુષ્યના રંગ કેટલા? (૨)
૫૩. અવાજ (૨)
૫૫. સરખું, સમાન (૨)

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

**(માસ ડિસેમ્બર-૨૦૧૩થી ચાલુ) ભાગ - ૨**

***વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા સંશોધનો તથા વિકાસમાં વિશ્વ સ્તરે ફાળો આપનાર મહાન વૈજ્ઞાનિકો અને તેમની અગત્યની શોધખોળો વિષે હવે વાંચો આગળ :***

★ **મેરી ક્યુરી : પોલેન્ડ અને ફ્રાન્સની** રાષ્ટ્રીયતા ધરાવતા આ મેડમે ક્ષ-કિરણોની શોધથી ચિકિત્સા વિજ્ઞાનમાં આમૂલ પરિવર્તન લાવી દીધું.

ભૌતિકશાસ્ત્ર અને રાસાયણિક શાસ્ત્રમાં ઊંડું જ્ઞાન ધરાવતાં રેડિયો એક્ટિવિટીના પાયાના સંશોધક તરીકે પ્રચલિત મેરી સ્કલોડોવ્સકા ક્યુરી ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી અને રાસાયણિક શાસ્ત્રી હતા. ૧૯૧૧માં તેઓએ નોબેલ પ્રાઈઝનો ખિતાબ મેળવ્યો હતો. તેણીએ પોતે શોધેલા પહેલા રાસાયણિક તત્ત્વનું નામ 'પોલેનિયમ' રાખ્યું હતું. ૨૬ ડિસેમ્બર, ૧૮૯૮માં તેણીએ બીજું એક રાસાયણિક તત્ત્વ અસ્તિત્વમાં છે તેની શોધ કરી તેને 'રેડિયમ' નામ આપ્યું.

★ **ગેલિલીઓ ગેલિલેઈ : ઈટાલીના આ વૈજ્ઞાનિકે** ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં મોટું પ્રદાન કરેલ છે.

ટેલિસ્કોપ અને અવકાશી અવલોકન ક્ષેત્રની ક્રાંતિકારી શોધ માટે ખગોળશાસ્ત્રી ગેલિલીઓનું નામ મોખરે છે. તેમને 'આધુનિક ભૌતિકશાસ્ત્રના પિતા' તરીકે ઓળખવામાં આવે છે.

ગેલિલીઓએ 'સૂર્ય કેન્દ્રીય' (Heliocentrism)નો વિરોધ કરી વિવાદ છેડ્યો હતો. તેઓ માનતા હતા કે પવિત્ર ધર્મગ્રંથમાં (બાઈબલ)માં 'સૂર્ય ઉગે છે અને આથમે છે' એમ ધરતીને ધ્યાનમાં રાખીને લખવા ખાતર લખાયું છે.

ગેલિલીઓ બળનિરપેક્ષ ગણિતશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, દૂરબીનથી નિહાળી શકાય તેવી વિવિધ શોધ માટે પ્રચલિત હતા.

★ **જેમ્સ ક્લાર્ક મેક્સવેલ :** આ **સ્કોટીશ વૈજ્ઞાનિકે** ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં મહત્ત્વના સંશોધન કરેલ છે.

વિદ્યુત દ્વારા પેદા થતા ચુંબકીય બળોના ક્ષેત્ર અંગેની શોધ માટે જેમ્સ ક્લાર્ક મેક્સવેલ જાણીતા થયા હતા.

'ગતિ અને ઊર્જા'ના મેક્સવેલના સૂત્રો માટે આઈન્સ્ટાઈને કહેલું, 'જેમ્સ ક્લાર્ક મેક્સવેલના કામ અને સંશોધને દુનિયાને હંમેશ માટે બદલી દીધા.'

ઓપ્ટીક ક્ષેત્રે મેક્સવેલે 'કલર ફોટોગ્રાફી'નું મહત્ત્વનું પ્રદાન આપેલું છે. અને આ ઉપરાંત મેક્સવેલના સૂત્રો, વહેંચણી મોડેલ્સ, થીયરી વગેરે વિજ્ઞાન ક્ષેત્રે અતિ મહત્ત્વના સાબિત થયા છે.

★ **વર્નર હેઈઝનબર્ગ :** "સૈધ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર"ના આ મહાન **જર્મન વૈજ્ઞાનિકે** વિજ્ઞાન ક્ષેત્રે સૌપ્રથમ 'અનિશ્ચિતતાનો સિધ્ધાંત' રજૂ કર્યો હતો.

હેઈઝનબર્ગને ૧૯૩૨માં ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ પ્રાઈઝ મળ્યું હતું. આ ઉપરાંત તેઓ હેઈઝનબર્ગ મેટ્રિક્સ પધ્ધતિઓ, જૂથ, મોડેલ, ચિત્ર અને મર્યાદા માટે જાણીતા છે.

બીજગણિત, અરસપરસ બદલી કરવી, ટપકાવાળી રચનાની સમસ્યા (Mott Problem) વિખરાયેલા અતિ સૂક્ષ્મ કણોની જટીલ રચનાઓની (Scattering Mottrix) શોધ એમના ફાળે જ છે.

★ **મેક્સ બોર્ન :** ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી **જર્મન વૈજ્ઞાનિકે** વિકિરણના આવર્તનના પ્રમાણ અનુસાર ઊર્જાના જથ્થાના એકમના માપને વિકસિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જેને ભૌતિકશાસ્ત્રમાં 'Quantum Mechanics' તરીકે ઓળખવામાં આવે છે.

૧૯૫૪માં ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ પ્રાઈઝ પણ મેળવ્યું હતું. તેઓ બોર્ન હેબર સાઈકલ, બોર્ન રીજીડિટી, બોર્ન એપ્રોક્સિમેશન, બોર્ન પ્રોબેબિલીટી અને બોર્ન ઈક્વેશન માટે જાણીતા હતા.

આ મહાન દસ વૈજ્ઞાનિકો ઉપરાંત દર વર્ષે ૧૦મી ડિસેમ્બરે સ્ટોકહોમ ખાતે જેમના નામે નોબલ પ્રાઈઝ એનાયત થાય છે એવા મહાન વૈજ્ઞાનિક ઑલ્ફ્રેડ નોબલ હતા. તેમનું મૂળ કામ તો ડાઈનામાઈટની શોધ છે.

ઑલ્ફ્રેડના પિતાનો વ્યવસાય બાંધકામ સાથે સંકળાયેલો હતો. ઈમાન્યુઅલ નોબેલ ઈજનેર હતા એટલે પુલ - રોડ - મકાનો બાંધવાનું કામ તેમને કરવાનું થતું હતું.

રસાયણ અને ભૌતિકશાસ્ત્રમાં રસ હોવાથી તેના પિતાએ ઑલ્ફ્રેડને એક લેબોરેટરીમાં કામે લગાડી દીધો. અહીં કેટલાક સાથીઓ સાથે મળીને ઑલ્ફ્રેડે નાઈટ્રોગ્લિસરીનની શોધ કરી. તે અત્યંત ભયાનક વિસ્ફોટ પામે એવું પ્રવાહી હતું. તેના ઉપયોગથી બાંધકામ ચાલતું હોય ત્યાં પથ્થરો તોડવા માટેનું ડાઈનામાઈટ તૈયાર કર્યું. ડાઈનામાઈટથી કઈ રીતે માણસના નિયંત્રણમાં હોય એવો વિસ્ફોટ થઈ શકે એ શોધ પણ તેમણે કરી.

નોબેલે શોધ ઉમદા ઉદ્દેશ માટે કરી હતી. બાંધકામમાં એનો વ્યાપક ઉપયોગ શરૂ થાય તે પહેલાં ધીંગાણાઓમાં તેનો વપરાશ શરૂ થયો. કન્સ્ટ્રક્શન - યુધ્ધને કારણે ડાઈનામાઈટની ડિમાન્ડ ખૂબ વધી અને ઑલ્ફ્રેડનો વ્યવસાય સતત ફેલાતો ગયો. બે પાંચ વરસમાં તેમણે ૨૦ દેશોમાં ડાઈનામાઈટ તૈયાર કરતી ૯૦થી વધારે ફેક્ટરી નાખી. ૧૮૯૬ સુધીમાં તેમના નામે વિવિધ ૩૫૫ પેટન્ટો નોંધાઈ ચૂકી હતી.

દરમ્યાન એક અખબારે નોબલ માટે મોતના સોદાગર (મર્ચન્ટ ઑફ ડેથ) પ્રકારનો શબ્દ વાપર્યો. કેમકે ડાઈનામાઈટનો યુધ્ધમાં વ્યાપક ઉપયોગ થતો હતો. એટલે મોટી સંખ્યામાં લોકો મોતને ભેટતા હતા. **પોતાને કારણે લોકો મૃત્યુ પામે છે એ વાતનો અફસોસ થતાં ઓલ્ફ્રેડે પોતાની ૯૦ ટકા સંપત્તિ નોબેલ પ્રાઈઝ માટે દાન કરી દીધી. એના મૃત્યુના દિવસે દર વર્ષે ૧૦મી ડિસેમ્બરે સ્ટોકહોમ ખાતે નોબેલ પ્રાઈઝ એનાયત થાય છે.** ■

*ગુરૂ શિષ્ય વચ્ચેનો સંબંધ અત્યંત નાજુક હોય છે.*

## Nano 9 Sudoku

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

*ડિસેમ્બર-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૪નો સમય મર્યાદા બાદ ઉકેલ મોકલનારના નામ*

૧૫. નિમિષ ચમનલાલ વોરા - અમદાવાદ બધા સાચા
૧૬. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ બધા સાચા
૧૭. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ બધા સાચા
૧૮. પ્રફુલ છગનલાલ કોરડિયા- અમદાવાદ બધા સાચા
૧૯. સરોજ જયેશ શાહ - અમદાવાદ બધા સાચા
૨૦. સરોજ અનુપ ચંદુરા - સુરત બધા સાચા
૨૧. મુલકુમારી કુમારપાલ લાલકા-ગદગ બધા સાચા

"અનાસ્થાના આજના યુગમાં સાચા ગુરુ મળવા મુશ્કેલ છે. આથી ગુરુ તરીકે અપૂર્ણ માણસને સ્વીકારવા ઈચ્છતા બધાને મારે ચેતવવા જોઈએ.

કોઈ માણસ પોતાને ગળે પથરો બાંધીને તરતાં શીખ્યો હોય એવું ક્યારેય બન્યું છે?"

*— ગાંધીજી*

"પુરુષના ચાર આશ્રમોમાં ચાર અધિદેવતા હોય છે. બાળપણમાં મા, યુવાનીમાં પત્ની, આધેડ વયમાં દીકરી અથવા પુત્રવધૂ અને ઘડપણમાં પૌત્રી અથવા પૌત્રવધૂ.

આ રીતે સ્ત્રીઓની વચ્ચે રહીને જ પુરુષ પોતાની પૂર્ણતાને પામે છે."

*— રવીન્દ્રનાથ ટાગોર*

## Nano 9 Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૪૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૨-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ માર્ચ-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

### ક્રમાંક - ૧૦૪૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૧ | ૯ |
| ૯ | | ૬ | | | ૨ | | | |
| | | ૧ | | | ૭ | | ૫ | |
| | ૨ | | ૪ | | | ૩ | ૮ | |
| ૪ | | | | ૨ | | | | ૭ |
| | ૧ | ૩ | | | ૮ | | ૨ | |
| | ૬ | | ૩ | | | ૮ | | |
| | | | ૭ | | | ૨ | | ૬ |
| ૭ | ૪ | | | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૨ | | | ૪ | ૯ |
| | ૨ | | ૫ | | ૯ | | | |
| ૮ | | | | | ૩ | | | ૨ |
| | | | ૩ | | | ૬ | ૭ | |
| ૨ | | | | ૫ | | | | ૮ |
| | ૭ | ૮ | | | ૧ | | | |
| ૫ | | | ૨ | | | | | ૭ |
| | | | ૯ | | ૫ | | ૧ | |
| ૪ | ૬ | | | ૭ | | ૯ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | | ૧ | ૮ | | | ૯ |
| ૫ | | | | | | | | ૮ |
| | ૪ | ૮ | | | ૫ | | ૬ | |
| ૪ | | | | | | ૩ | ૮ | |
| | | | ૬ | ૭ | ૯ | | | |
| | ૫ | ૭ | | | | | | ૬ |
| | ૧ | | ૫ | | | ૬ | ૭ | |
| ૩ | | | | | | | | ૨ |
| ૭ | | | ૯ | ૨ | | | ૩ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૬ | | ૭ | ૮ | |
| | | | | | | | | ૬ |
| ૯ | | | ૭ | | | ૨ | | |
| | ૨ | | | ૩ | ૬ | | | ૮ |
| | | ૪ | | | | ૫ | | |
| ૭ | | | ૪ | ૧ | | | ૬ | |
| | | ૨ | | | ૪ | | | ૫ |
| ૩ | | | | | | | | |
| | ૪ | ૮ | | ૨ | | ૬ | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૪૫**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૮ | ૯ | ૧ | ૬ | ૪ | ૭ | ૨ |
| ૨ | ૯ | ૪ | ૩ | ૫ | ૭ | ૬ | ૮ | ૧ |
| ૬ | ૭ | ૧ | ૨ | ૮ | ૪ | ૫ | ૯ | ૩ |
| ૩ | ૧ | ૯ | ૭ | ૬ | ૫ | ૮ | ૨ | ૪ |
| ૪ | ૫ | ૭ | ૮ | ૨ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૮ | ૬ | ૨ | ૪ | ૯ | ૩ | ૭ | ૧ | ૫ |
| ૯ | ૨ | ૩ | ૫ | ૭ | ૮ | ૧ | ૪ | ૬ |
| ૭ | ૪ | ૬ | ૧ | ૩ | ૯ | ૨ | ૫ | ૮ |
| ૧ | ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૨ | ૪ | ૮ | ૧ | ૭ | ૬ | ૫ |
| ૫ | ૧ | ૭ | ૨ | ૬ | ૩ | ૮ | ૪ | ૯ |
| ૮ | ૬ | ૪ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૧ |
| ૭ | ૪ | ૯ | ૧ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૧ | ૨ | ૮ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૩ | ૫ | ૬ | ૮ | ૭ | ૯ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૯ | ૭ | ૬ |
| ૨ | ૭ | ૩ | ૯ | ૧ | ૬ | ૫ | ૮ | ૪ |
| ૬ | ૯ | ૫ | ૭ | ૪ | ૮ | ૧ | ૨ | ૩ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૯ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૮ | ૭ |
| ૯ | ૮ | ૬ | ૪ | ૩ | ૭ | ૫ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૬ | ૭ | ૯ | ૧ | ૪ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૧ | ૫ | ૨ | ૭ | ૬ | ૩ |
| ૬ | ૭ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૬ |
| ૭ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૬ | ૪ | ૭ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૬ | ૧ | ૩ | ૭ | ૫ | ૪ | ૮ |
| ૮ | ૧ | ૫ | ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૩ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૨ |
| ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૯ | ૬ | ૨ | ૧ |
| ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ | ૭ | ૮ | ૫ |
| ૬ | ૭ | ૧ | ૫ | ૮ | ૨ | ૪ | ૩ | ૯ |
| ૩ | ૫ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૪ |
| ૪ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૩ | ૧ | ૭ |
| ૧ | ૨ | ૭ | ૪ | ૯ | ૩ | ૮ | ૫ | ૬ |

Nano 9™
Insulated Stainless Steelware

Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com

Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**જાન્યુઆરી - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- વેલજી શિવજી ગડા — ગ્રાંટ રોડ (વેસ્ટ), મુંબઈ
- સુરેશ પ્રાણલાલ શાહ — ગાંધીધામ, કચ્છ
- મનોજ હીરજી ગાલા — મુલુંડ, મુંબઈ
- વિજય ભાણજી છાડવા — મુંબઈ
- દિલીપ એ. શાહ — અન્નાવરમ, ચેન્નાઈ
- ભરત એચ. ભણસાલી — નવસારી

#### ૩ વર્ષનું લવાજમ

- સુરેશ એમ. પારેખ — સીકંદ્રાબાદ
- હરીશ એ. પટવા — ભુજ, કચ્છ
- હરીલાલ જે ભણસાલી — ગાંધીધામ, કચ્છ
- સમીર સી. સંઘવી — બેંગ્લોર

#### ૫ વર્ષનું લવાજમ

- મનસુખભાઈ એમ. નીસર — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ભાઈલાલભાઈ કાનજી પટેલ — અમદાવાદ
- ધનવંતી ભવાનજી વીસરિયા — વસઈ, મુંબઈ

#### આજીવન

- જાડેજા મહિપતસિંહ હિંમતસિંહ — નવરંગપુરા, અમદાવાદ
- પ્રકાશ નયન મોતા — હૈદ્રાબાદ
- બિપીન ભવાનજી ધરોડ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- વિજય વી. ખોના — ગોવંડી, મુંબઈ
- અજય ઉમરશી ધરોડ — રાજકોટ
- જશવંત બી. ભટ્ટ — ગાંધીધામ

### રીન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- હસમુખ ચુનીલાલ મહેતા — ભુજ, કચ્છ
- નવરંગ હાયર સેકન્ડરી સ્કૂલ — નવજીવન, અમદાવાદ
- પ્રવીણ નારાણજી દંડ — આદિપુર, કચ્છ
- સમીર સી. સંઘવી — બેંગલુરૂ

#### ૩ વર્ષનું લવાજમ

- મહેન્દ્ર એલ. શાહ — સીકંદ્રાબાદ

#### ૫ વર્ષનું લવાજમ

- પ્રકાશ શામજી મામણિયા — હૈદ્રાબાદ
- નીતિન હીરાચંદ શાહ — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- સોમચંદ વી. ધરમશી — તલવાણા (કચ્છ)

#### આજીવન

- સંજય પ્રેમજી શાહ — માંડવી, કચ્છ

*સમયસરનું મૌન, બોલાયેલા શબ્દોથી વધુ અસરકારક બને છે.*

### શબ્દ રમત-૮૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સ | ર | કા | ર | | સ | ભા | ન | | ક | ર્ક |
| | વા | સ | | થ | ર | | ગ | જ | | પા | |
| હા | ર | | બા | | સા | જ | | ર | જ | સ | |
| થ | | ઉ | પ | ન | ય | ન | | | મ | | આ |
| | | ર | | | ણ | | ખો | | | શિ | ખા |
| ચા | રો | | ધા | પ | | ક | | ક | દ | ર | |
| | મ | ત | | ડા | | જા | મ | ફ | ળ | | બ |
| શ | | ર | ન | વ | ન | | ધ | ન | | ક | દ |
| ર | મા | | હો | | મા | ઘ | | | હે | રા | ન |
| ત | લ | વા | ર | | જ | ટા | | તા | ત | | સી |
| | દ | સ | | ઝૂ | | | જ | લ | | આ | બ |
| ઉ | ર | વ | ર | | સ | મા | પ્ત | | તા | મ્ર | |

*ડિસેમ્બર-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૮ના*
*સમય મર્યાદા બાદ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૪. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૫. | અજિત એમ. મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૬. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ | બધા સાચા |
| ૧૭. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | બધા સાચા |
| ૧૮. | નેમજી ઉમરશી ગંગર | - અડાલજ | ૧ ભૂલ |
| ૧૯. | પ્રભા અમૃત ગાલા | - વાપી | ૧ ભૂલ |
| ૨૦. | સરોજ જયેશ શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૧. | નગીન હંસરાજ શાહ | - | ૨ ભૂલ |

*સમર્પણના ભાવ વિના કોઈપણ કાર્ય સફળ થતું નથી.*



સંકલન : દિનેશ આર. મહેતા

★ **કચ્છની 'યુવતી' અને તેના પિતાને તપાસ પંચનો સમન્સ :** ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યપ્રધાન અમિત શાહ અને આઈ.પી.એસ. અધિકારીઓ દ્વારા 'સાહેબ'ના કહેવાથી કચ્છની એક યુવતીની ગેરકાયદેસર જાસૂસીની તપાસ માટે નિમાયેલા પંચે 'યુવતી' અને તેઓના પિતાને સમન્સ પાઠવી બે સપ્તાહમાં રૂબરૂ હાજર રહી જવાબ રજૂ કરવાનું ફરમાન કર્યું છે. ૨૫મી નવેમ્બર, ૨૦૧૩ના રોજ ગુજરાત સરકારે હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટિસ સુજ્ઞાબહેન ભટ્ટના અધ્યક્ષપદે 'યુવતી'ની ગેરકાયદે જાસુસીની તપાસ કરવા પંચ નીમ્યું હતું. બે સભ્યોના તપાસપંચમાં પૂર્વ એડિશનલ ચીફ સેક્રેટરી કે.સી. કપૂરને પણ નીમવામાં આવ્યા હતા.

★ **મુંદ્રા સેઝનું કામ બંધ કરવા આદેશ :** કચ્છના મુંદ્રા ખાતે વિકસી રહેલા 'અદાણી પોર્ટ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન'ના ૨૧ એકમોના બાંધકામ, ઉત્પાદન સહિતની પ્રવૃત્તિ તાત્કાલિક અસરથી બંધ કરી દેવાનો તાજેતરમાં ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે આદેશ આપતાં અદાણી જૂથને લગભગ રૂા. ૫૬,૦૦૦ કરોડનો મોટો ફટકો પડ્યો છે. કોર્ટે સાથે કેન્દ્ર સરકારનો પણ ઉધડો લીધો હતો અને આગામી ૩૦ દિવસમાં જ અદાણી જૂથે કરેલી પર્યાવરણ મંજૂરી માટેની અરજીનો નિકાલ કરવા આદેશ આપ્યો હતો.

★ **રહેણાંક જમીનો ફ્રી હોલ્ડ :** સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સરકારે આજે ગાંધીધામ સંકુલની મોટી માંગણીને સંતોષતાં લગભગ ૧૩૭૪ એકર રહેણાંક જમીનને લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડ કરવાની દરખાસ્તને તાજેતરમાં બહાલ કરી હતી. જેને પગલે સંકુલમાં આનંદ પ્રસરી ગયો હતો. લીઝ હોલ્ડ રહેણાંક અને કોમ્પોઝિટ ઝોનની જમીનો માટે એક વખત કન્વર્ઝન ચાર્જ ચૂકવવો પડશે જેની ગણતરી બજારભાવ મુજબ થશે.

★ **વ્યંગ ચિત્રકાર કિરણ ધોળકિયાનું નિધન :** કચ્છના સીનિયર વ્યંગ ચિત્રકાર કિરણભાઈ જે. ધોળકિયાનું તા. ૮-૧-૨૦૧૪ની મધરાતે ટૂંકી માંદગીમાં નિધન થતાં તેમના ચાહકોએ આઘાતની લાગણી અનુભવી હતી. તેઓ ૬૧ વર્ષના હતા. વર્ષોથી 'કચ્છમિત્ર' સાથે જોડાયેલા સ્વ. કિરણભાઈ 'કટાક્ષ કિરણ' અને 'જો થઈ છે' કાર્ટૂન કોલમોથી જાણીતા હતા. તેમના કેટલાક વ્યંગ ચિત્રો અગાઉ 'મંગલ મંદિર'માં છપાતા હતા.

★ **કચ્છ દર્શન :** કચ્છને જોવા જાણવા દેશ-વિદેશથી પ્રવાસીઓના ધાડા આવતા હોય છે. આવા જ અમુક વિદેશી પ્રવાસીઓનાં વાહનના કાફલાએ તાજેતરમાં કુકમામાં નાનો પડાવ નાખીને ગ્રામ્ય જીવનને પોતપોતાના કેમેરાઓમાં કેદ કર્યું હતું. ધોરડો સિવાયનું કચ્છ પણ અનેક દૃષ્ટિએ ફરવાલાયક છે તેવી સંપૂર્ણ માહિતી, એકથી બીજા સ્થળનું અંતર અને રસ્તાના નકશા સહિતની માહિતી સાથે આવતા વિદેશી પ્રવાસીઓ પ્રવાસ કેમ કરવો તે શીખવી જાય છે.

★ **રાષ્ટ્રીય મેરિટ એવોર્ડ :** ભુજ તાલુકાના ભુજોડી ગામના યુવા કારીગર શ્રી રમેશ વીરજી વણકરને ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય મેરિટ એવોર્ડરૂપી સન્માન જાહેર કરાયું છે. આ કારીગરે વનસ્પતિ રંગો વડે મલબારી સિલ્ક અને સુતરાઉના તાણાવાણાની ઉત્કૃષ્ટ કારીગરીથી ધૂપછાંવ થીમમાં સાડી બનાવતાં વર્ષ ૨૦૧૧ના આ સન્માન માટે તાજેતરમાં પસંદગી કરાઈ છે. આ સાડી બનાવતાં સાડા ચાર મહિના લાગ્યા હતા.

★ **પોલીસ દ્વારા વડીલોને પ્રવાસ કરાવાયો :** પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ યોજના તળે ભુજ અને આસપાસના ગામોના ૧૧૦ વરિષ્ઠ નાગરિકોને તાજેતરમાં કાળો ડુંગર, ખાવડા અને ધોરડોના સફેદ રણનો બે બસ દ્વારા પ્રવાસ કરાવાયો હતો. પ્રવાસના પ્રારંભે એસ.પી. કુ. ચૌધરીએ જણાવ્યું હતું કે પોલીસ અને વરિષ્ઠ નાગરિકો એકમેકની નજીક આવે અને પોલીસ પણ પ્રજાનો જ ભાગ છે, એ દર્શાવવા આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

★ **નર્મદાની નવી પાઈપ લાઈન :** પશ્ચિમ કચ્છ અને જિલ્લા મથક ભુજને નર્મદાનું પાણી ક્ષમતા હોવા છતાં પ્રમાણમાં મળી શકતું નથી. ભચાઉથી વરસામેડી સુધીની પાઈપલાઈન નાની હોવાથી પેયજળનો જથ્થો ભચાઉથી આગળ પૂરતો વધતો નથી. એ માટે રૂા. ૮૬ કરોડના ખર્ચે ભચાઉ - વરસામેડી વચ્ચે નવી મોટી પાઈપ લાઈન નાખવાનો ગાંધીનગર ખાતેની રાજ્યની પાણી પુરવઠા બોર્ડની બેઠકમાં તાજેતરમાં નિર્ણય લેવાયો હતો.

★ **આને કહેવાય દાન : કન્યા કેળવણીનો થનગનાટ અનુભવી રહેલા કચ્છના લેવા પટેલોના દાતાઓએ સમાજપરસ્તીની પરાકાષ્ટાએ જ્ઞાતિના ચરણે કોરા ચેક ધર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે ચેકમાં જેટલી રકમ લખવી હોય તે લખી લેવા વિનંતી કરી હતી.**

★ **કચ્છ સરહદે કેન્દ્રીય ગૃહસચિવ :** જિલ્લાની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ સચિવે તાજેતરમાં પ્રવાસના દ્વિતીય ચરણમાં રણ સરહદે જવાનોના પ્રશ્નો જાણ્યા હતા. ક્રીકની મુલાકાત બાદ ગૃહ સચિવે ધોળાવીરાની મુલાકાત લીધી હતી.

★ **૭૦માંથી ૬૩ આંચકા કચ્છમાં :** ગુજરાતના ઈતિહાસમાં અંકિત થઈ ગયેલા અને ગુજરાતીઓ જેને કદી નહીં ભૂલી શકે તેવા ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપને ૧૩ વર્ષ પૂરા થયા છે ત્યારે ગુજરાતમાં ભૂકંપની હલચલો પર નજર કરીએ તો ૨૦૧૩માં

ભૂકંપના નાના-મોટા મળીને કુલ ૧૫૬૬ જેટલા આંચકા આવ્યા હતા. જેમાંથી ૯૦ ટકા આંચકા માત્ર કચ્છમાં જ આવ્યા હતા. ૩થી વધુની તીવ્રતા ધરાવતા કુલ ૭૦ આંચકા અનુભવાયા હતા. જેમાંથી ૬૩ આંચકા તો માત્ર કચ્છમાં જ આવ્યા હતા.

★ **માંડવીથી ભુજના માર્ગને નવા રૂપરંગ :** માંડવીથી ભુજ ૩૪ કિ.મી. રાજ્ય ધોરીમાર્ગ રૂા. ૫૦ કરોડના ખર્ચે નવા રૂપરંગ ધારણ કરશે. હાલે ૭ મીટરની પહોળાઈવાળો આ રસ્તો ૧૦ મીટર પહોળાઈનો થશે અને માંડવીથી ભુજ ફક્ત મોટર માર્ગે અડધા કલાકમાં પહોંચી શકાશે. માંડવી પ્રવાસન વિભાગને ધબકતું કરવા માટેની રજૂઆતના પગલે બાંધકામ મંત્રીશ્રીએ તેનાં ખર્ચની મંજૂરી આપી છે.

★ **બિદડા સર્વોદય ટ્રસ્ટ :** માંડવી તાલુકાના બિદડા ગામે વર્ષ ૧૯૭૪માં બિદડા સર્વોદય ટ્રસ્ટના નામે શરૂ થયેલી હોસ્પિટલમાં ૩૦ પ્રકારની અપાતી આરોગ્ય સારવારનો દર વર્ષે અઢી લાખ દર્દીઓ લાભ લેતા હોવાની માહિતી સંસ્થા દ્વારા તાજેતરમાં આપવામાં આવી હતી.

★ **ડો. વિમ્મી સદારંગાણીનું સન્માન :** ગણતંત્ર દિવસના ઉપલક્ષ્યે પ્રસાર ભારતી (આકાશવાણી) દ્વારા હૈદ્રાબાદ ખાતે આયોજિત અખિલ ભારતીય સર્વ ભાષા કવિ સંમેલન - ૨૦૧૪માં આદિપુરની તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના સિંધી વિભાગાધ્યક્ષ ડૉ. વિમ્મી સદારંગાણીએ ભાગ લઈને માત્ર કચ્છ નહીં પરંતુ ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. આ કારણે સ્મૃતિચિહ્ન દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.


★ **નલિયાની છાત્રાને ગોલ્ડ મેડલ :** તાજેતરમાં ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા યોજાયેલા ત્રીજા પદવીદાન સમારંભમાં નલિયાની વિદ્યાર્થિની રોશની રાજેશભાઈ ઠક્કરને માસ્ટર ઑફ ફાર્મસીમાં (ફાર્મસી ક્વોલિટી એસ્યોરન્સ) પ્રથમ આવવા બદલ ગોલ્ડ મેડલ ગુજરાત રાજ્યનાં રાજ્યપલના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. રોશનીએ આ અભ્યાસ જખણિયા સ્થિત વીરાયતન ઈન્સ્ટિટ્યૂટમાંથી કર્યો હતો. આ સિધ્ધિને કોલેજના આચાર્ય ડૉ. વિદ્યાસાગરે બિરદાવેલી હતી.

★ **પ્રવાસ નિગમ દ્વારા કચ્છમાં ગાઈડને તાલીમ :** ગુજરાતમાં પ્રથમ એવો ગાઈડ તાલીમવર્ગ ગત તા. ૮થી ૧૭ સુધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૂરિઝમ એન્ડ ટ્રાવેલ મેનેજમેન્ટ અને ગુજરાત પ્રવાસન નિગમ લિ. તરફથી તાજેતરમાં યોજાયો હતો. આ દસ દિવસીય પ્રશિક્ષણ કેમ્પમાં વિવિધ નિષ્ણાતોએ કચ્છ પર માર્ગદર્શન આપ્યું હતું.

★ **સ્મૃતિ વન :** ૧૩ વર્ષ પૂર્વે આવેલા ગોઝારા ભૂકંપના દિવંગત થયેલાઓની યાદમાં શહેરના શમગાર સમા ભુજિયા ડુંગર પર ગુજરાત સરકારે આદરેલા સ્મૃતિ વન પ્રોજેક્ટના પહેલા તબક્કાનું કામ પૂર્ણતાના આરે પહોંચ્યું હોવાનું ભુજ વિભાગના ધારાસભ્યશ્રીએ તાજેતરમાં જણાવ્યું હતું.

***(વર્તમાનપત્રો પર આધારિત)***

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી




| | | |
|---|---|---|
| (૧) | **ઉમેદવારનું નામ** | : **કુમાર મનિષ** |
| (૨) | **પિતાશ્રીનું નામ** | : જયંતિલાલ મણિલાલ હંસરાજ |
| (૩) | **માતાશ્રીનું નામ** | : પુષ્પાબેન |
| (૪) | **અટક** | : શાહ |
| (૫) | **જન્મ તારીખ** | : ૨૭-૩-૧૯૭૨ |
| (૬) | **ઊંચાઈ** | : ૫'૧૦" |
| (૭) | **દેખાવ** | : એકદમ ગોરો |
| (૮) | **અભ્યાસ** | : બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) |
| (૯) | **શોખ** | : ક્રિકેટ, મ્યુઝિક વગેરે |
| (૧૦) | **વ્યવસાય** | : સ્વતંત્ર ધંધો (પોતે પ્રોપરાઈટર) |
| (૧૧) | **જ્ઞાતિ** | : શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન ગૂર્જર |
| (૧૨) | **મૂળ વતન** | : માંડવી (કચ્છ) |
| (૧૩) | **દાદા** | : સ્વ. મણિલાલ હંસરાજ શાહ |
| (૧૪) | **નાના** | : સ્વ. રતિલાલ જીવરાજ મહેતા |
| (૧૫) | **અન્ય ભાઈ-બહેન** | : એક બહેન – પરિણીત, રાઉરકેલા |
| (૧૬) | **સરનામું** | : ૫/૯૩૫, જી.કે. એવન્યુ, પેલેસ રોડ, મટ્ટાનચેરી, કોચી (કોચીન), કેરાલા. |
| (૧૭) | **ફોન** | : ૯૦૩૭૬૮૨૦૬૨, ૯૪૪૭૩૬૮૯૪૬ |
| (૧૮) | **અન્ય સંપર્ક** | : ૯૪૨૯૪૬૭૬૯૭ (ભુજ - કચ્છ) ૯૪૨૭૭૧૦૩૬૫ (અમદાવાદ) |
| (૧૯) | **વિશેષ માહિતી** | : પોતે હેન્ડીકેપ્ડ (સ્કુટર, કાર ચલાવી શકે છે.) |
| (૨૦) | **જરૂરિયાત** | : જ્ઞાતિબાધ નથી. ઉમેદવાર ગૃહકાર્યમાં કુશળ જરૂરી. |

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતીમાં સુધાર

**'મંગલ મંદિર'ના ગત અંકના પાના નંબર ૭૮-૭૯ પર અપાયેલ વિગતમાં ફેરફાર.**

બેન રૂત્વીના મોબાઈલ નં. ૯૫૧૦૨ ૪૧૮૪૪ અને
શિખાની જન્મ તારીખ ૧૨-૪-૯૧ તેમજ ફોન નંબર ૮૩૦૬૬ ૯૭૧૯૮ છે.




## સરનામા ફેરફાર

- **ભોગીલાલ કાનજી ત્રેવાડિયા**
  બી-૨૦૪, પુષ્કર-૪, વિતરાગ સોસાયટી સામે,
  પી.ટી. કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **દિલીપ વશનજી નરશી લાપસિયા**
  'પારસમણિ', ૨૪, જીવનવિહાર સોસાયટી,
  રામકૃષ્ણ પાર્ટી પ્લોટની બાજુમાં, મણિનગર (પૂર્વ),
  અમદાવાદ-૩૮૦ ૦૦૮.
  મો. ૯૪૨૭૩ ૭૯૯૪૯

## પુત્રી જન્મ

- **બુધવાર, તા. ૧૧-૧૨-૨૦૧૩**
  **ચિ. દેવાંશી આનલ જિનેશ શેઠિયા (લાખાપર - વલસાડ)**
- **બુધવાર, તા. ૧૧-૧૨-૨૦૧૩**
  **ચિ. આરતી ચાંદની કવિન લક્ષ્મીચંદ ગાલા (વાંઢ - અમદાવાદ)**

## પુત્ર જન્મ

- **શનિવાર, તા. ૧૪-૧૨-૨૦૧૩**
  **ચિ. એકાંશ સ્નેહા કૃણાલ પ્રવીણચંદ્ર હરિયા (બાડા - અમદાવાદ)**

## શરણાઈ

- **શનિવાર, તા. ૩૦-૧૧-૨૦૧૩**
  **ચિ. વિશાલ મહેન્દ્ર ચમનલાલ શાહ (ભુજ - અમદાવાદ)**
  **ચિ. બીનલ મહેન્દ્ર પ્રભુલાલ શેઠ (મનફરા - ભુજ)**
- **રવિવાર, તા. ૧૯-૧-૨૦૧૪**
  **ચિ. સંજના જલદીપ કુંવરજી શાહ (નલિયા - અમદાવાદ)**
  **ચિ. ગુંજન જગદીશ નટવરલાલ શાહ (અમદાવાદ)**
- **રવિવાર, તા. ૧૯-૧-૨૦૧૪**
  **ચિ. શ્રધ્ધા શૈલેષભાઈ ચમનલાલ દોશી (અંજાર - અમદાવાદ)**
  **ચિ. ભૂષણ મયૂરભાઈ નવીનભાઈ સંઘવી (મુંદ્રા - રાઉરકેલા)**
- **શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૧૪**
  **ચિ. નમિતા અનિલ પાસુભાઈ શાહનંદ (ડુમરા - અમદાવાદ)**
  **ચિ. નિમિત હસમુખ લાલજી શાહ (વીસરિયા) (ગઢશીશા - મુંબઈ)**

## અવસાન નોંધ

- **નિશાબેન નવીનચંદ્ર જશરાજ વસા (વાંકી - અમદાવાદ)** (ઉં.વ. ૭૯) મંગળવાર, તા. ૭-૧-૨૦૧૪ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **ઉમરશીભાઈ જેઠાભાઈ રાયશી કુરુવા (ગોધરા - અમદાવાદ)** (ઉં.વ. ૯૧) સોમવાર, તા. ૧૯-૧-૨૦૧૪ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **ભોગીલાલ કાંતિલાલ હાથીભાઈ શાહ (મુંદ્રા - અમદાવાદ)** (ઉં.વ. ૭૭) સોમવાર, તા. ૨૭-૧-૨૦૧૪ના રોજ અરિહંત શરણ થયેલ છે.

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## મેડિકલ સેન્ટરમાં દવાની ખરીદીના બીલ પર રાહત

શ્રી કચ્છી જૈન ભવન પરના ત્રીજા માળના મેડિકલ સેન્ટરના મેડિકલ સ્ટોર્સમાંથી જે દવા આપવામાં આવે છે તેમાં સમાજ તરફથી ૧૦ ટકા ડિસ્કાઉન્ટ કોઈપણ વ્યક્તિને તેની દવાની ખરીદીના બીલ પર આપવામાં આવે છે.


પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી આ દવાની ખરીદી પર માત્ર અને માત્ર આર્થિક રીતે જરૂરિયાત હોય તેવા લોકોને, આ ૧૦ ટકા ઉપરાંત, બીજા ૫૦ ટકા સુધી વધારાનું ડિસ્કાઉન્ટ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

આથી સમાજના દરેક સભ્યને આ એક અગત્યની બાબત પર નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે અને આર્થિક રીતે જરૂરિયાતવાળા દર્દીઓને આ માટે મેડિકલ સેન્ટરનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**અશ્વિન સાવલા**
**કન્વીનર - તબીબી સેવા સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*પરોપકારમાં ફળની અપેક્ષા ન રાખવી.*

## અભિનંદન



### કુ. સ્તુતિ કારાણી

અમદાવાદ સ્થિત શ્રી ઉદય પ્રેમજીભાઈ કારાણીના પુત્રી કુ. સ્તુતિ હાલે અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાં ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરી રહ્યા છે. તેઓ સંગીત અને ગાયકી ક્ષેત્રમાં નિપુણતા ધરાવે છે. તાજેતરમાં મહાત્મા ગાંધી મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય દ્વારા રાષ્ટ્રીય શૈક્ષણિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના એક હિસ્સા તરીકે રાષ્ટ્રીય કક્ષાની સંગીત સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા સ્તુતિની પસંદગી થઈ હતી. જેમાં રાષ્ટ્રીય સ્તરની સુગમ સંગીતની યોજાયેલ સ્પર્ધામાં તેમણે પ્રથમ ક્રમાંક મેળવીને પોતાની પસંદગીને ચરિતાર્થ કરી બતાવી હતી. તે બદલ તેમને રાજ્ય સરકારના શૈક્ષણિક ખાતા દ્વારા ઍવોર્ડ સર્ટિફિકેટ અર્પણ થયેલ છે. આ રીતે સ્તુતિએ સમાજનું ગૌરવ વધાર્યું છે. ■

## મતદાતા

### ભારત ભાગ્ય વિધાતા

- ભ્રષ્ટાચારથી મુક્તિ માટે
- મોંઘવારીથી મુક્તિ માટે
- સુશાસન માટે
- દેશની રક્ષા માટે
- બાળકોના શિક્ષણ માટે
- યુવાનોના રોજગાર માટે
- નારીના સન્માન માટે
- ખેડૂતોના કલ્યાણ માટે
- આરોગ્ય ક્ષેત્રની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે
- સમૃધ્ધ, શક્તિશાળી ભારત માટે
- એક ભારત, શ્રેષ્ઠ ભારત માટે વોટ ફોર ઈન્ડિયા.

*વોટની તાકાત ત્યારે છે, જ્યારે આપણે વોટ કરીએ*
*વોટર આઈ.ડી. રજિસ્ટર કરાવો, મતદાન જરૂરથી કરો.*

## સાભાર સ્વીકાર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.**

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી નવરંગપુરા જૈન સેવા મૂર્તિ સંઘ - અમદાવાદ
રૂા. ૫૦૧/- શ્રી મહેશ ચંદુલાલ ગઢેચા - ભુજ
રૂા. ૫૦૧/- શ્રી ડુંગરશી ખીમજી દેઢિયા - કોટડા

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૧,૧૧૧/- ગં.સ્વ. ઈન્દુબેન જાદવજી શાહ - અમદાવાદ
રૂા. ૫૦૧/- શ્રી મિહિર મહેશ શાહ - અમદાવાદ (હ. શ્રી હરખચંદ નાનજી પોલડિયા (ગામ : તલવાણા)ની દોહિત્રીના જન્મ નિમિત્તે.)
રૂા. ૫૦૧/- શ્રી વિક્રમભાઈ દવે - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી લક્ષ્મીચંદ કાનજી ગાલા (વાંઢ - અમદાવાદ)

### વયસ્ક સમિતિને ભેટ

રૂા. ૫,૦૦૧/- શ્રી ધીરજલાલ કરશનજી સંઘવી - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી ખુશમન ગુલાબચંદ શાહ - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૫૦૧/- શ્રી બિપીન ભવાનજી ધરોડ - મુંબઈ

### 'મંગલ મંદિર'ને ભેટ

રૂા. ૫૦૧/- શ્રીમતી ફોરમ મિહિર મહેશ શાહ - અમદાવાદ (હ. શ્રી હરખચંદ નાનજી પોલડિયા (ગામ : તલવાણા)ની દોહિત્રીના જન્મ નિમિત્તે.)
રૂા. ૫૦૧/- મણિબેન બાબુભાઈ કેશવજી શાહ પરિવાર - અમદાવાદ (સમ્રાટવાળા) (દોહિત્રી ચિ. દેવાંશીના જન્મ નિમિત્તે)

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫૦૧/- શ્રી હેમંત પ્રેમજી વીરા - મુંબઈ


### સામાન્ય ખાતામાં

રૂા. ૧૦૦૧/- શ્રીમતી સુલુબેન જલદીપ શાહ - અમદાવાદ (દીકરી ચિ. સંજનાના શુભ લગ્ન પ્રસંગે)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*સંબંધોના ભારને બોજારૂપ ન બનાવો.*

# સમાજના પૂર્વપ્રમુખશ્રી અને સમાજ હિતેચ્છુનો જીવનદીપ બુઝાતાં ઘેરા શોકની લાગણી પ્રસરી



## સ્વ. શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા

અથાગ પરિશ્રમ જેમનો જીવનમંત્ર હતો તેવા મિતભાષી, ખૂબ જ સરળ અને હંમેશાં હકારાત્મક વિચારસરણી ધરાવનાર તેમજ સમાજ કલ્યાણની કામગીરીમાં પોતાની નિપુણતા સાબિત કરનાર, તેમની સંવેદનાઓને વાચા આપનાર પોતીકો ચહેરો એટલે શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા. તેઓશ્રીનું ૨૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું છે. તેઓશ્રી છેલ્લા થોડા દિવસોથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા તે ક્ષણ સુધી ખૂબ જ સચેત અને સ્વનિર્ભયી હતા. તેઓશ્રી ૯૧ વર્ષની ઉંમરે આ ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવ્યા.

સ્વ. ઉમરશીભાઈની વાત કરવી હોય ત્યારે જિંદગીની લંબાઈ કરતાં ઊંડાઈ અને ઈન્સાન તરીકેની આંતરિક ઊંચાઈને ખૂબ સારી રીતે નિરખવી પડે. નિવૃત્તિના સમગ્ર સમય દરમ્યાન તેઓશ્રી સેવાકીય કાર્ય અને ધર્મ પ્રવૃત્તિમાં ખૂબ કાર્યરત હતા. સમાજ કલ્યાણની સહજતા અને તેમના શબ્દોમાં વ્યક્ત થતી લાગણીઓની સચ્ચાઈ, એ સ્વ. ઉમરશીભાઈની એક સામાજિક કાર્યકર તરીકેની વિશેષતા હતી.

સદ્‌ગતશ્રી ખૂબ ધાર્મિક મનોવૃત્તિ ધરાવતા હતા. તેઓશ્રી હંમેશાં કહેતા કે આપણે જે કાર્ય કરી રહ્યા છીએ તે એવા દષ્ટિકોણથી કરવું જોઈએ કે એ કાર્ય ઈશ્વરનું કાર્ય છે અને ઈશ્વરના બતાવ્યા માર્ગે એક કાર્યકરના રૂપમાં તે કાર્ય કરી રહ્યા છીએ. વાસ્તવમાં ખરેખર કર્તા તો ઈશ્વર જ છે. આપણે તો કેવળ તેમનું માધ્યમ માત્ર છીએ. સ્વ. ઉમરશીભાઈ હંમેશાં આ પ્રકારના ઉચ્ચ વિચારો રજૂ કરતા હતા. તેઓ ખુદ તેવા વિચારોનું અનુકરણ કરતા હતા.

તેઓશ્રીનું જીવન સતત પુરુષાર્થ અને પરિશ્રમનું પ્રતીક હતું. જેની પ્રતીતિ તેમણે પોતાની કામગીરી ક્ષેત્રે હાંસલ કરેલી સફળતા દ્વારા થાય છે. યુવાવયથી નિવૃત્ત થયા તે દરમ્યાનની તેમની કારકિર્દી તેજસ્વી રહી હતી. વર્ષ ૧૯૫૧માં જ્યારે કચ્છ 'સી' સ્ટેટના દરજ્જા હેઠળ હતું ત્યારે ગુજરાત રાજ્યમાં કચ્છ ખાતે તેઓશ્રીને પ્રથમવાર પોસ્ટિંગ મળેલ હતું. ત્યારબાદ હરિજન અને સમાજ કલ્યાણ - પછાત વર્ગના ખાતામાં તેમણે વર્ષો સુધી સેવા આપી હતી. ત્યારબાદ અમદાવાદ - ગાંધીનગર ખાતે ઉપરોક્ત ખાતામાં સચિવ તરીકે કાર્યરત હતા. આ રીતે તેમણે જે સિધ્ધિ મેળવી હતી તે અનન્ય હતી.

સ્વ. ઉમરશીભાઈના પરિવારનું, વર્ષ ૧૯૬૦માં અમદાવાદમાં આગમન થયું હતું. સરકારી ખાતામાં તેઓ ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થતાં તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં પણ એક અટલ કાર્યકર તરીકે પણ હંમેશાં યાદ રહેશે. સંસ્થાના ખજાનચી, ઉપપ્રમુખ અને પ્રમુખશ્રી જેવા ત્રણે હોદ્દાઓ ૧૯૮૦-૮૫ દરમ્યાન નિપુણતાપૂર્વક શોભાવીને ઝળક્યા હતા. તેઓના વિચારોની વિશાળતા અને દીર્ઘદષ્ટિના કારણે આ સંસ્થા સતત રીતે પ્રગતિના પંથે રહી હતી. તેઓશ્રીની કોઠાસૂઝ તથા સેવાકીય કાર્યો કરવાની શક્તિ પ્રેરણારૂપ હતી.

*મહેનતથી કરેલું કર્મ લાભદાયી હોય છે.*

તેઓશ્રીનો જન્મ તા. ૧૪-૧૧-૧૯૨૧ના કચ્છ ગોધરા ગામના અને કપાસના વેપારી સ્વ. જેઠાભાઈ રાયશી કુરુવાને ત્યાં માતુશ્રી રતનબાઈની કૂખે ધરણગાંવ, જિલ્લા - પૂર્વ ખાનદેશમાં થયો હતો. પ્રાથમિક અભ્યાસ હુબલી, સાંગલી અને કચ્છમાં લીધા બાદ માધ્યમિક અભ્યાસ મુંબઈમાં કરીને ત્યાં જ ઉચ્ચ અભ્યાસ બી.એ. વિલ્સન કોલેજ તેમજ એસ.એલ.ઓ. તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીસમાં કરીને ઉચ્ચ ડિગ્રી મેળવેલ હતી. તે સાથે જૈન ધર્મનું પાયાનું જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, ખ્રિસ્તી, હિંદુ, ઈસ્લામ, શીખ અને જરથોસ્તી (પારસી) જેવા વિવિધ ધર્મોનું સામાન્ય જ્ઞાન પણ તેઓશ્રીએ મેળવેલ હતું!

સામાજિક ક્ષેત્રે જનસેવાના કાર્યો કરવા, સાત્ત્વિક વાંચન અને ધાર્મિક પુસ્તકોનું સતત વાંચન તેમના પ્રિય શોખ હતા.

તેમના લગ્ન મુંબઈના સમાજસેવક અને એક વખતના કોર્પોરેટર બી.એન. મહેશ્વરીની પુત્રી પ્રેમીલાબેન સાથે તા. ૨૨-૫-૧૯૪૯ના રોજ મુંબઈ ખાતે થયા હતા. સ્વ. પ્રેમીલાબેન પણ નાનપણથી જ સામાજિક સેવાઓ સાથે સંકળાયેલ હતા. સ્વ. પ્રેમીલાબેન એ સમયે પોતાનો અભ્યાસ છોડીને ભારતની આઝાદીની રાષ્ટ્રીય લડતમાં પણ જોડાયા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર "મંગલ મંદિર"નું સંચાલન કાર્ય સ્વ. પ્રેમીલાબેને મે-૧૯૭૮થી તેમના મૃત્યુપર્યંત એટલે કે જૂન ૧૯૮૪ સુધી સંભાળેલ હતું. વર્ષ ૧૯૭૩થી ૧૯૭૭ સુધી સમાજની કારોબારી સમિતિના તેઓશ્રી સભ્ય હતા. તે ઉપરાંત શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદના સ્થાપક પ્રમુખપદે પણ તેઓ હતા.

સદ્‌ગત ઉમરશીભાઈને સંસાર જીવનમાં બે પુત્રી તથા એક પુત્ર પ્રાપ્ત થયા. પુત્ર ભાઈ જિતેન્દ્ર અમદાવાદમાં ઍડવોકેટ છે. જ્યારે મોટી પુત્રી હેમાબેન પરણીને લખનૌમાં છે અને બીજા પુત્રી ચૌલાબેન અમદાવાદમાં ગુજરાત ટુરીઝમમાંથી નિવૃત્ત થયા બાદ પત્રકારના વ્યવસાયમાં છે. ઉમરશીભાઈના મોટાબેને જૈન ધર્મની દીક્ષા લીધેલી અને વર્ષ ૨૦૦૦માં કાળધર્મ પામ્યા હતા. જ્યારે મોટાભાઈ શ્રી ખેતશીભાઈ વેપાર ક્ષેત્રમાં છે.

સદ્‌ગત ઉમરશીભાઈએ રાજ્ય સરકારના પછાતવર્ગ, સમાજ કલ્યાણ જેવા ખાતાઓમાં, મુખ્ય અધિકારી, ડેપ્યુટી ડાયરેક્ટર, પ્રોજેક્ટ અધિકારી, નિયામક અને સેક્રેટરી જેવા ઉચ્ચ હોદ્દા પર રહીને વર્ષ ૧૯૫૧થી ૧૯૮૦ સુધી વિવિધ પ્રકારની કામગીરી સફળતાપૂર્વક બજાવેલ હતી. ત્યારબાદ ખાનગી સંસ્થાઓમાં પણ મેનેજર તરીકે કાર્યરત રહીને વર્ષ ૨૦૦૧માં સંપૂર્ણ રીતે નિવૃત્ત થયા હતા.

ઉપરોક્ત સમય દરમ્યાન જ્યારે જ્યારે તક મળી ત્યારે તેઓશ્રીએ કોલેજ સ્તરે વિદ્યાર્થી મંડળ તેમજ સામાજિક ક્ષેત્રોમાં સર્વે, અભ્યાસ શિબિર વગેરેમાં ભાગ લઈને સક્રિય રહ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરાંત પ્રગતિ નગર ગ્રાહક સહકારી મંડળી અને શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ સમાજ - અમદાવાદ જેવી સામાજિક સંસ્થાઓમાં પણ સક્રિય રીતે કામગીરી બજાવેલ હતી. ઉલ્લેખનીય છે કે, લગ્ન જેવા પ્રસંગોમાં સમય અને નાણાના થતા વ્યયને બંધ કરાવવાની તેઓએ ઝુંબેશ ઉપાડેલ હતી. તેઓશ્રીએ દેશમાં અનેક શહેરોની તેમજ વિદેશમાં લંડન, લેસ્ટર, રુગ્બી, પેરિસ, દુબઈ જેવા સ્થળોની મુલાકાત લઈને ત્યાંની સારી એવી જાણકારી પ્રાપ્ત કરી હતી.

સદ્‌ગત ઉમરશીભાઈના નિધનથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આઘાત અને શોકની લાગણી અનુભવેલ હતી. સ્વ. ઉમરશીભાઈને શ્રધ્ધાંજલિ આપતાં સમાજના પ્રમુખશ્રી અશોક મહેતાએ કહ્યું હતું કે તેઓશ્રીના અવસાનથી દરેકને આઘાત લાગ્યો છે. તેમના નિધનથી સમાજે એક બેહતરીન સામાજિક કાર્યકર અને સમાજ હિતેચ્છુને ગુમાવ્યા છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ બક્ષે તેમજ તેમના પરિવારજનોને આ તીવ્ર આઘાત જીરવવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના.


*– દિનેશ આર. મહેતા*

॥ क्षमा वीरस्य भूषणम् ॥


**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ



*"કદમ મિલાવીએ આપણે સૌ, વાવીએ ચાલો એક વૃક્ષ,*
*પંખીને આપે એ આશરો, મળે આપણને આશીર્વાદ,*
*કુદરત પણ રાજી રહે, વરસાવે અનરાધાર વરસાદ."*



સત્ય છે કુદરતના સાંનિધ્યમાં પંખીઓનો કલશોર વાતાવરણને સંગીતમય બનાવી દે છે. તેમના મધુર કલરવના સથવારે મનુષ્ય પોતાના જીવનની તંદુરસ્તી નિખારે છે. વૃક્ષની હરિયાળી જ્યારે કુદરતના ખોળામાં ઉછરે છે ત્યારે ઈશ્વરીય સ્તુતિનો અલૌકિક આનંદ થાય છે.

આવું સુંદર મજાનું વાતાવરણ ઉદ્‌ગમતા પર્યાવરણની જાળવણીના આધારે છે. આ જાળવણી એટલે વૃક્ષારોપણ પ્રવૃત્તિ. પૃથ્વી ઉપર ઔદ્યોગિકીકરણના કારણે પર્યાવરણમાં છેડખાની થતાં કુદરતી સંતુલન અસ્તવ્યસ્ત થઈ જતાં તેના સુધારા સ્વરૂપે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે જાગૃતિના પર્યાય સ્વરૂપે તા. ૧-૧-૨૦૧૪ના નૂતન વર્ષના સુપ્રભાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કાઉટ ભવન ખાતેની જમીનમાં ૨૮ જેટલાં વૃક્ષોનું વાવેતર દ્વારા પર્યાવરણ સુધારાનાં પગરણનું મંડાણ કરેલ છે.

સવારની આહ્‌લાદક શીતળ આબોહવાના સથવારે આ માંગલિક કાર્યક્રમનું અમદાવાદ શહેરના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ તથા સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા તથા અન્ય ટ્રસ્ટીગણ અને સભ્યોના સાંનિધ્યમાં ઉમંગપૂર્વક પાર પાડેલ. આ કાર્યક્રમમાં અમદાવાદના વાસણા - પાલડી વિસ્તારના મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી આશિષભાઈ પટેલ, શ્રી પ્રીતેશભાઈ મહેતા, શ્રીમતી બીજલબેન પટેલ, નગર પ્રાથમિક શાળાના ચેરમેન શ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યશ્રી ડૉ. સુજયભાઈ મહેતા, શિક્ષણ બોર્ડના શાસનાધિકારી શ્રી એલ.ડી. દેસાઈ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સ્કાઉટ ભવનના શ્રીમતી ભગવતીબેન ઓઝા દ્વારા "વૃક્ષ એ જ દેવતા"ની ભાવના સહ મંગલમય પ્રાર્થનાથી સવારે ૧૦.૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત થઈ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમના શ્રીગણેશ મંડાયા. તેમજ પધારેલ સર્વે મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ સંસ્થા દ્વારા થતી અનેકવિધ પ્રવૃત્તિઓની રજૂઆત કરેલ. સંસ્થા દ્વારા ચલાવાતી મેડિકલ સુવિધા અંગે જણાવતાં તેમણે કહ્યું કે અમારા પાલડી ભવન ઉપર ચાલતા ઓ.પી.ડી. સેન્ટરમાં એમ.ડી., એમ.એસ., એમ.સી.એચ. તથા તેનાથી ઉપરની ડિગ્રી ધરાવતા ૫૬ જેટલા ડૉક્ટરો દ્વારા ૨૬ જેટલા અલગ અલગ વિભાગમાં રોગોનું એકદમ નજીવા દરે કોઈપણ જાતના ભેદભાવ વગર ચકાસણી તથા પરીક્ષણ કરવામાં આવે છે. જેનો લાભ રોજ લગભગ ૪૦૦ જેટલી વ્યક્તિઓ લે છે અને અમુક પરીક્ષણોમાં આ સંસ્થાના દરો વી.એસ. હોસ્પિટલ કરતાં પણ નીચા છે તેવી માહિતી તેમણે આપેલ. શિક્ષણ અંગે ભવિષ્યની યોજના સમજાવતાં શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે અમો એક એવી સ્કૂલનું નિર્માણ કરવા માગીએ છીએ કે જ્યાંથી વિદ્યા પામીને નીકળેલ બાળક ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે. વિશેષમાં તેમણે કહ્યું કે સંસ્થાએ વૃક્ષની દત્તક યોજના દ્વારા એક વૃક્ષ દીઠ રૂા. ૧૦૦૦/-નો નકરો રાખેલ છે. જેના પ્રતિસાદમાં આ કાર્યક્રમમાં પધારેલ માનવંતા મહેમાનો તરફથી સાથેના લિસ્ટ મુજબની જાહેરાત કરવામાં આવેલ હતી.

આ સંસ્થા દ્વારા રોપાયેલ રોપાઓને ભૂલી નથી જવાનું પરંતુ તે રોપાઓ જ્યાં સુધી પાંચ વર્ષના થાય ત્યાં સુધી તેની સંપૂર્ણ જતનની જવાબદારી આ સંસ્થા ઉઠાવશે તેમ પર્યાવરણ સમિતિના કન્વીનર ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાએ પોતાના વક્તવ્યમાં જણાવેલ. "વૃક્ષ એ જ જીવન છે" એ સૂત્રના અનુસંધાને તેમણે પધારેલ વ્યક્તિઓને વૃક્ષારોપણ માટે પ્રેરિત કરેલ.

મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલે સંસ્થાની વૃક્ષારોપણની આ પ્રવૃત્તિને બિરદાવેલ હતી. શાળાઓમાં જતનપૂર્વક ઉછેર કરવામાં આવનાર રોપાની પ્રવૃત્તિ ખરેખર પ્રશંસનીય છે તેમ તેમણે જણાવેલ. સંસ્થા દ્વારા ખૂબ જ નજીવા દરે ચાલતી મેડિકલ પ્રવૃત્તિની પણ તેમણે પ્રશંસા કરેલ. શહેરના કાંકરિયા ઝુ ખાતેના પક્ષી / પ્રાણીઓ — એકનો નિભાવ ખર્ચ દૈનિક ધોરણે રૂા. ૨૩૦૦/- આવે છે તેવી માહિતી સાથે તેમણે પધારેલ મહાનુભાવોની પાસે તે 'ઝુ'માં રહેલ પક્ષી / પ્રાણીઓને દત્તક લેવાની રજૂઆત કરેલ. જેના પ્રતિસાદમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રૂા. ૨૫,૦૦૦/-નું અનુદાન સંસ્થાના પ્રમુખશ્રીએ જાહેર કરેલ હતું.

અંતમાં સમાજના ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા આ સમારંભમાં પધારેલ સર્વેનો આભાર માનવામાં આવેલ અને કાર્યક્રમની

*જનહિતનાં કાર્યને જલદી અગ્રતા આપો.*

સમાપના કરેલ. આ કાર્યક્રમમાં પધારેલ સર્વેજનો અલ્પાહારનો સ્વાદ માણી છૂટા પડેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન દૂરદર્શન ગુજરાતી વિભાગના એન્કર અને સમાજના સભ્ય શ્રીમતી અલ્પાબેન મેહુલ શાહે સુંદર રીતે પાર પાડેલ. સમાજના લાયઝન ઓફિસર શ્રી પ્રદીપભાઈ જોષીએ આ સંકલિત કાર્યક્રમ માટે જહેમત ઉઠાવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ અગાઉ તા. ૩૦-૧૨-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત શ્રી કચ્છી જૈન ભવન ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

શરૂમાં, સમાજની પ્રવૃત્તિઓની માહિતી ઓડિયો - વિઝ્યુઅલ દ્વારા આપવામાં આવી હતી. આ અવસરે સમાજના પ્રમુખશ્રીએ પણ છેલ્લા ૫૦ વર્ષમાં સમાજ દ્વારા થયેલ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. વધુમાં, તેઓશ્રીએ સમાજની વર્તમાન સેવાકીય કામગીરી તેમજ હવે પછીના પ્રોજેક્ટ્સ સંબંધી પણ પ્રકાશ પાડ્યો હતો. પર્યાવરણ સમિતિના કન્વીનર ડૉ. શ્રી ચંદ્રકાંત દેઢિયાએ ગ્લોબલ વોર્મિંગ દ્વારા પર્યાવરણ ક્ષેત્રે થઈ રહેલ નુકસાની તથા સમાજ દ્વારા તૈયાર થયેલ વૃક્ષારોપણ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. સમાજના ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે આભારવિધિ કરી હતી અને ત્યારબાદ તેઓએ ઉપસ્થિત પત્રકારોને સંસ્થાના મેડિકલ સેન્ટરની મુલાકાત કરાવીને ત્યાંની દરેક પ્રવૃત્તિથી તેમને વાકેફ કર્યા હતા.

*રજૂઆત : દિનેશચંદ્ર જગજીવન શાહ*

## વૃક્ષારોપણના સમયે તથા ત્યારબાદ જાહેર થયેલ નકરાઓનું લિસ્ટ

★ શ્રી શાંતિલાલભાઈ ગાલા, નવનીત એજ્યુકેશન લિમિટેડ ................................ ૨૫ વૃક્ષ
★ શ્રી મનુભાઈ શાહ, ગૂર્જર પરિવાર ................................ ૧૧ વૃક્ષ
★ શ્રી અનિલભાઈ હરિયા, દેવલ ડેવલપર્સ ................................ ૧૧ વૃક્ષ
★ શ્રી કૈલાસદાન ગઢવી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ................................ ૧૧ વૃક્ષ
★ શ્રી શાંતિલાલભાઈ સાવલા, દીપ ઈન્ડસ્ટ્રીઝ ................................ ૧૧ વૃક્ષ
★ શ્રી જયેશભાઈ શાહ, નવભારત સાહિત્ય મંદિર ................................ ૧૧ વૃક્ષ
★ શ્રી હરખચંદભાઈ સાવલા - ગાંધીનગર ................................ ૧૧ વૃક્ષ
★ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, કન્વીનરશ્રી, પર્યાવરણ સમિતિ ................................ ૫ વૃક્ષ
★ શ્રી નરેન્દ્ર સી. શાહ, ઈન્ડોટેક્ષ પેઈન્ટ્સ ................................ ૫ વૃક્ષ
★ શ્રી કે. આર. શાહ, યુનિક રીટ્રેડ્સ ................................ ૫ વૃક્ષ
★ શ્રી આશિષભાઈ મહેતા, બિલ્ડર તથા કારોબારી સભ્ય ................................ ૫ વૃક્ષ
★ શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા ................................ ૫ વૃક્ષ
★ શ્રી બચુભાઈ રાંભિયા, ગીતાબેન રાંભિયા ટ્રસ્ટ પરિવાર ................................ ૨ વૃક્ષ
★ શ્રી જશવંતભાઈ કોઠારી, કારોબારી સભ્ય ................................ ૧ વૃક્ષ
★ શ્રી ભાવેશભાઈ ગડા ................................ ૧ વૃક્ષ
★ શ્રી રજનીકાંત ધરમશી પારેખ ................................ ૧ વૃક્ષ
★ શ્રી રોહન રાજેન્દ્ર વસા ................................ ૧ વૃક્ષ
★ શ્રી ભરતભાઈ ઓઝા, મુખ્યતંત્રીશ્રી, કચ્છશ્રુતિ ................................ ૧ વૃક્ષ
★ શ્રી પદમશી ચત્રભુજ ડાઘા ................................ ૧ વૃક્ષ
★ શ્રી અશોક મહેતા, પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ ................ ૧ વૃક્ષ

**કુલ ૧૨૫ વૃક્ષ**

*તંદુરસ્તી વગર જંગી કમાણી નિરર્થક છે.*

# ૬૫મા ગણતંત્ર દિનની માનભેર ઉજવણી થઈ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની પરંપરા જાળવી રાષ્ટ્રના ૬૫મા ગણતંત્ર દિન શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં તા. ૨૬-૧-૨૦૧૪ના રોજ ઉજવેલ હતો.

આ વખતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણી તેમજ શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કરના વરદ્ હસ્તે સવારના બરાબર ૯.૦૦ વાગે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગાને સલામી સાથે ઉપસ્થિત પરિવારજનોએ ખૂબ જ સુરમય અને લયપૂર્વક રાષ્ટ્રગીત ગાયું હતું. મુખ્ય મહેમાન શ્રી જગદીશભાઈએ આ આનંદના અવસરે રાષ્ટ્રીય ભાવનાને સચેત કરતાં 'ભારતમાતા કી જય'નો લાગણીસભર નાદ ઉચ્ચારેલ હતો.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતાએ જણાવ્યું કે, ભારત આઝાદ થયું અને પ્રજાસત્તાક દેશ તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી ખૂબ માનભેર સમગ્ર રાષ્ટ્રમાં ઉજવાય છે અને તે રીતે આ સમાજ પણ પરંપરાગત રીતે ઉપરોક્ત બંને દિવસોની ઉજવણી ઉત્સાહભેર કરતું આવ્યું છે. તે રીતે આજના ૬૫મા ગણતંત્ર દિનના શુભ અવસરે પરિવારજનોને શુભકામના સાથે સર્વેનું અભિવાદન કર્યું હતું. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સંકુલનું લોકાર્પણ પણ યોગાનુયોગ ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ થયું હતું, તેની તેઓશ્રીએ આ યાદ તાજી કરાવેલ હતી. તેઓશ્રીએ વધુમાં કહ્યું કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઉપરોક્ત રાષ્ટ્રીય બંને પર્વોના પ્રસંગે શક્ય હોય તો કચ્છી અન્ય ઘટક સમાજોના પ્રમુખશ્રી અથવા તો અગ્રણી વ્યક્તિઓને આમંત્રિત કરીને તેમના હસ્તે ધ્વજવંદન કરાવવાનો એક નવો સિલસિલો છેલ્લા કેટલાક પ્રસંગોથી ચાલુ કરેલ છે. જેના પરિણામે ઘટક સમાજો પરસ્પર નજીક આવીને ઉન્નતિના સારા કાર્યો કરી શકે. રાષ્ટ્રભાવનાના નાદ સાથે તેઓશ્રીએ પોતાનું ટૂંકું પ્રવચન પૂરું કર્યું હતું.

આ રાષ્ટ્રીય પર્વના પ્રસંગે સમાજના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સંકલ્પના સભ્યશ્રીઓ અને પરિવારજનો સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આગેવાનો તેમજ તેનાં સભ્યશ્રીઓ, મહિલા સમાજની બહેનો, સ્ટાફવર્ગ તથા અન્ય ઉપસ્થિત સભ્યશ્રીઓની સંખ્યા ૧૫૦થી વધુ હતી. બાદ સહુએ સાથે મળીને ચા-નાસ્તાને ન્યાય આપેલ હતો. વંદે માતરમ્ !

***— દિનેશ આર. મહેતા***

# મેડિકલ કાર્ડ સંબંધી આખરી તક

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ તબીબી સારવારનો કન્સેશનલ દરથી લાભ લેવા માટે સભ્યોના વર્તમાન કાર્ડના સ્થાને નવા કાર્ડ ઈસ્યુ કરવાની પ્રક્રિયા ચાલુ છે.

'મંગલ મંદિર'ના અગાઉના અંકોમાં આ સંબંધી જરૂરી માહિતી પ્રસિધ્ધ થઈ ગઈ છે.

સમાજના નોંધાયેલા ૮૦૦ પરિવારોમાંથી નવા કાર્ડ તૈયાર કરવા અંગેના ફોર્મ્સ અત્યાર સુધી ૬૦૦ જેટલા મળ્યા છે. તે મુજબ ૨૦૦ ફોર્મ્સ અત્રે મળ્યા નથી. આ કારણે ફોર્મ્સ અત્રે મોકલાવવાની અંતિમ તારીખને હવે તા. ૨૦-૨-૨૦૧૪ સુધી લંબાવવામાં આવેલ છે. ત્યારબાદ તેની સમય મર્યાદા વધારવાની કોઈ શક્યતા નથી. બાકી રહેતા આ ૨૦૦ પરિવારોને આગ્રહભરી ખાસ અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના ફોર્મ્સ તાત્કાલિક સમાજમાં મોકલાવી આપે. નવા ફોર્મ્સની માહિતી કોમ્પ્યુટરમાં ફીટ કરવામાં આવી રહી છે. તા. ૧-૪-૨૦૧૪થી નવા કાર્ડનો અમલ શરૂ થઈ જશે. ત્યારથી મેડિકલ સેન્ટરમાં ઉપસ્થિત સેવાનો લાભ લેવા માટે ફરજિયાતપણે નવું કાર્ડ રજૂ કરવાનું રહેશે. અન્યથા કન્સેશનલ દરનો લાભ મળશે નહિ અને જૂના કાર્ડ તદ્દન રદબાતલ ગણાશે.

જે પરિવારજનોએ જૂના કાર્ડ જમા કરાવેલ છે તેઓએ પોતાના નવા કાર્ડ તા. ૧૫-૩-૨૦૧૪થી તા. ૩૧-૩-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવી લેવાના રહેશે.

ઉપરોક્ત સ્થિતિમાં નવા કાર્ડ માટે હજુ સુધી જે પરિવારજનોએ પોતાના ફોર્મ્સ રજૂ કર્યા નથી તેઓને આખરી તાકીદ કરવામાં આવે છે કે તેઓ પોતાના ફોર્મ્સ ઉપર જણાવેલ સમય મર્યાદામાં અચૂક મોકલાવી આપે. જેથી નવા કાર્ડથી આપવામાં આવનાર તબીબી સવલતોથી તેમને વંચિત રહેવું પડે નહીં.

દરેકના સાથ સહકારની અપેક્ષા છે.

**રમણિકલાલ કુંવરજી ગોસર**
**કન્વીનર - મેડિકલ કાર્ડ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## માનવતા મહેકી ઊઠી

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકર્તાઓ અને સ્ટાફ સભ્યોનું સ્તુત્ય કાર્ય

આ સમાજ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે તા. ૩૧-૧૨-૨૦૧૩ના રોજ એક અકલ્પનીય અને અવિસ્મરણિય એવી એક અદ્‌ભુત ઘટના ઘટી હતી.

મુંબઈથી શ્રી મહેશભાઈ હંસરાજ ગોસર અને તેમના બહેન રૂક્ષ્મણીબેન તા. ૩૦-૧૨-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે બે દિવસના રોકાણ માટે પધાર્યા હતા. કુદરતના એક ક્રમ અનુસાર માનવ જિંદગી મળવી નસીબની વાત છે. પરંતુ મૃત્યુ થવું એ કર્મ - કુદરતને આધીન વાત છે. તા. ૩૧ની સાંજે શ્રી મહેશભાઈને તેમના રૂમમાં ઓંચિતા શારીરિક તકલીફ થઈ અને હાર્ટ ઍટેકના કારણે અચાનક દુઃખદ નિધન થયું.

સદ્‌ગતશ્રીના આકસ્મિક અવસાનથી વિશ્રામ ગૃહમાં દરેકને ધ્રાસકો લાગ્યો. તરત જ ફરજ પરના સ્ટાફ સભ્યો શ્રી દીપભાઈ, શ્રી કૃષ્ણકાંતભાઈ મોદી તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દર્દી સહાય સમિતિના કન્વીનર શ્રી બચુભાઈ હીરજી રાંભિયા, શ્રી સમીરભાઈ, શ્રી વિજયભાઈ દેઢિયા, શ્રી શશીકાંતભાઈ અને શ્રી મનીષભાઈ વીરા વગેરે સ્થળ પર આંખના પલકારા જેટલા સમયમાં એકત્રિત થઈ ગયા. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જરૂરી એવી તમામ કાર્યવાહી કરવામાં સંપૂર્ણરીતે મદદકર્તા બન્યા અને સદ્‌ગતશ્રીની અંતિમ વિધિ સુધી સાથે રહીને માનવસેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું. આ રીતે તેઓ દરેકે એક અનોખી કામગીરી દ્વારા સમાજની સેવાકીય પ્રવૃત્તિને ચાર ચાંદ લગાવ્યા હતા, જે દરેકને માટે પ્રેરણારૂપ છે.

ઉલ્લેખનીય છે કે, સદ્‌ગત શ્રી વિશ્રામગૃહ ખાતે તેમના રોકાણના બીજા દિવસે ગુજરાતના ધર્મતીર્થ સ્થાને યાત્રાએ જવાનો કાર્યક્રમ નક્કી કર્યો હતો અને તે સંબંધી સંપૂર્ણ તૈયારીઓ પણ કરી લીધી હતી પરંતુ કુદરતની કરામતનો અંદાજ કાંઈક અલગ સ્વરૂપનો હતો. નિયતિ ક્યારેક એવા અજીબ યોગાનુયોગ સર્જી જતી હોય છે કે અવાક્ થઈ જવાય.

અત્રે એ પણ નોંધનીય છે કે જ્યારે સમગ્ર અમદાવાદ વિસ્તારમાં લોકો વર્ષ ૨૦૧૩ને અલવિદા અને નવા વર્ષ ૨૦૧૪ને વિભિન્ન રૂપે આવકારવા થનગની રહ્યા હતા ત્યારે સમાજના ઉપરોક્ત સેવાભાવી લોકો પોતાની ફરજના એક ભાગરૂપે ખૂબજ વિકટ અને અનોખી કામગીરીમાં કાર્યરત હતા.

સમાજના ઉપરોક્ત કાર્યકર્તાઓ અને સ્ટાફ સભ્યો તેમના સ્તુત્ય કાર્ય બદલ અનેક રીતે ધન્યવાદને પાત્ર છે. સૌને સલામ!

***“કરેંગે યાદ તો હર બાત યાદ આયેગી” ખરેખર! એક અકથ્ય અનુભૂતિ!!***

## સામાજિક જવાબદારી

એક બહુ જાણીતી શૈક્ષણિક સંસ્થા હતી. તેમાં એક નવા આચાર્યની નિમણૂક કરવામાં આવી.

આચાર્યશ્રીએ શાળાના બાળકો અને કર્મચારીઓની નૈતિક સામાજિક જવાબદારીની કસોટી કરવાનું નક્કી કર્યું.

તેમણે સવારમાં વહેલા જઈ શાળાના પ્રવેશદ્વારે, બરાબર વચ્ચોવચ્ચ એક પથ્થર મૂકી દીધો.

શાળાના સમયે બધાં બાળકો, શિક્ષકો - કર્મચારીઓ શાળામાં આવવા લાગ્યા. કેટલાંયે બાળકોને અને શિક્ષકો-કર્મચારીઓને એ પથ્થરની ઠોકરો લાગી.

આચાર્યશ્રીએ હસતાં હસતાં જ કહ્યું : ‘કેટલાયે વિદ્યાર્થીઓને, ઘણા બધા શિક્ષકોને અને કેટલાક કર્મચારીઓને પ્રવેશદ્વાર આગળ પડેલા પથ્થરની ઠોકરો લાગી, છતાં કોઈએ પથ્થર ખસેડ્યો નહિ. હું તમારી બેજવાબદારીના કારણે હસી રહ્યો છું.’

એ આચાર્યશ્રીએ શાળાનાં સૌને સામાજિક અને નૈતિક જવાબદારીનું અસરકારક શિક્ષણ આપ્યું.

**બોધ વાક્યો :**

★ સાચા નાગરિકે સામાજિક જવાબદારી નિભાવવી જોઈએ.
★ સમાજ પ્રત્યે પણ સ્નેહ રાખો.
★ પ્રજાની સેવા કરવી એ પણ સત્કાર્ય છે.
★ જનસેવાને પ્રભુસેવા સમજી સતત જનસેવા કરવી જોઈએ.
★ લોકસેવા સાચી ભક્તિ છે.

***‘સફળતાનાં સ્વાતિબિંદુ’ માંથી***

*તન-મનના આરોગ્ય માટે કસરત જરૂરી.*

# સાથી હાથ બઢાના... એક અકેલા થક જાયેગા... મિલકે બોજ ઉઠાના....

## મેડિકલ સેન્ટરના ડોક્ટર્સ અને સ્ટાફ સભ્યોનું ઉત્કર્ષ કાર્ય

આ પૃથ્વી ઉપર કેટલાય બધા મનુષ્યો જીવે છે પરંતુ તેમાંથી ખરેખર કેટલા સાચા અર્થમાં માણસ તરીકે જીવે છે? સાચા અર્થમાં જીવવાવાળા માણસો ચોક્કસ રીતે માને છે કે એક દિવસ આ દુનિયા છોડીને સર્વેએ ચાલ્યા જવાનું છે. તો પછી શક્ય એટલા સારા કામો શા માટે ના કરવા? આ પૃથ્વી ઉપર વિસ્મયોની એક અનંત દુનિયા છે. તેમાંથી તેણે કશું અનુભવ્યું નથી કે જાણ્યું નથી. અન્ય સામે જોયા વિના પોતાની જ મસ્તીમાં તે જીવવા માંગે છે. એને કોઈ લાગણી, પ્રેમ, મિત્રભાવ કે કુતૂહલતા જેવું કાંઈ જ હોતું નથી. કોઈ વિસ્મય જ નથી હોતું. પોતાના સિવાય, અન્ય કોઈ તરફ તે જોતો નથી. હકીકતમાં તેના અંતર્ગત ઘણા બધા સેવાકીય કાર્યો થઈ શકે. પોતાની મર્યાદામાં પણ બીજાના દુઃખમાં સહભાગી થઈને પોતાની જિંદગીને ન્યાલ કરી શકાય.

ઉપરોક્ત બાબતના અનુસંધાનમાં આપણે એક હકીકત તરફ નજર કરીએ..... દરેકને પ્રભાવિત કરે તેવી એક વાત છે.... શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરની.

સામાન્ય રીતે આરોગ્ય ક્ષેત્રમાં કાર્યરત રહેનાર મેડિકલ સેન્ટરના ડોક્ટર્સ અને સ્ટાફ સભ્યોએ યોગ્ય સમયે અન્ય પ્રકારે પણ સેવાકીય સંનિષ્ઠ કાર્ય કરીને એક અન્યોન્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પોતાના કાર્ય એકમમાં એક કર્મચારીનું ખૂબ નાની વયે અચાનક અવસાન થયું. ઘરની બધી જ જવાબદારી તેના પર હતી. પરિવારમાં આવકનું અન્ય કોઈ સાધન નથી.

ઉપરના સંજોગોમાં મેડિકલ સેન્ટરના સ્ટાફ સભ્યોનું હૃદય દ્રવી ઉઠ્યું અને દરેકે સંયુક્તપણે સ્વયંભૂ નિર્ણય કર્યો કે આપણે સદ્‌ગતના પરિવાર માટે કાંઈક કરવું જોઈએ. તે મુજબ, ત્યાંના ડૉક્ટર્સ સમક્ષ દરેક વિગતની રજૂઆત કરી. આશ્ચર્ય વચ્ચે ડૉક્ટર વર્ગે પણ પોતાના તરફથી તરત જ આર્થિક યોગદાન આપ્યું. દરેકના સહકારના પરિણામે સારી એવી રકમ એકઠી થઈ. જેમાંથી સદ્‌ગતના દોઢ વર્ષના બાળક માટે વીમા યોજનાની એક પોલિસી કરાવી આપી છે અને સદ્‌ગતના પરિવારજનોને પણ આર્થિક રીતે મદદ કરીને એક ઉમદા કાર્યનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સ અને સ્ટાફ સભ્યોને ખૂબ અભિનંદન!

*– દિનેશ આર. મહેતા*

## નાની ભૂલ - મોટું નુકસાન

ઈ.સ. ૧૯૭૨માં અમેરિકાએ શુક્ર ગ્રહની શોધ કરવા માટે ‘મેરિનર - ૧’ ને અવકાશમાં રવાના કર્યું હતું.

પરંતુ આ પ્રયોગ માટે ખર્ચવામાં આવેલા કરોડો ડોલર વ્યર્થ ગયા, કારણકે રોકેટ પોતાનો માર્ગ છોડી ક્યાંનું ક્યાં ચાલ્યું ગયું હતું.

આ નિષ્ફળતાનું કારણ શોધવા એક તપાસ સમિતિ નીમવામાં આવી.

તપાસમાં જાણવા મળ્યું કે, રોકેટનો માર્ગ નક્કી કરવા માટે જે ગણતરી કરવામાં આવી હતી તેમાં એક જગ્યાએ ઋણ ચિહ્ન (–) ગણિતજ્ઞોની ભૂલને કારણે રહી ગયું હતું.

આટલી નાની કહેવાતી ભૂલને કારણે સમગ્ર વિશ્વમાં અમેરિકાનાં અંતરિક્ષ વૈજ્ઞાનિકોને નીચું જોવું પડ્યું.

આ ઘટના પછી અમેરિકામાં અંતરિક્ષ વૈજ્ઞાનિક જ્યોર્જ મુલરની ઓફિસમાં તેની સામેની દીવાલ પર એક ચિત્ર મૂકવામાં આવ્યું અને તેની નીચે લખવામાં આવ્યું :

‘ભૂલ ભલે ગમે તેટલી નાની હોય, પણ તે નુકસાન એટલું બધું મોટું કરી નાખે છે, જેના માટે ઘણા બધાને પસ્તાવો કરવો પડે છે.’

**બોધ વાક્યો :**

★ નાની ભૂલ ક્યારેક મોટું નુકસાન કરે છે.

★ નાની-નાની ભૂલો બહુ ભારે-મોટું નુકસાન કરી શકે છે.

★ બહુ નાની ભૂલ કે બહુ સામાન્ય લાગતી બેદરકારી ભયંકર નુકસાન કરે છે.

★ કોઈપણ કાર્યમાં સો ટકા સાવધાની રાખો.

★ એક ટકો બેદરકારી ક્યારેક નવ્વાણું ટકાને બગાડી નાખે છે.

*‘સફળતાનાં સ્વાતિબિંદુ’ માંથી*

*કંઈક સારું કરવા સારું વિચારવું જોઈએ.*

# સાભાર સ્વીકાર

★ શ્રી જિતકુમાર રમણિકલાલ શાહ - અમદાવાદ તરફથી શારીરિક તકલીફવાળી વ્યક્તિઓને ઉપયોગી થાય તેવા તબીબી ક્ષેત્રના કેટલાક સાધનો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

★ શ્રી ચિત્રસેનભાઈ રવજી શાહ - ગાંધીનગર તરફથી સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના પીડિયાટ્રિક વિભાગમાં ઉપયોગી થાય તેવી અમુક દવાઓ ભેટ સ્વરૂપે મળેલ છે.

*ઉપરોક્ત મહાનુભાવોનો ખૂબ ખૂબ આભાર.*

★

## તબીબી સાધનો ભાડેથી આપવાની એક નૂતન યોજના

સમાજના અન્ય પરિવારજનોને પણ ઉપરોક્ત બાબતનું અનુકરણ કરીને જરૂરતમંદ વ્યક્તિઓને તબીબી ક્ષેત્રે ઉપયોગી થાય તેવી સારી સ્થિતિના સાધન અને સામગ્રીઓ આ સંસ્થાને મોકલાવીને પોતાનો યથાયોગ્ય સહયોગ આપી શકે છે.

તબીબી ક્ષેત્રે ઉપયોગી થાય તેવા અમુક જરૂરી સાધન સામગ્રીઓની વ્યવસ્થા થઈ જતાં, સમાજના પરિવારજનોના ઉપયોગ અર્થે તે સાધન સામગ્રીઓ આપવાની એક યોજના અત્રેના મેડિકલ સેન્ટર દ્વારા વિચારણા હેઠળ છે.

પરિવારજનોમાં સારા પ્રસંગોની યાદમાં તબીબી ક્ષેત્રના નાના-મોટાં સાધનો વસાવવા જરૂરી રોકડ રકમની ભેટ પણ અત્રે આપીને સેવાકીય કામગીરીમાં કોઈપણ પરિવારજન પોતાનું અમૂલ્ય પ્રદાન નોંધાવી શકે છે.

નીચે મુજબની સાધન-સામગ્રીઓ વસાવવાની એક યોજના છે.

| ક્રમ | નામ | નંગ | અંદાજિત કિંમત (પ્રતિ નંગ) |
|---|---|---|---|
| ૧. | એર બેડ | ૩ | રૂા. ૨૫૦૦/- |
| ૨. | વ્હીલ ચેર | ૨ | રૂા. ૪,૦૦૦/-થી ૮,૦૦૦/- |
| ૩. | ઓક્સિજન સિલિન્ડર | ૨ | રૂા. ૭,૫૦૦/- |
| ૪. | નેબ્યુલાઈઝર | ૩ | રૂા. ૨,૦૦૦/- |
| ૫. | ફોલ્ડિંગ વૉકર | ૪ | રૂા. ૧૨૫૦/-થી ૩૦૦૦/- |
| ૬. | વોકિંગ સ્ટીક | ૪ | રૂા. ૨૫૦/-થી ૫૦૦/- |
| ૭. | કોમોડ-ચેર | ૩ | રૂા. ૯૦૦/-થી ૪૦૦૦/- |
| ૮. | સેલાઈન સ્ટેન્ડ | ૨ | રૂા. ૫૫૦/- |
| ૯. | બેડ પાન | ૨ | રૂા. ૩૦૦/- |

આ એક પ્રારંભિક યાદી છે. તે સિવાય, અન્ય સાધન સામગ્રીઓ હોઈ શકે છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING
AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

# શ્રી કચ્છી જૈન ભવન પરનું સાંસ્કૃતિક કેન્દ્ર

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરનું એ.સી. સાંસ્કૃતિક કેન્દ્ર સમાજના સભ્યોને તેમના વિવિધ કાર્યક્રમ સમયે સારું એવું ઉપયોગી થઈ શકે છે.

૩૦૦-૪૦૦ વ્યક્તિના ફંકશનમાં તે ખૂબ જ અનુકૂળ પડે છે.

સમાજના સભ્યોને ત્યાં જ્યારે ફંકશન હોય ત્યારે તેનો બેન્કવેટ હોલ તરીકે ખૂબ જ સારો ઉપયોગ કરવામાં આવે છે.

સમાજના ટ્રસ્ટ મંડળે કરેલ નિર્ણય અનુસાર આ સાંસ્કૃતિક કેન્દ્ર તેના રોજબરોજના વહીવટ માટે કોઈ એજન્સીને સોંપવામાં આવે છે. હાલના એગ્રીમેન્ટ પ્રમાણે જે તે એજન્સીનો કોન્ટ્રાક્ટ તા. ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરો થાય છે. એ જ એજન્સીને તા. ૧-૪-૨૦૧૪થી તા. ૩૧-૩-૨૦૧૯ના સમયગાળા માટે આ હોલના રોજબરોજના વહીવટ માટે તેની સાથે એગ્રીમેન્ટ કરી તેઓને સુપરત કરવામાં આવેલ છે.

તા. ૧-૪-૨૦૧૪થી તા. ૩૧-૩-૨૦૧૯ના ૫ વર્ષના સમયગાળા માટે સમાજના સભ્યોને આ હોલના વપરાશ સામે નીચે મુજબ લાભો આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ★ | **સમાજના સભ્યને ત્યાં કોઈ અવસાન પામે ત્યારે બેસણા / પ્રાર્થના પ્રસંગે** | **વિના મૂલ્યે (માત્ર ઈલેક્ટ્રીક વપરાશનો ચાર્જ ચૂકવવાનો રહે અને એક્સ્ટ્રા ભાડે લીધેલ આઈટમોનો ચાર્જ ચૂકવવાનો રહે.)** |
| ★ | **સમાજના સભ્યને ત્યાં ફંકશન હોય ત્યારે ડેકોરેશન ચાર્જમાં** | **૫૦ ટકા કન્સેશન (૫૦ ટકા ચૂકવવાના)** |
| ★ | **સમાજના સભ્યને ત્યાં ફંકશન હોય ત્યારે કેટરિંગ ચાર્જમાં** | **૨૫ ટકા કન્સેશન (૭૫ ટકા ચૂકવવાના)** |

આવતા ૫ વર્ષ માટે સાંસ્કૃતિક કેન્દ્રના વપરાશ માટેનું કાર્ય શણગાર ડેકોર લિ.ને સુપરત કરવામાં આવેલ છે. જરૂરી પૂછપરછ તેમને ત્યાં કરી શકાશે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી

સોસાયટીના સર્વે સભાસદોને ખાસ જણાવવાનું કે ક્રેડિટ સોસાયટીના નિયમાનુસાર દરેક સભ્યોએ પ્રતિમાસ બચત તરીકે ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- ફરજિયાત અત્રે જમા કરાવવાના હોય છે. આ વર્ષના છેલ્લા છ માસના રૂા. ૬૦૦/- જમા કરાવવાના થાય છે. આ મતલબની જાણ સોસાયટીના તમામ સભાસદોને અગાઉ પત્ર દ્વારા કરવામાં આવી છે. અત્યાર સુધી ૧૮૦ સભ્યોમાંથી લગભગ ૧૦૦ સભ્યો તરફથી ઉપરોક્ત રકમ ભરપાઈ કરવામાં આવી છે. બાકી રહેતા તમામ સભાસદોને તા. ૨૦-૨-૨૦૧૪ સુધીમાં જણાવેલ રકમ ચેક અથવા રોકડેથી ભરપાઈ કરવા અનુરોધ કરવામાં આવે છે. જેથી તેમની મેમ્બરશિપ અંગે કાંઈ તકલીફ ઊભી ના થાય.

ઉપરાંત, જે સભ્યોને પોતાના કામધંધાના વિકાસ અર્થે ધીરાણની જરૂર હોય તો તેની પ્રક્રિયા ચાલુ છે. તે માટે સોસાયટીના પ્રમુખશ્રી (ડૉ. ચંદ્રકાંત દેઢિયા : મો. ૯૭૨૬૮ ૨૦૧૮૪) તેમજ મંત્રીશ્રી (શ્રી કે. આર. શાહ : મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦)નો સંપર્ક કરી શકાય છે.

ઉપરોક્ત ક્રેડિટ કો.ઓ. સોસાયટીને સાથ - સહકાર આપીને તેનો લાભ લેવા દરેકને અપીલ કરવામાં આવે છે.

**પ્રમુખ : ડૉ. ચંદ્રકાંત દેઢિયા**
**શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી - અમદાવાદ**

*સમયથી ડરો નહિ, તેનો સદુપયોગ કરો.*

# કચ્છી યલો પેજીસ

કચ્છી યલો પેજીસનું કાર્ય સંતોષજનક રીતે આગળ વધી રહેલ છે અને નક્કી કર્યા મુજબ તેનું વિમોચન રવિવાર, તા. ૨૩-૩-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે કરવામાં આવનાર છે.

કચ્છી યલો પેજીસમાં પોતાના વ્યવસાયના નામ - સરનામા - ફોન નંબર - ઈ-મેઈલ વગેરેના સમાવેશ માટે નીચેની બાબતે નોંધ લેવા સહુને અપીલ કરવામાં આવે છે.

૧. અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કોઈ પણ કચ્છી વ્યવસાયકારની વિગતોનો આ બિઝનેસ ડિરેક્ટરીમાં સમાવેશ કરવામાં આવનાર છે.

૨. અમદાવાદ - ગાંધીનગર સ્થિત કોઈ પણ કચ્છી ઘટક સમાજના સભ્યના વ્યવસાયની માહિતીનો આ ડિરેક્ટરીમાં સમાવેશ થઈ શકશે.

૩. સમાજની અમદાવાદ સ્થિત નિયાણી બહેનોના પરિવારની વ્યવસાયિક માહિતીનો આ ડિરેક્ટરીમાં સમાવેશ કરી શકાશે.

૪. વ્યાપાર, મેન્યુફેક્ચરીંગ, દલાલી, પ્રોફેશનલ, સરકારી અથવા કોર્પોરેટ સેક્ટરના ઉચ્ચ અધિકારી, પત્રકાર, સમાચાર પત્ર, મેગેઝિન, શૈક્ષણિક સંસ્થાપનો વગેરે પ્રકારની માહિતીનો પણ આ ડિરેક્ટરીમાં સમાવેશ થઈ શકશે.

ઉપરોક્ત પ્રકારમાંથી કોઈ પણ બાકી રહેતા સભ્યોને શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી ફોર્મ મેળવી, એ ફોર્મ ભરી, તાત્કાલિક શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.

આ ડિરેક્ટરીમાં જેઓએ પોતાના વ્યવસ્થાપનની જાહેરાત આપવાનું નક્કી કરેલ હોય તેઓને પોતાની જાહેરાતની મેટર / ચેક તાત્કાલિક મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

આ ડિરેક્ટરી કોઈ પણ પ્રકારના વ્યવસાયની જાહેરાત માટેનું ઉત્તમ સાધન છે. તેમાં જાહેરાત આપવાનું ચૂકી ના જવાય તે માટે સહુને અપીલ કરવામાં આવે છે.

જાહેરાતના દરો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| પ્રકાર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| અંદરનું પાનું - મલ્ટી કલર | ૧૫,૦૦૦/- | ૮,૦૦૦/- | ૫,૦૦૦/- | — |
| અંદરનું પાનું - બ્લેક એન્ડ વ્હાઈટ | ૧૦,૦૦૦/- | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- | ૧,૦૦૦/- |

આ ડિરેક્ટરીમાં જેઓની એન્ટ્રી હશે તેમને એક ડિરેક્ટરી ફ્રીમાં આપવામાં આવશે.

જેઓની જાહેરાત (બોટમ પટ્ટી સિવાય) હશે, તેઓને એક ડિરેક્ટરી ફ્રીમાં આપવામાં આવશે.

અન્યો માટે એક કોપીનો ચાર્જ રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ છે.

જેઓને આ ડિરેક્ટરી માટે ઓર્ડર નોંધાવવાનો હોય તેઓ પોતાનો ઓર્ડર જરૂરી પેમેન્ટ ચૂકવીને શ્રી કચ્છી જૈન ભવન પર નોંધાવી શકે છે.

**મનુભાઈ ગોવિંદલાલ શાહ**
**કન્વીનર - કચ્છી યલો પેજીસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**JNK Lifters Pvt. Ltd.**

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

# મંગલ મંદિર — લવાજમ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી**
**માસ ડિસેમ્બર-૨૦૧૩ / જાન્યુઆરી-૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી.**
**(પ્રથમ યાદી 'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે.)**

| ક્રમ | સભ્યનું નામ |
|---|---|
| ૧. | શ્રી ચેતન ગોવિંદજી શાહ |
| ૨. | શ્રી પૂનમભાઈ જયંતીલાલ મહેતા |
| ૩. | શ્રી હીરજી ખેતશી શાહ |
| ૪. | શ્રી જલદીપ કુંવરજી શાહ |
| ૫. | શ્રી સુનિલ દેવજી ગોગરી |
| ૬. | શ્રી ભોગીલાલ કાનજી ત્રેવાડિયા |
| ૭. | શ્રી મહેન્દ્ર પાલણ શાહ |
| ૮. | શ્રી વિજય સ્વરૂપચંદ કોરડિયા |
| ૯. | શ્રી પ્રબોધ પ્રેમજી ગોગરી |
| ૧૦. | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૧૧. | શ્રી તરુણ પ્રતાપ દંડ |
| ૧૨. | શ્રી હીરેન વિશનજી ગડા |
| ૧૩. | શ્રી દેવેન્દ્ર ઈન્દ્રજિત ત્રેવડિયા |
| ૧૪. | શ્રી કિરણ ઈન્દ્રજિત ત્રેવડિયા |
| ૧૫. | શ્રી જયંતીલાલ રતનશી શાહ |
| ૧૬. | શ્રી પંકજ લક્ષ્મીચંદ મોતા |
| ૧૭. | શ્રી હરખચંદ નાનજી પોલડિયા |
| ૧૮. | શ્રી વાડીલાલ મલૂકચંદ મહેતા |
| ૧૯. | શ્રી દીપક હરખચંદ શાહ |
| ૨૦. | શ્રી અમૃતલાલ મોણશી ગાલા |
| ૨૧. | શ્રી કિશોર ગોરધનદાસ મહેતા |
| ૨૨. | શ્રી ધીરજલાલ લાલજી મારૂ |
| ૨૩. | શ્રી ધનરાજ રામજી દેઢિયા |
| ૨૪. | શ્રી તલકશી નાનજી મારૂ |
| ૨૫. | શ્રી જયેશ ભવાનજી નાગડા |
| ૨૬. | શ્રી ગુલાબચંદ ડુંગરશી સાવલા |
| ૨૭. | શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા |
| ૨૮. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર |
| ૨૯. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ |
| ૩૦. | શ્રી સંજય શાંતિલાલ છેડા |
| ૩૧. | શ્રી હરેશ શાંતિલાલ છેડા |
| ૩૨. | શ્રી નારાણજી પદમશી લોડાયા |
| ૩૩. | શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા |
| ૩૪. | શ્રી અશ્વિન હીરજી સાવલા |
| ૩૫. | શ્રીમતી હેમાબેન જગત શાહ (નિયાણી બહેન) |
| ૩૬. | શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્ર શાહ |
| ૩૭. | શ્રી કાંતિલાલ ડી. ફુરિયા |
| ૩૮. | શ્રી હરીશ હીરાચંદ મુનવર |
| ૩૯. | શ્રી વસંતલાલ માણેકલાલ મહેતા |
| ૪૦. | શ્રી ભાવેશ નયન મોતા |
| ૪૧. | શ્રી સંદીપ તારાચંદ મોતા |
| ૪૨. | શ્રી બકુલ તારાચંદ મોતા |
| ૪૩. | શ્રી વિશાલ અનિલ મોતા |
| ૪૪. | શ્રી શૈલેન વિજયસેન શાહ |
| ૪૫. | શ્રી રતિલાલ નેણશી નાગડા |
| ૪૬. | શ્રી દિનેશચંદ્ર રતિલાલ મહેતા |
| ૪૭. | શ્રી પ્રવીણ વેરશી હરિયા |
| ૪૮. | શ્રી રાજેશ બાબુભાઈ ગોગરી |
| ૪૯. | શ્રી પ્રીત હર્ષદ જગજીવન શાહ |
| ૫૦. | શ્રી ચંદ્રકાંત લખમશી શાહ |
| ૫૧. | શ્રી વલ્લભજી પ્રેમજી નીસર |
| ૫૨. | શ્રી જિતેન્દ્ર દેવજીભાઈ ખોના |
| ૫૩. | શ્રી કાંતિલાલ ચમનલાલ પૂજ |
| ૫૪. | શ્રી ચંદ્રકાંત કેશવજી ગડા |
| ૫૫. | શ્રી ગિરીશકુમાર ગોપાલજી સંઘવી |
| ૫૬. | શ્રી અજયકુમાર શાંતિલાલ સંઘવી |
| ૫૭. | શ્રી સુનીલ ખીમચંદ છેડા |
| ૫૮. | શ્રી પ્રબોધભાઈ તારાચંદ સંઘવી |
| ૫૯. | શ્રી મૂકેશ શાંતિલાલ મુનવર |
| ૬૦. | શ્રી પથીક ભોગીલાલ સાવલા |

*કોઈને પણ તિરસ્કારની નજરથી ન જુઓ.*

| ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ |
|---|---|---|---|
| ૬૧. | શ્રી કેકીન અમૃતલાલ કોરડિયા | ૮૩. | શ્રી નારાણજી નરશી મૈશેરી |
| ૬૨. | શ્રી પ્રકાશ કાંતિલાલ મહેતા | ૮૪. | શ્રી કમલેશ શામજીભાઈ શાહ |
| ૬૩. | શ્રી દિલીપ કુંવરજી દંડ | ૮૫. | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી |
| ૬૪. | શ્રી કીર્તિ વસંતલાલ સંઘવી | ૮૬. | શ્રી કાંતિલાલ સોમચંદ શેઠ |
| ૬૫. | શ્રી અજય કાંતિલાલ શાહ (છેડા) | ૮૭. | શ્રી મહેન્દ્ર પાલણ વીજપાર ગાલા |
| ૬૬. | શ્રી ડુંગરશી રામજી દેઢિયા | ૮૮. | શ્રી નરેન્દ્ર રાયચંદ ખોના |
| ૬૭. | શ્રી રાજેન્દ્ર વાડીલાલ મહેતા | ૮૯. | શ્રી મિતેશ રમણલાલ શાહ (ખોના) |
| ૬૮. | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | ૯૦. | ડૉ. ધીરેન શાંતિલાલ શાહ |
| ૬૯. | શ્રી પ્રિયાંશ હરેશકુમાર શાહ | ૯૧. | શ્રી નરેન્દ્ર રાઘવજી લોડાયા |
| ૭૦. | શ્રી લહેરચંદ પુનશી મૈશેરી | ૯૨. | શ્રી નીલેશ કે. શાહ |
| ૭૧. | શ્રી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી | ૯૩. | શ્રી બિપેન્દ્ર મેઘજી ગોગરી |
| ૭૨. | શ્રી ભરત ભાણજી ગાલા | ૯૪. | શ્રી આણંદજી વેલજી શાહ (વીરા) |
| ૭૩. | શ્રી મહેન્દ્ર દેવજી ખોના | ૯૫. | શ્રી હરખચંદ પ્રેમજી શાહ |
| ૭૪. | શ્રી કમલેશ શામજી લાલન | ૯૬. | શ્રી દર્શિત દિનેશભાઈ મહેતા |
| ૭૫. | શ્રી અશોક વાડીલાલ શાહ | ૯૭. | શ્રી ગુણવંતલાલ કાનજીભાઈ શાહ |
| ૭૬. | શ્રી નીતેન નવીનચંદ્ર જશરાજ વસા | ૯૮. | શ્રી સંદીપકુમાર શાંતિલાલ સંઘવી |
| ૭૭. | શ્રી હસમુખ ડી. શાહ | ૯૯. | શ્રી હેમચંદ કુંવરજી ધરમશી |
| ૭૮. | શ્રી મૂલચંદ લાલજી મોમાયા | ૧૦૦. | શ્રી ભાણજીભાઈ લીલાધર હેણિયા |
| ૭૯. | શ્રી ભરતકુમાર કે. શાહ | ૧૦૧. | શ્રી અલ્કેશ કાંતિલાલ શાહ |
| ૮૦. | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા | ૧૦૨. | શ્રી સરવાઈલ એચ. શાહ |
| ૮૧. | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | ૧૦૩. | શ્રી જિતેન કાંતિલાલ શાહ |
| ૮૨. | શ્રી ચંદ્રેશ ગુલાબચંદ લોડાયા | ૧૦૪. | શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ |

**નોંધ :** ઉપરોક્ત ૧૦૪ સભ્યોના લવાજમની વિગત નીચે મુજબ છે :

- આજીવન લવાજમ : ૭૦ સભ્યો
- ૫ વર્ષનું લવાજમ : ૯ સભ્યો
- ૩ વર્ષનું લવાજમ : ૭ સભ્યો
- ૧ વર્ષનું લવાજમ : ૧૮ સભ્યો

**સુચના :**

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોને ખાસ જાણ કરવામાં આવે છે કે અત્યાર સુધી અમને ૪૯ (મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૧૪ પ્રમાણે) + ૧૦૪ (ઉપરોક્ત યાદી પ્રમાણે) = ટોટલ ૧૫૩ સભ્યોના લવાજમ – કુલ ૮૦૦ સભ્યોની સામે પ્રાપ્ત થયેલ છે. બાકીના સભ્યોના લવાજમ માટે તા. ૨૮-૨-૨૦૧૪ સુધી રાહ જોવામાં આવશે. તા. ૨૮-૨-૨૦૧૪ સુધી જેઓના લવાજમ પ્રાપ્ત થયેલ નહીં હોય એ સભ્યોને માર્ચ-૨૦૧૪થી 'મંગલ મંદિર'ના અંકો મોકલવાનું બંધ કરવામાં આવશે.***

***જે મહાનુભાવોને કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલી આપવામાં આવે છે એ મહાનુભાવોને પણ વિનંતી કે તેઓ પોતાના લવાજમ મોડામાં મોડા અમને તા. ૨૮-૨-૨૦૧૪ સુધીમાં મળે એ રીતે મોકલી આપે. નહીં તો એ મહાનુભાવોની કોમ્પ્લિમેન્ટરી કોપી પણ મોકલવાનું બંધ કરવામાં આવશે.*** ■

*ગમે તેવો સત્સંગ છેવટે તો લાભ જ કરાવે.*

# યુવા વિકાસ સમિતિ

## યુવા વિકાસ સમિતિ યોજે છે :

### (૧) શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ (૨૦૧૩-૧૪)

આ કાવ્ય હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) તા. ૨૮-૦૨-૨૦૧૪ સુધીમાં વ્યવસ્થિત રીતે લખીને બંધ કવરમાં, ઉપર "કાવ્ય હરીફાઈ" - યુવા વિકાસ સમિતિ લખીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર પહોંચાડવાની રહેશે.

### (૨) શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ (૨૦૧૩-૧૪)

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) અને વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં પાનાની એક બાજુએ વ્યવસ્થિત રીતે લખીને તા. ૨૮-૦૨-૨૦૧૪ સુધીમાં બંધ કવરમાં, ઉપર "વાર્તા હરીફાઈ" - યુવા વિકાસ સમિતિ લખીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર પહોંચાડવાની રહેશે.

*ઉપરોક્ત બંને હરીફાઈ માટેના નિયમો :*

૧. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, ફોન નંબર સ્પષ્ટ રીતે લખવા.
૨. બંને હરીફાઈની કૃતિઓ અલગ અલગ કવરમાં મોકલવી.
૩. કવર ઉપર કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, પાલડી, અમદાવાદ લખવું.
૪. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

### (૩) 'સુજાકો' સંગીત હરીફાઈ (નૃત્ય) (વર્ષ ૨૦૧૩-૧૪)

રવિવાર, તા. ૧૬-૨-૨૦૧૪ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સંગીત હરીફાઈ (નૃત્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩ થી ૫૦ વર્ષના સભ્યો માટે છે.

આ સ્પર્ધામાં સૉલો ડાન્સ અથવા ડ્યુએટ ડાન્સ રજૂ કરી શકાશે. ગ્રુપ ડાન્સની એન્ટ્રી સ્વીકારાશે નહીં.

સ્પર્ધકોને પોતાની રજૂઆત કરવા માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે. સ્પર્ધક જે ગીત ઉપર ડાન્સ રજૂ કરવાના હોય તે માત્ર એક ગીત વાળી સી.ડી. લાવવાની રહેશે.

નામ લખાવવાની અંતિમ તારીખ ૧૦-૦૨-૨૦૧૪ રહેશે.

### (૪) શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય) (વર્ષ ૨૦૧૩-૧૪)

રવિવાર, તા. ૧૬-૨-૨૦૧૪ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩થી ૫૦ વર્ષના સભ્યો માટે જ છે.

સ્પર્ધકોને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટનો સમય આપવામાં આવશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ ૧૦-૦૨-૨૦૧૪

### (૫) શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય) (વર્ષ : ૨૦૧૩-૧૪)

રવિવાર, તા. ૧૬-૨-૨૦૧૪ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૩થી ૫૦ વર્ષના સભ્યો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સ્પર્ધકોએ પોતાના ગીતનો પ્રકાર જણાવવાનો રહેશે. દા.ત. ગુજરાતી, હિંદી, ફિલ્મી, નોન ફિલ્મી વગેરે. સ્તવન માટેની એન્ટ્રી સ્વીકારાશે નહીં. સ્પર્ધકોને પોતાની રજૂઆત માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ ૧૦-૨-૨૦૧૪ રહેશે.

● **ઉપરોક્ત સ્પર્ધા નં. ૩-૪-૫ માટેના સર્વ સામાન્ય નિયમોઃ**

૧. કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, ઉંમર વગેરે માહિતી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧) ઉપર નિધિ પટેલને દરેક સ્પર્ધામાં જણાવેલ તારીખ પહેલા લખાવવાના રહેશે.
૨. દરેક સ્પર્ધાનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
૩. સ્પર્ધકોએ દરેક સ્પર્ધા પ્રમાણે અલગથી નોંધ કરાવવાની રહેશે.
૪. પ્રત્યેક સ્પર્ધાના અન્ય નિયમો સ્પર્ધાના સમયે જણાવવામાં આવશે.
૫. સ્પર્ધાઓના નિર્ણાયકોના નિર્ણય આખરી ગણાશે.
૬. ઉપરોક્ત કોઈપણ સ્પર્ધાના સમય, તારીખ વગેરેમાં જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.
૭. સ્પર્ધામાં જરૂરિયાત મુજબ ગીતની સી.ડી. જાતે લાવવાની રહેશે. તેમાં માત્ર સ્પર્ધાનું એક જ ગીત હોવું જોઈએ. તેજ રીતે નૃત્ય માટેના જરૂરી પોષાક વગેરે સામગ્રીની વ્યવસ્થા

*સફળતા માટે શરીર સ્વસ્થ હોવું જરૂરી છે.*

સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે. વાદ્ય હરીફાઈમાં વાદ્ય સામાનની વ્યવસ્થા પણ સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે.

૮. સ્પર્ધામાં રજૂઆત નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે. વધારે સમય લેનાર સ્પર્ધકને માઈનસ માર્કસ આપવામાં આવશે.

*ઉપરોક્ત કોઈપણ સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે સંપર્ક કરોઃ*

*નવીન લાલકા : ૯૩૭૭૭ ૪૨૪૨૧*

*પીયૂષ સાવલા : ૯૮૭૯૪ ૯૬૧૩૯*

*શિલ્પીબેન શાહ : ૯૩૨૭૦ ૧૪૬૨૫*

*અમી શાહ : ૨૭૪૯૯૨૮૮*

***પીયૂષ સાવલા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# શ્રી મહિલા ઉત્કર્ષ સમિતિ

## આગામી કાર્યક્રમ : માહિતીસભર મુલાકાત

**★ ગ્રાહક સુરક્ષા કેન્દ્ર (CERC), ★ ઐતિહાસિક સ્થળ - અડાલજની વાવ અને ★ ત્રિ-મંદિર - અડાલજ**

ઉપરોક્ત સમિતિએ ગ્રાહક સુરક્ષા કેન્દ્ર, અડાલજની વાવ અને અડાલજ ત્રિ-મંદિર વગેરે સ્થળોની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવ્યો છે.

CERC કે જે એસ.જી. હાઈવે પર સોલા ઓવરબ્રિજ નજીક આવેલું છે તે ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર છે. આ NGO ગ્રાહકોના હિત માટે ઘણું જ સારું કાર્ય કરી રહી છે. આ સંસ્થાની સંશોધન પ્રવૃત્તિઓ ભારત તથા ગુજરાત સરકાર માન્ય છે. અહીં ગ્રાહકની ફરિયાદોના ન્યાયી ઉકેલ માટે કાયદા વિભાગ છે. તેમની પાસે દવા, ખોરાક, વિજાણું ઉપકરણો વગેરે ચકાસણી માટે પ્રયોગશાળા છે. જેના પરિણામો અને ગ્રાહકની સમસ્યાઓ માટે સંસ્થા "Insight" નામનું મેગેઝિન પ્રકાશિત કરે છે.

આવી અદ્વિતીય સંસ્થાની મુલાકાત લેવી જ જોઈએ અને ગ્રાહકોનાં હક્કો વિષે જાણકારી મેળવવી જોઈએ.

★ *તારીખ : મંગળવાર, તા. ૨૫-૦૨-૨૦૧૪*

★ *સમય : સવારના ૧૦.૩૦થી*

★ *ફી : રૂા. ૨૦૦/- માત્ર.*

★ *નામ નોંધાવવાની છેલ્લી તારીખ અને સ્થળ : તા. ૨૦-૦૨-૨૦૧૪, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*

***કન્વીનર : સુલુ જે. શાહ***

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી રવિવાર, ૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નીચે મુજબ એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સર્વે વડીલોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

| *સમય* | | | | |
|---|---|---|---|---|
| ૪.૦૦ | થી | ૪.૧૫ | : | આગમન |
| ૪.૧૫ | થી | ૫.૧૫ | : | 'વેલકમ અમદાવાદ' નામની ફિલ્મ |
| ૫.૧૫ | થી | ૫.૩૦ | : | રાજસ્થાન પ્રવાસ અંગે માહિતી |
| ૫.૩૦ | થી | ૭.૦૦ | : | વિવિધ રમતગમત |
| ૭.૦૦ | થી | | : | સમૂહ ભોજન |

## રાજસ્થાન પ્રવાસ

સમિતિ તરફથી ગુરૂવાર, તા. ૬ઠ્ઠી માર્ચથી ત્રણ દિવસનો એક પ્રવાસ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ પ્રવાસમાં કેસરિયાજી, કાંકરિયા તળાવથી પણ વધારે વિશાળ જયસમંદ અને તેમાં રૂા. ૧૦૦ કરોડના ખર્ચે બનેલી હોટલની મુલાકાત, ૧૪૦ કિ.મી.માં પથરાયેલ કુંભલગઢ. આ કુંભલગઢનું ખ્યાતનામ અને અદ્ભુત લાઈટ એન્ડ સાઉન્ડ શો, ચારભુજા અથવા અણીદા પાર્શ્વનાથ, પીછોલા તળાવ, સહેલીઓની વાડી, ચેતક સર્કલ, મોતી મગરી અને અન્ય દર્શનીય સ્થળ સાથે ઉદયપુરની મુલાકાત.

ચિત્તોડગઢ ઉપર બસ જઈ શકતી ન હોવાથી અન્ય ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા માટે પ્રયત્ન ચાલુ છે. અગર યોગ્ય ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા થશે તો ચિત્તોડગઢની મુલાકાત પણ આવરી લેવામાં આવશે.

પ્રવાસમાં આવનાર સભ્યોએ રૂા. ૨,૦૦૦/- ભરી પોતાના નામ, ઉંમર અને કોન્ટેક્ટ નંબર લખાવવા જરૂરી છે.

પ્રવાસ દરમ્યાન કુંભલગઢ ખાતે લાઈટ એન્ડ સાઉન્ડના કાર્યક્રમના સમયના કારણે તે દિવસે ચૌવિહારની વ્યવસ્થા થઈ શકશે નહીં તેની ખાસ નોંધ લેવી.

સમય અને સંજોગ અનુસાર આ કાર્યક્રમમાં ફેરફાર થઈ શકશે.

## વિદેશ પ્રવાસનું આયોજન

વયસ્ક સમિતિ દ્વારા આગામી મે માસમાં સ્વિટ્ઝરલેન્ડ અને ફ્રાન્સના પ્રવાસનું આયોજન થઈ રહેલ છે. આ પ્રવાસ લગભગ દસ રાત્રિ અને અગિયાર દિવસનો હશે અને જેનો અંદાજિત ખર્ચ રૂા. ૧,૮૦,૦૦૦/-થી રૂા. ૨,૦૦,૦૦૦/- થશે. ઉક્ત પ્રવાસમાં સામેલ થવા ઈચ્છુકોએ સમિતિ કન્વીનરના મોબાઈલ નંબર ૦૯૮૯૮૦ ૫૩૫૨૧ પર સંપર્ક કરવા અનુરોધ છે.

***કન્વીનર : રજનીકાંત પારેખ***

*ગુસ્સો હંમેશાં જીવનમાં સર્વનાશ જ લાવે છે.*

# તબીબી સેવા સમિતિ

## એ.એમ.એ.માં 'ગ્લોબલ હેલ્થ કેર' સમીટનું આયોજન થયું

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન - અમદાવાદ ખાતે તા. ૩ અને ૪ જાન્યુઆરી, ૨૦૧૪ એમ બે દિવસીય 'ગ્લોબલ હેલ્થ કેર' સમીટનું અમેરિકન એસોસિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયન ઓરિજિન દ્વારા આયોજન થયું હતું.

ઉપરોક્ત સમીટમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના મંત્રી શ્રી ગુલામનબી આઝાદ તથા ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ત્રણે મહાનુભાવોશ્રીએ આરોગ્ય ક્ષેત્રના વિવિધ પાસાઓ અંગે વિસ્તારપૂર્વક પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

સમીટમાં અમેરિકન એસોસિએશન સાથે સંકળાયેલા યુ.એસ.એ.થી તેમજ ભારતભરમાંથી વિભિન્ન ફેકલ્ટીઝના ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સમીટમાં મેડિકલ સ્પેશિયાલિટી જેમકે કાર્ડિયોલોજી, ઓન્કોલોજી વગેરે તેમજ આરોગ્ય સંબંધી હાલના મુખ્ય પ્રશ્નો જેવા કે ડાયાબિટીસ, થાઈરોઈડ, કેન્સર, હાઈપરટેન્શન જેવા નોન-કોમ્યુનિકેબલ રોગો તથા ઈન્ડસ્ટ્રીઝ અને જોડાણની શક્યતાઓ અને ભારત માટે ઍફોર્ડેબલ તેમજ એક્સેસિબલ ક્વોલિટી હેલ્થ કેર જેવા અનેક વિષયો પર સુંદર રીતે રજૂઆતો અને તેને સંબંધિત વિસ્તૃતપણે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સમીટમાં એક જ સમયે દસ રૂમોમાં આરોગ્ય સંબંધી વિવિધ વિષયો પર તેના તજજ્ઞો દ્વારા રજૂઆતો થઈ રહી હતી. બે દિવસીય સમગ્ર સમીટનું ખૂબ જ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સમીટમાં વિવિધ ક્ષેત્રના ડૉક્ટર્સ તેમજ તબીબી સેવા સાથે સંકળાયેલ પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમીટ સંપૂર્ણ રીતે ખૂબ જ માહિતીસભર હોતાં દરેકના મન પર તેની ઊંડી છાપ ઉપસી હતી.

ઉપરોક્ત બે દિવસીય સમીટમાં શ્રીમતી હાસ્યલતાબેન મહેતાએ ઉપસ્થિત રહીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટર વતી પ્રતિનિધિત્વ કર્યું હતું.

★

## પોલિયો ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપ' વિષયે સેમિનારમાં પ્રતિનિધિત્વ કર્યું

અમદાવાદની જાણીતી સંસ્થા 'પોલિયો ફાઉન્ડેશન'માં તાજેતરમાં 'પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપ' વિષયે એક રસપ્રદ અને અભ્યાસપૂર્ણ એક સેમિનારનું આયોજન થયું હતું. આ સેમિનારમાં પોલિયો ફાઉન્ડેશનનાં ડૉ. મેહુલ શાહ, અમેરિકન એસોસિએશન ઓફ ફિઝિશન્સ ઑફ ઈન્ડિયન (AAPI) ઓરિજિનના પ્રમુખ ડૉ. જયેશ શાહ, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ - યુ.એસ. - ચેર ડૉ. કિરણ પટેલ, એ.એ.પી.આઈ. ચેરિટેબલ ફાઉન્ડેશન - ચેર ડૉ. નિક શ્રોફ સેમિનારના વિષય પર પોતાના ખૂબ રસપ્રદ મંતવ્યો રજૂ કર્યા હતા.

ઉપરોક્ત સિવાય, ગુજરાત રાજયના હેલ્થ વિભાગના વધારાના નિયામક ડૉ. એન.બી. ધોળકિયાએ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં સરકારની ભૂમિકા પર સુંદર રીતે રજૂઆત કરી હતી. તે વિભાગના વધારાના મુખ્ય સચિવ શ્રી રાજેશ કિશોરે પણ પોતાના સ્પષ્ટ મંતવ્યો જણાવ્યા હતા. વધુમાં, સરકાર સાથેના પોતાના અનુભવ સ્વરૂપે એક સુંદર પ્રોજેક્ટ ડૉ. હરેન જોષીએ પ્રસ્તુત કરેલ. જેનાથી ઉપસ્થિત પ્રતિનિધિઓ પ્રભાવિત થયા હતા. કોર્પોરેટ તેમજ સંસ્થાકીય ક્ષેત્રે પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપ સંબંધી પ્રશ્નો અત્યારના વૈશ્વિક માહોલમાં દરેકને સ્પર્શતા હોય છે. આ કારણે તે વિષયે મુક્ત રીતે ચર્ચા વિચારણા અને રજૂઆતોથી અનેક પ્રકારની વિગતો પ્રકાશમાં આવે છે. જે સંબંધિત ક્ષેત્રના દરેકને લાભકર્તા થાય છે.

ઉપરોક્ત સેમિનારમાં તબીબી સેવા સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલા તેમજ મેડિકલ સેન્ટરના મુખ્ય અધિકારી શ્રીમતી હાસ્યલતાબેન મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

★

## યોગ વર્ગની શરૂઆત

**સમાજ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા જાહેર પ્રજાના લાભાર્થે.... માન્યતા પ્રાપ્ત ટ્રેઈનરની દેખરેખ હેઠળ યોગ સંબંધી વિશેષ વર્ગની અનોખી શરૂઆત**

• પ્રાણાયામ • મેડિટેશન અને • આસન તેમજ ખાસ યોગ... • ટ્રીટમેન્ટ સ્વરૂપે • વજન ઘટાડવા માટે • પાવર યોગ- સામાન્ય યોગ • ડાયાબિટીસ માટે • થાઈરોઈડ માટે • કમર અને ગરદનના દુઃખાવા માટે.

*મર્યાદિત સંખ્યામાં બેચ સાઈઝ હોતાં આપનું નામ મેડિકલ સેન્ટરમાં તાત્કાલિક રજિસ્ટર કરાવવું જરૂરી છે. (ફોન : ૨૬૫૭૭૪૬૮)*

*ચાર્જ : રૂા. ૬૦૦/- પ્રતિ વ્યક્તિ / પ્રતિ માસ.*
*સોમથી શુક્રવાર • સમય : બપોરે ૪ થી ૫*
*સ્થળ : મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

***અશ્વિન સાવલા, કન્વીનર, તબીબી સેવા સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*ક્યારેય કોઈનું ખરાબ થાય તે ઈચ્છવું નહીં.*

# "સંકલ્પ"
## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### "સંકલ્પ" દ્વારા આયોજિત એક અવનવો કાર્યક્રમ : વેલકમ-૨૦૧૪

વર્ષ ૨૦૧૩ની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વ કલ્યાણની ભાવના સાથેના વર્ષ ૨૦૧૪ના આગમનને ભાવભર્યો આવકાર આપવા "સંકલ્પ" દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૩ના રોજ જલતરંગ પાર્ટી પ્લોટ ખાતે "વેલકમ ૨૦૧૪"ના અવનવા કાર્યક્રમનું આયોજન થયું હતું.

વિશ્વભરના લોકોની સાથે સંકલ્પે નવા વર્ષ ૨૦૧૪ને ભાવભર્યો આવકાર આપવા લાઈટના ઝગમગાટ અને ડી.જે. રાજાના ગીત સંગીતના તાલે 'સંકલ્પ' તથા સમાજના સભ્યો તથા આમંત્રિત મહેમાનોએ ડાન્સ પાર્ટીની મજા માણી હતી. રસપ્રદ વાત એ હતી કે યુવાનોની સાથે સાથે નાની મોટી વયની તમામ વ્યક્તિઓએ આ ન્યુયર ઈવ પાર્ટીમાં ઉમળકાભેર ભાગ લીધો હતો. આનાથી એક અનોખો શાનદાર માહોલ સર્જાઈ ગયો હતો.

કાર્યક્રમની મધ્યે શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા દ્વારા 'સેવ ધી બર્ડ'ની એક ટૂંકી પણ અસરકારક દસ્તાવેજી ફિલ્મની રજૂઆત થઈ હતી. જેમાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે ચગાવાતા પતંગની દોરીથી પક્ષીઓને થતી હાનિ તથા ઈજા પામેલ પક્ષીઓને આપવામાં આવતી સારવારના દૃશ્યો જોઈને ઉપસ્થિત સર્વેના હૃદય દ્રવી ઉઠ્યા હતા.

જ્યારે નવા વર્ષને વધાવવાની ઘડીની થોડીક મિનિટો અગાઉ દરેક સભ્યોના હાથમાં પ્રગટાવેલ મીણબત્તી હતી ત્યારે બેક ગ્રાઉન્ડમાં "તું મને ભગવાન એક વરદાન આપી દે...." વાળું મધુર સ્તવન પ્રસારિત કરીને નવા વર્ષ ૨૦૧૪ના વધામણા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સભ્યોએ ૨૦૧૪નું વર્ષ સમગ્ર વિશ્વના લોકો માટે સુખરૂપ પસાર થાય તેવી પ્રાર્થના સાથે નવા વર્ષની શુભકામનાઓની પરસ્પર આપ-લે કરી આકાશમાં ગુબ્બારાઓ છોડવાનો આનંદ લૂંટ્યો હતો.

આ કાર્યક્રમ વખતે અંદાજિત ૪૫૦ સભ્યોની ધ્યાનાકર્ષક ઉપસ્થિતિ હતી. કાર્યક્રમના મધ્યાંતરમાં સૌ સભ્યોએ સ્વરૂચિ ભોજનનો લાભ લીધો હતો. દિલ ડોલાવે તેવા ડી.જે. ગીત સંગીતના સંચાલક હતા "ડી.જે. રાજા સાઉન્ડ." તેમજ તેને સાથ આપનાર હતા 'સંકલ્પ'ના સાંસ્કૃતિક મંત્રી દર્શન કોઠારી તથા મહેક સંઘવી અને જિનય શાહ.

ઉપરોક્ત કાર્યક્રમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, વડીલો તથા સભ્યોના ડોનેશન તથા મુખ્ય સ્પોન્સરર "ઓમ લેન્ડ રીયાલિટી પ્રાઈવેટ લિમિટેડ" તથા કો-સ્પોન્સરર "આઈ.સી.આઈ.સી.આઈ." બેંક તથા 'સંકલ્પ'ના કારોબારી સમિતિના સભ્યો અને અન્ય સૌના સાથ સહકારથી સફળતાપૂર્વક યોજાયેલ હતો. તે બદલ 'સંકલ્પ' વતી અમો સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

★

### ગણતંત્ર દિનના ઉપલક્ષ્યમાં 'સંકલ્પ' દ્વારા એક અનોખા પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

૬૫મા ગણતંત્રના અવસરે યુવા પાંખ 'સંકલ્પ' તરફથી એક ખૂબ જ આકર્ષક અને એક નૂતન રૂપનો 'તલવારબાજી' અને 'સ્નેક્સ-શો' (સાપ પ્રદર્શન)ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તલવારબાજીના કાર્યક્રમમાં વિરમગામ રહેવાસી (મોસાળ - કચ્છ રામાણિયા) ૧૮ વર્ષીય કુ. ગાયત્રીબા ઝાલાએ ખુલ્લી તલવાર સાથે હેરત પમાડે તેવા આકર્ષક પ્રયોગો કર્યા હતા. જ્યારે સ્નેક્સ-શો ગીતા રાંભિયા ટ્રસ્ટ પરિવારના શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા અને કૃપાલી શાહે લાઈવ સ્નેક્સ શો રજૂ કરીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. સ્થળ પર કોબ્રા, ધામણ, આંધળી ચાકણ, વગેરે પ્રકારના જીવંત સાપોને પોતાના હાથમાં રાખીને સાપો અંગેની વિવિધ પ્રકારની રસપ્રદ માહિતી રજૂ કરી હતી. અગર કોઈ પ્રકારના સાપ વ્યક્તિને કરડે તો તેની સારવાર માટે શું કરવું જોઈએ તેના સંબંધી વીડિયો પ્રોજેક્ટ દ્વારા અનેક પ્રકારની વિગતોની જાણકારી આપી હતી. પ્રેક્ષકો આ નવીન પ્રકારના સાપ પ્રદર્શનને નિહાળીને આનંદમય થયા હતા અને આ પ્રકારના આયોજન માટે 'સંકલ્પ'ના હોદ્દેદારો તેમજ સભ્યશ્રીઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

★

### "સંકલ્પ"ના આગામી કાર્યક્રમો

### સ્પોર્ટસ ડે (SPORTS DAY)

*સૌને ઉત્સાહભેર ભાગ લેવા નિમંત્રણ*

'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા સ્પોર્ટસ ડે નું આયોજન કરવામાં આવેલ છે.

- *ગુરૂવાર, તા. ૨૭-૦૨-૨૦૧૪*
- ***સમય :*** સવારે ૭.૩૦થી ૧૨.૩૦
- ***સ્થળ :*** ગુજરાત વિદ્યાપીઠ સ્પોર્ટસ ગ્રાઉન્ડ, વિદ્યાનગર સ્કૂલની પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ.

મેદાનમાં વિવિધ રમતો જેવી કે ૧૦૦ મીટર દોડ, રીલે દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ગોળા ફેંક, લાંબો કૂદકો, સ્લો મેરેથોન, આંધળો પાટો, સંગીત ખુરશી, ચોકલેટ શોધવાની રમત, ઊભી ખો વગેરે વિવિધ રમતોનું આયોજન કરેલ છે. આ બધી રમતો વય જૂથ પ્રમાણે રમાડવામાં આવશે.

- ગ્રુપ-એ (૧ થી ૭ વર્ષ)
- ગ્રુપ-બી (૮ થી ૧૫ વર્ષ)

*સ્વાર્થ સાથે થતી ભક્તિથી પુણ્ય મળતું નથી.*

- ગ્રુપ-સી (૧૬થી ૩૦ વર્ષ)
- ગ્રુપ-ડી (૩૧ થી ૫૦ વર્ષ)
- ગ્રુપ-ઈ (૫૦ વર્ષથી ઉપરના)

'સંકલ્પ'ના સભ્યો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોના પરિવારજનો આ રમતોમાં ભાગ લઈ શકશે.

રમતોમાં ભાગ લેવા ઉત્સુક સ્પર્ધકો, તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઈચ્છુક સહુએ પોતાના નામ તા. ૨૦-૦૨-૨૦૧૪ સુધીમાં 'સંકલ્પ'ના સ્પોર્ટસ મંત્રી અંકિત મહેતા (મો. ૮૪૬૦૪ ૧૯૩૬૨) પર નોંધાવી દેવા. દરેક રમતવીરોએ સવારના ૭.૩૦ પહેલા ગુજરાત વિદ્યાપીઠનાં સ્પોર્ટસ સંકુલ ઉપર હાજર થઈ જવાનું રહેશે.

સંજોગોવશાત્ સ્પર્ધાઓ અને વયજૂથમાં ફેરફાર કરવા 'સંકલ્પ'નો નિર્ણય આખરી રહેશે.

★

ગુરૂવાર, તા. ૧૩-૩-૨૦૧૪ અને શુક્રવાર તા. ૧૪-૩-૨૦૧૪ — એમ બે દિવસની પાલિતાણા છગાઉ જાત્રાનું આયોજન તથા પાલિતાણાથી ભંડારિયા - કદંબગીરી તથા શત્રુંજય ડૅમના તીર્થધામના દર્શનની વ્યવસ્થાનું આયોજન 'સંકલ્પ' દ્વારા કરવામાં આવનાર છે.

*ચાર્જ :* સંકલ્પના સભ્યો તથા સમાજના સભ્યો માટે રૂા. ૪૦૦/- પ્રતિ વ્યક્તિ. (૩ વર્ષ સુધીના બાળકો નિઃશુલ્ક)

પાલિતાણા છગાઉ જાત્રા માટે 'સંકલ્પ' દ્વારા 2 x 2 ની બે લક્ઝરી બસોનું આયોજન કરવામાં આવેલ છે તથા પાલિતાણામાં જાત્રાળુઓ માટે 'સંકલ્પ' દ્વારા 'કસ્તુરધામ' તળેટી રોડ પર ધર્મશાળા - ભોજનશાળાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ધર્મશાળામાં ૩ વર્ષથી ઉપરના બાળકોની ગણતરી એક રૂમની અંદર પાંચ વ્યક્તિઓના સમાવેશમાં લેવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી.

ઉપરોક્ત પાલિતાણા છગાઉ જાત્રામાં 'સંકલ્પ'ના સભ્યો તથા સમાજનાં આદરણીય વડીલોએ નકરાનો લાભ લેવો હોય તો તેની માહિતી નીચે મુજબ છે.

**રૂમનો નકરો :**

રૂા. ૨૫૦૦ x ૧૬ રૂમ (ભોજનશાળા સહિત) = રૂા. ૪૦,૦૦૦/-

**બસનો નકરો :**

| | | |
|---|---|---|
| રૂા. ૨૦,૦૦૦ x ૨ બસ | = | રૂા. ૪૦,૦૦૦/- |
| તા. ૧૩-૩-૧૪ના બપોરના જમવાનો નકરો | : | રૂા. ૭,૫૦૦/- |
| તા. ૧૩-૩-૧૪ના સાંજે ચૌવિહારનો નકરો | : | રૂા. ૫,૦૦૦/- |
| તા. ૧૪-૩-૧૪ના સાંજે ચોવિહારનો નકરો | : | રૂા. ૭,૫૦૦/- |

ઉપરોક્ત નકરામાંથી જે પણ નકરો લખાવવો હોય તો તેના માટે આપશ્રી પારસ વીરા (મો. ૯૮૨૫૫ ૫૦૦૬૬), નીતિન શાહ (મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧) તથા ચૈતન્ય રાંભિયા (મો. ૮૧૪૧૧ ૯૧૭૬૩)નો સંપર્ક કરી નામ લખાવી શકો છો. (તા.ક. કોઈપણ દાતાને પોતાનું નામ ગુપ્ત રાખવું હશે તો તેની સંપૂર્ણ વ્યવસ્થા પણ કરવામાં આવશે.)

★

સોમવાર, તા. ૧૭ માર્ચ, ૨૦૧૪ના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમ્યાન ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખેલ છે. તો જે કોઈ પણ દાતાશ્રીને નકરાનો લાભ લેવો હોય તો તેઓએ નીચે જણાવેલ હોદ્દેદારોનો સંપર્ક કરી નામ લખાવવા વિનંતી.

★

માર્ચ મહિના પછીના કાર્યક્રમો 'મંગલ મંદિર'ના આગામી અંકમાં જણાવવામાં આવશે.

***પારસ વીરા - પ્રમુખ (૯૮૨૫૫ ૫૦૦૬૬)***
***નીતિન શાહ - મંત્રી (૯૯૭૯૮ ૮૨૪૦૧)***


## ટોયક્રા – બ્રાન્ડેડ રમકડાં, રમતો અને વિવિધ પ્રકારના પુસ્તકોનો શો-રૂમ

ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવા અદ્‌ભુત રમકડાં, ગેમ્સ અને પુસ્તકો હવે આપ મેળવી શકશો અમદાવાદમાંથી.... સ્થળ એક જ, વેરાયટી અનેક. 'ટોયક્રા' એટલે એક એવું સ્થળ કે જ્યાંથી તમે મેળવી શકશો વિશ્વની જાણીતી બ્રાન્ડનાં વિવિધ ટોય્ઝ, ગેઈમ્સ અને બીજું ઘણું બધું... સેન્ટ્રલ એ.સી. ધરાવતો વિશાળ શો-રૂમ ગુજરાતમાં પ્રથમ વાર. સાથે સાથે ગુજરાતી અને અંગ્રેજી ભાષાનાં વિવિધ પુસ્તકોનો ખજાનો પણ આપને અહીંથી મળી રહેશે. અહીં બેસીને તમે શાંતિથી ગેઈમ્સ, ટોય્ઝ અને બુક્સ જોઈ શકશો - ખરીદી શકશો. આવનાર વ્યક્તિઓ માટે વિશાળ પાર્કિંગની પણ ખાસ સુવિધા છે. આ એક એવો શો-રૂમ છે કે જેમાં ૦ થી લઈને ઍડલ્ટ સુધીનાને તરત જ ગમી જાય તેવા વિશ્વની જાણીતી બ્રાન્ડનાં ટોય્ઝ, ગેઈમ્સ અને પુસ્તકો મળી રહેશે. ગુજરાતનાં તમામ બાળકો અને અન્ય વયના લોકો પણ વિશ્વના બ્રાન્ડેડ ટોય્ઝ ગુજરાતમાંથી મેળવી શકે તે માટે 'ટોયક્રા' નામે આ સેન્ટ્રલ એ.સી. ધરાવતો શો રૂમ શરૂ કરવામાં આવ્યો. ગુજરાતના આવા પ્રથમ અને વિશાળ શો-રૂમની મુલાકાત ખરેખર લેવા જેવી છે, તેમ 'ટોયક્રા'ની એક યાદીમાં જણાવાયું છે.

***શો-રૂમનું સરનામું :*** *ટોયક્રા, ઈન્દ્રપ્રસ્થ કોર્પોરેટ હાઉસ, બીજો માળ, રિલાયન્સ પેટ્રોલ પંપની સામે, પ્રહલાદનગર રોડ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૬૬૧૭૦૨૬૫*


***લાલચનું પરિણામ હંમેશાં ખરાબ જ હોય છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૩ / જાન્યુઆરી - ૨૦૧૪

- **શનિવાર, તા. ૨૮-૧૨-૨૦૧૩**

★ ભુજ ખાતે કે.ડી.ઓ. સમાજના અંદાજિત ૩૫૦ જેટલા યુવા વચ્ચે શ્રી અશોક મહેતાએ આજરોજ "સમાજસેવા તથા યુવા વર્ગ" વિષે એક પ્રવચન આપેલ હતું. આ સંમેલનમાં જે તે વિષયના અન્ય બે નિષ્ણાતોએ પણ પોતાના વિષય પર પ્રવચનો આપેલ હતા.

- **સોમવાર, તા. ૩૦-૧૨-૨૦૧૩**

★ શ્રી ક.જૈ.સે.સ.- અમદાવાદના વૃક્ષારોપણ કાર્યક્રમ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન પર એક પત્રકાર પરિષદ યોજવામાં આવેલ હતી. અંદાજિત ૧૩ જેટલા વર્તમાનપત્રો / ચેનલના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. તેઓને જણાવવામાં આવેલ હતું કે પર્યાવરણની જાળવણી નિમિત્તે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તેની કર્મભૂમિ અમદાવાદ અને માતૃભૂમિ કચ્છમાં વિવિધ સ્થળે વૃક્ષારોપણ કરવા માગે છે. આ અગાઉ તેઓને સમાજના અત્યાર સુધીના કાર્યોની અંદાજિત ૨૦ મિનિટની સી.ડી. બતાવવામાં આવેલ હતી. વૃક્ષારોપણ કાર્યક્રમ એ આ સમાજ માટે એક નવીન પગરણ કહી શકાશે.

- **મંગળવાર, તા. ૩૧-૧૨-૨૦૧૩**

★ આજરોજ અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી પ્રદીપ જોષી આવતીકાલના વૃક્ષારોપણના કાર્યક્રમના અનુસંધાને "સ્કાઉટ ભવન"ની મુલાકાત લઈ આવેલ હતા. ત્યાં કામ કરતા કાર્યકર્તાઓને જરૂરી સૂચનો પણ આપેલ હતા.

- **બુધવાર, તા. ૧-૧-૨૦૧૪**

★ ઈ.સ. ૨૦૧૪નો આજનો પ્રથમ દિવસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વૃક્ષારોપણના કાર્યક્રમથી ઉજવેલ હતો. આજરોજ સવારમાં ૧૧.૦૦ વાગે અ.મ્યુ.કો.ના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ વૃક્ષારોપણના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા 'સ્કાઉટ ભવન' પર પધારેલ હતા. એ સમયે (૧) વાસણા વોર્ડના મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી આશિષભાઈ પટેલ, (૨) પાલડી વોર્ડના મ્યુ. કાઉન્સિલર શ્રી પ્રીતેશભાઈ મહેતા તથા શ્રીમતી બીજલબેન પટેલ, (૩) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી જગદીશભાઈ પરમાર તેમજ ડૉ. સુજલ મહેતા અને (૪) શાસનાધિકારી શ્રી લકધીરભાઈ વગેરે તથા (૫) સ્કાઉટ ભવનના સંચાલિકા બહેન શ્રીમતી ભગવતીબહેન વગેરે ઉપસ્થિત રહેલ હતા. તેઓ દરેકના હાથે કુલ ૨૮ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાવવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી કૈલાસદાન ગઢવી તથા શ્રી રઘુરામભાઈ ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ વગેરે ૪૦થી પણ વધુ સંખ્યાના લોકો ઉપસ્થિત રહેલ હતા. અ.મ્યુ.કો.ની ૬ પ્રાથમિક શાળાઓના આચાર્ય બહેનો તથા ૬૦ જેટલા બાળકો પણ ઉપસ્થિત રહેલ હતા. પ્રસંગને અનુરૂપ પ્રવચન આપતા મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલે સમાજની સેવાઓની અનુમોદના કરેલ હતી અને કાંકરિયા પ્રાણીસંગ્રહાલય ખાતે નાના પશુઓ તથા પક્ષીઓના નિભાવ ખર્ચ માટે ટહેલ નાખી હતી. એક પશુ-પક્ષીનો નિભાવ ખર્ચ અ.મ્યુ.કો.ને વાર્ષિક રૂા. ૨૩૦૦/- આવે છે તેવું તેમણે જણાવેલ હતું. તેમની ટહેલના પ્રતિસાદરૂપે સમાજ તરફથી રૂા. ૨૩૦૦/-ના હિસાબે ૧૧ પશુ-પક્ષી માટે રૂા. ૨૫,૦૦૦/-ના દાનની જાહેરાત કરતા ઉપસ્થિત સહુએ તે જાહેરાતને બિરદાવેલ હતી. સમાજ તરફથી એક વૃક્ષને ઉછેરવાના રૂા. ૧,૦૦૦/-ની ટહેલ સામે અંદાજિત ૧૨૦ વૃક્ષોના નામની જાહેરાત કરવામાં આવેલ હતી કે જેની નામાવલિ આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

★ આજરોજ સાંજના મુંબઈના નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કમલેશભાઈ વિકમશી ભવન પર પધારેલ હતા. તેઓ સાથે અનેકવિધ જનરલ ચર્ચાઓ કરવામાં આવેલ હતી. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી ચેતન કે. શાહ, શ્રી ગુલાબચંદ ધનજી દંડ, શ્રી નલિનભાઈ મોમાયા, શ્રી દિનેશ ર. મહેતા, શ્રી દિનેશ જ. શાહ, શ્રી બી.કે. પટેલ, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ ગીતામંદિર હોસ્ટેલમાં રહેતા બે વિદ્યાર્થીઓ શ્રી કૌશિક રાજેન્દ્રભાઈ મહેતા તથા શ્રી દીપક ગિરીશ ગરવા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને હોસ્ટેલમાં કરવા યોગ્ય સુધારા વિશે ચર્ચાઓ કરવામાં આવેલ હતી.

- **ગુરૂવાર, તા. ૨-૧-૨૦૧૪**

★ અ.મ્યુ.શાળા નં.-૨ના આચાર્ય તેમના માળી સાથે આજરોજ ભવન પર આવેલ હતા. આ માળીને શાળા નં.-૨ માં કરવામાં આવનાર વૃક્ષારોપણની દેખભાળનું કાર્ય સુપરત કરવામાં આવ્યું.

*કર્તવ્ય સાથે વ્યાપક હિત સંકળાયેલું હોય છે.*

● **શુક્રવાર, તા. ૩-૧-૨૦૧૪**

★ અ.મ્યુ.કો.ની વાસણા વિસ્તારની પ્રાથમિક શાળા નં.-૧ અને ૨ માં આજરોજ ૧૩ વૃક્ષોનું અને ગુપ્તાનગરની શાળા નં.-૮માં ૨૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. દરેક વૃક્ષોને ટ્રી ગાર્ડ પણ લગાવવામાં આવ્યા. આ સમયે સમાજ તરફથી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી દિનેશ જ. શાહ તથા શ્રી પ્રદીપ જોષી ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ રાત્રે યુવા વિકાસ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી.

● **શનિવાર, તા. ૪-૧-૨૦૧૪**

★ આજરોજ ડૉ. ચંદ્રકાંત દેઢિયા આણંદ ગયેલ હતા. તેઓએ આણંદ સ્થિત શ્રી મયૂર ગાલા સાથે રહી તેમના જૂના હોસ્ટેલ પ્રોજેક્ટની સાઈટનું નિરીક્ષણ કર્યું અને એ બાબતની જરૂરી જાણકારી મેળવેલ હતી.

★ આજરોજ વૃક્ષારોપણ માટે નવા ૩૫ ટ્રી ગાર્ડનો ઓર્ડર આપવામાં આવ્યો.

● **રવિવાર, તા. ૫-૧-૨૦૧૪**

★ આજરોજ સવારમાં ૯ વાગે કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી. ૨૬ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. વેબસાઈટ સમિતિ તરફથી આવેલ બારકોડ પ્રિન્ટર, ફંક્શનલ પ્રિન્ટર, સ્કેનર પ્રિન્ટર વગેરેની ખરીદીની રૂા. ૧,૫૮,૦૦૦/-ની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ હતી. કચ્છી યલો પેજીસ સમિતિ તરફથી કરવામાં આવેલ સૂચન મુજબ તા. ૨૬-૧-૨૦૧૪ના બદલે તા. ૨૩-૩-૨૦૧૪ના કચ્છી યલો પેજીસના વિમોચનની તારીખ ગ્રાહ્ય રાખવામાં આવેલ હતી. તા. ૨૮-૨-૨૦૧૪ સુધી જે સભ્યો કે શુભેચ્છકોના લવાજમ ના આવે તેઓને માર્ચ-૨૦૧૪થી 'મંગલ મંદિર' ન મોકલવાની દરખાસ્તને ભલામણ સહિત ટ્રસ્ટ મંડળ પર મોકલી આપવામાં આવેલ હતી. ગૃહ ઉદ્યોગ સમિતિના દિવાળી વેચાણના હિસાબ આ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને તેને બહાલી આપવામાં આવેલ હતી. મહેતા હોસ્પિટલની ખરીદી અંગે થયેલ વાતચીત અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે કદાચ ડાયાલિસીસ સેન્ટર ઊભું કરવામાં આવે તેવી માહિતી આ સભા સમક્ષ આપવામાં આવેલ હતી. જમણવાર સમિતિ દ્વારા સ્વામિવાત્સલ્ય જમણવારના રજૂ થયેલ હિસાબને મંજૂરી આપવામાં આવેલ હતી. નવા વર્ષના સ્નેહ મિલન સમારંભના જમણવાર સમિતિના આવેલ ખર્ચના હિસાબને મંજૂરી આપવામાં આવેલ હતી. તા. ૧-૪-૨૦૧૪ના તબીબી સારવાર કેન્દ્રમાં નવા મેડિકલ કાર્ડ બારકોડ પધ્ધતિના હોવાથી તે મેડિકલ કાર્ડ લાવનારને જ કન્સેશનલ રેઈટનો મેડિકલમાં લાભ મળશે તેવી માહિતી આ સભાએ ગ્રાહ્ય રાખેલ હતી. આ માટે નવા ફોર્મની અરજી ૬૫૦ સભ્યોની આવી છે અને બાકીના સભ્યોની અરજી મંગાવવાની કાર્યવાહી ચાલુ છે તેવું આ સભા સમક્ષ જણાવવામાં આવેલ હતું. તા. ૧૮-૧૨-૨૦૧૩ના વયસ્ક સમિતિના કાર્યક્રમના હિસાબને મંજૂરી આપવામાં આવેલ હતી. વયસ્ક સમિતિના તા. ૯-૨-૨૦૧૪ના કાર્યક્રમના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી. એ જ સમિતિના તા. ૯-૩-૨૦૧૪ના રાજસ્થાન પ્રવાસના કાર્યક્રમના ખર્ચની રજૂ થયેલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ હતી. સંસ્થાના મેડિકલ સેન્ટરના સ્ટોર્સમાંથી જરૂરિયાતવાળા દર્દીઓના દવાના બીલ પર રાહત આપવાનું (પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી) શરૂ થઈ ગયેલ હોવાની માહિતી આ સભાને આપવામાં આવેલ હતી. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગની કેન્ટીનના ભાવ વધારાને મંજૂરી આપવામાં આવેલ હતી. ચા-કોફી બનાવવાના મશીનની ખરીદીના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી. સંસ્થાના સ્ટાફની તા. ૨૬-૧-૨૦૧૪ની પીકનીક માટે સહાય કરવાની સ્ટાફની આવેલ અરજીની સામે રૂા. ૧૦,૦૦૦/- મંજૂર કરવામાં આવેલ હતા. સામખિયાળીના પ્લોટ પર વૃક્ષારોપણ કરવું કે નહીં તેનો નિર્ણય લેવાની સત્તા પર્યાવરણ સમિતિને સુપરત કરવામાં આવેલ હતી. યલો પેજીસ સમિતિમાં ગિરીશ હીરજી પાસુ શાહ તથા રાજેન્દ્ર મણિલાલ વસાનો સમાવેશ કરવામાં આવેલ હતો તથા યલો પેજીસ સમિતિને તેના બાકી રહેતા કાર્યનો બાર ચાર્ટ બનાવી સંસ્થામાં રજૂ કરવા જણાવવામાં આવેલ હતું.

★ આજરોજ સવારમાં ૧૧ વાગે ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. ૧૮ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. સભ્યપદ સમિતિ તરફથી આવેલ બે નવા સભ્યોની અરજી મંજૂર રાખવામાં આવેલ હતી. ભવનના મેડિકલ સેન્ટરમાં આવતા વિઝિટીંગ ડૉક્ટરની ગાડીઓના પાર્કિંગ માટે પાર્કિંગ પ્લોટમાં ચેઈન મૂકીને તેની અલાયદી વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટની ભવનના મેડિકલ સેન્ટરમાં આવતા દર્દીઓને દવાના ખર્ચમાં રાહત આપવા દર વર્ષે રૂા. ૩.૦૦ લાખના ડોનેશનની ઑફરને મંજૂર રાખવામાં આવેલ હતી. ભવનની આજુબાજુમાં કોઈ હોસ્પિટલ / મકાન ખરીદીને કે ભાડે રાખીને અને તે સિવાય શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ડાયાલિસીસ સેન્ટર સ્થાપવાની આવેલ દરખાસ્તને આગળ ધપાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. કચ્છી યલો પેજીસ સમિતિની વિમોચન અંગે આવેલ દરખાસ્ત મુજબ હવે તા. ૨૬-૧-૨૦૧૪ના બદલે તા. ૨૩-૩-૨૦૧૪ની દરખાસ્તને મંજૂર રાખવામાં આવેલ હતી. ગૃહ ઉદ્યોગ સમિતિના દિવાળી મીઠાઈના વેચાણના હિસાબને મંજૂરી આપવામાં આવેલ હતી. આવાસ યોજનામાં ખાલી કરાવવામાં આવેલ બે

*સૌને સાથે રાખીને ચાલવામાં જ સાર્થકતા છે.*

સભ્યોના ફ્લેટને તેઓને પરત આપવાની દરખાસ્તને સર્વાનુમતે નામંજુર કરવામાં આવેલ હતી. મેડિકલ કાર્ડ સમિતિ તરફથી સ્ટાફના પરિવાર અને નિયાણી બહેનોના પરિવારની વ્યાખ્યા નક્કી કરવા માટે પૂછવામાં આવતા પરિવારની વ્યાખ્યા એટલે પતિ-પત્ની તથા સાથે રહેતા મા-બાપ અથવા સાસુ-સસરા અને પોતાની સાથે રહેતા બાળકોને ગણવા તેવું નક્કી કરવામાં આવેલ હતું. વૃક્ષારોપણ સમિતિના કન્વીનરશ્રીએ આ બાબતે અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી આપેલ હતી અને રૂા. ૧,૦૦૦/-ની વૃક્ષ દત્તક યોજનાની પણ માહિતી આપેલ હતી.

- **સોમવાર, તા. ૬-૧-૨૦૧૪**

★ આજરોજ રાજીવ નગરમાં આવેલ અ.મ્યુ.કો.ની શાળા નં.-૩૦માં ૧૩ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. આ સમયે વૃક્ષારોપણ સમિતિના કન્વીનરશ્રી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, સભ્યશ્રી દિનેશ શાહ તથા શ્રી પ્રદીપ જોષી ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ મહિલા ઉત્કર્ષ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રીમતી સુલુબેન શાહ, શ્રીમતી વીણા ભરત ગાલા, શ્રીમતી નીપા સંજય શાહ તથા શ્રીમતી નયના જય ગોગરી ઉપસ્થિત રહેલ હતા. ફેબ્રુઆરી-૨૦૧૪માં કન્ઝ્યુમર એજ્યુકેશન રિસર્ચ સેન્ટરની મુલાકાતે જવાનું અને માર્ચ-૨૦૧૪માં યુરીનરી લીકેજીસ તથા બ્લીડિંગ વિષય પર વિખ્યાત ગાયનેકોલોજિસ્ટનું પ્રવચન રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૭-૧-૨૦૧૪**

★ આજરોજ ભવન પર કચ્છી યલો પેજીસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશભાઈ જગજીવન શાહ તથા શ્રી નરેન્દ્રભાઈ કોઠારી ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં પ્રુફિંગની ક્ષતિઓ વિશે અને અનુક્રમણિકા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૮-૧-૨૦૧૪**

★ ડાયાલિસીસ સેન્ટરની વિગત સમજવા આજરોજ શ્રી પરાશર વ્યાસ તથા શ્રી દીપ દંડ રાજસ્થાન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલની કિડની વિભાગના સત્તાવાળાઓને મળી આવેલ હતા અને કેટલીક જરૂરી જાણકારી મેળવેલ હતી.

★ આજરોજ શ્રી હસમુખભાઈ ખાંડવાલા સાથે ચેરીટી કમિશ્નરની ઓફિસમાં આ સમાજની પેન્ડિંગ રહેતી મેટર, ઈમ્પેક્ટ અંગેની મેટર તથા મહેતા હોસ્પિટલ અંગેની મેટરની ચર્ચા કરવામાં આવેલ હતી અને તેમાં થતા પ્રોગ્રેસની માહિતી તેઓશ્રીએ આપેલ હતી.

★ આજરોજ શ્રી હરખચંદભાઈ સાવલા ભવન પર પધારેલ હતા અને સમાજના બાળકોને એજ્યુકેશનલ લોન / સહાયની વિગતમાં તેઓશ્રીએ અનેરો રસ દાખવેલ હતો.

- **ગુરૂવાર, તા. ૯-૧-૨૦૧૪**

★ આજરોજ સાંજના ૪ વાગે મેડિકલ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી દિનેશ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન, શ્રીમતી દક્ષાબેન તથા શ્રી પીન્ટુ પટેલ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં આવતા મહિનાઓમાં કરવામાં આવનાર કેમ્પના આયોજનો તથા ડાયાલિસીસ સેન્ટર બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. તા. ૧૫-૧૨-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ બાળ આરોગ્ય કેમ્પનો અહેવાલ આ મીટિંગમાં રજૂ કરવામાં આવેલ હતો. એક નવી સુપર સ્પેશિયાલિટી બ્રાંચ રૂમેટોલોજી શરૂ કરવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. યોગની સુવિધા અત્યારે અઠવાડિયામાં બે દિવસ છે કે જેના બદલે તે ૫ દિવસ કરવા માટે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. દર્દીઓની સેવા માટે ભવન પર સાધનો રાખવાની હાલે જે પ્રક્રિયા ચાલુ છે તેમાં વધારો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આંખનો કેમ્પ સળંગ એક મહિના સુધી ચાલુ રાખવા પ્રાથમિક ચર્ચા કરવામાં આવેલ હતી. મેડિકલ સેન્ટરમાં વિઝિટ પર આવતા ડૉક્ટર્સના કાર પાર્કિંગની સુવિધા વધુ સારી બનાવવા પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ જીવરાજ મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ શ્રી ઉમરશીભાઈ કુરુવાને મળવા ગયા ત્યારે તેઓએ આ હોસ્પિટલના ડાયાલિસીસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. ત્યાંના ટેકનિશિયન શ્રી પ્રમોદભાઈને મળીને આ ડાયાલિસીસ સેન્ટરની અનેકવિધ માહિતી તેઓએ મેળવેલ હતી. અહીં ડાયાલિસીસના ૧૧ મશીન કાર્યરત રહેલ છે. અહીં દરરોજ લગભગ ૪૦ ડાયાલિસીસ કરવામાં આવે છે.

- **રવિવાર, તા. ૧૨-૧-૨૦૧૪**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી મણિલાલ કુંવરજી ગોસરની ૬૭મી બર્થ ડે પ્રસંગે તેમના દીકરા દીકરીએ એક સરપ્રાઈઝ પાર્ટીનું આયોજન ગોઠવેલ હતું. કાર્યક્રમ ઉત્તમ કક્ષાનો રહેવા પામેલ હતો. સમાજના અનેક લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૧૩-૧-૨૦૧૪**

★ બિદડા સર્વોદય ટ્રસ્ટ - બિદડાથી શ્રી વિજય છેડા, શ્રી રમેશ મહેતા અને શ્રી રમેશ શાહ (અમેરિકા સ્થિત)નો ફોન હતો. આવતા દિવસોમાં સિવિલ હોસ્પિટલ કેમ્પસની યુ.એન. મહેતા હોસ્પિટલમાં બિદડાના કેમ્પના હાર્ટના અંદાજિત ૨૦ જેટલા દર્દીઓને તેઓ અમદાવાદ મોકલવા માગે છે તે માટે

*તમારાં બાળકોને પાઈ પાઈની કિંમત સમજાવો.*

આ દર્દીઓની અમદાવાદ ખાતેની સુવિધા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૧૭-૧-૨૦૧૪**

★ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના એક વિઝિટીંગ ડૉક્ટર શ્રી જગદીપભાઈ શાહ - નેફ્રોલોજિસ્ટ સાથે ડાયાલિસીસ સેન્ટર શરૂ કરવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ડાયાલિસીસ સેન્ટરના ટેકનિકલ સ્ટાફ, મેનેજરિયલ સ્ટાફ, ઈક્વીપમેન્ટ વગેરે બાબતે તેઓએ અનેકવિધ માહિતી આપેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ સાંજના ૪ વાગે (૧) શ્રી પ્રમોદભાઈ, ટેકનિશિયન, ડાયાલિસિસ સેન્ટર, જીવરાજ મહેતા હોસ્પિટલ તથા (૨) શ્રી પરેશ પટેલ, ટેકનિશિયન, ડાયાલિસીસ સેન્ટર, વી.એસ. હોસ્પિટલના ભવન પર પધારેલ હતા. એ સમયે શ્રી અશોક મહેતા, શ્રી કે.આર. શાહ તથા શ્રી દિનેશ આર. મહેતા ઉપસ્થિત રહેલ હતા. ડાયાલિસીસ સેન્ટરનું એસ્ટાબ્લિશમેન્ટ કઈ રીતે કરવું તે અંગે તેઓએ માહિતી આપેલ હતી અને આ કાર્યમાં પૂર્ણ સહયોગ આપવાની પણ તેઓએ તૈયાર દાખવેલ હતી.

- **શુક્રવાર, તા. ૧૭-૧-૨૦૧૪**

★ બહેરામપુરા ખાતેની આવાસ યોજનાના અનુસંધાને આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી સુરેન્દ્રભાઈ, શ્રી જયેન્દ્રભાઈ તથા શ્રી સનતભાઈ સાથે આજરોજ શ્રી અશોકભાઈ ગાંધીની ઓફિસમાં એક મીટિંગ યોજવામાં આવેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી શ્રી હસમુખભાઈ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. તેઓએ એફ.એસ.આઈ. પ્રમાણે બાકી રહેતા એમાઉન્ટની ઉઘરાણી આપણી સમક્ષ કરેલ હતી કે જે સામે શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ જણાવેલ કે શ્રી નવનીતભાઈ ઠાકરશી અ.મ્યુ.કો.ની ઓફિસમાંથી બી.યુ.ની પરમિશન અને ચેરિટી કમિશ્નરની ઓફિસમાંથી શ્રી નવનીતભાઈ તથા શ્રી પ્રમોદભાઈ જરૂરી ટ્રાન્સફરના પ્રશ્નોનો નિકાલ લાવી આપવાના હતા. જે બંને પ્રશ્નો અત્યાર સુધી અનિર્ણિત રહ્યા છે. આ પ્રશ્નોના નિકાલની મોટાભાગની જવાબદારી આપશ્રીની રહે છે. જ્યાં સુધી આ પ્રશ્નોનો નિકાલ ન આવે ત્યાં લગી બાકી પેમેન્ટ કરવામાં અમારું ટ્રસ્ટમંડળ પરમિશન આપી શકે નહીં. તેમ છતાં આપશ્રીનો પત્ર આવે, અમારું ટ્રસ્ટ મંડળ આ બાબતે યોગ્ય નિર્ણય કરશે.

- **સોમવાર, તા. ૨૦-૧-૨૦૧૪**

★ આજરોજ સવારના ભાગે મહેતા હોસ્પિટલવાળા શ્રી રૂપેશભાઈ મહેતા શ્રી કચ્છી જૈન ભવન પરનું મેડિકલ સેન્ટર જોવા પધારેલ હતા. આ સમયે શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. એક જ છત્ર નીચે થતી ચકાસણી તથા પરીક્ષણની વિવિધ સેવાઓથી તેઓશ્રી પ્રભાવિત થયેલ હતા.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક સમયના પ્રમુખ શ્રી ઉમરશીભાઈ કુરુવાનું ૯૧ વર્ષની જૈફ ઉંમરે આજરોજ અવસાન થયેલ હતું. તેના કારણે સમાજના સભ્યોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગયેલ હતી.

- **મંગળવાર, તા. ૨૧-૧-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ સાંસ્કૃતિક કેન્દ્રના વપરાશનો કોન્ટ્રાક્ટ તા. ૩૧-૩-૨૦૧૪ના રોજ પૂરો થાય છે. ત્યારબાદના સમય માટે સમાજના ટ્રસ્ટ મંડળે સાંસ્કૃતિક કેન્દ્ર સમિતિની રચના કરેલ હતી. આ સમિતિએ સમાજના ટ્રસ્ટ મંડળની પરમિશન મેળવી જરૂરી ટેન્ડરો બહાર પાડેલ હતા અને તેના અનુસંધાને આવતા ૫ વર્ષ સુધી એટલે કે તા. ૧-૪-૨૦૧૪થી તા. ૩૧-૩-૨૦૧૯ સુધીનો કોન્ટ્રાક્ટ સૌથી ઊંચી બોલી બોલનાર "શણગાર ડેકોર લિમિટેડ"ને આપેલ હતો. આ કોન્ટ્રાક્ટ મુજબ આજરોજ સાંસ્કૃતિક કેન્દ્ર સમિતિના કન્વીનર શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ એગ્રીમેન્ટ તૈયાર કરાવી બંને પક્ષના સહી સિક્કા કરાવેલ હતા અને તે મુજબ ૫ વર્ષના પેમેન્ટના ૩-૩ મહિનાના સમયગાળાના એડવાન્સ ચેક મેળવી સમાજમાં જમા કરાવેલ હતા.

- **બુધવાર, તા. ૨૨-૧-૨૦૧૪**

★ સમાજના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નૌતમભાઈ વકીલને આજરોજ સમાજના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા રૂબરૂ મળેલ હતા અને તેઓશ્રી સાથે મહેતા હોસ્પિટલના શ્રી રૂપેશભાઈ મહેતાને ફોન પર મહેતા હોસ્પિટલના વેચાણના અનુસંધાને વાત કરાવી દીધેલ હતી. મહેતા હોસ્પિટલના વેચાણ અંગેની કાયદાકીય આંટીઘૂંટીના રસ્તા બંને પક્ષકારોને માન્ય ન હોય તેવી પરિસ્થિતિ હાલે તો દેખાઈ રહેલ હતી.

- **ગુરૂવાર, તા. ૨૩-૧-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પરના વેસ્ટમાં મેડિકલ સેન્ટરનો વેસ્ટ પણ મીક્ષ થઈ જતો હોવાથી અ.મ્યુ.કો.ના ઈન્સ્પેક્ટરે આજરોજ દંડનાત્મક કાર્યવાહી કરેલ હતી. મેડિકલ સેન્ટરના ત્રણે સંચાલકોને આ બાબતે વધુ કાળજી લેવા જણાવવામાં આવેલ હતું. જોકે સામાન્ય રીતે મેડિકલ વેસ્ટ શરૂથી જ અલગ રાખવામાં આવે છે અને અ.મ્યુ.કો.ના નીતિ-નિયમો પ્રમાણે જ તેનો નિકાલ કરવામાં આવે છે.

★ આજરોજ ભવન પર કાઉન્ટર ક્લાર્ક અને હાઉસકીપર માટે ઑપન ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ હતા અને કાઉન્ટર ક્લાર્ક અને હાઉસકીપર અંગેની જરૂરી ભરતી કરી લેવામાં આવેલ હતી.

*બુધ્ધિ સ્થિર હશે તો જ જીવનમાં ચિત્રો દેખાશે.*

● **શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૧૪**

★ આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવાની શ્રદ્ધાંજલિ સભા શ્રી કચ્છી જૈન ભવન પર સાંજના ૫.૩૦ વાગે, તેઓની પ્રાર્થનાસભા બાદ રાખવામાં આવેલ હતી. એ સમયે બહોળી સંખ્યામાં સમાજના સભ્યશ્રીઓ અને સ્વ. ઉમરશીભાઈના પરિવારજનો ઉપસ્થિત રહેલ હતા.

● **રવિવાર, તા. ૨૬-૧-૨૦૧૪**

★ પ્રજાસત્તાક દિન નિમિત્તે આજરોજ સવારમાં ૯.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કરના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. આ સમયે જૈન સમાજના તથા લોહાણા સમાજના તથા કચ્છી સમાજના અનેક સભ્યો ધ્વજવંદનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. ■

## ઊડતી નજરે....

### ડિસેમ્બર-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>જેમાંથી – | **૧૧,૭૨૭** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૫૩૪** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૬૭** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૨૨** | |
| | (ગ) | સોનોગ્રાફી ........ **૯૮૨** | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૨૨** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ **૪૧૮** | |
| | (છ) | અન્ય ........ **૯,૬૮૨** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૩૦૫**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ **૫,૩૨૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ **૩૮૩**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ **૧,૬૯૭** | **૯,૭૦૫** |
| ૩. | | માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૯૨૨**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૩,૫૭૨** | **૪,૪૯૪** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૬૦૦** | **૬૦૦** |
| | | ડિસેમ્બર - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૨૬,૫૨૬** |

# ROMAN
GROUP

## Give Your Society The Best!

Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

























**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

**Since 1958** **Leading. Innovating. Growing.**





Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

## V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

॥ ॐ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥

શુભ દિપાવલી અને નૂતન વર્ષની સૌને અંતરથી શુભ કામનાઓ....

# શ્રી શંખેશ્વર તીર્થમાં 1 BHK એપાર્ટમેન્ટની ભવ્ય યોજના



Manibhadra Residency

A PROJECT BY SAMYAK DEVELOPERS

માણિભદ્ર રેસીડેન્સી, C/O સમ્યક ડેવલોપર્સ
દાદાવાડીની સામે, શંખેશ્વર તીર્થ, ગુજરાત

૫૬ વારના (૫૦૬ Sq.Ft.)
સુપર બીલ્ટ-અપ એરીયા

મુખ્ય દેરાસરથી ખુબજ નજીક

- સુંદર આકર્ષક ગાર્ડન
- બુકીંગ ચાલુ છે
- દરેક બ્લોકમાં લીફ્ટ
- સિક્યૂરીટી - કંપાઉન્ડ વોલ
- બેંકમાંથી લોન મળશે
- દલાલ મિત્રો આવકાર્ય
- વિશાળ પાર્કીંગની વ્યવસ્થા
- ૨૪ કલાક પાણી/ડ્રેનેજ/ઈલેક્ટ્રીસિટી
- તાલુકા પોલીસ સ્ટેશન/સીવીક સેન્ટર પાસે

SAMYAK Developers

Deep Sheth : 076981 98555
Manan Mehta : 099250 64037

અમદાવાદ ઓફીસ : સમ્યક ડેવલોપર્સ, હેમકુંજ ૧૮, જૈન નગર, પાલડી, અમદાવાદ

Email : sales@samyak.biz, www.samyak.biz

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978


# A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**

**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad :** 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore :** 080-26758800, 26758028, **Baroda :** 0265-2412446, 2434041, **Bhopal :** 0755-2556785, **Bhuj :** 02832-223290, 250959, **Goa :** 0832-2752582, **Hubli :** 0836-2251415, **Hyderabad :** 040-24740401, 55598874, **Mangalore :** 0824-2410320, 4252325, **Mumbai :** 022-26858636, 26858639, **Nasik :** 0253-2511247, **Pune :** 020-26110951, **Rajkot :** 0281-2222766, **Surat :** 0261-2543332,